સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

જન્માષ્ટમી | પુસ્તક ૯
વિ. સં. ૨૦૨૮ | અંક ૪



શ્રીકૃષ્ણ (ઓરિસ્સાની હાથીદાંતની કૃતિ—આશરે ઈ. સ. ૧૮૦૦)
(ફોટો : સિટી પેલેસ મ્યુઝિયમના સૌજન્યથી)

# સ્વાધ્યાય

સંપાદક
**ભોગીલાલ જ. સાંડેસરા**
નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડશે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....પૌં ૧.૧૦

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવશે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ ડાયરેક્ટર, ઓરિયેન્ટલ ઈન્સ્ટિટ્યુટ વડોદરા, એ નામે મોકલવું.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બૉક્સ નં. ૭૫,
લોકમાન્ય ટિળક રોડ,
**વડોદરા.**

**સંપાદક**

મુદ્રક: શ્રી બંસીલાલ મોહનલાલ શાહ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, સપ્ટેમ્બર, ૧૯૭૨.

# સ્વાધ્યાય

જન્માષ્ટમી, વિ. સં. ૨૦૨૮ પુસ્તક ૯

સપ્ટેમ્બર, ૧૯૭૨ અંક ૪


## સંરક્ષક શ્રીકૃષ્ણ

ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

( ગતાંકથી ચાલુ )

આચાર્ય દ્રોણના મૃત્યુના વજ્રપાત જેવા સમાચાર સાંભળીને ધૃતરાષ્ટ્રનું હૃદય શોકથી ફાટી જવા માંડ્યું. એને પારાવાર શોક થયો. મૂંઝાઈને ખૂબ આત્મતિરસ્કાર કર્યો. બેભાન થઈ ગયો. ભરતોની સ્ત્રીઓ તથા પરિચારકોએ ઠંડું પાણી છાંટ્યું, પંખો નાખ્યો, પંપાળીને ભાનમાં આણ્યો. ત્યારે થરથર ધ્રૂજતાં ધ્રૂજતાં એ, આવા દુર્ધર્ષ અને અનાધૃત્ય આચાર્યનું શી રીતે મરણ થયું તેની ઊંડી પૂછપરછ કરીને બોલ્યો :૪૯...મારા પુત્રો શ્વેત અશ્વવાળા અર્જુનના વેગને અને વર્ષાઋતુની મેઘગર્જના જેવા ગાંડીવના નિર્ઘોષને સહન કરી શકશે નહિ. જેના યન્તા ( ૧. સારથિ ૨. માર્ગ-દર્શક ) વિષ્વક્સેન ( સર્વત્ર પ્રભાવશાળી ) શ્રીકૃષ્ણ છે અને જેનો યોદ્ધો ધનંજય અર્જુન છે, તે રથ દેવો અને અસુરો માટે જિતાવો અશક્ય છે એમ મને લાગે છે.૫૦...' વળી પૂછ્યું :.' ...જે બલવાન, સત્યકર્મી, અદીન, અપરાજિત અને યુદ્ધ કરવામાં વાસુદેવ જેવો છે, અરે ! જાણે કે બીજો વાસુદેવ છે, જેમ **કેશવમાં ત્રૈલોક્ય રહેલું** છે એમ જે અર્જુનના શિષ્ય, અર્જુન સમાન, વૃષ્ણિશ્રેષ્ઠ સાત્યકિમાં સત્ય, ધૃતિ, સંયમ, શૌર્ય અને અનુત્તમ બ્રહ્મચર્ય રહેલાં છે, એ સાત્યકિને ક્યા વીરોએ દ્રોણ ઉપર ધસતાં ખાળ્યો હતો ? ( ૭–૯–૨૯ થી ૩૫ )....વીર્યમાં વાસુદેવ સમાન, બળમાં અર્જુન સમાન, તેજમાં સૂર્ય જેવા અને બુદ્ધિમાં બૃહસ્પતિ જેવા; ફાડેલા મોંવાળા સાક્ષાત્ યમ જેવા અને જેનામાં શસ્ત્રો, સત્ય અને બ્રહ્મચર્યનો સદૈવ વાસ છે, તે અભિમન્યુને દ્રોણ ઉપર ધસી જતાં કોણે ખાળ્યો હતો ? ( ૭–૯–૪૩ થી ૪૬ ) ... ( બીજા અનેક વીરોનો ઉલ્લેખ કરી આગળ ચાલતાં પૂછ્યું: ) આવા આવા નરવીરો પાંડવોના વિજય માટે રણમાં પ્રાણ પાથરે છે તેમને માટે યુદ્ધમાં શું અજિત હોય ? શાર્ઙ્ગ ધનુષ્ય ધરનાર પુરુષશ્રેષ્ઠ શ્રીકૃષ્ણ જેમના

---

૪૯ 'દ્રોણપર્વ,' અ. ૭, ૮ અને ૯.

ધૃતરાષ્ટ્રના દુઃખ અંગે જુઓ 'ભારત-રત્ન' ( ઉ. જ. સાંડેસરા ), બીજી આવૃત્તિ, પ્રકરણ ૧૨, 'સુખદુઃખ', પૃ. ૩૯૦ થી ૩૯૪.

૫૦ विष्वक्सेनो यस्य यन्ता योद्धा चैव धनंजयः ।
अशक्यः स रथो जेतुं मन्ये देवासुरैरपि ॥ ७–९–२४.

વ્યપાશ્રય ( આશ્રયદાતા ) અને હિતાર્થી છે, અને **લોકોના અનન્ય ગુરુ**, સનાતન લોકનાથ ( જગતના શાશ્વત સંરક્ષક ), દિવ્યાત્માવાળા દિવ્ય પ્રભુ નારાયણ **જેમના રણમાં સંરક્ષક** છે તે પાંડવોનો પરાજય કેમ થાય ? જેમનાં દિવ્ય કર્મોનું મનીષીઓ ગાન કરે છે, તે કર્મોનું મારા મનને સ્થિર કરવા માટે ( સ્થિતપ્રજ્ઞ થવા માટે ) હું ભક્તિથી કીર્તન કરીશ'.[૫૧] ( ૭-૯-૪૭ થી ૭૩ )

આમ બોલીને ' બાલક અને અન્ધ ' ધૃતરાષ્ટ્ર વાસુદેવનાં દિવ્ય કર્મોનું ગાન કરવા લાગ્યો. ' ધનંજય ! વાસુદેવનાં દિવ્ય કર્મો સાંભળ. ગોવિન્દે જેવાં કાર્ય કર્યાં છે તેવાં બીજા કોઈ પુરુષે કદી કર્યાં નથી. બાળપણમાં ગોપકુલ ( ગોકુળ )માં ઊછરીને એ મહાત્માએ ત્રણે લોકમાં પોતાનું બાહુબળ વિખ્યાત કર્યું છે. ઉચ્ચૈઃશ્રવા જેવા બળવાન, વાયુવેગી, યમુનાના વનમાં વસતા હયરાજ -( કેશી )ને એમણે માર્યો. ગાયોના સાક્ષાત્ મૃત્યુરૂપ થયેલા આખલાના રૂપમાં રહેલા ઘોરકર્મી દાનવને એમણે બાળપણમાં બે હાથથી ભીંસી નાખ્યો હતો. ( શકટ અને પૂતના માર્યાં, યમલાર્જુન ભાંગ્યાં...ઋષભ, ધેનુક, મહાબલી અરિષ્ટ, મહાબાહુ વૃકને માર્યા, ગોવર્ધન ગિરિધાર્યો, ચાણૂર-મુષ્ટિકને રંગભૂમિ ઉપર માર્યા. જુઓ 'દ્રોણપર્વ' ક્ષેપક ૮૧, ૮૨.) પ્રલમ્બ, નરક, જમ્ભ, મહાસુર પીઠ, પર્વત જેવા મુરુને માર્યા.[૫૨] જરાસંધના રક્ષણ નીચે રહેલા મહાતેજસ્વી કંસને તેના ગણો સાથે શ્રીકૃષ્ણે રણમાં રોળ્યો છે. શૂરસેનના રાજા કંસના વચેટ ભાઈ, અક્ષૌહિણીપતિ સુનામાને બલરામની મદદ લઈને શત્રુઘાતી શ્રીકૃષ્ણે સૈન્ય સાથે સમરભૂમિ ઉપર સંહાર્યો છે. પરમ ક્રોધી ઋષિ દુર્વાસાને પત્ની ( રુક્મિણી ) સાથે આરાધીને એમની પાસેથી વરદાન મેળવ્યાં છે. આ વીર ગાન્ધારરાજની પુત્રીને ( ગાન્ધારીને ) સ્વયંવરમાં રાજાઓને જીતીને વર્યા, અને જેઓ સામા થયા તેમને લગ્નની વહેલમાં જોડીને પરોણાથી સોરી નાખ્યા ! અક્ષૌહિણીપતિ જરાસંધને જનાર્દને ( રાજનીતિના ) ઉપાયથી બીજા પાસે મરાવી નાખ્યો છે. ( જરાસંધના ) રાજસેનાપતિ બળવાન ચેદિરાજે અર્ધ્યપૂજાની તકરાર કરતાં એને ( યજ્ઞના ) પશુની જેમ વધેરી નાખ્યો છે. શાલ્વના દુરાસદ દૈત્યનગર સૌભને પરાક્રમ કરીને એમણે સમુદ્રકિનારે તોડી પાડ્યું હતું. અંગ, વંગ, કલિંગ, માગધ, કાશી, કોસલ, વત્સ, ગર્ગ, કરુષ, પુણ્ડ્રોને એમણે જીતી લીધા છે. આવન્ત્યો, દાક્ષિણાત્યો,

---

૫૧ येषां च पुरुषव्याघ्रः शार्ङ्गधन्वा व्यपाश्रयः ।
हितार्थी चापि पार्थानां कथं तेषां पराजयः ॥ ७-९-७१

लोकानां गुरुरत्यन्तं लोकनाथः सनातनः ।
नारायणो रणे नाथो दिव्यो दिव्यात्मवान्प्रभुः ॥ ७-९-७२

यस्य दिव्यानि कर्माणि प्रवदन्ति मनीषिणः ।
तान्यहं कीर्तयिष्यामि भक्त्या स्थैर्यार्थमात्मनः ॥ ७-९-७३

૫૨ બાળલીલાઓ માટે જુઓ ખંડ ૧, પ્રકરણ ૪, ' બાળપણ '. અહીં ' ઋષભ ' નો જુદો ઉલ્લેખ છે, તે ' ભાગવત ' ૧૦-૧૧-૪૧ થી ૪૩ અને ૧૦-૪૩-૩૦માં ઉલ્લિખિત ગાયના વાછરડાના રૂપમાં રહેલ વત્સાસુર કે વત્સક હોવા સંભવ છે. ' વૃક ' ને ' હરિવંશ 'માંના ' વિષ્ણુપર્વ ' અ ૮, ૯માં વર્ણિત વરુઓના ઉપદ્રવને કંઇ સમ્બન્ધ છે કે નહિ તે જોવું જોઈએ. પીઠ એ નરકાસુરનો એક સેનાપતિ હતો: ' ભાગવત ', ૧૦-૫૯-૧૪.

પાર્વતીઓ, દશેરકો, કાશ્મીરીઓ, ઔરસકો, પિશાચો, મન્દરો, કામ્બોજો, વાટધાનો, ચોલો, પાણ્ડયો, ત્રિગર્તો, માલવો, સુદુર્જય દરદો; જુદી જુદી દિશાઓમાંથી ચઢી આવતા વ્રાતો, અશ્વશકો[૫૩] તથા અનુયાયીઓ સહિત યવનોને એમણે હરાવ્યા છે. સમુદ્રમાં પ્રવેશીને એમણે જળચરોથી વીંટાયેલા વરુણને પૂર્વે પાણીની અંદર (નૌકાયુદ્ધમાં ?) જીત્યો છે. પાતાલતલમાં વસતા પઞ્ચજનને યુદ્ધમાં મારીને એમણે દિવ્ય પાઞ્ચજન્ય શંખ મેળવ્યો છે. અર્જુન સાથે, ખાંડવમાં અગ્નિને તૃપ્ત કરીને મહાબલવાન શ્રીકૃષ્ણે દુર્ધર્ષ આગ્નેયાસ્ત્ર ચક્ર મેળવ્યું છે. ગરુડ ઉપર સવારી કરી, અમરાવતીમાં ત્રાસ વર્તાવીને એ વીર મહેન્દ્રના મહેલમાંથી પારિજાત વૃક્ષ લાવ્યા છે. એમનું પરાક્રમ જાણતા ઇન્દ્રે આ સહન કરી લીધું. (એનાથી વધારે શું કહું ? !) શ્રીકૃષ્ણે કોઈ પણ (જુલમી) રાજાને જીત્યો નથી એવું તો સાંભળ્યું જ નથી ![૫૪] અને સંજય ! એ પુણ્ડરીકાક્ષે મારી સભામાં જે (વિરાટદર્શનનું) મહાન આશ્ચર્ય કર્યું હતું તે બીજું કોણ કરી શકે ? (૭-૧૦-૧ થી ૨૪).

'જ્યારે જ્યારે હું ભક્તિથી શરણે ગયો છું, ત્યારે ત્યારે મેં ઈશ્વર શ્રીકૃષ્ણનાં દર્શન કર્યાં છે; અને મને સર્વ પ્રત્યક્ષ હોય એમ સમજ પડી ગઈ છે. (પણ હાય ! અજ્ઞાનનાં ઘોર પડળ ફરી આંખ આડે આવી જાય છે. સંજય ! હું વળી પાછો અંધ થઈ જાઉં છું.) પરાક્રમી અને બુદ્ધિશાળી હૃષીકેશનાં કર્મોનો, સંજય ! પાર પામી શકાય એમ નથી. વળી તદુપરાંત ગદ, સામ્બ, પ્રદ્યુમ્ન, વિદૂરથ, આગાવહ, અનિરુદ્ધ, નિશઠ, ઝલ્લી, બભ્રુ, પૃથુ, વિપૃથુ, સમીક, અરિમેજય વગેરે વૃષ્ણિવીરો બલવાન અને સચોટ ઘા કરનારા છે. કદાચ વૃષ્ણિવીર મહાત્મા કેશવ હાકલ કરે અને જો આ વીરો પાંડવદળોની મદદે આવે તો આપણું બધું (—બધાંની સલામતી) સંશયમાં આવી પડે એમ મને લાગે છે. અને જ્યાં જનાર્દન કૃષ્ણ હોય ત્યાં કૈલાસ શિખર સમાન દશ હજાર હાથીના બળવાળા વનમાલી, હલધારી બલરામ પણ હોય. (૭-૧૦-૨૫ થી ૩૧)

'સંજય ! જેને બ્રાહ્મણો સર્વના પિતા કહે છે, તે કૃષ્ણ વાસુદેવ પાંડવો માટે લડવા નીકળશે ખરા ? કદાચ શ્રીકૃષ્ણ પાંડવો માટે લડવા નીકળી પડે તો, એમનો સામનો કરે એવો આપણામાં કોઈ નથી. અને કદાચ જો કૌરવો બધા પાંડવોને જીતી લે તો, શ્રીકૃષ્ણ તેમને માટે પોતાનું ઉત્તમ શસ્ત્ર (સુદર્શન ચક્ર) ઉઠાવે જ, અને પછી બધા રાજાઓ તથા કૌરવોને મારી નાખીને એ મહાબાહુ રાજ્ય કુન્તીને (= કુન્તીના પુત્રોને) સોંપી દે. જેના સારથિ હૃષીકેશ છે અને યોદ્ધો ધનંજય છે, તે રથનો યુદ્ધમાં બીજો કયો રથ સામનો કરી શકે ?[૫૫] કોઈ પણ ઉપાયે મને કૌરવોનો જય દેખાતો નથી. એટલે તું મને યુદ્ધનું યથાતથ વૃત્તાંત કહી સંભળાવ ! અર્જુન

૫૩ અશ્વશક = ઘોડાની લાદ (શબ્દકોશોમાં આપેલો અર્થ). ઘોડેસવાર શકો માટે તિરસ્કારથી આ શબ્દ અહીં વપરાયો લાગે છે !

૫૪ राज्ञां चाप्यजितं कंचित्कृष्णेनेह न शुश्रुम ॥ ७-१०-२३ गद्य

સર૦ રાજસૂયમાં શ્રીકૃષ્ણની અગ્રપૂજા થઈ ત્યારે ભીષ્મે ઉચ્ચારેલાં વચનોમાં :

अस्यां च समितौ राज्ञामेकमप्यजितं युधि ।
न पश्यामि महीपालं सात्वतीपुत्रतेजसा ॥ २-३५-८

૫૫ यस्य यन्ता हृषीकेशो योद्धा यस्य धनंजयः ।
रथस्य तस्य कः संख्ये प्रत्यनीको भवेद्रथः ॥ ७-१०-३६

શ્રીકૃષ્ણનો આત્મા છે. અને શ્રીકૃષ્ણ પણ કિરીટી અર્જુન આત્મા છે. અર્જુનમાં સદા વિજય તથા શ્રીકૃષ્ણમાં શાશ્વત કીર્તિ રહેલી છે. શ્રીકૃષ્ણમાં અપરિમિત ગુણો ઉત્કૃષ્ટ રૂપમાં છે. દુર્યોધન મૂર્ખ છે (અને હું, સૂતપ્રિય હું એને ટેકો આપું છું!) કે એ આ લોકમાં માધવને ઓળખતો નથી! દૈવયોગથી, મૃત્યુના પંજામાં સપડાયેલો એ, દાશાર્હ શ્રીકૃષ્ણ કે પાંડવ અર્જુનને જાણતો નથી! આ બે મહાત્માઓ તો આદિદેવ નર-નારાયણ છે. એ બન્ને એક જ છે, પણ મનુષ્યો એમને જગતમાં બે રૂપે દેખે છે. દુરાધર્ષ અને યશસ્વી એ બન્ને મનથી ઇચ્છે તો પણ આપણી સેનાનો નાશ કરી નાખે, પરન્તુ મનુષ્યરૂપમાં છે તેથી જ એમ ઇચ્છતા નથી![56] (૭-૧૦-૩૨ થી ૪૨)

'તાત! ભીષ્મ અને દ્રોણનો વધ થયો એ તો જાણે જગતને મોહિત કરનારો યુગપલટો થયો હોય એવું છે! (અરેરે!) બ્રહ્મચર્યથી, વેદાધ્યયનથી, (વિવિધ 'ધાર્મિક') ક્રિયાઓથી કે શસ્ત્રાસ્ત્રવિદ્યાથી પણ કોઈ મૃત્યુના પંજામાંથી છટકી શકતું નથી! જગતમાં સુપ્રતિષ્ઠિત, વીર, કૃતાસ્ત્ર અને યુદ્ધદુર્મદ એવા ભીષ્મ-દ્રોણને માર્યા ગયેલા સાંભળીને પણ સંજય! હું શા માટે જીવી રહ્યો છું! યુધિષ્ઠિરની જે શ્રીની અમે પૂર્વે અસૂયા કરતા હતા, તેને જ ભીષ્મ-દ્રોણના વધથી અમે એની પાસે રહેવાની (જાણે કે) અનુમતિ આપીએ છીએ! **વળી મારે લીધે જ કૌરવોનો આ સર્વનાશ આવી પડ્યો છે.** કાળ પાકી ગયો હોય ત્યારે સૂત સંજય! ઘાસનાં તણખલાં પણ વજ્ર જેવાં બની જાય છે![57] જેના કોપથી મહાધનુર્ધર ભીષ્મ-દ્રોણનું પતન થયું છે, તે

---

૫૬ अर्जुनः केशवस्यात्मा कृष्णोऽप्यात्मा किरीटिनः ।
अर्जुने विजयो नित्यं कृष्णे कीर्तिश्च शाश्वती ॥ ७-१०-३८

* * *

मनसापि दुर्धर्षौ सेनामेतां यशस्विनौ ।
नाशयेतामिहेच्छन्तौ मानुष्यात्तु नेच्छतः ॥ ७-१०-४२

શ્લોક ૪૨ સાથે સર૦ ૧૪-૧૩-૧૫ થી ૧૯; જેમાં શ્રીકૃષ્ણના શબ્દો (ઋષિ ઉત્તંકને યુદ્ધની ખૂનરેજી બલાત્કારે પણ કેમ ન અટકાવી તે ખુલાસો કરતાં): 'દરેક યુગમાં હું પ્રજાનું હિત કરવા જે તે જાતિઓમાં જન્મીને ધર્મસેતુ બાંધું છું. દેવ, ગન્ધર્વ, નાગ, યક્ષ, રાક્ષસોની યોનિમાં જન્મું છું ત્યારે જે તે યોનિ પ્રમાણે વર્તું છું. અત્યારે હું મનુષ્ય જાતિમાં છું એટલે મેં એક દીન મનુષ્યની જેમ (શાન્તિની) યાચના કરી હતી. (પણ કૌરવોને બલાત્કારે માર્યા નહિ), અને એ લોકોએ મોહિત થઈને મારા શબ્દો સ્વીકાર્યા નહિ.'

૫૭ (क) तथा च मत्कृते प्राप्तः कुरूणामेष संक्षयः ।
पक्कानां हि वधे सूत वज्रायन्ते तृणान्यपि ॥ ७-१०-४७

જુઓ ઉપર નોંધ ૧. આત્મનિરીક્ષણની પળોમાં 'અંધ' ધૃતરાષ્ટ્ર પોતાનો દોષ જુએ છે, તે આ વચનની વિશેષતા છે.

(ख) શોકકર્ષિત ધૃતરાષ્ટ્રનું માનસ-ચિત્રણ કરીને કવિએ (૧) ભૌતિક હાર ખાતા ઈર્ષ્યાળુનું; જીતે ત્યારે પુરુષાર્થની અને હારે ત્યારે દૈવની ગતિ વર્ણવતા ચિત્તની ડામાડોળ સ્થિતિનું અને સ્થૈર્ય માટે ભગવાનનું શરણ લેતા મનુષ્યનું તથા (૨) ચિત્તરૂપી કુરુક્ષેત્રમાં હાર ખાતી રાજસ-તામસ વૃત્તિઓનું નિરીક્ષણ કરીને, નર અને નારાયણ, આત્મા અને પરમેશ્વર બન્નેને (કંઈક) ઓળખે છે, એમની કિંચિત્ ઝલક નિહાળે છે, પોતાનો નિશ્ચિત નાશ પારખે છે, અને (છતાં દુઃખ, શોક, ઈર્ષ્યા, લોભને લીધે) આખર સુધી લડી લેવા તૈયાર થાય છે તેનું; અને (૩) પોતાના સર્વનાશનું દુઃખ ગાતા બાળક 'અંધ' જીવનું વર્ણન કર્યું છે.

યુધિષ્ઠિરને આ જગતનું અનન્ય ઐશ્વર્ય મળી ગયું છે (એમ જ માનો ને)! મનુષ્યો પ્રત્યે અધર્મ નહિ આચરનાર (યુધિષ્ઠિરમાં) સ્વાભાવિક રીતે જ ધર્મે આશ્રય કર્યો છે, તેથી ક્રૂર કાળે સર્વ વિનાશ કરવા માંડ્યો છે! મનસ્વી પુરુષ મનમાં ધારે છે કંઈ અને થાય છે કંઈ, એ દૈવને લીધે જ બને છે એમ હું માનું છું. તેથી અમારા ઉપર આ ટાળ્યું ટળે નહિ એવું, પાર પમાય નહિ એવું, અને વિચાર કરતાં થરથરી જવાય એવું મહાભયાનક દુઃખ આવી પડ્યું છે...' (૭-૧૦-૪૩ થી ૫૧)

* * *

નેતા શ્રીકૃષ્ણનું સંરક્ષક રૂપ અહીં વિવિધ પ્રકારે સ્ફુટ થાય છે. કર્ણ અને ધૃતરાષ્ટ્ર એ રૂપને (દુર્-)દૈવ તરીકે ઓળખાવે છે! પરન્તુ એ તો સ્વાભાવિક રીતે થતાં સુકૃત્યોરૂપી કાર્યકારણ-ભાવનો આવિષ્કાર છે. પરિણામે પૂરેપૂરી અક્કલ ચલાવીને, વ્યવસ્થિત રીતે કરેલાં દુષ્કૃત્યો પણ ઘોર નિષ્ફળતા અને પરાજયમાં પરિણમ્યાં.

શ્રીકૃષ્ણે, નરશ્રેષ્ઠ શ્રીકૃષ્ણે, યુધિષ્ઠિર દ્રોણ સામે ધસી ગયા ત્યારે એમને અટકાવીને દુર્યોધન સામે મોકલીને બચાવી લીધા (૭–૧૩૭–૪૪ થી ૪૭). અર્જુને કર્ણ ઉપર આક્રમણ કરવાનું નક્કી કર્યું, પણ શ્રીકૃષ્ણે અર્જુનને રોકી રાખી ઘટોત્કચ પાસે આક્રમણ કરાવ્યું. ઇન્દ્રની શક્તિ વેડફાવી દીધી. પ્રમાણમાં નાના યોદ્ધાનો ભોગ આપી અર્જુનને સલામત રાખ્યા અને એમ આખી પાંડવછાવણીને સલામત રાખી ('દ્રોણપર્વ,' અ-૧૪૮ થી ૧૫૫). ભીમસેન રાક્ષસ અલાયુધના પંજામાં સપડાયો. તેને બચાવવા અર્જુનને હુકમ કર્યો, પરન્તુ અર્જુન ભીમની મદદે જઈ શકે એમ નહોતા. એટલે ઘટોત્કચને આદેશ આપી અલાયુધનો શિરચ્છેદ કરાવ્યો ('દ્રોણપર્વ,' અ. ૧૫૨, ૧૫૩). ઘટોત્કચ માર્યો ગયો, તે પછી તીવ્ર ન્યાયબુદ્ધિ ધરાવતા યુધિષ્ઠિરને શ્રીકૃષ્ણ-અર્જુન ઉપર રીસ ચડી. રીસમાં ને રીસમાં કર્ણ ઉપર આક્રમણ કર્યું. પરન્તુ શ્રીકૃષ્ણે તેમની પાછળ જ અર્જુનનો રથ હાંક્યો, સંરક્ષણ આપ્યું. ('દ્રોણપર્વ,' અ. ૧૫૮). દ્રોણ અધર્મયુદ્ધથી 'ઉનાળાની આગ જેમ ઘાસની ગંજીને બાળી મૂકે એમ' પાંડવ યોદ્ધાઓનો ઘાણ કાઢતા હતા, ત્યારે વિજય પ્રાપ્ત કરવા માટે 'અશ્વત્થામા મરી ગયો' કહેવાની યુક્તિ બતાવી, અમલમાં મુકાવી પાંડવોને બચાવી લીધા ('દ્રોણપર્વ,' અ. ૧૬૪, ૧૬૫).

આમ ભૌતિક રીતે પાંડવોનું, સત્પક્ષનું શ્રીકૃષ્ણે વારંવાર રક્ષણ કર્યું. પણ રક્ષણ થયું હતું ખરું? જે સત્ય પ્રતિ ધર્મરાજ એમ કહેતા કે, 'ભીમસેન! મારી સત્ય પ્રતિજ્ઞા સાંભળ. હું ધર્મને અમૃત તથા જીવિતથી પણ અધિક ગણું છું. રાજ્ય, પુત્રો, યશ અને ધન એ સર્વ સત્યની એક કલાને પણ પહોંચી શકે નહિ.'

राज्यं च पुत्राश्च यशो धनं च
सर्वं न सत्यस्य कलामुपैति ॥ ३-३५-२१ गद्य

જેમને માટે દ્રૌપદીવસ્ત્રાહરણ પ્રસંગે ભીષ્મે કહ્યું હતું: 'યુધિષ્ઠિર સમૃદ્ધિ ભરેલી આખી પૃથ્વીને જતી કરશે પણ સત્યનો ત્યાગ કરશે નહિ. એવા એમણે 'હું જિતાયો છું' એવું કહ્યું છે તેથી આ પ્રશ્નનો હું તોડ કરી શકું એમ નથી' (૨-૬૧-૪૧ થી). વનવાસમાં દ્રૌપદીએ પોતાની તીક્ષ્ણ દલીલો દરમિયાન યુધિષ્ઠિરને કહ્યું હતું: 'તમારું રાજ્ય અને જીવન પણ ધર્મને માટે જ

છે....તમે મારા સહિત ભીમ, અર્જુન અને માદ્રીપુત્રોને ત્યજી શકો પણ ધર્મને કદી ત્યજો નહિ એમ હું માનું છું. '(૩-૩૧-૫, ૬૪) આ ચર્ચા દરમિયાન ભીમસેને પણ કહેલું કે, 'બ્રાહ્મણો અને ગુરુઓ ભેગા મળી તમારી સત્યપ્રતિજ્ઞાની આ વાત કરે છે કે, તમે મોહ, કૃપણતા, લોભ, ભય, કામના અને અર્થને માટે પણ કદીએ અસત્ય બોલ્યા નથી' (૩-૩૪-૭૨ થી ૭૪). યુધિષ્ઠિરે પોતે પણ પોતાના માટે એમ કહેલું કે, 'પૃથ્વીનું સર્વ ધન, દેવોનું સર્વ દિવ્ય ધન, પ્રજાપતિનો લોક, સ્વર્ગલોક અને બ્રહ્મલોક એમાંનું કશું પણ હું અધર્મથી લેવાની ઇચ્છા કરતો નથી' (૫-૨૮-૮) તથા 'હું અસત્ય બોલવાની હામ ધરી શકતો નથી, કારણ કે મારામાં છે જ નહિ.' (૩-૪૯-૨૭). દ્રોણ આગળ સત્યાભાસી વચનો ઉચ્ચારવા ભીમે યુધિષ્ઠિરને વિનંતી કરેલી કે 'રાજન્, તમે કહેશો એટલે આ દ્રોણ લડવું બંધ કરશે, કારણ કે આપ આ મનુષ્યલોકમાં સત્યવાન તરીકે વિખ્યાત છો!' અને દ્રોણને પણ મનમાં પાકી ખાતરી હતી કે, 'ત્રણે લોકના ઐશ્વર્ય માટે પણ પાર્થ યુધિષ્ઠિર કદીય અસત્ય બોલે નહિ. ધર્મરાજ બાળક હતા ત્યારથી જ એ સત્યવાદી છે એવી દ્રોણને શ્રદ્ધા હતી.' માટે તો બીજા કોઈને નહિ પણ એમને જ અશ્વત્થામાના મૃત્યુ અંગેની યથાર્થ માહિતી પૂછી.

આવા મહાન સત્યધર્મા યુધિષ્ઠિર ભારતયુદ્ધની આ મહાભયાનક કટોકટીની ઘડીએ ગોવિન્દ અને ભીમસેનની પ્રેરણાથી, અસત્યાચરણના ભયથી ડરતા હતા છતાં જયની આસક્તિથી અને સૈન્યસહિત પોતાના રક્ષણ માટે 'અશ્વત્થામા હાથી હણાયો છે' એમ ધીમેથી બોલ્યા. બોલ્યા તો 'સાચું' પણ અર્થ અને આચાર 'ખોટો', એટલે કે સત્યનો આભાસ ઊભો કર્યો. (મહાભારતમાં नरो वा कुंजरो वा નથી.) કઠ ઉપનિષદ કહે છે એમ આ માર્ગ, સત્યનો માર્ગ, અસ્ત્રાની ધાર ઉપર ચાલવા જેવો કઠણ છે.[૫૮] ધર્મરાજના અસત્યાચરણ માટે આમ કહી શકાયઃ આ મહાન સન્નિષ્ઠ ધર્માચરણી સત્યવાદીએ વર્ષો સુધી અન્યાયી રીતે દુઃખ જ ભોગવ્યા કર્યું—વ્યકિતગત, કૌટુંબિક અને સામાજિક એમ ત્રિવિધ રીતે. આનો છેડો મહાભારત યુદ્ધથી લાવવાનું નક્કી થયું. તેમાં દરેક વખતે શ્રીકૃષ્ણની મૌલિક સૂઝ અને તીક્ષ્ણ બુદ્ધિમત્તાથી પાંડવો પાર ઊતરતા; પણ દુર્યોધનના વાક્પ્રહારથી છંછેડાયેલા દ્રોણાચાર્યે અધર્મયુદ્ધથી (યુદ્ધમાં અધર્મ જ હોય એમ વેદવ્યાસથી માંડીને ચર્ચિલ વગેરે આધુનિક યુદ્ધનેતાઓ અને ગાંધીજી જેવા અહિંસક બળના પ્રણેતાઓનો મત છે.) એક બાજુ પાંડવસેનાનો ઘાણ કાઢવા માંડ્યો. બીજી બાજુ અર્જુન ગુરુ દ્રોણની સામે મન મૂકીને લડવા તૈયાર નહોતા. એ સમયે વિજયી પાંડવો પરાજિત બનવાની અણી ઉપર આવી ગયા. ત્યારે યુધિષ્ઠિર થોડા સમય માટે વિહ્વળ થઈ ગયા. **યુધિ-સ્થિર, અસ્થિર થઈ ગયા.** અને એમણે મહામુસીબતે આવું સત્યાભાસી અસત્ય બોલવાનું સ્વીકાર્યું. તેમાં પણ કેવળ

---

૫૮ (૧) उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत ।
क्षुरस्य धारा निशिता दुरत्यया ।
दुर्गं पथस्तत्कवयो वदन्ति ॥ 'कठ उपनिषद' १-३-१४.

(૨) (સત્યના માર્ગ વિશે) 'એ માર્ગ જોકે ખાંડાની ધારે ચાલવા જેવો છે છતાં મને તે સહેલામાં સહેલો લાગ્યો છે. એ માર્ગે જતાં મારી ભયંકર ભૂલો પણ મને નજીવી જેવી લાગી છે, કારણ કે એ ભૂલો કરતાં છતાં હું બચી ગયો છું અને, મારી સમજણ પ્રમાણે, આગળ પણ વધ્યો છું.' **ગાંધીજી** 'આત્મકથા', ખંડ ૧, પ્રસ્તાવના પૃ. ૬.

સ્વાર્થ ન હતો. અધર્મથી યુદ્ધ કરતા એક અતિરથીના મારામાંથી સૈન્યના માણસોનું રક્ષણ કરવાનો પણ એક ભાવ હતો જ. આ એક પ્રસંગ સિવાય ધર્મરાજે ક્યાંય અસત્યાચરણ કર્યું નથી.[૫૯] એ દ્વારા મહર્ષિ વ્યાસે બતાવ્યું છે કે સત્યાચરણ સુકર હોવા છતાં કેટલું દુષ્કર છે. સ્વાર્થે નહિ તો પરાર્થે પણ અતિ દૃઢ મનોબળવાળાનું મનોબળ પણ ઢીલું પડી જાય અને કદાચિત્ અસત્યાચરણ કરવું પડે. તેથી સદાચારીએ હંમેશાં નમ્રતાથી—નિરભિમાનપણે શૂન્યવત્ થઈ ધર્મ આચરવો.

આ યુધિષ્ઠિર રાજા તે 'વ્યક્તિ' હોવા ઉપરાંત પ્રાણીમાત્રના હૃદયમાં વસેલી ધર્મવૃત્તિ પણ છે, ધર્મરાજ છે, ધર્મપુત્ર છે, ધર્મનો અવતાર થવા મથતા મહાનુભાવ છે. અધર્મથી કશુંય લેવાની તેઓ ઇચ્છા રાખતા નથી, પણ હિંસક યુદ્ધમાં એ ધર્મવૃત્તિને થોડુંક ચળવું પડયું. કવિએ એ માટે એમના તરફ તટસ્થ અને ઉદાર દૃષ્ટિ રાખી છે. ( યુદ્ધ અહિંસક હોય તો આવું ધર્મસંકટ ઊભું ન થાય, એવો આ પ્રસંગનો ગર્ભિતાર્થ છે. ) પણ કાર્યકારણભાવના સરળ નિયમથી એમને પર નથી રાખ્યા. અસત્યાચરણથી તેમનો રથ પૃથ્વીથી ચાર આંગળ ઊંચો ચાલતો તે પૃથ્વીને અડયો—તેમની લોકોત્તર પ્રતિષ્ઠા નાશ પામી—એમ બતાવ્યું છે, અને અલ્પ સમય સુધી તેમને નરકદર્શન કરાવ્યું છે ( જુઓ ૧૮-૩-૧૨ થી ૧૫ ).

આ પ્રસંગ સાથે પૂ. ગાંધીજીએ ગંભીર માંદગી દરમિયાન દૂધ નહિ પીવાની પ્રતિજ્ઞાનો સત્યાભાસી અર્થ કરી બકરીનું દૂધ લેવાનું નક્કી કર્યું, તે અંગે એમણે હૃદયમન્થનના અંતે સત્યાચરણની દુષ્કરતા અને ધર્મ-અધર્મની સૂક્ષ્મતા ઉપર પ્રકાશ પાડનારાં વચનો 'આત્મકથા' દ્વિતીયખંડ, પાંચમો ભાગ, પ્રકરણ ૨૯માં લખ્યાં છે તે સરખાવવા જેવાં છે.

યુધિષ્ઠિરના પ્રસંગ સાથે ગાંધીજીના સત્યાભાસી આચરણને કોઈ પણ સંયોગોમાં અસત્યાચરણને હેતુવાદથી મંજૂરી આપવા માટે કે તેનું સમર્થન કરવા માટે અહીં ટાંકયું નથી, પરન્તુ સંપૂર્ણ સત્યાચારી પૂર્ણપણે નમ્ર હોય, અહંતા વિનાનો હોય—શૂન્યવત્ હોય તો જ પૂર્ણપણે સત્યાચરણ કરી શકે એ દર્શાવે છે. એક બાજુ યુધિષ્ઠિર મહાયુદ્ધની વચ્ચે, અને બીજી તરફ ગાંધીજી

---

૫૯ લાક્ષાગૃહને આગ ચાંપીને છટકતાં એક નિષાદી અને તેના પાંચ પુત્રોને તેમાં ઇરાદાપૂર્વક રાખ્યા ( આદિપર્વ ' અ. ૧૩૬ ) એ પ્રસંગ અધર્માચરણનો ગણાય. પણ તે વખતે પાંડવો બાળક હતા તે અને સંભવતઃ નિષાદ જેવી જાતિઓનો નાશ કરવો એ તત્કાલીન સામાજિક સ્થિતિમાં અધર્મ નહિ ગણાતો હોય તે બે બાબત ધ્યાનમાં રાખવા જેવી છે. (૨) ગુપ્તવાસ દરમિયાન પાંડવો ઉપનામ રાખીને વિરાટને ત્યાં રહ્યા તે પણ આપત્તિ વખતે પાલન કરાતા સત્યાભાસનું ઉદાહરણ છે. એમાં ફરક એટલો કે આ ગુપ્તવાસ શરત મુજબ અનિવાર્ય હતો, એટલે સત્યાભાસ ક્ષમ્ય હતો. સાથે દ્યૂત પોતે જ કેટલું અસત્યમૂલક છે તે પણ એ વસ્તુ બતાવે છે.

વેદવ્યાસે કહ્યું છે કે ધર્મ અને અધર્મ બન્નેની ગતિ દુર્વિજ્ઞેય છે: 'दुर्ज्ञेयः परमो धर्मस्तथाधर्मः सुदुर्विदः।' ( ૭-૧૬૯-૩૯ ) કખ અને યુધિષ્ઠિર તો ધર્મપ્રાણ, ધર્મ-રાજ, ધર્મ પાળનારામાંય શ્રેષ્ઠ, સ્વયં પરમેશ્વરે અસત્યાચરણનો હુકમ કર્યો. અનિશ્ચિતતા છોડી નિશ્ચિત બનવા આજ્ઞા કરી. પરન્તુ આ ધર્મ-રાજ ( એક 'ઐતિહાસિક' પાત્ર તરીકે અથવા પ્રતીક પાત્ર તરીકે પણ ) ભારતવર્ષના પ્રથમ અહિંસક આચાર્ય હતા. એમના હૃદયની વેદના કોઈ ગાંધીજી જેવા આચાર્ય સિવાય બીજું કોણ જાણી શકે ?

સત્યાભાસ એ અસત્ય-હિંસા હતું, તો અનિશ્ચિતતાથી હજારો સૈનિકોને રેંસાવી નાખી, દુષ્ટોને જીતવા દેવા એ વધુ મોટું અસત્ય—હિંસા હતું.

સત્યાગ્રહના અહિંસક મહાયુદ્ધની વચ્ચે, અગ્નિપરીક્ષામાં થોડો ઝોલો ખાઈ ગયા, તે આદર્શને **જોવો** અને **પામવો** તેમાં રહેલો સૂક્ષ્મ ભેદ પ્રદર્શિત કરે છે. એટલે 'આવા મહાન પુરુષો પણ જો સત્યાચરણ કરતાં ક્યાંક ક્યાંક સહેજ નમી ગયા તો બીજાનું તો શું ગજું ?' એમ માનીને અત્યંત અપ્રમત્તપણે રહેવું અને પુરુષાર્થ કરવો એ આનો અર્થ છે. પૃથ્વીથી ચાર આંગળ ઊંચે રહેતો ધર્મરાજનો રથ 'આ સત્યાભાસ—અસત્યાચરણને લીધે પૃથ્વીને અડચો', એમ કહીને વેદવ્યાસે અને હિન્દુધર્મે શુદ્ધ સત્યાચરણને જ પુરસ્કાર્યું છે.

પરન્તુ મહાભારત માત્ર ભૌતિક 'જય'નો ઇતિહાસ નથી. એ પ્રમુખપણે મન્યુ (અસૂયા અને તેમાંથી જન્મતી દુર્ગુણોની લંગાર અર્થાત્ સેતાન) ઉપર ધર્મ કઈ રીતે 'વિજયી' થાય છે તેનો ઇતિહાસ છે. અંદરબહાર ચાલતા યુદ્ધમાં ઋજુ માનવ કઈ રીતે સર્વાન્તર્યામીનું આલમ્બન મેળવે અને વિજય જ પામે તેની ખોજનો જીવંત ઇતિહાસ છે. તેથી મહાભારત જગતભરનાં સર્વ સ્થાનોમાંથી ગ્રહણ કરવા યોગ્ય સ્વીકારી લે છે અને ત્યાજ્યને ત્યજી દે છે. એટલે સત્પક્ષને ન્યાય્ય કારણોસર ખેલાતા યુદ્ધમાં પણ અધર્મ અને અનૃતનું આચરણ કરવું પડે છે, દુઃખમાત્રના મૂળ આસક્તિની પકડમાં કમને ફસાવું પડે છે, તેના નિરાકરણ માટે નિષ્કામકર્મયોગના શોધક અધ્યાત્મવિજ્ઞાની મહાકવિ, અધૃષ્ય શક્તિની શોધમાં પડેલા છે; તેથી સત્પક્ષની જીતને પુરસ્કારે છે; અને તેના અસત્યાચરણને કારણે એ જીતનું કેટલું બધું અવમૂલ્યન થાય છે તે પણ સમર્થ રીતે દર્શાવે છે; આવું અવમૂલ્યન થાય તોપણ ઋજુ જીવને પડખે સ્વયં પરમાત્મા હોય જ છે; એને નિશ્ચિતપણે આદેશ આપી, પોતાનું ઓજાર બનાવી દોરે છે; એની ભૂલો છતાંય સંરક્ષણ કરીને પ્રોત્સાહિત કરે છે, તેનું રૌદ્ર-ભવ્ય વર્ણન કરે છે.

એટલે આ જીવંત ઇતિહાસના કર્તા વેદવ્યાસે કદી પણ શસ્ત્ર પકડચું નથી. દૃઢ કર્તૃત્વ, નિઃશંક કાર્યપ્રણાલિ અને નિષ્કામકર્મયોગને જીવનમાં સમાનરૂપે ઉતારનાર શ્રીકૃષ્ણે પણ આ મહાયુદ્ધમાં શસ્ત્રધારણ નથી કર્યું. જરૂર પડે તો શસ્ત્ર ઉપાડવાની તૈયારી રાખી છે ખરી. ચિરંજીવી વેદવ્યાસની, અપરાજેય શક્તિના પૂર્ણ પ્રકટીકરણની ખોજ હજારો વર્ષથી અવિચ્છિન્ન ચાલુ રહી છે. ગાંધીજી મારફતે અન્તર્યામીએ નિર્બળના અભાવાત્મક પ્રતિકાર તરીકે એનો સફળ ઉપયોગ વિશ્વને દર્શાવ્યો. પ્રેમાળ હૈયા વડે વૈર અને ઈર્ષ્યામાત્રનો પ્રતિકાર કરનાર બલવાનોની અપરાજેય અહિંસક શક્તિની શોધ આ યુગના શ્રેષ્ઠ અધ્યાત્મવૈજ્ઞાનિક ગાંધીજીએ જારી રાખી. પૂર્ણ બ્રહ્મચર્ય દ્વારા એ શક્તિના સર્વોત્તમ સ્વરૂપનું પ્રકટીકરણ કરવાના વિરલ (અને કદાચ જોખમી પણ) પ્રયોગો કર્યા. હાર્યા વિના જગતસંરક્ષણું માટેના પ્રયોગોનો સમૃદ્ધ વારસો ઓર સમૃદ્ધ કરીને મૂકતા ગયા. **હવે પછી એનું સ્થાન લેનાર મૃત્યુંજય વિજ્ઞાનવીરો માટે એ ક્ષેત્ર તકોથી ભરપૂર છે.**

દુર્જનપીડક (જનાર્દન) શ્રીકૃષ્ણ આવા વીરોના સંરક્ષક (ગોપ્તા) અને મન્ત્રી તરીકે પડખે ઊભા છે, કારણ કે નર અને નારાયણ વચ્ચે બીજું કોઈ સમજી ન શકે એવું અનુપમ સખ્ય છે, વિશિષ્ટ અદ્વૈત છે.

* * *

# પરિશિષ્ટ ૧

## વિભાગ क

(સંદર્ભ નોંધ ૯ અને ૧૧)

ઘટોત્કચ માર્યો જતાં શ્રીકૃષ્ણ ખુશખુશાલ થઈ ગયા. તેના ખુલાસામાં પોતે અર્જુનને બચાવવા કયા કયા પ્રબળ યોદ્ધાઓને મારી નાખ્યા (કે મૂઆ જેવા કરી નાખ્યા) તેની વીગત શ્રીકૃષ્ણના મુખમાં મુકાએલી છે:

'જરાસંધનો ભીમસેન પાસે વધ કરાવ્યો (વીગત જુઓ ખંડ ૨, પ્રકરણ ૪, 'જરાસંધ-વધ'). એકલવ્યનો અંગૂઠો નષ્ટ કરાવ્યો-અને મૂઆ જેવો કરી નાખ્યો (જુઓ 'આદિપર્વ' અ. ૧૨૩). શિશુપાલને રાજસૂયનું રક્ષણ કરતાં સંગ્રામમાં મારી નાખ્યો (જુઓ ખંડ ૨, પ્રકરણ ૫, 'શિશુપાલવધ'). લોકહિતાર્થે રાવણ જેવા હિડિમ્બ, બક અને કિર્મીરને ભીમ દ્વારા મરાવી નાખ્યા. અલાયુધનો ઘટોત્કચ દ્વારા નાશ કરાવ્યો, અને ઘટોત્કચનો કર્ણ દ્વારા! જો કર્ણે એને ન માર્યો હોત તો હું એનો વધ કરત! તમારું પ્રિય કરવા (તમારું કાર્ય કરાવવા) મેં એ બ્રાહ્મણ અને યજ્ઞના દ્વેષી રાક્ષસને માર્યો નહોતો. એ ધર્મને લોપનારો પાપાત્મા હતો, માટે મારી નંખાવ્યો છે. જેઓ ધર્મને લોપે છે, તેમને ધર્મસંસ્થાપન માટે મારી નાખવા એવી મારી દૃઢ પ્રતિજ્ઞા છે. હું સત્યથી સોગનપૂર્વક કહું છું કે, જ્યાં બ્રહ્મચર્ય, સત્ય, દમ, શૌચ, ધર્મ, હ્રી, શ્રી, ધૃતિ, ક્ષમા છે ત્યાં હું નિત્ય રમણ કરું છું. માટે તારે કર્ણથી ગભરાવું નહિ. તેના વધનો ઉપાય પણ તને બતાવીશ......' ('દ્રોણપર્વ' અ. ૧૫૬)

ઉપર્યુક્ત અવતરણમાંનો ઘટોત્કચ અંગેનો નિર્દેશ સાચો નથી અને તેની સાથે જોડેલો 'ધર્મસંસ્થાપનનો સિદ્ધાંત' તો વિકૃતિ વ્યક્ત કરે છે. ખૂબ જૂના સમયમાં આ અધ્યાય મહાભારતમાં દાખલ થયેલો છે.

'સમીક્ષિત નોંધ' જોતાં ઉચ્ચતર સમીક્ષામાં ઘટોત્કચ અંગેના નિર્દેશ (૭-૧૫૬-૨૬ થી ૨૮) ક્ષેપક સાબિત કરી શકાય એમ છે.

## વિભાગ ख

(સંદર્ભ નોંધ ૯માં શ્લોક ૭-૧૫૫-૮)

શ્રીકૃષ્ણ હર્ષથી નૃત્ય કરવા લાગ્યા ત્યારે અર્જુને રોષથી આનું કારણ પૂછતાં આ શબ્દો પણ કહ્યા હતા:

> नैतत्कारणमल्पं हि भविष्यति जनार्दन ।
> तदद्य शंस मे पृष्टः सत्यं सत्यवतां वर ॥ ७-१५५-८

(સર૦ ૯-૬૨-૫. જુઓ નીચે ખંડ ૪, પ્રકરણ ૬, 'ધર્મયશોનિધિ', નોટ ૪૨)

'આપના હર્ષનું કારણ નાનુંસૂનું તો નહિ જ હોય. માટે સત્યધારીઓમાં શ્રેષ્ઠ! સાચો ઉત્તર આપો.'

સર્પસત્રમાં વ્યાસની અનુજ્ઞાથી વૈશંપાયને જનમેજયને મહાભારત યુદ્ધનું સંક્ષિપ્ત વૃત્તાન્ત કહ્યું ત્યારે એને પૂરેપૂરું સાંભળવા માટે જનમેજયે પ્રશ્ન કર્યો છે:

**न तत्कारणमल्पं हि धर्मज्ञा यत्र पाण्डवाः ।**
**अवध्यान्सर्वशो जघ्नुः प्रशस्यन्ते च मानवैः ॥ १-५६-४**

ધર્મજ્ઞ પાંડવોએ અવધ્યોને સમૂળા મારી નાખ્યા, **છતાં માણસો એની પ્રશંસા કરે છે** તેનું કારણ કંઈ નાનુંસૂનું તો નૃહિ જ હોય.

અને મહાયુદ્ધ પછી અર્જુન સાથે લડતાં હારેલા, કાયર અશ્વત્થામાએ 'પાંડવોનો નાશ થાઓ' એવા સંકલ્પ સાથે છોડેલા બ્રહ્માસ્ત્રને ઉત્તરાના ગર્ભ ઉપર મૂકયું ત્યારે પણ શ્રીકૃષ્ણ હરખાયા હતા (૧૦-૧૬-૧). કારણ કે એમ થતાં અર્જુન સહિત પાંડવો બચી ગયા હતા.

અર્જુનને, અન્તર્યામીના પ્રાણથીય વધુ પ્રિય સખા જીવને, અન્તર્યામી રજસ્-તમસ્‌ના ગમે તેવા ઘનઘોર તુફાનમાંથી, ગમે તેવી આકર્ષક મનમોહક લીલાઓની મુલાયમ જાળમાંથી, કોઈ પણ રીતે બચાવી જ લેવાના, અને એમ બચાવ્યા પછી એ 'નટવર' હર્ષથી નૃત્ય પણ કરે! એમના કોલ છે:

**न हि कल्याणकृत्कश्चिद्दुर्गतिं तात गच्छति ॥ गीता ६-४० गघ**
**न मे भक्तः प्रणश्यति ॥ गीता ९-३१ घ**
**अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥ गीता. १८-६६ गघ**
**युध्यस्व जेतासि रणे सपत्नान् ॥ गीता ११-३४ घ वगेरे**

ક્રાન્તદ્રષ્ટા કવિ વેદવ્યાસના વિચારોનું ઉદ્‌ઘાટન આવા સંદર્ભોના પ્રકાશમાં સમજી શકાય. શ્રીકૃષ્ણના નૃત્યનું કારણ 'નાનુંસૂનું' તો ન જ હોય.

* * *

અશ્વત્થામાએ પોતાનું અમોઘ બ્રહ્માસ્ત્ર ઉત્તરાના ગર્ભ ઉપર મૂકયું, ત્યારે પણ પાંડવો બચી ગયા, અને ગર્ભ પુનર્જીવિત થશે જ એવી પ્રતીતિથી શ્રીકૃષ્ણ હરખાયા હતા. જુઓ ૧૦-૧૬-૧ થી, ૮થી.

## પરિશિષ્ટ ૨

[ સંદર્ભ: ૭-૧૭૨-૫૦ થી ૯૦. શ્રીકૃષ્ણે પૂર્વાવતારમાં નારાયણ ઋષિ તરીકે કરેલી સાધનાનું વ્યાસપ્રોક્ત પુરાણ ]

પૂર્વજોનાય પૂર્વજ નારાયણે મૈનાક પર્વત ઉપર ૬૬૦૦૦ વર્ષ સુધી ઊંચા બાહુ રાખીને વાયુ ભક્ષણ કરીને તપ કર્યું. ફરીથી એનાથીય ભારે તપ કરીને સ્વર્ગ અને પૃથ્વીના વિવરને (સમગ્ર જગતને) તપના તેજથી ભરી દીધું. એ તપથી તેઓ બ્રહ્મભૂત થયા. એટલે સર્વ ભૂતોના હૃદયમાં રહેલા, દુરાચારીઓને ન દેખાય એવા, બ્રહ્મના દ્વેષીઓનો સંહાર કરનારા, અમૃતના ઉત્પત્તિસ્થાન; પાપ ક્ષીણ થતાં અને શોકનો નાશ થતાં જેને સદાચારી બ્રહ્મવેત્તાઓ મનથી નીરખે

છે, જે તપથી (ચિત્તમાં) સ્થાયી થાય છે, તે ધર્મથી પૂજવાલાયક વિશ્વરૂપ શંકરનાં એમણે ભક્તિપૂર્વક દર્શન કર્યાં. વાણી, મન, બુદ્ધિ અને દેહથી દેવાધિદેવને નીરખીને નારાયણ પરિતૃપ્ત થઈને પ્રસન્ન થઈ ગયા. વન્દન કરીને અન્ધકનો (અન્ધત્વનો) સદ્ય વિનાશ કરનારા ભગવાન રુદ્રની સ્તુતિ કરી. (૭-૧૭૨-૫૦ થી ૬૫)

એ સ્તુતિમાં સર્વ દેવોને તૃપ્ત કરવા થતાં કર્મો શંકરને જ તૃપ્ત કરવા થાય છે; સર્વ સ્થાવરજંગમ ભૂતવર્ગ અને બ્રહ્મા, બ્રહ્મ, બ્રહ્મવેત્તાઓ એમનામાંથી પેદા થયાં છે, એમનામાં જ વિલીન થવાનાં છે; બે દિવ્ય સુપર્ણો (જીવ અને ઈશ્વર) તથા સંસારરૂપી પીંપળો, શરીરને ધારણ કરતી ઇન્દ્રિયો, ભૂત, વર્તમાન, ન ફેરવી શકાય એવું ભવિષ્ય, સમગ્ર ભુવનો એમનાથી જ ઉત્પન્ન થયાં છે (જુઓ ખંડ ૨, પ્રકરણ ૮, 'સખા'નું પરિશિષ્ટ 'સનાતન સખા નરનારાયણ ઋષિ'). છતાં શંકર આ બધાંથી પર છે, ઇત્યાદિ સ્તવન કરીને માગ્યું: 'આપનો ભક્ત છું. આપને ભજું છું. મને વરદાન આપો. (કામ, ક્રોધ, લોભમૂલક) અહિતકારી વિચારોને મારા ચિત્તમાં પ્રવેશ કરવા દઈને મારો નાશ ન કરશો. તમે આત્માના પણ આત્મા, પરમાત્મા છો. આપનો જ વિચાર કરનાર, અનન્યભાવવાળો વિદ્વાન એ રીતે નિર્મલ બ્રહ્મને પામે છે. મેં આપનું સંમાન ઇચ્છીને, પોઠિયા સહિત આપની શોધ કરીને દેવવર્ય ! સ્તુતિ કરી છે. (सवृषम् । વૃષ એટલે સર્વ સદ્‌ગુણોના પ્રતીકરૂપ પોઠિયા સહિતના શિવ.) મને (નિષ્કામક્રોધલોભ થવાનાં) સુદુર્લભ ઇષ્ટ વરદાનો આપો. મારો અસ્વીકાર કરશો નહિ. હું આપનું સ્તવન કરું છું. (૭-૧૭૨-૬૬ થી ૭૨)

અચિન્ત્યાત્મા ભગવાન નીલકંઠ પ્રસન્ન થયા. દેવમુખ્ય નારાયણ ઋષિને વરદાન આપ્યાં: જગતનાં મનુષ્યથી માંડીને પ્રાણીમાત્રમાં અપરિમિત બળવાળા થવાનું; દેવો સહિત સર્વેથી અપરાજિત રહેવાનું; શસ્ત્ર, વજ્ર, અગ્નિ, વાયુ, ભીનું, સૂકું, જંગમ કે સ્થાવર કશાયથી ઇજા નહિ થવાનું; અને સમરાંગણમાં સ્વયં શિવથી પણ અધિક થવાનું; એવાં વિવિધ વરદાન આપ્યાં. (૭-૧૭૨-૭૩ થી ૭૮)

આ વૃત્તાંત પછી વેદવ્યાસે અશ્વત્થામાને કહ્યું: 'શ્રીકૃષ્ણે પૂર્વે આ વરદાન પ્રાપ્ત કર્યાં હતાં. તે એ જ દેવ માયાથી જગતને મોહિત કરતા વિચરી રહ્યા છે. એમના જ તપથી મહામુનિ નર જન્મ્યા. એને અર્જુન જાણ. લોકયાત્રાના વિધાન અર્થે (જીવી જાણવાના નિયમ શીખવવા) એ બન્ને યુગેયુગે જન્મે છે...' પછી અશ્વત્થામા અને શ્રીકૃષ્ણ-અર્જુનની તપસ્યા વગેરેની સરખામણી કરતાં ઉમેર્યું: 'તેં પણ જગતને શંકરરૂપ જાણીને પૂર્વે તપ કરીને શંકરની મૂર્તિનું પૂજન કર્યું હતું, અને શંકરે તને વરદાન આપ્યાં હતાં. તારા અને શ્રીકૃષ્ણ-અર્જુનના જન્મ, કર્મ, તપ અને યોગ તો પુષ્કળ છે. ફરક એટલો કે તેં એમની મૂર્તિ(અર્ચા)નું પૂજન કર્યું છે. શ્રીકૃષ્ણ-અર્જુને લિઙ્ગનું (અર્થાત્ મહાદેવની જીવનપદ્ધતિ પૂજી છે). તે ભગવાન ભવને સર્વરૂપ જાણીને જે એમના લિઙ્ગનું અર્ચન કરે છે, તેનામાં જ સર્વ આત્મયોગો અને શાસ્ત્રયોગો શાશ્વત સ્થિર રહે છે—એ સર્વરૂપ બને છે. તેથી તો દેવો, સિદ્ધો અને પરમર્ષિઓ લિઙ્ગપૂજાથી ભગવાનને પૂજે છે. આ કેશવ રુદ્રથી જન્મ્યા છે. રુદ્રના ભક્ત છે. માટે તે સનાતન શ્રીકૃષ્ણનું જ યજ્ઞોથી યજન કરવું......' (૭-૧૭૨-૭૯ થી ૯૦)

# ભારતમાં શંખ અને મોતી સાથે
# સંકળાયેલ દ્વારકાનો પ્રદેશ

**કલ્યાણરાય ન. જોષી**

વૈષ્ણવી દ્વારકાના પ્રદેશમાં મહાજલ-પ્રલયને પરિણામે સમુદ્રના કાંઠા પર અનેક પ્રકારની વિકૃતિઓ ઊભી થઈ; તેથી તે વિકૃતિવાળા કિનારા પર જલના ખાડાખાબોચિયામાં, કાદવકીચડમાં, ખડકોના ખાંચાઓમાં અને સમુદ્રના ઊંડા પેટાળના પ્રદેશમાં જાતજાતની વનસ્પતિ અને વિવિધ પ્રકારના જીવજંતુઓ જીવન જીવવાની અનુકૂળતા મેળવી શકયા.

ઓખામંડળના દરિયાઈ પ્રદેશમાં જે અદ્દભુત વનસ્પતિ અને જીવજંતુઓ હાલ વસે છે, તેવી જીવસૃષ્ટિ પૃથ્વીના બીજા ભાગના દરિયાઈ કિનારે લભ્ય નથી એમ પ્રાણીશાસ્ત્રના અને વનસ્પતિશાસ્ત્રના નિષ્ણાત પંડિતોએ ભાખ્યું છે, આવો નક્કર અભિપ્રાય James Hornel —F.I.S. તરફથી લખાયેલા પુસ્તક નામે Marine Zoology of Okhamandal —India પુસ્તકમાં સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવ્યો છે. આ પુસ્તક પ્રકટ કરનાર પેઢીનું નામ આ પ્રમાણે છે : London—Williams and Norgate—14 Henrietta Street, Covent Garden W.

વડોદરા રાજ્યના નામીચા મહારાજા સયાજીરાવે ઓખામંડલ પ્રદેશના દરિયા કાંઠાની મોજણી ( શાસ્ત્રીય તપાસ ) કરવાનું કામ અંગ્રેજ નિષ્ણાત James Hornelને સોંપ્યું હતું. મી. હોર્નેલ તે વખતે મદ્રાસ સરકારના Biologist હતા; તે પહેલાં એ સિલોન સરકારના Marine Biologistના હોદ્દા પર હતા. એમણે દ્વારકાના દરિયાની શાસ્ત્રીય મોજણી કરી બહુ નક્કર હકીકતવાળુ પુસ્તક "Marine Zoology of Okhamandal" લખ્યું છે. તે પુસ્તક અને ૧૯૦૯માં લંડનના પુસ્તકપ્રકાશકે છાપ્યું હતું. એ પુસ્તકની પ્રસ્તાવનામાં નીચેનો ઉતારો કહી આપે છે કે પ્રલય પછીની સ્થિતિના દ્વારકાના દરિયાકાંઠામાં અદ્દભુત પ્રાણીસૃષ્ટિ વસી રહી છે :

"The remarkable faunistic richness of the Okhamandal Coast is demonstrated most emphatically by the wonderful variety of sponge, hydroid and polyzoon life catalogued in the valuable papers contributed by Professor A. Dendy, E.R.S. and Miss Laura R. Thornely." [ Introduetion. p.p. VII, Part II ]

સમુદ્રની પ્રાણીસૃષ્ટિના આ અદ્દભુત નિવાસસ્થાનમાંથી શંખ અને મોતીની છીપો પ્રકટે છે. એ શંખ અને એ મોતીની છીપોએ ઓખામંડળના પ્રદેશની સંસ્કૃતિના સ્વરૂપમાં ભવ્યતા

આણી છે. એ વાત તો સિદ્ધ થયેલી છે કે ભારતમાં **શંખ**ની ઉત્પત્તિ સૌરાષ્ટ્રના પશ્ચિમ કાંઠાના સમુદ્રના તળિયામાં થાય છે. ગુજરાત–મહારાષ્ટ્રના વિશાળ સમુદ્રકાંઠા પર શંખની પેદાશ હોતી નથી. ભારતના દક્ષિણ છેડે સિલોનના દરિયામાં મનારના અખાતમાં તેમ જ કેરલ પ્રદેશના દરિયાકાંઠે **શંખ** મળી આવે છે.

મહાભારતના યુદ્ધ વખતે જે **શંખ** યુદ્ધના નાદ વાસ્તે વપરાયા હશે તે સિલોનથી કુરુક્ષેત્રમાં પહોંચ્યા હશે કે વૈષ્ણવી દ્વારકાના પ્રદેશમાંથી કુરુક્ષેત્રમાં પહોંચ્યા હશે એ વિચારણીય પ્રશ્ન છે. મહાભારતના યુદ્ધ વખતે સમુદ્રતટ પર દ્વારકા—દ્વારાવતી—નગરી શ્રીકૃષ્ણે વસાવી દીધી હતી. તેથી વધારે સંભવિત વાત તો એ જ છે કે મહાભારતના કાળમાં રણક્ષેત્ર પર જે **શંખો** વપરાયા હશે તે સૌરાષ્ટ્રના પશ્ચિમ કિનારા પરના સમુદ્રની ઓલાદ હતી. **શંખ**ની સંસ્કૃતિ એ દ્વારકાના પ્રદેશની અસલી સંસ્કૃતિ કહી શકાય. ભગવદ્‌ગીતાના શ્લોકો પરથી **શંખ**ના વપરાશની પૂર્ણ પ્રતીતિ થાય છે. આ રહ્યા એ શ્લોકો :

तस्य संजनन्हर्षं कुरुवृद्धः पितामहः ।
सिंहनादं विनद्योच्चैः शंखं दध्यौ प्रतापवान ॥ १२

ततः शंखाश्च भेर्यश्च पणवानकगोमुखाः ।
सहसैवाभ्यहन्यन्त स शब्दस्तुमुलोऽभवत् ॥ १३

ततः श्वेतैर्हयैर्युक्ते महति स्यन्दने स्थितौ ।
माधवः पाण्डवश्चैव दिव्यौ शंखौ प्रदध्मतुः ॥

... ... ... ... ...

सौभद्रश्च महाबाहुः शंखान्दध्मुः पृथक् पृथक् ॥ १८

આ રીતે મહાયુદ્ધમાં વપરાતા **શંખ** દ્વારકાના પ્રદેશમાંથી કુરુક્ષેત્ર સુધી પહોંચાડવામાં આવતા હશે ત્યારે પશ્ચિમ કિનારાના દરિયાઈ પ્રદેશમાં વસતા જનસંઘની સંસ્કૃતિ કેટલી સરસ રીતે વિકસેલી હશે તે સહજ કલ્પી શકાય છે.

જૈન આગમસાહિત્યમાં પણ **શંખ**નો ઉપયોગ રણક્ષેત્રમાં થતો હોવાના ઉલ્લેખ મળે છે.

[ "ઉત્તરાધ્યયન સૂત્ર"ની નેમિચન્દ્રની ટીકા પ્રમાણે, **અગડદત્ત શંખપુર**ના રાજાનો પુત્ર હતો.

"વિવિધ તીર્થકલ્પ" અનુસાર રાજગૃહનો રાજા પ્રતિવાસુદેવ જરાસંધ, વાસુદેવ કૃષ્ણ સાથે યુદ્ધ કરવા માટે પશ્ચિમ દિશા તરફ નીકળ્યો. કૃષ્ણ પણ બધી સામગ્રી સાથે દ્વારાવતીથી નીકળીને પોતાના પ્રદેશની સીમા સુધી આવ્યા. એ સ્થળે અરિષ્ટ નેમિકુમારે **શંખનાદ** કર્યો અને ત્યાં જરાસંધ ઉપર વિજય પ્રાપ્ત થયા પછી **શંખપુર** અથવા શંખેશ્વર નામે નગર વસાવવામાં આવ્યું તથા ત્યાં પાર્શ્વનાથની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી. ] જુઓ પાન ૧૭૩, "જૈન આગમસાહિત્યમાં ગુજરાત," લેખક—ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ.

ભારતીય સંસ્કૃતિએ વિષ્ણુના સ્વરૂપની કલ્પના કરી છે. તે સ્વરૂપમાં વિષ્ણુને ચાર ભુજામાં ચાર વસ્તુએ આપવામાં આવી છેઃ (૧) શંખ, (૨) ચક્ર, (૩) ગદા, (૪) પદ્મ- "વિષ્ણુસહસ્રનામ"ના મહાભારત–અંતર્ગત સ્તોત્રમાં નીચેનો વિષ્ણુનાં નામોની ગણતરી દર્શાવતો શ્લોક રજૂ કરવામાં આવ્યો છે.

અંક ૧૨૦—

शंखभृन्नन्दकी चक्री शार्ङ्गधन्वा गदाधरः ।
रथांगपाणिरक्षोभ्यः सर्वप्रहरणायुधः ॥

અહીં વિષ્ણુના હાથમાં શોભતાં જુદાં જુદાં પ્રહારનાં આયુધોનાં નામો આપવામાં આવ્યાં છે. તેમાં "શંખભૃત્" શબ્દ સૌથી પહેલો મૂકવામાં આવે છે.

વિષ્ણુ સહસ્રનામ–સ્તોત્રની ટીકા લખતાં શ્રી શંકરાચાર્ય આ શ્લોકની ટીકામાં લખે છે કે શંખભૃત્ એટલે **પાંચજન્ય** નામનો શંખ ધારણ કરનાર વિષ્ણુ મનાયા છે. **પાંચજન્ય** એટલે "પંચમહાભૂત"—પૃથ્વી, અપ્, તેજ, વાયુ અને આકાશના પ્રતિનિધિ રૂપ વિષ્ણુનો શંખ મનાયો છે. અહીં જોવાનું પ્રાપ્ત થાય છે કે મહાભારતના સમયમાં શંખના અનેક પ્રકારો વ્યવહારમાં પ્રચલિત હતા; અને એ પ્રકારના શંખોને જુદાં જુદાં નામો અપાયાં હતાં; જેવાં કે, પાંચજન્ય, દેવદત્ત, પૌંડ્ર, અનંતવિજય, સુઘોષ, મણિપુષ્પક વગેરે.

જૈન તીર્થંકરોમાંના બાવીસમા તીર્થંકર **નેમિનાથ**નું લાંછન (ચિહ્ન) **શંખ** મનાય છે. એટલે કે જૈન આગમમાં પણ **શંખ**ની અગત્ય સ્વીકારવામાં આવી છે એ સુસ્પષ્ટ છે. દ્વારકાના પ્રદેશની અસલી સંસ્કૃતિની એ ભવ્ય છાપ ગણાય.

એમ મનાય છે કે નેમિનાથ અને મહાભારતના યુગના શ્રી કૃષ્ણ–વાસુદેવ સમકાલીન હતા એટલું જ નહિ પણ એ બન્ને યાદવકુલના હતા.

શંખાસુરની પૌરાણિક કથા બહુમાન્ય બનેલી છે. તે એવી છે કે વેદોનું અપહરણ શંખાસુર દાનવ કરી ગયો હતો અને જલમાં પેસી શંખનો આશ્રય લઈ સુરક્ષિત બની રહ્યો હતો. તે દાનવને વિષ્ણુ ભગવાને જલમાં જઈ હરાવ્યો હતો અને શંખમાં સંઘરી રાખેલા વેદનો વિષ્ણુએ ઉદ્ધાર કર્યો હતો તેથી વિષ્ણુના એ સ્વરૂપને **શંખનારાયણ** નામ અપાયું છે અને જે સ્થળના સમુદ્રમાંથી શંખાસુર દાનવને બહાર કાઢી તેનો સંહાર કરવામાં આવ્યો હતો તે સમુદ્રના સ્થળનું નામ **શંખોદ્ધાર** તીર્થ પાડવામાં આવ્યું હતું. આજે જે સ્થળ **શંખોદ્ધાર બેટ** તરીકે ઓળખાય છે તે વૈષ્ણવી દ્વારકાનું અંગભૂત સ્થળ છે અને એ બેટની દરિયાઈ ખાડીમાંથી જ **શંખો** મળી આવે છે અને ત્યાંથી ઉત્તર ભારત અને પશ્ચિમ ભારતમાં તેનો ફેલાવો થાય છે :

હાલના **બેટ** શંખોદ્ધારમાં તે સ્થળના અધિષ્ઠાતા દેવ શ્રી શંખનારાયણનું મન્દિર મોજૂદ છે. બેટમાં વૈષ્ણવ આચાર્ય શ્રી વલ્લભ યાત્રાર્થે પહેલી વાર પધાર્યા ત્યારે બેટમાં શ્રી શંખનારાયણ દેવ બિરાજતા હતા; અને એ દેવની સાન્નિધ્યમાં **શંખતળાવ** નામનું તીર્થસ્થળ છે. એ તીર્થસ્થળને કાંઠે શ્રી વલ્લભાચાર્ય મહારાજે શ્રી ભાગવદ્દનું પારાયણ કર્યું હતું. એ સ્થળે આજે પણ શ્રી મહાપ્રભુજી( વલ્લભાચાર્ય )ની બેઠક મોજૂદ છે.

શ્રી વલ્લભાચાર્ય મહારાજે–દ્વારકાના જગત મન્દિરમાં–દેવનું નિજ મન્દિર સ્વરૂપ વિનાનું–ખાલી જોયું, અને એમને એ સ્થળે નવું સ્વરૂપ સ્થાપવાની મનકામના થવાથી, એમને દ્વારકા પાસેના **લાડવા** નામના ટેકરા પર દ્વારકાનાથનું અસલી સ્વરૂપ દિવ્ય દૃષ્ટિથી દેખાયું. ત્યાંથી એ સ્વરૂપને દ્વારકાના જગતદહેરાંમાં શ્રી આચાર્યચરણને હસ્તે **પ્રતિષ્ઠિત** કરવામાં આવ્યું હતું. પાછળથી ઔરંગઝેબ બાદશાહના સમયમાં ઓખામંડળના રાજાએ એ સ્વરૂપની સુરક્ષા માટે **બેટ**માં પધરાવ્યું હતું અને ત્યાં તે પછી વૈષ્ણવી દ્વારકાની રચના કરવા નવાં મન્દિરો બંધાવ્યાં હતાં. તે મન્દિરોની સેવાનો ક્રમ શ્રી ગુંસાઈજીના પુત્ર શ્રી રઘુનાથજીએ–વૈષ્ણવ સંપ્રદાયની રીત મુજબ રાજલીલાના રૂપમાં–યોજી આપ્યો હતો. આજ સુધી બેટ શંખોદ્ધારના દ્વારકાધીશની સેવાનો ક્રમ નક્કી કરેલી પ્રણાલિકા પ્રમાણે થયા કરે છે.

આ મન્દિરોમાં દેવની સેવાપૂજામાં **શંખ**ની અગત્ય સારી રીતે માન્ય રહેલી છે. જે તે દેવની સ્નાનવિધિમાં અને આરતીને પ્રસંગે શંખનો ઉપયોગ શાસ્ત્રોક્ત રીતે આજ સુધી થયા કરે છે એટલું જ નહિ પણ **શંખ**ની જાતમાં જમણા મુખનો શંખ સવિશેષ દિવ્યતા ધરાવે છે એવી સમજથી બેટના મન્દિરોમાં એવા અલભ્ય શંખો વસાવવામાં આવ્યા છે. એ દુર્લભ **શંખો** માટે વડોદરા રાજ્ય તરફથી સમુદ્રના કાંઠાની તપાસ કરવા નિયુક્ત થયેલા **મી. જેમ્સ હોર્નેલે** પોતાના પુસ્તકમાં ખાસ ઉલ્લેખ કર્યો છે. તે અત્રે ટાંકવા યોગ્ય છે:

**જમણા મુખના શંખ વિષે :–**

After Udipi, probably the largest number of sinistral chanks are to be found in the temples of the sacred land of Kathiawar, rich in the associations with the later life of Krishna; while in Bet in 1906, I found richly ornamented Chanks in the Shankh-Narayan, Lakshmi and Satya Bhamaji Temples [plate 1]. That in the last named is a particularly large and handsome shell, probably the finest sinistral chank in existence and consequently and almost priceless treasure. The shell possessed by Shankh-Narayan Temple is a small elongated specimen offered at the shrine some twenty years ago by a Bhatia from Zanzibar: that of the Lakshmi Temple is a short broad one of the small size with handsome arabesque ornamentation on the mounting–it has been in the possession of the temple since Samvat 1890 (A.D. 1835) [Marine Zoology of Okhamandal (India) by James Hornel F. I. S.– part II, p.p. 19-20].

## ઉતારાનો સાર

શ્રીકૃષ્ણના ઉત્તર જીવન સાથે સંકળાયેલ સમુદ્ર પરના સ્થળમાં (**ઉડુપી**માંથી મળેલા જમણા શંખ ઉપરાંત) વૈભવી મન્દિરો છે ત્યાંથી મને જમણા શંખ જોવા મળ્યા હતા. બેટના

શ્રી શંખનારાયણના મન્દિરમાં લક્ષ્મીજીના મન્દિરમાં અને સત્યભામાજીના મન્દિરમાં જમના મુખના શંખ છે. કદાચ જમણા મુખના શંખો હાલ જે અસ્તિત્વમાં છે તે પૈકી આ શંખો વિશેષ સુન્દર જણાયા છે. શંખનારાયણના મન્દિરની માલિકીનો **શંખ** કોઈ ઝાંઝીબારમાં રહેતા ભાટિયા ગૃહસ્થે મન્દિરમાં ભેટ આપ્યાનું કહેવાય છે. આ શંખ સંવત ૧૮૯૦ (ઈ. સ. ૧૮૩૫)થી મન્દિરના કબજામાં છે.

બેટ દ્વારકાના પ્રદેશમાં શંખની પવિત્રતા અને દિવ્યતા બહુમાન્ય બની ગઈ હતી. બેટ દ્વારકાની યાત્રાએ આવનાર રાજસ્થાની પ્રજા અને ઉત્તર ભારતની પ્રજા તેમ જ સૌરાષ્ટ્રની પ્રજા બેટમાં કે અરાંભડામાં પોતાની ભુજા ઉપર શંખ અને ચક્રની તપ્તમુદ્રા અંકાવવામાં મહાપુણ્ય અને જીવનની ધન્યતા માનતા હતા. યાત્રાળુના બન્ને હાથ પર અગ્નિમાં તપાવેલી ધાતુની મુદ્રા ચોડી દેવામાં આવતી હતી. આવી તપ્ત મુદ્રા લેવાવાળા પાસેથી અમુક કર લેવામાં આવતો હતો. પૈસા આપીને પણ ભુજા પર તપાવેલી મુદ્રાની છાપ લેનારા યાત્રાળુની સંખ્યા નાનીસૂની નહોતી.

શ્રી સયાજીરાવ ગાયકવાડની સુધારાની દૃષ્ટિએ આવી ગરમ છાપ આપવાનું રાજ્ય તરફથી બંધ કરવામાં આવ્યું હતું છતાં ધર્મ અને રૂઢિનું બળ એટલું તો ભારે હોય છે કે યાત્રાળુને ગરમ છાપ લીધા વિના પોતાને દેશ પાછા વળવાનું ગમતું નહિ. તેથી દ્વારકા અને પોરબંદરની વચ્ચે **વીસાવાડા**ના મન્દિરના મહન્ત પૈસા કમાવાની વૃત્તિથી આવી ગરમ છાપ યાત્રાળુને આપવાનો ધંધો ઘણાં વરસો સુધી ચલાવતા રહ્યા હતા.

આ પ્રભાવ **શંખની** સંસ્કૃતિના યુગનો હતો.

## દેવકાર્યમાં શંખનો મહિમા

દેવને સ્નાન કરાવતી વખતે દૂધ, દહીં, ઘી, મધ, સાકરરૂપી પંચામૃતથી શંખ ભરવામાં આવે છે અને પછી એ શંખમાંના પંચામૃતનું અભિસિંચન દેવનાં અંગો ઉપર થાય છે. સાદા જલનો અભિષેક કરતી વખતે પણ શંખનો ઉપયોગ થાય છે.

આરતી કરતી વખને પૂજારી ધૂપદીપનું સમર્પણ કરતાં પહેલાં શંખમાં જલ ભરી શંખથી દેવને ઓવારણાં અર્પણ કરે છે અને ઓવારણું પૂરું થતાં શંખમાંના પવિત્ર જળના સિંચનથી દેવમંદિરના વાતાવરણને અને ભક્તજનોને વિશુદ્ધિ અર્પે છે.

સવારસાંજ વાતાવરણને વિશુદ્ધ કરવા માટે અને અનિષ્ટ તત્ત્વોને દૂર કરવા માટે સાધુ-સંતો પોતાની મઢુલીમાં શંખનો નાદ કરે છે.

દેવની સ્વારીની જાહેરાત જાહેર રસ્તા ઉપર શંખના ભવ્ય નાદથી કરવામાં આવે છે.

કેટલાક પ્રદેશમાં ભય નિવારવા માટે ગાય, બળદ આદિ પશુઓને ગળે શંખ બાંધવાનો રિવાજ હોય છે.

સંન્યાસીને સમાધ આપતી વેળા સંન્યાસીને સમાધના ખાડામાં બેસાડી એમના માથાની ખોપરી ઉપર જોરથી શંખ અફાળવામાં આવે છે.

## મહિલાઓના હાથમાં પહેરવાનાં વલય બતાવવામાં શંખનો ઉપયોગ

જનતાના જીવન વ્યવહારમાં શંખનો ઉપયોગ જુદી જુદી રીતે અસલના કાળથી થતો આવ્યો છે. શંખમાંથી બંગડીઓ-વલય-બનાવવાનો ઉદ્યોગ માણસોએ જૂના વખતથી સાધ્યો હતો. ખાસ કરીને બંગાળાના પ્રદેશમાં પરણેલી મહિલા પોતાના સૌભાગ્યને જાળવી રાખવા શંખમાંથી કોરી કાઢેલી બંગડીઓ (વલય) પહેરે છે. બંગાળામાં ભારતના દક્ષિણ કાંઠાના સમુદ્રના શંખો આ ઉદ્યોગ માટે જતા હશે એમ માની શકાય; પણ શંખની બંગડીઓ બનાવવાના કારખાનાની તપાસ પરથી જણાયું છે કે બંગાળામાં દક્ષિણના શંખ ઉપરાંત **સુરતી** શંખો પણ આવતા હતા. એ સુરતી શંખો સૌરાષ્ટ્રના પશ્ચિમ કાંઠાના દરિયામાંથી મેળવેલા હોવા જોઈએ. અસલના કાળમાં ગુજરાતનું કહો કે પશ્ચિમ ભારતનું મોટું બંદર સુરત ગણાતું હતું. તેથી બેટ દ્વારકાના પ્રદેશમાંથી સાંપડેલા શંખો દરિયાવાટે નામીચા બંદર સુરત પર પહોંચાડવામાં આવતા હતા. ત્યાંથી શંખના સોદાગરો બંગાળ પ્રદેશમાં તે પહોંચાડતા. શંખની બંગડીઓ બનાવવાનાં કારખાનાં માત્ર બંગાળમાં હતાં એમ નથી.

વડોદરા રાજ્યના ભૂપૃષ્ઠની મોજણી ( Geological Survey ) કરનાર મી. બ્રુસ ફૂટ તરફથી જે અહેવાલ પ્રકટ થયો છે તેમાં એવું વિધાન થયું છે કે કાઠિઆવાડમાં **દામનગર** અમરેલી અને વલ્લભીપુરના ભૂગર્ભમાંથી શંખની બંગડીઓના કટકા સાંપડ્યા હોવાથી એ પ્રદેશમાં શંખની બંગડી બનાવવાનો ઉદ્યોગ જૂના કાળમાં પ્રચલિત હતો. કાઠિયાવાડના મધ્ય ભાગ જેવા અમરેલી-દામનગરમાં શંખમાંથી બંગડીઓ બનાવવાના કારખાનામાં જે શંખનો ઉપયોગ થતો હશે તે બધા દ્વારકા બેટના પ્રદેશમાંથી સાંપડેલા શંખો હોવા જોઈએ.*

શંખની સંસ્કૃતિનું આ અનોખું પાસું ગણાવી શકાય. દ્વારકાના પ્રદેશની સંસ્કૃતિના ઇતિહાસમાં શંખની શોધ, તેનો ઉપયોગ પહેલી વાર કરનાર માનવકુલ અને તેની બંગડીઓ રચનાર કારીગર, તથા બંગડીનો ઉપયોગ કરનાર સૌભાગ્યકાંક્ષિણી મહિલાઓ નોંધવા યોગ્ય તબક્કા પૂરા પાડે છે.

દ્વારકાના પ્રદેશમાં શંખનો વેપાર ચાલતો હતો તે વિષે રાજસ્થાનના **જાલોર**ના જૈન મુનિ ઉદ્યોતનસુરીએ ઈ. સ. ૭૭૯માં પ્રાકૃત ભાષામાં રચેલ "કુવલયમાલા કહા" નામના પુસ્તકમાં વાર્તા લખાયેલી છે. તેમાં સોપારા બંદરે વાણિયા વેપારીઓની મંડળી -( club )ની પ્રવૃત્તિનું વર્ણન લખવામાં આવેલું છે. વાર્તા ચાલે છે–એક વેપારીએ કહ્યું, હું ઘોડા લઈને કોશલ ગયો. કોશલના રાજાએ મને હાથીનાં મજાના બચ્ચાં આપ્યાં......બીજાએ કહ્યું હું **બારવઈ** ગયો ત્યાંથી શંખ ભરી લાવ્યો........

अनेन भण्यम् । अहं बारवई गओ । ततः शंखम् समानीयम्...

આ બારવઈ તે દ્વારાવતી દ્વારકા સમજાય છે. જૈનોના બીજા ગ્રન્થોમાં પણ દ્વારકા માટે **બારવઈ** શબ્દ વપરાયો છે. 'કુવલયમાલા કહા'...પુસ્તક શ્રી. એ. એન. ઉપાધ્યાય તરફથી સંશોધિત રૂપે પ્રકટ થયું છે.

---

* [ તાજેતરમાં વડોદરાના પુરાતત્ત્વખાતાના પ્રોફેસર શ્રી. આર. એન. મહેતા તરફથી ધોળકા-ધોલેરા બંદર પાસેના ખોદકામને પરિણામે હજારો વરસો પહેલાંની શંખની બંગડીના કકડા મેળવ્યા છે. ]

## શિષ્ટ પુસ્તકમાંથી ઉતારો

"**Marin Zoology of Okhamandal—India**" by James Hornell, F.I.S., London p. 18.

### Chank Fishing

The Chank or Shank ( Jurbinellaapyrum ) is a shell as characteristic historically of Okhamandal as the pearl oyster of Jamnagar, and although neither this nor the section dealing with other marine products which follow, come within the terms of reference of my investigation, I trust that the following notes of what I learned and the impressions received will be approved and prove useful.

At many places along the coast from Dwarka to Beyt, the Chank occurs in sufficient abuandance to make Chank fishing a small local industry.

Since Samvat 1918 ( A.D. 1861 ) the monopoly of the fishing has town vested in the Baroda Government."

ઓખામંડલનો પ્રદેશ **શંખ**ના ઉત્પાદન માટે પુરાણોના સમયથી જાણીતો છે. તેને આ ઉતારામાં અંગ્રેજ નિષ્ણાતનો ટેકો સરસ રીતે મળી રહ્યો છે.

## પરિશિષ્ટ

દ્વારકાના પ્રદેશની અસલી સંસ્કૃતિનું ચિત્ર અઢારમી સદીના બારોટ કવિએ એક અર્ધ ઐતિહાસિક લોકકથામાં સરસ રીતે ઉપજાવ્યું છે. એ ચિત્રમાં ઓખાની દરિયાઈ દોલત( શંખ-કોઠા )ને કવિ વિસારે મૂકતો નથી. જેમ રાણકદેવી પદ્મિણી કુંભારને ત્યાંથી ભલે સાંપડી હતી પણ તે ક્ષાત્ર તેજભર્યા બીજની ઓલાદ હતી તેમ બરડાના ઘુમલી પાસેના ડુંગરા પરની સોનલ કંસારી ભલે કંસારાને ઘેર ઉછેર પામી હતી પણ તે ખરી રીતે તો રજપૂત( વાઢેર )ની કે ચાવડાની કન્યા હતી. નીચેની કડીઓ **'સોન રખાયત'** નામે પુસ્તકનો ભાગ છે:

**સોન** ( સતી સોનલ ) બોલે છે:—

ઓખો અખરો દેશ, **પાકે શંખ ને છીપલાં**
કામન લંબે કેશ, સોન કંસારી સાંપડી.
થાન કંડોરણા ને માંડવા નવસો વાવ કૂવા
રાણા પહેલાં રાજીઆં નાથ બાબરિયા હુવા.

* * *

ઠાકોર કરો મ ઠેકડી, રખાયત બાબરિયા
અમે વાઢેરના વિયા, કામે કંસારી થિયાં—
પેટી સમદરમાંય, મઘર મછે ગળી નહિ,
સોનિંગને સાંપડતાં કરમે કંસારી થઈ.

* * *

કહેવાય છે કે બેટ શંખોદ્ધારમાં રાજાને ત્યાં જન્મેલી બાળકી **સોનલ**ના ગ્રહ જોષીએ જોયા, તો તે માતાપિતાને બહુ વિપરિત દશામાં મૂકે એવા હતા. તેથી એક પેટીમાં બાળકીને મૂકી. બેટને દરિયે ક્ષત્રિય માબાપે પેટીને તરતી મૂકી. મિયાણીની ખાડીમાં તરતી આવેલી તે પેટી કંસારાને સાંપડી. તેણે સોનલને દીકરી તરીકે ઉછેરી મોટી કરી. તેના પર યુવાન રાજા મોહ પામ્યો. તેની સાથે લગ્ન ગોઠવાયાં; ચાલતે લગ્ને તે પ્રદેશના જેઠવા રાણાએ સોનલનું હરણ કરવા ધાર્યું. અર્ધે લગ્ને યુદ્ધ જામ્યું. વરરાજા હણાયા. તે વખતે **સતિ સોનલ**ના શબ્દો જે નીકળ્યા હશે તેનો પડઘો બારોટ કવિએ આ કાવ્યમાં ઝીલ્યો છે :

સોનલનું છેલ્લું શાપનું વાક્ય અહીં ઉતારીએ :

ઉજ્જડ હોજો વાસ, ચારે ચેલાવડ તણો
સતીકેરો શાપ વાંસે કોઈ વસશે નહિ.

* * *

આજે "ઘુમલી" પાસેની બરડાની ધાર પર **સોન કંસારી**નાં દહેરાં મોજૂદ છે. ઈતિહાસમાં "ઇતિહાસવાહી પ્રભુનાં" દર્શન કરનારા વીરલા એ સ્થળની યાત્રાએ પૂરા ઉલ્લાસથી જાય છે.

## આ પ્રદેશમાં મોતી એ દરિયાઈ પેદાશ છે

દ્વારકાના પ્રદેશમાં આવેલા દરિયાઈ પ્રદેશમાં મોતીની છીપોનો વાસ હોય છે. પુરાતન પ્રલય પછી જમીનના ખડકોના વિવિધ પ્રકારને લીધે અનેક ખાંચાખબડાવાળા પ્રદેશ ઉપજ્યા હોય એ સ્વાભાવિક છે. એ રીતે કચ્છના અખાતમાં આવેલા ટાપુઓને કિનારે કાદવમાં મોતીની છીપોનો વાસ રચાઈ ગયો હશે. જામનગર શહેર પંદરમા સૈકામાં વસ્યું તે પહેલાં કચ્છના અખાતમાં મોતી પાકે છે એ વાત જનસમાજમાં પૂરી જાણમાં નહોતી. પરન્તુ બેટ શંખોદ્ધાર સાથે દરિયાઈ સંબંધ ધરાવતા આરબ નાવિકો પાસેથી બેટના વેપારીઓએ ઈ. સ. પહેલા દશકામાં વાતો સાંભળી હતી કે ઓખામંડલના દરિયાકાંઠા પર મોતીની છીપો મળી આવે છે. પર્શિયન અખાતમાં મોતીની છીપો મળે છે; અને પર્શિયન અખાતના સ્વરૂપ જેવું સ્વરૂપ આરબ ખલાસીઓને બેટની આસપાસ દેખાયું હોય તે પરથી એમણે કલ્પના પણ કરી હોય કે બેટની ખાડીમાં મોતીની છીપો મળી શકે. લોકવદન્તી એવી છે કે એક આરબી બગલો (વહાણ) હાલના મીઠાપુર પાસેની ખાડીમાં તોફાની મોસમમાં રક્ષણ માટે આવી ચડયું હતું. આ સ્થળ તે ભીમરાણા ગામની ખાડીવાળું હતું. ત્યાં અસલના વખતમાં આરબોએ મોટાં યુદ્ધ ખેલ્યાં હતાં. ભીમરાણા પ્રદેશના તે વખતના રજપૂત

યોદ્ધાએ આરબો સાથે જીવલેણ ધીંગાણામાં પ્રાણ અર્પ્યા હતા. તેમની યાદગીરીમાં મોટી પથ્થરની ખાંભીઓ ઊભી કરવામાં આવી હતી. આજે પણ તે ખાંભીઓ યોદ્ધાની મૂર્તિ સાથે મીઠાપુર-મોજપ વચ્ચે રેલવેની સડક પર ખારાપાણીની ખાડીથી બે ફર્લાંગ દૂર ઊભી છે. આ પરથી સમજાય છે કે બેટની ખાડીમાં, પોશિયાના કાંઠા પર કે અરાંભડા પાસેના રેતીના ઢગવાળા પ્રદેશમાં અસલના કાળમાં મોતીની છીપો છૂટીછવાઈ મળતી હતી.

વડોદરા રાજ્યે આ સમુદ્રના કિનારાની મોજણી કરાવી અને તેનો અહેવાલ પુસ્તકરૂપે બે ભાગમાં છપાવ્યો છે. તે મોજણી કરનાર મી. જેમ્સ હોર્નેલે સ્પષ્ટ કહ્યું છે કે બેટની ખાડીમાં મોતીની છીપો શાસ્ત્રીય રીતે ઉછેરી શકવાની પૂરી શકયતા જણાઈ છે; અને અસલના કાળમાં છૂટાં-છવાયાં મોતી આ ભાગમાં દરિયામાંથી મળતાં હોવાની વાત ઘણે અંશે સાચી જણાય છે.

બેટ દ્વારકામાં અને આસપાસ વસતા જનસમાજમાં મોતીને બહુ પવિત્ર માનવામાં આવે છે. જેમ દક્ષિણ ભારતમાં **હીરા**ને પવિત્ર ગણી ઘણા માણસો કાનમાં કે નાકમાં હીરાનું આભૂષણ પહેરે છે તેમ દ્વારકાના પ્રદેશમાં ઘણા માણસો કાનની કડીમાં મોતી પહેરતા થયા હતા. ખાસ કરીને બ્રાહ્મણ વર્ગમાં એવી માન્યતા હતી કે મોતીનું પાણી શરીર પર સ્નાન વખતે પડે તો ઈશ્વરનો આશીર્વાદ મળતો રહે છે. વૃદ્ધ માણસો તે પોતાના મરણ વખતે તેમના મોઢામાં મોતી કે પ્રવાળનો મણકો મુકાવાથી પોતાને મોક્ષ મળશે એમ સમજી ઘરમાં એકાદ ડાબલીમાં મોતી અને લાલ પ્રવાળનો મણકો સંઘરી રાખે છે. કેટલી વૃદ્ધ બાઈઓ તો પોતાના કાનમાં મોતીના દાણાની અને લાલ પ્રવાળના મણકાની કડી કાયમ માટે પહેરી રાખે છે કે જેથી મરણ વખતે કાનમાંથી કાઢી તે ઝટ મુખમાં મૂકી શકાય છે. આ માન્યતા કેવળ સૌરાષ્ટ્રમાં જ જામી હતી એમ નહોતું પણ ગુજરાતના ઘણા સંસ્કારી જનવાસમાં પણ એ માન્યતા દઢ બની હતી. મોતી સાથે માનવસંઘનો સાંસ્કારિક સંબંધ આવા પ્રકારનો હતો. એ સંસ્કાર કાઠિયાવાડના કાંઠાના મોતીએ જગાડચો હશે કે સિલોનના મનારના અખાતના મોતીએ જગાડ્યો હશે તે ચોક્કસપણે કોણ કહી શકે ?

ધીરે ધીરે સંસ્કૃતિ વિકસતી ચાલી અને બેટ શંખોદ્ધારના વૈષ્ણવી મંદિરોમાં દેવના શણગાર માટે એવી પ્રણાલિકા બંધાઈ કે દેવને ઉનાળાની ઋતુમાં આભૂષણો ધરાવવાં હોય તો તે સોનાનાં ન હોવાં જોઈએ પણ મોતીનાં નાજુક આભૂષણો હોવાં જોઈએ. મોતીમાં ઠંડક આપવાનો ગુણ રહ્યો છે એવી માન્યતા વૈષ્ણવી સમાજ ધરાવે છે. આજ સુધી આ માન્યતા ચાલુ રહી છે અને બેટનાં મન્દિરોમાં દરેક દેવ માટે ઉષ્ણકાળ માટેના શણગાર માટે મોતીનાં આભૂષણોની જોગવાઈ રાખવામાં આવેલી હોય છે.

મોતીના દાણાથી દેવને વધાવવામાં આવતા હતા. રાજાઓનાં ઓવારણાં મોતીના દાણાથી લેવામાં આવતાં હતાં. એ માન્યતાને ટેકો આપતાં અનેક લોકગીતની કડીઓ આજે પણ જનતાની જીભ પર વસી રહી છે.

વૈષ્ણવોનાં મન્દિરમાં ઉત્સવના દિવસે ઉત્સવની આરતીને મોતીની આરતી કહેવાય છે. મારા બચપણના વખતમાં મોતીની આરતીનાં દર્શન કરવા માટે મારી દાદીમા સાથે જવાનું થતું

ત્યારે હું એ આરતીના દર્શન વખતે મોતીની શોધ કરતો હતો. મને પાછળથી જાણવામાં આવ્યું કે મોતીની આરતી વખતે ચાંદીના થાળમાં મેંદાના લોટની ગોળીઓ મોતીના આકારની ગોઠવવામાં આવે છે. એ ગોળીઓ ધોળી, રાતી અને પીળી હોય છે. આ મેંદાના લોટના બનેલાં મોતીને જુદા જુદા આકારમાં ચાંદીની થાળીમાં ગોઠવાય છે, અને તેના ઉપર થાળીની મધ્યમાં ચણાના કેસરી લોટનું કોડિયું મૂકી તેમાં બેપાંચ વાટો ગોઠવી દેવામાં આવે છે. આરતી પ્રસંગે આ વાટોની જ્યોત પ્રકટાવવામાં આવે છે. એ આરતી તે મોતીની આરતી સમજવી પણ એકાદ વાર તો સાચા મોતીની આરતી કોઈ વૈષ્ણવે ઉતારી હશે એમ માનવાનું મન થઈ જાય છે.

# ‘ગાથાસપ્તશતી ’નો ટીકાકાર આજડ

ભોગીલાલ જ. સાંડેસરા

ભોજદેવકૃત અલંકારગ્રન્થ ‘સરસ્વતીકંઠાભરણ’ ઉપર વણિક વિદ્વાન આજડે એક ટીકા રચેલી છે. એ આજડ ભાંડશાલિ (ભણસાલી) પાર્શ્વચંદ્રનો પુત્ર તથા ભદ્રેશ્વરસૂરિનો ઉપાસક હોઈ ગુજરાતનો વણિક વિદ્વાન જણાય છે. એનો સમય નિશ્ચિત નથી, પણ પોતાની ટીકામાં તેણે હેમચન્દ્રાચાર્યનો ઉલ્લેખ કરેલો હોઈ હેમચન્દ્રની પછી એ થયેલો છે એ નિશ્ચિત છે. એ ટીકાની એકમાત્ર, અને તે પણ ત્રુટિત, તાડપત્રીય પ્રત પાટણના ભંડારમાં સચવાયેલી છે; એની સ્થિતિનો વિચાર કરતાં કર્તા હેમચન્દ્રાચાર્યની પછી તુરત એટલે કે બહુ બહુ તો ચાલીસ પચાસ વર્ષમાં થયો સંભવે છે. હેમચન્દ્રે પ્રાકૃત વ્યાકરણમાં ચૂલિકા પૈશાચીના ઉદાહરણ તરીકે ટાંકેલી पनमथ पनयपकुप्पित० એ ગાથા ગુણાઢ્યકૃત લુપ્ત પૈશાચી ‘બૃહત્કથા ’ના ‘આદિનમસ્કાર ’—મંગલાચરણની ગાથા છે એમ આજડે સ્પષ્ટ કહ્યું છે (‘ભારતીય વિદ્યા,’ તૃતીય ભાગ, સિંઘી સ્મૃતિગ્રન્થ, પૃ. ૨૨૮-૩૦-માં આચાર્ય શ્રી જિનવિજયજીનો લેખ ‘ગુણાઢ્ય કવિની બૃહત્કથાનો આદિશ્લોક’). ભારતીય લોકકથાઓના આકરગ્રન્થ તરીકે ‘બૃહત્કથા’ સર્વત્ર પ્રસિદ્ધ હોવા છતાં સાહિત્યમાંના કોઈ પણ ઉદાહરણને ‘બૃહત્કથા ’ના અવતરણ તરીકે ઓળખાવનાર આજડ પહેલો જ છે.

આથી સાતવાહન હાલકૃત પ્રાકૃત મુક્તકસંગ્રહ ‘ગાથાકોશ’ અથવા ‘ગાથાસપ્તશતી ’ની આજડકૃત સંસ્કૃત ટીકાની હસ્તપ્રત પૂના ખાતેના ભાંડારકર ઇન્સ્ટિટ્યૂટમાં રખાયેલા સરકારી હસ્તપ્રત સંગ્રહમાં (નં. ૩૮૫, સને ૧૮૮૭-૯૧નો સંગ્રહ) હોવાનું મેં જાણ્યું ત્યારે એ જોવાની જિજ્ઞાસા સ્વાભાવિક રીતે થઈ, અને તે મેં મંગાવી. ઉપયોગ માટે તે ધીરવા બદલ ભાંડારકર ઇન્સ્ટિટ્યૂટના નિયામકનો હું આભારી છું. ‘ગાથાસપ્તશતી’ ટીકાની આ હસ્તપ્રત તાડપત્રીય નહિ, પણ કાગળની છે અને ‘સરસ્વતીકંઠાભરણ ’ની હસ્તપ્રતની જેમ, તે પણ તદ્દન ત્રુટિત છે. હસ્તપ્રતનાં કુલ ૪૮ પત્ર ઉપલબ્ધ છે. આદિ અને અંતનાં પાનાં નથી અને બે પત્ર અંક વિનાનાં છે (અથવા એનો પૃષ્ઠાંકવાળો ભાગ કપાઈ ગયેલો છે). ૧૯ અંકવાળાં પત્ર બે છે, એમાં લહિયાની કંઈ શરતચૂક છે. આ સિવાય નીચેનાં ૪૫ પત્ર સચવાયેલાં છે: ૧૩-૩૫, ૬૨-૬૪, ૬૭, ૭૦, ૯૬-૧૦૬, ૧૦૮-૧૧૩ (એટલે કે ૧૩ અને ૧૧૩ વચ્ચેનાં નીચેનાં પત્ર ગુમ થયેલાં છે: ૩૬-૬૧, ૬૫-૬૬, ૬૮-૬૯, ૭૧-૯૫, ૧૦૭). પહેલા શતકની ટીકા ૧૭મા પત્ર ઉપર પૂરી થાય છે; બીજા શતકની ટીકા તે જ પત્ર ઉપર શરૂ થઈ ૩૫મા પત્ર ઉપર પૂરી થાય છે; એ સિવાયનાં શતકોના પ્રારંભ કે અંતનાં પાનાં નથી. પણ ઉપર જણાવ્યા પ્રમાણે એક શતકની ટીકાનું પ્રમાણ આશરે ૧૭ કે ૧૮ પત્રનું ગણતાં ‘ગાથાસપ્તશતી ’નાં સાત શતકની ટીકાની સંપૂર્ણ પ્રત આશરે ૧૧૯ થી ૧૨૬ પત્રની હોય. અર્થાત્ મૂલ પ્રતનાં અર્ધા કરતાં વધારે પાનાં નાશ પામ્યાં છે અથવા ગુમ થઈ ગયાં છે. આ ટીકાની આ સિવાય બીજી કોઈ પ્રત હજી જાણવામાં આવી નથી.

'સરસ્વતીકંઠાભરણ'નો ટીકાકાર આજડ અને 'ગાથાસપ્તશતી'નો ટીકાકાર આજડ એક જ હશે એવી મારી અટકળ હતી, પણ હસ્તપ્રતની પરીક્ષાને પરિણામે તે ખોટી પડી છે. 'સરસ્વતીકંઠાભરણ'નો ટીકાકાર આજડ જૈન છે, કેમ કે બીજા પ્રકાશની ટીકાના આરંભના બે શ્લોકો પૈકી એકમાં તેણે તીર્થંકર શાન્તિનાથની અને બીજામાં પોતાના ગુરુ ભદ્રેશ્વરસૂરિની સ્તુતિ કરી છે. 'ગાથાસપ્તશતી'ના પહેલા શતકની ટીકાને અંતે કોઈ પુષ્પિકા નથી, પણ બીજા શતકની ટીકાના આરંભમાં નીચે મુજબ ગણપતિની સ્તુતિ છે—

भक्त्या गणपतिं नत्वा मया टीका यथाविधि ।
शातवाहनकोशस्य द्वितीये क्रियते शते ॥ (પત્ર ૧૭)

એ ઉપરથી એનો કર્તા અજૈન સંભવે છે.

'સરસ્વતીકંઠાભરણ'નો ટીકાકાર આજડ, ઉપર કહ્યું તેમ, ભણસાલી પાર્શ્વચંદ્રનો પુત્ર છે, જ્યારે આપણો આજડ પૃથ્વીપાલના પુત્ર ત્રિભુવનપાલનો પુત્ર છે. બીજા શતકની તેની ટીકાની પુષ્પિકા નીચે મુજબ છે—

इति श्रीमहापंडितश्रीडाल्लणिपृथ्वीपालसुतत्रिभुवनपालसूनुना त्रैविद्येन श्रीमदाजडेन कृतायां महाराजाधिराजश्रीशातवाहनगाथाकोशसप्तशतटीकायां द्वितीयं शतं समाप्तम् । (પત્ર ૩૫)

આ આજડ પોતાને 'ત્રૈવિદ્ય' એટલે કે તર્ક, લક્ષણ અને સાહિત્ય એ ત્રણ વિદ્યાઓના જ્ઞાતા તરીકે ઓળખાવે છે. 'ત્રૈવિદ્ય'નો આ અર્થ પ્રાચીન ગુર્જર દેશમાં સવિશેષ પ્રચલિત હતો. 'ડાલ્લણિ' એના પિતામહની અવટંક અથવા તેનું બિરુદ જણાય છે; એને તે મહાપંડિત તરીકે ઓળખાવે છે. નામો ઉપરથી એનું કુટુંબ વણિક કે ક્ષત્રિય સંભવે છે. એનો સમય નક્કી કરવા માટેનું કોઈ સ્પષ્ટ પ્રમાણ નથી. એની કૃતિની હસ્તપ્રત લિપિ આદિ ઉપરથી વિક્રમના પંદરમા-સોળમા સૈકામાં લખાયેલી જણાય છે. હસ્તપ્રત ખૂબ અશુદ્ધ છે, એ જોતાં એથી બેત્રણ સૈકા પહેલાં–સોલંકી યુગમાં ટીકાની રચના થઈ હોય. ગુજરાતના વણિકો અને ક્ષત્રિયોએ આ પ્રકારની રચનાઓ સોલંકી યુગમાં કરેલી છે એ જોતાં આ અનુમાન સયુક્તિક ગણાય.

'ગાથાસપ્તશતી' ઉપરની આજડની ટીકા એ કોઈ વિદ્વત્તાપૂર્ણ વૃત્તિ નહિ, પણ મુખ્યત્વે અર્થપ્રદર્શક ટિપ્પણ જેવી છે. એમાંથી પાંચ ગાથાઓની ટીકા અહીં નમૂના તરીકે ટાંકી છે:—

सखीस्वरूपं सख्यो जल्पंति ।

दढमन्नुदूमियाए दिट्ठे दइयंमि पिच्छइ इमाए ।
ओसरइ वालुयामुट्ठि उव्व माणो सुरसुरंतो ॥

हे सख्यः पश्यत । दृष्टापराधपीडितया यः पतिविषये मानो गृहीतः सः पत्यौ दृष्टे सति वालुकामुष्टिरिव शनैः शनैर्विगलन्नपसरति । सुरसुरंतो इति अनुकरणशब्दः ॥७७॥ (હસ્તપ્રત, પત્ર ૧૪)[૧]

* * *

૧ નિર્ણયસાગર પ્રેસની વાચના (ત્રીજી આવૃત્તિ)માં તથા મરાઠી ટીકા સાથેની શ્રી જોગળેકરની વાચનામાં આ પ્રથમ શતકની ૭૪મી ગાથા છે.

काचिद् विष्णुमुपश्लोकयति ।

**मुहमारुतेण तं कह्ण गोरयँ राहियाइ अवणिंतो ।**
**एयाण बल्लवीणँ अन्नाण वि गोरअं हरसि ॥**

हे कृष्ण राधाया गोरजं स्वमुखवायुना व्यपनयन् सन्नेतासामन्यासामपि बल्लवीनां तदपहरसि । अहो तं इत्याश्चर्ये । अन्यासां गौरवं हरसीत्यर्थः ॥ ९० ॥ (पत्र १६)[2]

*   *   *

काचित् कस्याश्चित् स्वरूपं वक्ति ।

**जो तीइ अहरराओ रत्तिं उव्वासिओ पिअयमेण ।**
**सो च्चिअ गोसे दीसइ सवत्तिनयणेसु संकंतो ॥**

रात्रौ प्रियेण यस्तस्या अधररागो अपनीतः । स एव प्रातः सपत्नीनयनेषु संक्रान्तो दृश्यते । ईर्ष्यया तासां रक्तनेत्रत्वं जायते इति भावः । उत्प्रेक्षालंकारः ॥ १५ ॥ ( पत्र १९ )[3]

*   *   *

**जे संमुहागयवोलंतवलियपियपेसियच्छिविच्छोहा ।**
**अम्हं ते मयणसरा जणस्स जे हुंतु ते हुंतु ॥**

ये संमुखागतातिक्रामद्वलितप्रियप्रेषिताक्षिविक्षेपास्त एवास्माकं मदनशराः । जनस्य तु ये भवंतु ते भवंतु । एतेऽन्येव भवंतीत्यर्थः । प्रथमानुरागकथनम् ॥ ५७ ॥ माहवस्स ॥ (पत्र १९)[4]

*   *   *

**तं नमह जस्स वच्छे लच्छिमुहं कुत्थुहंमि संकंतम् ।**
**दीसइ मयपरिहीणं ससिबिंबं सूरबिंबि व्व ॥**

अर्थात् विष्णुं नमत । यस्य वक्षसि लक्ष्मीमुखं कौस्तुभे संक्रान्तं सत् मृगपरिहीनं सूर्यबिंबे शशिबिंबमिव दृश्यते ॥ ५२ ॥ केसवरायस्य ॥ (पत्र ३२)[5]

---

૨ નિર્ણયસાગર પ્રેસ અને જોગળેકરમાં આ પ્રથમ શતકની ૮૯મી ગાથા છે.

૩ નિર્ણયસાગર પ્રેસ અને જોગળેકરમાં આ દ્વિતીય શતકની ૬ઠ્ઠી ગાથા છે.

૪ નિર્ણયસાગર પ્રેસ અને જોગળેકરમાં આ તૃતીય શતકની ૧૦મી ગાથા છે. નિ. સા. પ્રેસની વાચનામાં આ ગાથાના કર્તાનું નામ વાહ્રવરાજ અને જોગળેકરની નોંધ મુજબ, ભુવનપાલની ટીકામાં માધવરાજ આપ્યું છે. સ્પષ્ટ છે કે વાહ્રવરાજ એ ખોટું નામ છે, અને માધવના પ્રાકૃત રૂપ माहवनुं કોઈ લહિયાએ કરી નાખેલું ભ્રષ્ટ રૂપ છે. બીજું, અહીં આજડની મૂળ હસ્તપ્રતમાં પત્રાંક ૧૯ બીજી વાર આવે છે. પ્રસ્તુત ગાથા તૃતીય શતકની છે એ જોતાં આ પત્રાંક વસ્તુતઃ ૩૯ કે ૪૯ કદાચિત્ સંભવે.

૫ નિર્ણયસાગર પ્રેસ અને જોગળેકરમાં આ દ્વિતીય શતકની ૫૧મી ગાથા છે. બન્નેમાં આ ગાથાના કર્તાનું નામ કલંક અથવા નિષ્કલંક આપ્યું છે.

# વ્યંગ્યાર્થ

અ. દે. શાસ્ત્રી

આપણા પ્રાચીન શાસ્ત્રકારોએ શબ્દની ત્રણ વૃત્તિઓ સામાન્ય રીતે સ્વીકારી છે—અભિધા, લક્ષણા અને વ્યંજના. શબ્દનો સંકેતિત અર્થ અભિધાથી પ્રાપ્ત થાય છે. જો શબ્દનો પ્રાથમિક અર્થ બંધ બેસતો ન થતો હોય તો આપણે અર્થને થોડોક બદલીએ છીએ. આને લક્ષણા કહેલી છે. આનન્દવર્ધન અને તેના મોટા ભાગના અનુગામી આલંકારિકો આ બે ઉપરાંત વ્યંજનાવૃત્તિને પણ સ્વીકારે છે. શબ્દ વાચ્ય અને લક્ષ્ય એ બે ઉપરાંત બીજો પણ અર્થ સૂચવે છે, એને વ્યંગ્યાર્થ કહેલો છે અને એ અર્થ આપનારી શબ્દની વૃત્તિને વ્યંજના કહેલી છે. આ વૃત્તિનું તેમ જ તેનાથી પ્રાપ્ત થતા અર્થનું કાવ્યશાસ્ત્રમાં ઘણું મહત્ત્વ છે, તે એટલે સુધી કે આનન્દવર્ધન ધ્વનિને કાવ્યનો આત્મા કહે છે.

લક્ષ્યાર્થની સરખામણીમાં તથા સ્વતંત્ર રીતે વ્યંગ્યાર્થનો શબ્દ તથા મુખ્યાર્થ સાથેનો સંબન્ધ તપાસવા જેવો છે. શાસ્ત્રકારોએ લક્ષણાની ત્રણ આવશ્યકતાઓ સ્વીકારેલી છે—મુખ્યાર્થનો બાધ, સંબન્ધ અને રૂઢિ અથવા પ્રયોજન. ઉદાહરણ લેવાથી આ વાત સ્પષ્ટ રીતે સમજાશે. 'મારું ઘર રસ્તા પર છે' એ વાકયમાં મુખ્યાર્થનો બાધ થાય છે કારણ કે ઘર રસ્તા પર હોઇ ન શકે, જો ઘર હોય તો રસ્તો ન હોઈ શકે. અર્થાત્ 'પર' શબ્દ આધારનો અર્થ આપી શકે એમ નથી. આ મુખ્યાર્થબાધ છે. આથી આપણે બીજો અર્થ લઈએ છીએ કે 'મારું ઘર રસ્તાની નજીક છે.' અહીં 'પર' શબ્દ સમીપતા વાચક છે. અર્થાત્ અહીં સામીપ્યનો સંબન્ધ છે. આ ઉપરાંત 'મારું ઘર રસ્તાની નજીક છે' એમ કહેવાને બદલે 'રસ્તા પર છે' એમ કહેવાથી આપણે સામીપ્યની પ્રતીતિ ઉત્કટ રીતે કરાવી શકીએ છીએ, જે સાદા વાકયથી થતી નથી. આ આપણા કથનનું પ્રયોજન છે. આ રીતે પ્રવર્તતી લક્ષણામાં આપણને શબ્દનો અર્થ બદલવો પડે છે, પણ આપણે શબ્દ સાથેનો સંબન્ધ કાયમ રાખીએ છીએ, વાચ્યાર્થથી ઘણે દૂર જતા નથી. અર્થનો આ ફેરફાર માત્ર જરૂર પૂરતો જ હોય છે. ખરેખર તો વ્યવહારમાં આપણે એવા અનેક પ્રયોગો કરતા જ હોઈએ છીએ. એટલે લક્ષણા આવા વ્યવહારપ્રાપ્ત પ્રયોગોને સમજાવવાનો પ્રયાસ છે. પ્રસ્તુત ચર્ચામાં મારે મતે લક્ષણાની ત્રણ શરતોમાંથી બીજી વધારે મહત્ત્વની છે કારણ કે એ દ્વારા આપણે એવી મર્યાદા સ્વીકારીએ છીએ કે શબ્દના અર્થમાં માત્ર જરૂર પૂરતો જ ફેરફાર કરવાનો છે.

વ્યંગ્યાર્થનું મહત્ત્વ કાવ્યમાં વિશેષતઃ સ્વીકારેલું છે એટલે સામાન્ય વ્યવહારના પ્રયોગોને બદલે કાવ્યની દૃષ્ટિએ એનો વિચાર કરવો જોઈએ એવો સામાન્ય અભિપ્રાય છે. કાવ્યમાં કવિ શબ્દદ્વારા જે કહે તેટલું જ માત્ર સમજવાનું નથી, કવિનો પોતાનો ઉદ્દેશ કાંઈક બીજું જ કહેવાનો, સૂચવવાનો હોય છે. જે અર્થ આમ અભિધા કે લક્ષણા ઉપરાંત સૂચવાય તેને વ્યંગ્યાર્થ કહ્યો છે. અર્થાત્ વ્યંજના અર્થનો વિસ્તાર કરે છે. લક્ષણા અને વ્યંજના વચ્ચેનો આ અતિ

મહત્ત્વનો ભેદ છે કે લક્ષણામાં અર્થનો બાધ થાય છે તો વ્યંજનામાં એનો વિસ્તાર થાય છે. તો પછી વ્યંગ્યાર્થને શબ્દ સાથે કેટલો અને કેવો સંબન્ધ છે એ તપાસવું રસપ્રદ થઈ પડશે. આ અંગે આપણે એક વ્યવહારનું અને એક કાવ્યનું એમ બે ઉદાહરણો લઈએ.

गतोऽस्तमर्कः ।—'સૂર્યાસ્ત થયો' એ વાક્ય માત્ર અમુક સમયનું દ્યોતક છે. એનો અર્થ-વિસ્તાર નીચે મુજબ અનેક રીતે સમજી શકાય :

(૧) યુદ્ધ ચાલતું હોય અને ધર્મયુદ્ધના નિયમોનું પાલન થતું હોય તો, રાજાના આ વાક્ય દ્વારા સેનાપતિ સમજે કે 'હવે યુદ્ધ બંધ કરો.'

(૨) યુદ્ધમાં જ, પણ ધર્મયુદ્ધના નિયમો ન પળાતા હોય તો એ જ શ્રોતા એમ સમજે કે 'આક્રમણની તૈયારી કરો.'

(૩) દૂતી આ વાક્ય અભિસારિકાને કહે તો એનો અર્થ થાય કે 'અભિસાર માટે તૈયારી કરો.'

(૪) વાસકસજ્જા દૂતીના આ વાક્ય દ્વારા એમ સમજે કે 'હવે પ્રિયતમને આવવાનો સમય થયો.'

(૫) આખો દિવસ કામ કરીને થાકેલો શ્રમજીવી એમ માને કે 'હવે કામ બંધ કરો.'

(૬) કામસર બહાર જનાર ઘરના આપ્તજનોના આ વાક્યથી એમ સમજે કે 'બહુ દૂર ન જશો.'

(૭) કોઈક ગોવાળ એનો અર્થ એમ સમજશે કે 'હવે જાનવરોને પાછા ગામમાં લઈ જાઓ.'

(૮) ચોર આ વાક્ય સાંભળીને એમ સમજે કે 'હવે કામ શરૂ કરવાનો સમય થયો.'

આ ઉપરાંત બીજા પણ અનેક અર્થો વિવિધ પરિસ્થિતિની કલ્પના દ્વારા સમજી શકાય. અહીં વાક્ય તો માત્ર એક કથન જ છે અને કોણે શું કરવાનું છે તે એમાં કહેલું નથી, છતાં શ્રોતા એનો અર્થ પોતપોતાની વિશિષ્ટ પરિસ્થિતિ અનુસાર સમજે છે. વાક્યના સ્વરૂપ સાથે એનો ઘણો ઓછો સંબંધ છે એમ કહી શકાય.

ધ્વન્યાલોકમાં વસ્તુધ્વનિનાં જે ઉદાહરણો આપ્યાં છે તેમાંનું એક જોઈએ—

दे आ पसिअ णिवत्तसु मुहससिजोह्ना विलुत्ततसणिवहे ।
अहिसारियाणं विग्घं करोसि अण्णाणं वि हआसे ॥

"હું વિનંતિ કરું છું કે તું કૃપા કરીને અટકી જા. તારા મુખચંદ્રની ચાંદનીથી આ અંધકારનો સમૂહ વિલુપ્ત થાય છે અને હે હતાશે, તું બીજી અભિસારિકાઓને પણ વિઘ્ન કરે છે."

અભિનવગુપ્ત લોચનમાં એના જુદા જુદા અર્થો પર વિચાર કરે છે.—

(૧) નાયિકા નાયકને ઘરે આવેલી છે અને સહવાસમાં પ્રવૃત્ત છે. એવામાં સંયોગવશ નાયક ગોત્રસ્ખલનનો અપરાધ કરે છે ત્યારે નાયિકા ક્રોધે ભરાઈને ચાલી જવા તૈયાર થાય છે. એ વખતે નાયક એને કહે છે—તારા જેવી સુંદરીને છોડીને હું બીજી સ્ત્રીને કઈ રીતે પ્રેમ કરી શકું ? તું મને છોડી જશે તો મને ઘણું દુઃખ થશે અને તારે પણ પસ્તાવો કરવાનો વખત આવશે. આમ તારી આશા પૂરી નહિ થાય તથા બીજાને વિઘ્ન ઊભું થશે. આમ અહીં નાયકની ચાટૂક્તિ વ્યંગ્ય છે.

(૨) ઉપરના જ સંદર્ભમાં આ પદ્ય નાયિકાની સખી બોલે છે એમ પણ સમજી શકાય. હતાશે સંબોધન દ્વારા એ નાયિકાને જણાવે છે કે તારા જેવી સુંદરીને છોડીને એ બીજી કોઈને પ્રેમ કરે એ શક્ય જ નથી. ગોત્રસ્ખલનનો દોષ તો સંયોગવશ થયો છે, એના પર બહુ ધ્યાન આપવું ન જોઈએ.

(૩) કોઈ નાયિકા નાયક પાસે ત્વરાથી આવતી હોય છે. નાયક પણ નાયિકા પાસે આવતો હોય છે અને માર્ગમાં નાયિકાને મળે છે ત્યારે એને પોતાનો પરિચય આ રીતે આપે છે. નાયિકાની પ્રશંસા કરીને એ કહે છે કે હું તારે ઘરે જાઉં છું. હવે તારી ઈચ્છ હોય તો મારે ત્યાં ચાલ નહિ તો તારે ત્યાં પાછી વળ. સારું થયું કે આપણે મળી ગયા અને મેં તને ઓળખી લીધી નાહ તો પરસ્પરને ઘરે જઈને નિરાશ થવાનો પ્રસંગ આવત.

(૪) કેટલાક એમ માને છે કે આ કોઈ તટસ્થની ઉક્તિ છે. અહીં હતાશેનો અર્થ શું કરવો તે અભિનવગુપ્ત સહૃદયો પર જ છોડી દે છે.

આવાં બીજાં અનેક ઉદાહરણો લઈ શકાય, અને એવાં પદ્યો કાવ્યશાસ્ત્રના ગ્રન્થોમાં મળે છે પણ ખરાં. આપેલાં ઉદાહરણો પરથી એક વાત નિશ્ચિત થાય છે કે વ્યંગ્યાર્થ વાચ્યાર્થથી જુદો છે, એનો વિસ્તાર છે એટલું જ માત્ર નથી પણ સંદર્ભ અનુસાર ભાવક એને સમજે છે. આમ વ્યંગ્યાર્થ નક્કી કરવા માટે સંદર્ભ જ સૌથી મહત્ત્વનો છે, શબ્દ નહિ; તેમ જ એ અર્થવિસ્તાર સમજવા માટે ભાવકનો પણ અધિકાર હોવો જોઈએ. આથી જ કાવ્યશાસ્ત્રના લેખકોએ વક્તા, બોદ્ધવ્ય, કાકુ આદિની વિશિષ્ટતા નોંધેલી છે.

કેટલીક વખત તો વ્યંગ્યાર્થને શબ્દ સાથે સંબન્ધ જ ન હોય એવું પણ ઉદાહરણો દ્વારા જોઈ શકાય છે. ચેષ્ટાની વિશિષ્ટતાનું ઉદાહરણ આ પ્રમાણે છે—

कदा नौ संगमो भाविल्याकीर्णे वक्तुमक्षमम् ।
प्रच्छन्नं कामुकं दृष्ट्वा लीलापद्मं न्यमीलयत् ॥

અહીં પ્રચ્છન્ન કામુક નાયિકાને પૂછે છે કે આપણો સમાગમ ક્યારે થશે ? એનો જવાબ આપતાં નાયિકા હાથમાંના કમળની પાંખડીઓ બીડી દે છે. અહીં નાયિકાની ચેષ્ટા એમ બતાવે છે કે કમળ બીડાઈ જાય ત્યારે એટલે કે સૂર્યાસ્ત પછી સમાગમ થશે. હવે નાયિકા શબ્દનો ઉપયોગ તો કરતી જ નથી, માત્ર અમુક ચેષ્ટા કરે છે અને કવિ એનું શબ્દોમાં વર્ણન કરે છે. તો આ વ્યંગ્યાર્થને શબ્દ સાથે કેટલો સંબન્ધ છે ?

ખરેખર તો કવિને માટે શબ્દાર્થ એ માધ્યમ છે અને તેથી જ આપણે વ્યંગ્યાર્થને શબ્દ સાથે જોડીએ છીએ એવું કહી શકાય. નૃત્યમાં ભાવની વ્યંજના ચેષ્ટા દ્વારા જ થાય છે. ચિત્રમાં પણ રંગ-રેખા દ્વારા ભાવાભિવ્યક્તિ થાય છે. કાવ્યમાં પણ રસધ્વનિને જ શ્રેષ્ઠ ગણેલો છે. ધ્વનિના ત્રણ પ્રકારો—વસ્તુધ્વનિ, અલંકારધ્વનિ અને રસધ્વનિમાં રસ ક્યારેય વાચ્ય બની શકતો નથી. એની તો પ્રતીતિ જ થાય, શબ્દો દ્વારા અભિધાન ન થઈ શકે. બીજી રીતે કહીએ તો વ્યવહારમાં અને કાવ્યમાં એવા અનેક પ્રસંગો આવે છે જ્યારે શબ્દ અભીષ્ટ અર્થને વ્યક્ત કરવામાં ઊણો ઊતરે છે અને અર્થનો વિસ્તાર કરવો જ પડે છે. શબ્દની વ્યંજનાવૃત્તિનો સ્વીકાર એ આ હકીકતનો સ્વીકાર છે. શબ્દ એ તો એક માત્ર ખીલો છે, જેની ફરતે અર્થનો વિસ્તાર થાય છે. એને માટે શબ્દ અનિવાર્ય છે એવું પણ નથી, એ એક માધ્યમ માત્ર છે અને બીજું કોઈ પણ માધ્યમ ચાલી શકે એમ છે.

અભિધા અને લક્ષણામાં પણ શબ્દ એક રીતે તો માધ્યમ જ છે; પણ એમાં અર્થનું એક નિયત સ્વરૂપ છે, તો વ્યંજનામાં અર્થ અનિયત છે. આનન્દવર્ધન કહે છે—

वाचकत्वं हि शब्दविशेषस्य नियत आत्मा संबन्धी। व्युत्पत्तिकालादारभ्य तदविनाभावेन तस्य प्रसिद्धत्वात्। स त्वनियतः। औपाधिकत्वात् प्रकरणाद्यवच्छेदेन तस्य प्रतीतेरितरथा त्वप्रतीतेः।

અનિયત એવો વ્યંગ્યાર્થ પ્રકરણાદિ ઉપાધિને વશ થઈને પ્રતીત થાય છે, પણ એક પ્રશ્ન વિચારવા યોગ્ય છે કે વ્યંગ્યાર્થને કોઈ મર્યાદા છે કે નહિ. આપણે ઉપર બે ઉદાહરણો જોયાં અને જોયું કે જુદા જુદા ભાવકો (કે શ્રોતાઓ) જુદા જુદા સંદર્ભમાં જુદા જુદા અર્થો સમજે છે. કાવ્યમાં કવિ કોઈ ચોક્કસ અર્થ વ્યક્ત કરવા માગતો હોય છે. પણ જુદા જુદા માણસો જુદા જુદા અર્થો સમજે તો એક પ્રકારની અરાજકતા ઊભી ન થાય? સંદર્ભ દ્વારા એ અર્થ મર્યાદિત થાય છે એક કહેવામાં ઔચિત્ય છે, પણ સંદર્ભની આપણને ખબર જ ન હોય તો? અથવા તો સંદર્ભ વિનાની જ કોઈ પંક્તિ કે મુક્તક હોય તો? મમ્મટ એક ઉદાહરણ આપે છે—

उअ णिच्चलणिष्कंदा मिसिणिपत्तंमि राजइ बलाका।
णिम्मलसरकअभाअणपरिट्ठिआ संखसुत्तिव्व॥

મમ્મટ આ પદ્યને બે જુદી જુદી રીતે સમજાવે છે તો મમ્મટના અનુગામી વિશ્વનાથ એનો એક જ અર્થ આપે છે, એ શું સૂચવે છે? ડૉ. મેસન અને પ્રો. પટવર્ધનનું એક વાક્ય અહીં બંધબેસતું થાય છે—

" One's mind is irreverantly invaded by an image of Kālidāsa, sitting politely bored, listening to Abhinavagupta explain to him the deeper significance of his plays, his ears really attuned to the joyous shouts of the spring festival taking place outside. " ( Śāntarasa and Abhinavagupta's philosophy of aesthetics p. XVII. )

નિરુક્તમાં યાસ્ક નિર્વચનના નિયમો આપતાં કહે છે કે नैकपदानि निर्ब्रूयात् । એટલે કે સંદર્ભથી છૂટો પડેલો શબ્દ સમજાવવો નહિ, કારણ કે અન્યથા એમાં ભૂલ થવાનો સંભવ છે. સંદર્ભ અનુસાર જ શબ્દનું નિર્વચન કરવાનું છે. કાવ્યમાં પણ એવું જ છે, નહિ તો કવિને અભિમત ન હોય એવો અર્થ આપણે કરી નાખીએ એવો ભય રહે છે. આમ સંદર્ભથી અર્થનો વિસ્તાર થાય છે, અર્થ પ્રતીત થાય છે એનું કારણ એ છે કે અનેક અર્થોની શક્યતાવાળા પદ્યનો કે વાક્યનો અર્થવિસ્તાર સંદર્ભથી મર્યાદિત થાય છે. કવિ પોતાની કૃતિમાં શબ્દના સમુચિત ઉપયોગથી અર્થનો વિસ્તાર કરે છે અને એની મર્યાદા પણ નિયત કરે છે. અર્થનો આસ્વાદ ભાવક પર આધાર રાખે છે, પણ કવિ ભાવકને માટે એવી પરિસ્થિતિનું નિર્માણ કરે છે કે ભાવક કવિને જે ઇષ્ટ હોય તે જ અનુભવે. કવિની આ શક્તિનું મહત્ત્વ સ્વીકારેલું જ છે. આનન્દવર્ધન કહે છે તેમ—

अपारे काव्यसंसारे कविरेव प्रजापतिः ।
यथास्मै रोचते विश्वं तथेदं परिवर्तते ॥
शृंगारी चेत्कविः काव्ये सर्वं रसमयं भवेत् ।
स एव वीतरागश्चेत् तदेवं नीरसं भवेत् ॥

# તસવીરોમાં બળેજ, ભાણસરા

મણિભાઈ વોરા
નરોત્તમ પલાણ

પોરબંદરથી ૨૬ માઈલ દૂર અગ્નિકોણમાં, સોમનાથના રસ્તા ઉપર સમુદ્રકાંઠાનું બળેજ એક ઐતિહાસિક ગામ છે. આ ગામની પશ્ચિમે 'ભૂવા કેડો'—રબારીવાસ છે, જેમાં માતાનો મઢ છે. ઉત્તરે રબારીની વસ્તીવાળો 'ચિત્રાકેડો' છે અને દક્ષિણે, ઘેડની સીમની કાંધી ઉપર નાથબાવાનાં કુટુમ્બોનું બનેલ 'ભાણસરા' નામે નાનકડું ગામડું છે. આ ત્રણેને બળેજનાં પરાં કહી શકાય. આ વિસ્તારમાં મોટે ભાગે માલધારીઓ જ વસે છે જે હાલ ખેતી કરતા થઈ ગયા છે. નાથબાવાનાં કુટુમ્બો પણ ખેતી કરે છે.

૨૧° ૨૨' ઉત્તર અક્ષાંશ અને ૬૯° ૫૨' પૂર્વ રેખાંશ ઉપર આવેલા આ બળેજ ગામનો માંગરોળના સંવત ૧૨૦૨ના એક શિલાલેખમાં ઉલ્લેખ થયેલો છે. ગુહિલરાજ સહારના પુત્ર સાહજીગના પુત્રો મુલુક અને સોમરાજે સાહજીગેશ્વર મહાદેવનું શિવાલય બંધાવી તેના નિભાવ અર્થે માંગરોળ, વંથલી, ચોરવાડ, લાઠોદરા તથા બળેજ ઇત્યાદિ ગામોમાં લાગો બાંધી આપ્યાનું ઉપરના લેખમાં મળે છે. બળેજમાં તેમ જ નજીકના ભાણસરા ગામમાં મૈત્રકકાલીન મંદિરસમૂહો આવેલા છે જે આ સ્થાનને ઉપરના લેખથી પણ પાંચસો વર્ષ આગળ લઈ જાય છે.

બળેજમાં બસો-અઢીસો વર્ષ જૂનું પારસનાથનું વિશાળ જૈન દહેરાસર છે. અહીંથી ઉત્તરે, ગામમાં જ ત્રણ પ્રાક્સોલંકી મંદિરો તથા એક નાનું સોલંકીકાળનું આદિત્ય તોરણ આવેલાં છે. તોરણ નજીક એક વાપિ હતી જે હાલ પુરાઈ ગયેલ છે. સામાન્ય રીતે આવાં સ્થળોએ જોવા મળે છે તેવો, પાકા બદામી રંગના પથ્થરનો વિશાળ ખાંડણિયો બાજુમાં પડ્યો છે. અહીં પૂર્વાભિમુખ પીઠડનું મંદિર આવેલું છે [ ચિત્ર ૧; તોરણ સાથે ]. ખુલ્લા મુખમંડપ અને લંબચોરસ ગૂઢમંડપવાળું આ મંદિર સાંકડો પ્રદક્ષિણા માર્ગ તથા ચોરસ ગર્ભગૃહ ધરાવે છે. 'પીઠડ માતા'નાં દહેરાં તરીકે ઓળખાતા આ મંદિરમાં પૂજાસ્થાને એક મૈત્રક સમયની મૂર્તિ બિરાજે છે. આજુબાજુના રબારી, ભરવાડ, મહેર, કોળી આ માતાની બાધા આખડી રાખે છે. સિંદૂર-અર્ચિત, દ્વિભુજ આ દેવીમૂર્તિ કોઈ પક્ષીની સુંદર મૂર્તિ છે. મૂળે તો શિવમંદિર લાગતા આ સ્થાનમાં પાછળથી તેની સ્થાપના થઈ હશે. મુખમંડપના આગળના ટૂંકા રુચક પ્રકારનાં એક સ્તંભ પર પાછળના ગુપ્ત સમયનું કોતરકામ જોવા મળે છે [ ચિત્ર ૨ ]. આ જાતના રુચક સ્તંભો આ પ્રદેશે ઓડદરના અંજની મંદિરમાં પણ આવેલ છે. વિમાનાકાર શિખરની ત્રણ-ભૂમિમાં અનુક્રમે ૪, ૩ અને ૨ કમલયુક્ત ચંદ્રશાલાઓ છે. ભૂમિકાઓને જુદી પાડતો ઉચ્છેદ બંધ, વલભી, કપોત સાથનો છે. આમલકવાળા ભાગ વિનાનું આ મંદિર સાતમી સદીના આરંભનું જણાય છે.

પીઠડ મંદિરની દક્ષિણે રાંદલનું થાનક કહેવાય છે, જેમાં પૂજાસ્થાને માતાજીનાં ફળાં છે. આ મંદિરના ઉપરના ભાગે દોઢસો, બસો વર્ષ પર બહારવટિયોઓના ત્રાસથી ગામને રક્ષવા, ચોકી અર્થે કોઠો બાંધેલ છે. કોઠાની ઉત્તર ભીંત ચિત્ર એકમાં દેખાય છે. મૈત્રકકાલીન જગતી ધરાવતા આ સ્થાનના ગૂઢમંડપના દ્વાર ઉપર કમલ પાંદડીવાળી બાહ્યશાખા તથા તે પરનું ચંદ્રશાળાયુક્ત મથાળ ઘણાં સુંદર છે [ ચિત્ર ૩ ]. અંદર રુચક સ્તંભો ધરાવતું આ સ્થાન આઠમી સદીનું લાગે છે.

પીઠડ મંદિરની ઉત્તરે પૂર્વાભિમુખ નાનું શિવમંદિર છે ( ચિત્ર ૪ ). ખુલ્લો મંડપ,નાના સ્તંભોવાળું છાવરણ, ચોરસ ગર્ભગૃહ, ફાંસના શિખરની ટકી રહેલ બે સાદી ભૂમિઓયુક્ત ભગ્ન શિખર તથા ગંગાજમનાના શિલ્પયુક્ત બારશાખ ( ચિત્ર ૫ ), આ મંદિરને નવમી-દસમી સદીનું ગણાવે છે. આ મંદિરની સામે તેનાથી એક સૈકા બાદનું પશ્ચિમાભિમુખ હાલ પૂજા પામતું ગામનું શિવાલય છે.

પીઠડ મંદિરની સામે બારમી સદીનું આદિત્ય તોરણ આવેલું છે, જેની બન્ને બાજુ સુંદર શિલ્પો છે. ગામથી પૂર્વમાં એક નાનો કુંડ છે. ત્રણ બાજુ પગથિયાંવાળા આ કુંડની ઉત્તર બાજુ એક વાપિ સાથે જોડી દેવામાં આવી છે. ગામની અને ' ભૂવાકેડા 'ની ય પશ્ચિમે–સમુદ્ર તરફ પથરાળ ભૂમિમાં એક તૂટેલું તળાવ છે, જેને કાંઠે પૂર્વાભિમુખ ૫'×૫' ની દસ ફૂટ ઊંચી પ્રાફ્સોલંકી દહેરી આવેલ છે [ ચિત્ર ૬ ]. ફાંસનાકાર પાંચ સાદી ભૂમિકાવાળા શિખરની આ દહેરીમાં વરાહની મૂર્તિ આવેલ છે જે પણ આ દહેરી જેટલી જ નવમી સદીની લાગે છે.

આમ બળેજ હજાર-બારસો વર્ષ પહેલાંનું તીર્થસ્થાન હતું તે અહીંના અવશેષો પુરવાર કરી જાય છે.

બળેજના પરા જેવા ભાણુસરા ગામના ઉત્તર પાદરમાં છ જૂનાં મંદિરો અને બેત્રણ નવાં દેવસ્થાનો આવેલાં છે. મૂળ મૈત્રક મંદિરનો સમૂહ ઇતિહાસ પુરાતત્ત્વના અભ્યાસ માટે બહુ ઉપયોગી અવશેષો ધરાવે છે. સાતમી સદીનાં આ મંદિરો આજે રૂપાંતર થઈ ગયેલ નાનકડા કુંડની આસપાસ બંધાયેલાં છે. ઉત્તર તરફથી કુંડ ઉપર જતાં આપણા ડાબા હાથથી શરૂઆત કરતાં, પ્રથમ મંદિર [ ચિત્ર ૭ ], લંબચોરસ ગૂઢમંડપ અને તેની પાછળ સાંધાર ચોરસ ગર્ભગૃહવાળું પશ્ચિમાભિમુખ શિવાલય છે. મંદિરની સાદી ભીંતો ઉપર લુપા, વલભી, કપોતની વેદી છે, પ્રદક્ષિણા માર્ગને એક સૂર્યથી ઢાંકેલ છે. વિમાનાકાર શિખરની ત્રણ ભૂમિઓમાં, નીચેથી ઉપર જતાં અનુક્રમે ૩, ૨ અને ૧ ચંદ્રશાલાઓ આવેલ છે. નીચેની પ્રથમ ભૂમિકાના ખૂણાઓ ઉપર કર્ણકૂટો છે. શિખરની ગ્રીવા પર અષ્ટકોણ સ્તૂપાંડક છે. આખું મંદિર બળેજના પીઠડ મંદિર જેવું છે, માત્ર આનો મુખમંડપ ખુલ્લો નથી, પ્રદક્ષિણા માર્ગનું છાવરણ પણ પશ્ચિમ ભારતમાં અનન્ય છે. અંદર ગૂઢમંડપના રુચક સ્તંભો અને શિલાઓથી થયેલ છાવરણનું કામ કડવારના વરાહમંદિર જેવું છે. ભમતી માત્ર પોણા બે ફૂટ પહોળી છે. ગર્ભગૃહમાં સામેની ભીંતે પીઠિકા પર ચોરસ જલાધારીવાળું શિવલિંગ છે. સાતમી સદીના પૂર્વાર્ધનું લાગતું આ મંદિર પાર્શ્વદર્શને દક્ષિણ-ભારતના મહાબલિપુરમ્‌ના રથની યાદ આપતા આકારનું છે.

આ મંદિરની ઉત્તરે પશ્ચિમભિમુખ બીજું શિવમંદિર છે [ ચિત્ર ૮ ]. ચોરસ ગૃહની સાદી દીવાલો પર પાટડાના છેડાની લુપાવલિ અને કપોતપટ છે. સામાન્યતઃ મૈત્રક મંદિરોમાં જોવા મળે છે તેવી પથ્થરમાં ઉપસાવેલી ચોરસ આકૃતિઓ, દીવાલના છેડે અને શિખરના મૂળમાં, અહીં પણ આવેલી છે. શિખરની ચાર ભૂમિકાઓ અનુક્રમે ૫, ૪, ૩ અને ૨ ચંદ્રશાલાઓયુક્ત છે. ભૂમિઓના ખૂણા પર કર્ણકૂટની વિકૃતિસમા કર્ણાંડકો આવેલા છે, જે આ મંદિરને એકાદ સૈકો આગળ લાવે છે.

કુંડથી દક્ષિણે ઉત્તરાભિમુખ, મંદિરને ચોરસ ગર્ભગૃહ, સાદી દીવાલને મથાળે ઉત્તરપટી, અંબૂજ અને કપોતપટ છે. ફાંસના શિખરની ચાર ભૂમિઓમાં ૪, ૩, ૨ અને ૧ ચંદ્રશાલાઓ છે. બે બે ચંદ્રશાલાઓની વચ્ચે ફૂલ મૂકેલાં છે. સૌથી ઉપરની ચંદ્રશાલા ફૂલથી આવૃત્ત છે. કર્ણકૂટ વિનાના શિખર પર સુંદર આમલક આવેલું છે. ગર્ભગૃહમાં ચોરસ ઊંચી પીઠિકા પર આજે શિવલિંગ છે પણ ઉત્તરાભિમુખ આ મંદિર મૂળે શક્તિનું હોવા સંભવે છે. આઠમી સદીનું આ મંદિર સારી કહી શકાય તેવી સ્થિતિમાં જળવાયું છે [ ચિત્ર ૯ ].

કુંડની પશ્ચિમે પૂર્વાભિમુખ બે મંદિરો ઊભાં છે, જેમાંથી પ્રથમ [ ચિત્ર ૧૦ ] મંદિરનો ઘાટ દ્રાવિડ શૈલીનો લાગે છે. લગભગ પુરાઈ ગયેલી જગતીવાળા આ મંદિરની દીવાલો, સાદા પાટડા અને શિખર શરૂ થતાં, ચોરસ આકૃતિઓવાળી કપોતપટી તથા ત્રિતલ થરનું વિમાનાકાર શિખર છે. ચંદ્રશાલા અને કર્ણકૂટોથી મંડિત પ્રથમ ભૂમિ પર–જ્યાંથી બીજી શરૂ થાય છે ત્યાં પણ લુપા, ચોરસ આકૃતિઓવાળી કપોતપટી આવેલી છે. ઉપરની બે ભૂમિઓ કર્ણકૂટ વિનાની, બે અને એક ચંદ્રશાલા ધરાવે છે. ચંદ્રશાલામાં વચ્ચે તથા કિનારી પર ફૂલો મૂકેલાં છે. આ જાતની ફૂલ–આકૃતિઓ કડવાર મંદિરની જાળી, આજકના સૂર્યાણી મંદિરની જાળી તથા કિન્દર-ખેડા સૂર્યમંદિરની જાળી પણ ધરાવે છે. કુંડકાંઠે આ પૂર્વાભિમુખ મંદિર, સૂર્યનું હોઈ શકે.

પૂર્વાભિમુખ બીજું મંદિર [ ચિત્ર ૧૧ ] શિખર ભાગે અર્ધ ખંડિત છે. આ મંદિરની જગતીનાં ઉપાન, કુમુદ, વાજન, કપોત વગેરે અંગો ચોખ્ખાં દેખાય છે. ચોરસ ગર્ભગૃહની દીવાલો પર હાલ ત્રણ ભૂમિઓ રહી છે તે પણ આગળના ભાગથી ખંડિત છે. દરેક ભૂમિમાં બેઠા ઘાટની ચંદ્રશાલાઓ છે. વચ્ચે એક ચંદ્રશાલાની બન્ને બાજુ પાછળ અર્ધ ચંદ્રશાલાઓ મૂકવા પ્રયાસ થયો છે જે વિમાનાકાર શિખરમાંથી નાગરશિખરની શરૂઆત જેવું લાગે છે. આઠમી સદીના ઉત્તરાર્ધનું લાગતું આ મંદિર પોતાના શિખરને હવે બહુ સમય નહિ ધારી શકે તેવું જર્જરિત થઈ ગયું છે.

કુંડના વાયવ્યે તદ્દન ભાગેલી સ્થિતિમાં મંદિરનો એક ખૂણો ઊભો છે [ ચિત્ર ૧૨ ]. આ ખૂણાને પડી જતો અટકાવવા પ્રયત્ન કરતા બાવાજીને, કહે છે કે—પુરાતત્ત્વખાતાવાળા ના પાડી ગયા ! જાણ થઈ ગયા છતાં રક્ષણ ન કરવું તે ચિંતાજનક ગણાય.

સાતમી સદીનો આ મંદિરસમૂહ–કડવારના વરાહમંદિરના સમયનો–મંદિરનિર્માણ પર સારો પ્રકાશ પાડતો સમૂહ છે. બાજુમાં સાધુઓની સમાધિના એક ઓથમાં આ જ સમયની એક ગણેશમૂર્તિ ચણાયેલી સચવાઈ રહી છે [ ચિત્ર ૧૩ ]. આ બહુ અગત્યનાં સ્થાનની વ્યવસ્થિત જાળવણી આવશ્યક છે.



ચિત્ર ૧

તોરણ સાથે પીકડ મન્દિર



ચિત્ર ૩

રાંદલ સ્થાનનું ચંદ્રશાલાયુક્ત દ્વાર



ચિત્ર ૪
પૂર્વાભિમુખ નાનું શિવમન્દિર



ચિત્ર ૭
પાર્શ્વદર્શને રથાકાર શિવમન્દિરઃ ભાણસરા



ચિત્ર ૨

મુખમંડપનો રુચક સ્તંભ



ચિત્ર ૧૩

ગણેશમૂર્તિ : ભાણસરા



ચિત્ર ૫

પૂર્વાભિમુખ નાના શિવમન્દિરની બારશાખ



ચિત્ર ૬

બળેજ ગામ બહારની વરાહડેરી



ચિત્ર ૮

પશ્ચિમાભિમુખ બીજું શિવમન્દિર : ભાણસરા



ચિત્ર ૯

ઉત્તરાભિમુખ સારી સ્થિતિનું મન્દિર: ભાણસરા



ચિત્ર ૧૦

પૂર્વાભિમુખ પ્રથમ મન્દિરનું શિખર



ચિત્ર ૧૧

પૂર્વાભિમુખ બીજું મન્દિર



ચિત્ર ૧૨

ભાંગેલ મન્દિરનો ખૂણો

ફોટો : ચિત્ર ૪—મણિભાઈ વોરા; બાકીનાં ચિત્રો : નરોત્તમ પલાણ

# ચાંપાનેર માંડવી વાવનો સંવત્ ૧૫૫૪ શક ૧૪૧૯નો શિલાલેખ

વિશ્વાસ સોનવણે

ચાંપાનેરની આજુબાજુનાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પુરાવસ્તુ વિદ્યાવિભાગ દ્વારા ચાલતાં સંશોધનો દરમિયાન, ચાંપાનેરથી વાયવ્ય ખૂણામાં સરિયા–વાકળિયા ડુંગરની પશ્ચિમ બાજુએ, ચાંપાનેરથી આશરે ૩ કિલોમીટર દૂર, માંડવી નામે ઓળખાતી જગ્યાએ એક ખંડિત પરંતુ ઉપયોગમાં આવતી વાવ છે. આ વાવ ૧૯ મીટર લાંબી અને ૪.૮૦ મીટર પહોળી છે. તેને પાંચ કોઠા છે અને દરેક કોઠામાં આશરે સાત પગથિયાં છે.

આ કોઠાઓ પૈકી ત્રીજા કોઠાની ઉત્તર દિવાલમાં ૬૧×૬૧ સેં. મી.ની ખરતા પથ્થરની શિલા પર ૧૬ લીટીમાં લખાયેલો લેખ છે. આ લેખના અક્ષરો આશરે બે સેં. મી. મોટા છે. આ લેખ દેવનાગરી લિપિમાં લખાયેલો છે. તેની ભાષામાં સંસ્કૃત અને મધ્યકાલીન ગુજરાતીનો સમાવેશ થાય છે. આ લેખમાં **य**ને બદલે **ज**નો તથા **शिवलोक**ને બદલે **शवलोक**નો પ્રયોગ જોવા મળે છે. આ લેખના લેખકનું સંસ્કૃતનું જ્ઞાન જોઈએ એટલું સારું નથી. તદુપરાંત **सुलतान, वकफ, मसीत, हजीरा दीवानि** વગેરે ફારસી-અરબી શબ્દ-પ્રયોગો સૂચવે છે કે ૧૫મી સદીના ગુજરાતના રાજ્ય-વહીવટમાં તથા સામાન્ય વપરાશમાં આ શબ્દો દાખલ થઈ ગયા હતા. આ યુગની જૈન સંસ્કૃત તથા કેટલાક શિલાલેખોની ભાષામાં આ જાતનું શબ્દભંડોળ જોવામાં આવે છે.

આ શિલાલેખમાં **पावकदुर्ग, चांपानेर** અને **महमदावाद**નો ઉલ્લેખ છે. આ ઉલ્લેખમાં મહેમદાવાદ અને ચાંપાનેર બન્ને એક જ શહેરનાં નામો છે. 'ગંગાદાસ પ્રતાપ વિલાસ' નાટકમાં વર્ણવેલું[1] ચાંપાનેર એ પાવાગઢના ડુંગર પર હતું એવો ઉલ્લેખ છે. પાવકદુર્ગ એ પાવાગઢનું નામ છે. સ્થળનામોના અભ્યાસમાં એવું જોવામાં આવ્યું છે કે કેટલાંક સ્થળનાં નામમાં ઈસ્લામી રાજ્યકર્તાઓએ ફારસી નામોનો ઉપયોગ કરીને ફેરફાર કરવાનો પ્રયત્ન કર્યો હતો. પણ તે સ્થળો જે દેશી નામોથી ઓળખાતાં હતાં તે જ નામો વધુ ચિરંજીવ રહ્યાં છે.

આ નામો પૈકી પાવકદુર્ગ નામ, નાની ઉમરવાનની વાવના શિલાલેખમાં સંવત્ ૧૫૨૫માં[2]

---

૧ સાંડેસરા ભો. જ., Detailed description of the fort of Chāmpāner in the Gaṅgadāspratāpvilās, an Unpublished Sanskrit Play by Gaṅgādhara," જર્નલ ઓફ ધ ઓરિયેન્ટલ ઈન્સ્ટીટયુટ, ગ્રંથ ૧૮, સપ્ટે–ડિસેમ્બર, ૧૯૬૮, અંક ૧ અને ૨.

૨ મેજર વૉટસન, જે. ડબલ્યુ : Historical sketch of the hill fortress of Pavagadh in Gujarat," ધી ઇંડિયન એન્ટિકિવટી, ૧૯૭૨, પૃ. ૧–૯.

અને દાહોદના મહમદ બેગડાના શિલાલેખમાં વિક્રમ સંવત્ ૧૫૪૫માં[3] વપરાયેલું છે. આ બધી જગ્યાએએ પાવકદુર્ગ એ પાવાગઢ માટે વપરાયેલું નામ હોવાનો સંભવ છે.

સુલતાન મહંમદ બેગડાનું ઐશ્વર્ય બતાવવા માટે આ શિલાલેખમાં તેના નામની આગળ સાત વખત '**श्री**' શબ્દ લખવામાં આવ્યો છે, જ્યારે **मलीक संदल सुलतानी** મહમદ બેગડાનો કોઈ મલેક લાગે છે. તેણે બે હળ જમીન ધર્માદા આપી છે. આ મલીકનો ખિતાબ '**बावति मुल्क उदः**' વધારે અભ્યાસ માંગી લે છે. આ લખાણની પદ્ધતિ પરથી દેખાય છે કે અંક અને શબ્દોમાં આંકડા લખાવવાની પદ્ધતિનો પ્રચાર સારો હતો. આવાં બંને સ્વરૂપો **५ पंचम्या, हल २ अंके हल बि** અથવા **भूमिहल बि अंके २** જેવા શબ્દો દર્શાવે છે. બે હળ જમીન એ જમીનનું માપ છે. અને જમીનના પ્રકારો પ્રમાણે તેમાં થોડોઘણો ફેર પડતો હોવાનો સંભવ છે. બે હળથી સરળતાથી ખેડાય એટલી જમીન એવો એનો અર્થ થાય. આ પ્રદેશમાં આશરે દશ એકર જેટલી જમીન ગણાવા સંભવ છે. આ ખેતરોની જમીન કાળી છે અને તેથી તેના વર્ણન માટે શિલાલેખમાં એક સુંદર ઉપમા આપી છે. આ ઉપમા '**कालि का लाऐ खेत्र**' એમ છે. આ ઉપમા કાળી જમીન માટે છે અને તેનું ઉપમાન કાલિકા માતા છે. આમ પાવાગઢની કાલિકા માતાને ઉપામાન તરીકે લેખકે યાદ કર્યાં છે.

આ ખેતરોની તપાસ કરતાં ત્યાં તૂટેલી મસ્જિદ, મકબરો, વગેરેનાં અવશેષો પડેલાં છે. એ પરથી આ આજનો શિલાલેખ એ સ્થળને માટે ઉપયોગી જણાય છે.

## ગુજરાતીમાં ભાષાંતર :

"શ્રી ગણપતિને નમસ્કાર, શ્રી શારદાને નમસ્કાર, એક ગાયના પગલા જેટલી જમીન પર જો પાણી રહે તો તેમ કરવાનો સાઠ હજાર વર્ષ સુધી શિવલોકમાં વાસ થાય છે. શ્રી સંવત્ ૧૫૫૪ વર્ષે શક ૧૪૧૯ પ્રવર્તમાન પોષ માસે, અજવાળિયાની પાંચમે, હેમંત ઋતુમાં ઉત્તરાયણમાં ગુરુવારે શતભિષા નક્ષત્રે, સંધ્યાગ્નિયોગે બાલવ કરણમાં પાવાગઢ પાસે ઉત્તમ શહેર મહેમદાવાદ અથવા ચાંપાનેર છે. બાદશાહ શ્રી સુલતાન મહંમદનું વિજયી રાજ્ય છે. તે વખતે જોષી વજ્યાદિતે આ કહ્યું છે. મલિક સંદલે સુલતાને "બાબતિ મુલ્ક ઉદ્" તેનું શુભ થાવ, કલ્યાણ થાવ, વાવ, મસ્જિદ તથા હજીરાનું વકફનું ખેતર છે, જે બે હળ ભૂમિનું છે. ભૂમિ હળ અંકે ૨ સુલતાને સમરત દિવાનીએ ભૂમિ હળ બે ધર્માદા આપી કાળિકાળા એ ખેતર જે કોઈ ઓળવે તે દોષ ભોગવે. જ્યાં સુધી વાવ હોવ ત્યાં સુધી પુણ્ય તપે."

સદરહુ લેખ તૈયાર કરવા માટે અને તેમાં અનેક જાતનાં સલાહસૂચનોને દોરવણી આપવા માટે હું પ્રો. ર.ના. મહેતાનો આભારી છું. શ્રી છગનભાઈ ભગત આ તપાસમાં સાથે હતા અને એની શિલાછાપ ઉતારવામાં તેમણે તથા શ્રી કુતબુદ્દીન શેખે મદદ કરી હતી અને એના ફોટોગ્રાફ પાડવામાં શ્રી જયંતી પટેલ અને રમેશ ખત્રીએ સારો સહકાર આપ્યો હતો. એ બદલ એ સર્વનું હું ઋણ સ્વીકારું છું.

---

૩ સાંકળિયા, એચ. ડી. : Dohad stone inscription of Mahamud (Begarha) V. S. 1545, Saka 1410, એપિગ્રાફિયા ઇન્ડિકા, ગ્રંથ ૨૪, ૧૯૩૭-૩૮, પૃ. ૨૧૨-૨૫.

## શિલાલેખ

१ ॐ नमो श्री गणेशाय नमः सारदाई नम

२ एकांगो पदमात्रेण उदकं धारयेन्महीं । षाष्टिव-

३ रिषसहश्राणि शवलोकस्य गच्छतिः ।[४] स्वस्ति श्री

४ संवत् १५५४ वर्षे शाके १४१९ प्रावर्तमाने उतराय-

५ ने हेमंतरितौ पोषमाषे शुक्लपक्षे ५ पंचम्यां स्तिथौ

६ गुरुदिने शतभिषा नक्षत्रे संध्यनाम्नियोगे बालव क

७ हर्मे पावकदुर्गे शहर मुकरम महमदावाद और्फ

८ चांपानेरः । स्थाने श्री पातशाह श्री श्री श्री श्री

९ श्री श्री श्री सलतांन महमुद विजयराजे योति-

१० श्री वजयादितः वाकिक्रिः संदल सुल-

११ तानी बाबति मुल्क उदः शुभंभवति कल्या-

१२ ण जितिभूमी हल २ अंके हल बि वावि मसी-

१३ तनुं तथा वकफ हजीरानुं षे( खे )त्रए भूमिहल

१४ बि अंके २ सुलतानि समस्त दीवानिऐ भोमि-

१५ हाल २ धर्मार्थ दता कालिकाला ऐषे( खे ) त्रजि-

१६ को लोपि ते दोषभागी थाइए पुंन्यआयुष्य ( इ ) तवापी

---

४ આ શરૂઆતનો શ્લોક 'अपराजितपृच्छा'માંના નીચેના શ્લોકને મળતો છે :—

यस्य गोपदमात्रं तु ह्युदकं धारयेन्मही ।
वर्षषष्टिसहस्राणि शिवलोकं स गच्छति ॥ ३८ ॥

अपराजितपृच्छा, पृ. ७८५.

# અમદાવાદના ભદ્રના કિલ્લાના બે શિલાલેખો

ઝિયાઉદ્દીન એ. દેસાઈ

ત્રણ દરવાજા તરફથી આવતાં અને ભદ્રના કિલ્લાના મુખ્ય પ્રવેશદ્વારમાં દાખલ થતાં સામે વચમાં એક બીજું એટલું જ ભવ્ય પ્રવેશદ્વાર આવે છે જેના પર ઊંચો બુર્જ ટાવર છે. આ મધ્ય પ્રવેશદ્વારની બે કમાનો વચ્ચેની દીવાલોની શિલાઓ પર ફારસી પદ્યમાં, એક એક તરફ, ઊભરી આવેલ અક્ષરોમાં, એકએક લેખ કોતરવામાં આવ્યો છે. બંને શિલાલેખોને નષ્ટ કરવાના હેતુસર તેમના અક્ષરો પર ઇરાદાપૂર્વક છીણી મુકાઈ હોય તેમ લાગે છે. ગમે તે કારણ હોય પણ લખાણ લગભગ અસ્પષ્ટ જેવું થઈ ગયું છે.

આમ તો હું ભદ્રના આ દરવાજામાંથી હજારો વખત આવ્યો અને ગયો હોઈશ, પરંતુ આ લેખો તરફ મારું ધ્યાન તો દોરાયું છેક ઈ.સ. ૧૯૫૯માં. બન્યું એમ કે ભારતીય પુરાતત્ત્વખાતાની એક પેટા-ઑફિસ ઉતાકામન્ડ ( દક્ષિણ ભારત )માં હતી ( અને હવે મૈસુરમાં છે ), જેનું મુખ્ય કાર્ય સંસ્કૃત તથા બીજી ભારતીય ભાષાઓના શિલાલેખોનું સંશોધન કરવાનું છે. તેના વડાની ઉપાધિ ગવર્નમેન્ટ એપિગ્રાફિસ્ટ ફૉર ઇન્ડિયા ( અને હવે 'ચીફ એપિગ્રાફિસ્ટ' ) છે. અરબી-ફારસી-ભાષાના અભિલેખોની ઈ.સ. ૧૯૪૬ સુધી જુદી ઑફિસ ન હોવાથી આ ભાષાઓના લેખોની પણ છેલ્લાં પચાસ સાઠ વર્ષોમાં જુદા જુદા સમયે કાગળ પર ઉતારવામાં આવેલ સેંકડો પ્રતો આ ઑફિસમાં સંગ્રહાયેલી હતી. અરબી-ફારસી ભાષાના શિલાલેખોના સંશોધનાર્થે મારી ઑફિસની સ્થાપના આમ તો ઈ.સ. ૧૯૪૬માં દિલ્હી ખાતે થઈ હતી, પરંતુ તે સમયે ઑફિસમાં જગ્યાના અભાવે આ સંગ્રહાયેલી શિલાલેખ-પ્રતોને ત્યાં જ રાખવામાં આવેલી. ઈ. સ. ૧૯૫૮ના જુલાઈ માસમાં કેન્દ્ર સરકારની બીજી ઑફિસો સાથે મારી ઑફિસ પણ નાગપુર ખસેડવામાં આવી ત્યારે આ પ્રતોનાં બંડલો પણ મારી ઑફિસને સુપ્રત કરવાનું નક્કી થયું અને એ મુજબ ઈ.સ. ૧૯૫૯ની શરૂઆતમાં આ બંડલો ઉતાકામન્ડથી નાગપુર મોકલવામાં આવ્યાં.

આ બંડલોમાં અમદાવાદ શહેરના મોટા ભાગના શિલાલેખોની જુદા જુદા સમયે લેવાયેલી કાગળ-પ્રતો પણ હતી. તેમાં ઉપર્યુક્ત લેખોની બબ્બે ત્રણ ત્રણ પ્રતો જોવામાં આવી; પરંતુ ઉપર જણાવ્યા મુજબ લેખોના અક્ષરો ભાંગ્યા-તૂટ્યા હોવાથી પ્રતો પરથી લખાણ ઉકેલવું લગભગ અશક્ય જેવું જ હતું. એટલે ઈ. સ. ૧૯૬૦ની શરૂઆતમાં અરબી-ફારસી શિલાલેખોના સંશોધન કાર્ય અંગે મારે ગુજરાત-સૌરાષ્ટ્ર આવવાનું થયું ત્યારે અમદાવાદ એકાદ દિવસ રોકાઈ મેં બંને લેખોની નવી પ્રતો તૈયાર કરાવી; એટલું જ નહિ પણ લેખોને પથ્થર ઉપર વાંચવાનો પ્રયત્ન કર્યો. શિલાલેખોના અભ્યાસીઓ મારા આ કથનને સારી પેઠે સમજી શકશે કે ભાંગેલ-તૂટેલ અક્ષરોવાળા લેખોનું સારું પઠન તો કાગળ પર ઉતારેલી પ્રતો કરતાં વધુ સારી રીતે પથ્થર પર સંભવિત છે. એ પ્રમાણે સારો એવો સમય ગાળી પથ્થર પર જ લેખોને વાંચવાનો પ્રયત્ન કર્યો. પરિણામે ઠીક ઠીક પ્રમાણમાં લેખ વંચાયો. તોડેલ ફોડેલ અક્ષરોનાં શિલાઓ પર જે ચિહ્નો હતાં તેનાથી લેખના

શબ્દોને બેસાડવામાં સારી એવી મદદ મળી; છતાં લેખોના પાઠો તો પૂરી રીતે તૈયાર થઈ શક્યા નહિ. જે કાંઈ વંચાયું તે પરથી બંને શિલાલેખોની ટૂંક વિગત ભારતીય પુરાતત્ત્વખાતાના ૧૯૫૯–૬૦ના 'ઍન્યુઅલ રિપોર્ટ ઑન ઇન્ડિયન એપિગ્રાફી'ના પરિશિષ્ટ 'ડી'માં નંબર ૫૧–૫૨ હેઠળ નોંધવામાં આવી.

પરંતુ મારું મન હજુ દ્વિધામાં હતું. ફરજ અન્વયે પણ મારે આ લેખોના પૂર્ણ પાઠો તૈયાર કરવાનો શક્ય તેટલો પ્રયાસ તો કરવો જ ઘટે. તે ઉપરાંત, મને પોતાને પણ જિજ્ઞાસા ઉત્પન્ન થઈ કે આ લેખો શા બાબત હશે અને તેમને આ પ્રમાણે નિર્દય રીતે નષ્ટ કરવાની કોણે અને કેમ કોશિશ કરી હશે. એટલે પણ આ વાતનો તાગ લેવાની મને તીવ્ર ઉત્કંઠા હતી. થોડા સમય સુધી તો મને એમ પણ થયું કે ગુજરાત પર મરાઠા શાસન કાળ દરમિયાન આ લેખોને મિટાવવાનો પ્રયાસ થયો હશે.

મારી જિજ્ઞાસા સંતોષવા હું અમદાવાદ વિષે પુરાતત્ત્વવિદો, ઇતિહાસકારો અને શિલાલેખોના અભ્યાસીઓએ તારવેલા રિપોર્ટો અને લખેલા ગ્રંથો જોઈ ગયો. ડૉ. જેમ્સ બર્જેસનાં પુસ્તકો કે રિપોર્ટોમાં તો આ વિષય પર કોઈ માહિતી ન મળી; એટલું જ નહિ, પણ આ લેખોનો ઉલ્લેખ સુદ્ધાં જોવા ન મળ્યો. અલબત્ત, હેન્રી કઝિન્સના 'રિવાઈઝ્ડ લિસ્ટ ઓફ એન્ટિકવેરિયન રિમેન્સ ઇન ધી બૉમ્બે પ્રેસીડેન્સી'ના પૃષ્ઠ ૩૦૨ ઉપર નંબર ૩૦ હેઠળ આ પ્રમાણે નહિવત્ અને તે પણ ગેરરસ્તે દોરનારો ઉલ્લેખ છે :—

"૫ ફૂટ લાંબા અને ૧$\frac{3}{4}$ ફૂટ પહોળા આ લેખમાં (બે મિસરાવાળી એક એમ) ૬ કડીઓ છે. દરેક મિસરો સુંદર ઊભરી આવેલા ફારસી અક્ષરોમાં એક એક ચોકઠા (panel)માં કંડારવામાં આવેલ છે, પણ આ બધા મિસરાઓને ઇરાદાપૂર્વક નષ્ટ કરવામાં આવેલ છે. માત્ર આકસ્મિક રીતે થયું હોય કે ઇરાદાપૂર્વક, બે શબ્દો– 'બૈતેઝુલ્મ' અર્થાત્ 'અત્યાચારનું ઘર' બચી ગયા છે. નસીબજોગે હિજરી સન ૧૦૩૨નો અંક જે હાંસિયા બહાર છે તેને મિટાવવામાં આવ્યો નથી. આ વર્ષ ઈ.સ. ૧૬૨૨ના નવેમ્બર માસની પાંચમી તારીખે શરૂ થયું હતું અને ત્યારે ગુજરાતની સ્વતંત્રતા છિનવાયે ૫૨ વર્ષ થયાં હતાં."

આગળ આવતા લેખના વૃત્તાંત જોતાં આ શબ્દોના તથ્ય વિષે સહેજે નિર્ણય થઈ શકશે.

બીજા વિદ્વાનોમાં સ્વર્ગસ્થ રત્નમણિરાવના 'ગુજરાતનું પાટનગર અમદાવાદ'માં પણ એ વિષે કોઈ માહિતી ઉપલબ્ધ ન થઈ શકી. પ્રોફેસર માણેક શાહ કોમિસેરિયેટના 'ગુજરાતનો ઇતિહાસ'મા. પણ આ લેખોનો ઉલ્લેખ નથી. એ તો ઠીક, પણ ગુજરાતના શિલાલેખો પર જેમણે ઘણું લખ્યું છે તે ડૉ. અબ્દુલ્લાહ ચઘતાઈએ અમદાવાદના ખૂણેખાંચરેથી એકત્રિત કરેલા શિલાલેખોના સંગ્રહમાં પણ (જે પહેલાં પૂનાના ડેક્કન કૉલેજ પોસ્ટ-ગ્રેજ્યુએટ રીસર્ચ ઇન્સ્ટિટ્યુટના બુલેટિનમાં છપાયેલ અને તે પછી 'મુસ્લિમ મૉન્યુમેન્ટ્સ ઑફ અહમદાબાદ થ્રુ ધેર ઇન્સ્ક્રિપ્શન્સ' નામથી પુસ્તકાકારે પણ પ્રગટ થયેલ છે.) આ લેખોના અસ્તિત્વ સુદ્ધાંની નોંધ નથી.

પછી તો અવકાશના અભાવે અને કામના બોજાને લીધે આ લેખો તરફ વધુ ધ્યાન અપાયું નહિ. એવામાં પૂનાની ફર્ગ્યુસન કોલેજના ફારસી-ઉર્દૂ ભાષાના નિવૃત્ત પ્રાધ્યાપક ડૉ. ભગવતદયાલ

વર્માએ આ લેખોની તેમણે બે એક દાયકા પહેલાં ઉતારેલા કાગળ-પ્રતો પરથી લેવડાવેલી તસ્વીરો મને મોકલી શકય હોય તો આ લેખોનું પાઠાંતર તેમને મોકલી આપવાનો અનુરોધ કર્યો. એમનો પત્ર મળ્યા પછી મેં લેખોની પ્રતો તેમ જ ડૉ. વર્માએ મોકલેલી તસ્વીરોનું એકનિષ્ઠા અને સતત ધ્યાનથી અધ્યયન કર્યું. અવિરત મહેનતના ફળસ્વરૂપે ગણો કે હૃદયના ઊંડાણે જન્મેલી ઇચ્છાને પરિપૂર્ણ કરવા ધારતી આકાંક્ષાએ ગણો, આ વખતે તો બંને લેખો લગભગ પૂરા, બેચાર શબ્દોના અપવાદ સહિત, લગભગ વંચાઈ ગયા. આ લેખમાં એ બે શિલાલેખોનું વર્ણન કરવાનો ઉદ્દેશ છે.[1]

ઐતિહાસિક દૃષ્ટિએ તો આ લેખોનું મહત્ત્વ છે જ, પરંતુ કળાની દૃષ્ટિએ પણ તેમનું મૂલ્ય ઓછું નથી. અરબી લિપિનું નસ્તાલિક શૈલીમાં લખાયેલ તેમના અક્ષરોના સુદૃઢ મરોડ, લચકદાર ગોળાકાર વગેરેનું રેખાંકન કોઈ કુશળ લહિયાની કલમે થયેલ હોવું જોઈએ. વળી ફારસી પદ્યમાં લખાયેલ આ લેખો તેમના રચનાર કવિ અથવા કવિઓની કાવ્યપ્રતિભાનું પણ સારી પેઠે પ્રતિબિંબ પાડે છે. આ કળાકારોનાં નામ લેખમાં સંપાદિત થયેલાં નથી એ એક કમનસીબી છે.

પ્રસ્તુત પ્રવેશદ્વારની બાહ્ય અને આંતર કમાનો વચ્ચેની જમણી બાજુની એટલે કે ઉત્તર દિશાની દિવાલની શિલાઓ પર લગભગ દોઢ મીટરની લંબાઈ તથા ચાલીસ સેન્ટીમીટરની પહોળાઈ જેટલી જગ્યામાં ત્રણ બેતનો આલેખ બે પંક્તિઓમાં કંડારવામાં આવેલ છે. તેનો પાઠ તથા તેનું ભાષાંતર નીચે પ્રમાણે છે:—

### પાઠ

પંક્તિ ૧: (૧) પયે તસ્ખીરૂ, ફલક રૂત્બા......ગુજરાત
અવ્વલે શબ્ ચૂકમર્ બસ્તે સહર્ગાહ કશૂદ

(૨) ગર્દે ઝુલ્મ્ અઝ મતરે અબ્રે અદાલત બિનિશાન્દ
પંક્તિ ૨: ઝંગે કુલ્ફત્ ઝે રૂખે આઈનએ દહ્ર્ ઝદૂદ

(૩) સાલે ઈ ફત્હે હુમાયૂઁ ઝે સફીખૌં જુસ્તમ્
નુસ્રતો બખ્તે શહો ફત્હો ઝફર રૂય્ નમૂદ

### ભાષાંતર

પંક્તિ ૧: (૧) ગુજરાત....ફતેહ કરવા આકાશ ( જેટલો ઊંચો ) મર્તબો ધરાવતા સરદારે રાત્રિના પહેલા પ્રહરોમાં કમર કસી ( પ્રસ્થાન કર્યું ) અને વહેલી પરોઢે કમર ખોલી ( નિશ્ચિત સ્થાને પહોંચ્યો ).

(૨) તેણે પોતાના ન્યાય રૂપી વાદળના વરસાદથી જુલમની ધૂળ બેસાડી,
પંક્તિ ૨: તેમ જ હાડમારીનો કાટ પૃથ્વીપટના અરીસા પરથી દૂર કર્યો.

---

૧ આ લેખો ભારતીય પુરાતત્ત્વ ખાતાના વાર્ષિક 'એપિગ્રાફિયા ઇન્ડિકા–અરેબિક એન્ડ પર્સિયન સપ્લીમેન્ટ', ૧૯૬૫માં પૃષ્ઠ ૬૭-૭૧ પર છપાઈ ગયા છે.

( ૩ ) આવા સફીખાને મેળવેલા શુભ વિજયની તારીખ વિષે પૃચ્છા કરી, ( તો જવાબ મળ્યો કે ) નુસ્રત ( દૈવી મદદ ), બખ્તે શહ ( બાદશાહનું ભાગ્ય ), ફત્હ ( ફત્તેહ ) અને ઝફર ( વિજય ) એ ચારે યે પોતાનાં મુખ બતાવ્યાં ( અર્થાત્ દૈવી મદદ તથા બાદશાહના તકદીરના જોરે તેને વફાદાર એવા સફીખાનને ફત્તેહ અને વિજય પ્રાપ્ત થયાં ) ( હિજરી સન ૧૦૩૨= ઈ. સ. ૧૬૨૩ ).

આમ આ ટૂંકા વાકચમાં સફીખાને મેળવેલા વિજયનું નિદર્શન છે, પણ વિજય વિષેની બીજી જરૂરી વિગતો ઉપલબ્ધ નથી. દાખલા તરીકે કઈ લડાઈમાં વિજય મળ્યો ? શા માટે લડાઈ થઈ ? કોણ હાર્યું ? લડાઈ કયાં થઈ ? આ સવાલોના જવાબ આ લેખમાં મેળવવાની આશા નિરર્થક છે. પણ એ બાબતમાં પૂર્ણ ચર્ચા બીજા લેખના વર્ણન પછી વધુ સુગમ પડશે. હાલ તુરત તો અહીં એક બીજા અગત્યના મુદ્દા તરફ પાઠકોનું ધ્યાન ખેંચવું જરૂરી છે. ઉપરના કાવ્યમાં વિજય કયા વર્ષમાં મળ્યો તેનો અસંદિગ્ધ રીતે નિર્દેશ થયો નથી. બીજા શબ્દોમાં કહીએ, તો વિજય મળ્યાની સાલ ન આંકડામાં આપવામાં આવી છે ન શબ્દોમાં. આ બંને પ્રથાઓથી જુદી ફારસી તથા ઉર્દૂમાં ‘ તારીખગોઈ ’ નામથી પ્રસિદ્ધ એવી એક બીજી પ્રથાનો તારીખ દર્શાવવામાં પ્રયોગ થયો છે. આ પ્રથા પ્રમાણે કવિ કે લેખક કોઈ પણ બનાવની સાલ કે તારીખનો નિર્દેશ અમુક શબ્દ, શબ્દો કે વાકચથી કરે છે, જેને ‘ તારીખગોઈ ’ની પરિભાષામાં ‘ માદ્દએ તારીખ ( તારીખનું મૂળ ) કહેવામાં આવે છે. અરબી ભાષાના મૂળાક્ષરોમાં દરેક અક્ષરનો એક અંક નિશ્ચિત કરવામાં આવેલ છેઃ અનો ૧, બના ૨, જના ૩, દના ૪, હના ૫, વના ૬, ઝના ૭, હ્ના ૮, ત઼ના ૯, યના ૧૦; કના ૨૦, લના ૩૦, મના ૪૦, નના ૫૦, સના ૬૦, અ઼ના ૭૦, ફના ૮૦, સ઼ના ૯૦, ક઼ના ૧૦૦; રના ૨૦૦, શના ૩૦૦, તના ૪૦૦, થ઼ના ૫૦૦, ખના ૬૦૦, ઝ઼ ( ઝ઼ાલ ) ૭૦૦, દ઼( દ઼ાદ઼ )ના ૮૦૦, ઝ઼ ( ઝ઼ોઈ )ના ૯૦૦ અને ગ઼ના ૧૦૦૦. ( જે ક્રમ ઉપર દર્શાવવામાં આવેલ છે તે અરબી ભાષાના મૂળાક્ષરોનો પ્રાચીન ક્રમ છે. હાલનો ક્રમ—અ, બ, ત, થ઼, જ, હ઼, ખ, વગેરે—પાછળથી પ્રચલિત થયો. ) આ પ્રમાણે જે સ્વરો ફારસી કે ઉર્દૂ ભાષામાં છે પણ અરબીમાં નથી તેમના અંકો તેમને મળતા સ્વરોના અંકો જેટલા ગણવામાં આવ્યા. દા. ત. ‘ પ ’ના ‘ બ ’ જેટલા એટલે કે ૨, ‘ ચ ’ના ‘ જ ’ જેટલા એટલે કે ૩, ‘ ગ ’ના ‘ ક ’ જેટલાં કે ૨૦, વગેરે.

ઉપરના લેખમાં તારીખનો કેવી રીતે નિર્દેશ થયો છે તે પહેલાં જોવું જોઈએ. છેલ્લા બેતમાં કવિ જણાવે છે કે વિજયની સાલ માટે મેં પૃચ્છા કરી તો જંવાબ મળ્યો કે નુઅત, બખ્ત, ફત્હ અને ઝ઼ફરે પોતાનું મુખ દેખાડયું. આનો અર્થ એ થયો કે આ ચાર શબ્દોનાં મુખ એટલે પહેલા અક્ષરોના અંકોનો સરવાળો વિજયની સાલ દર્શાવે છે. આ પ્રમાણે ન, બ, ફ અને ઝ઼ ના અંકોનો સરવાળો ૫૦+૨+૮૦+૯૦૦=૧૦૩૨—હિજરી સન ૧૦૩૨ આવે.

ડાબી બાજુની દીવાલ પર જે લેખ છે તેમાં ૬ બેતો છે. આ ૭ બેતોને ત્રણ પંક્તિઓમાં લગભગ ૧ મીટર ૬૩ સેન્ટીમીટરની લંબાઈ અને ૩૩ સેન્ટીમીટરની પહોળાઈ જેટલી જગ્યામાં

સુંદર નસ્તાલીક અક્ષરોમાં કોતરવામાં આવી છે. લેખનો પાઠ તેમ જ તેનું ભાષાંતર આ પ્રમાણે છેઃ—

## પાઠ

પંક્તિ ૧ : (૧) સફીખાઁ કે અઝ્ અદલે ઊ દસ્તે ઝુલ્મ
ઝે દામાને મઝ્લૂમ કોતાહ શુદ

(૨) બ યક માહ્ ચૂં બિગ્રિફ્ત ગુજ્રાત્ રા
વઝ્ ખાક દર ચશ્મે બદખાહ શુદ

પંક્તિ ૨ : (૩) શહશ્ દાદ અઝાઁ સૈફ્ખાની ખિતાબ
કે અઝ ફિક્રશ (?) ઈઁ ફત્હ બર રાહ શુદ

(૪) ઝે નવ્ સાખ્ત..........પયે ફત્હ મુલ્ક
રવાઁ ગશ્તો ઈકબાલ હમરાહ શુદ

પંક્તિ ૩ : (૫) દો ફત્હે નુમાયાઁ બયક માહ કર્દ
વઝીં ફત્હ વસ્ફશ દર અફ્વાહ શુદ

(૬) નઝર્ કુન ઝે તારીખે ઈઁ હરદો ફત્હે
દો ફત્હે નુમાયાઁ બયક્ માહ શુદ

## ભાષાંતર

પંક્તિ ૧ : (૧) સફીખાન, જેના ન્યાયના પ્રતાપે જુલ્મનો હાથ પીડિતો સુધી લંબાતો રોકાઈ ગયો,

(૨) તેણે એક મહિનામાં ગુજરાત લીધું, અને તેના આ કાર્યથી દ્વેષીઓની આંખમાં ધૂળ પડી.

પંક્તિ ૨ : (૩) બાદશાહે તેને સૈફ્ખાનનો ખિતાબ અર્પિત કર્યો, કેમ કે તેની બાહોશીથી આ વિજય પ્રાપ્ત થયો.

(૪) તેણે દેશની ફત્તેહ માટે ફરીથી કમર કસી......પ્રસ્થાન કર્યું અને ભાગ્ય તેની સાથે ગયું.

પંક્તિ ૩ : (૫) એક મહિનામાં તેણે બે અગત્યના વિજયો મેળવ્યા.

(૬) અને તેના આ કાર્યથી, લોકોની જીભ પર તેનું નામ રમવા લાગ્યું. આ બે વિજયોની તારીખ (જાણવાની ઇચ્છા હોય તો) આ શબ્દ જુઓ : ‘એક મહિનામાં બે અગત્યના વિજયો પ્રાપ્ત થયા’ [(હિજરી સન) ૧૦૩૨ (શાબાન = મે-જુન ૧૬૨૩)].



લેખ નં. ૨



લેખ નં. ૨

આ લેખની આખરમાં ૧૦૩૨નો અંક આપવામાં આવેલ છે જે હિજરી સાલમાં વિજયની તારીખ દર્શાવે છે. સાથે છેલ્લી બેતમાં 'તારીખ ગોઈ' પ્રમાણે પણ વર્ષનો નિર્દેશ થયો છે. અહીં નિર્દેશક શબ્દો 'એક મહિનામાં બે અગત્યના વિજયો પ્રાપ્ત થયા' છે. તેના મૂળ ફારસી શબ્દોના અક્ષરોના અંકોનો સરવાળો કરવાથી ૧૦૩૨ આવે છે.

આમ ઉપરના લેખમાં સફીખાને મેળવેલા બીજા વિજયનો ઉલ્લેખ થયો છે. ઉપર જણાવ્યા મુજબ બેમાંથી એક લેખમાં પણ પહેલા કે બીજા વિજય વિષે કોઈ વિગતવાર માહિતી આપવામાં આવી નથી, પરંતુ સમકાલીન ઇતિહાસોમાં આ બંને વિજયો બાબત સારો એવો વિગતવાર ઉલ્લેખ મળે છે. ખાસ કરીને જહાંગીરે પોતે પોતાની આત્મકથા 'તૂઝુકે જહાંગીરી'માં આ બનાવોનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું છે, જેનો ટૂંક સાર આપવો અહીં અસ્થાને નહીં ગણાયઃ—

શાહજહાનને ગુજરાતની સૂબાગીરી મળ્યા પછી તેણે સુંદરદાસ નામના બ્રાહ્મણ સરદારને રાજા વિક્રમાજિતનો ખિતાબ આપી ગુજરાતમાં પોતાના નાયબ તરીકે નીમ્યો હતો. ત્યારબાદ જ્યારે તેણે પોતાના પિતા જહાંગીર વિરુદ્ધ બંડ કર્યું અને દેશની રાજધાની આગ્રા કબજે કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો, ત્યારે રાજા વિક્રમાજિતને પણ લાવલશ્કર સહિત ગુજરાતથી બોલાવ્યો હતો. રાજા પણ પોતાના ભાઈ કન્હરદાસને અમદાવાદમાં પ્રાંતની વ્યવસ્થા અર્થે મૂકી શાહજહાનને જઈ મળ્યો. પરંતુ માર્ચ ૧૬૨૩માં ઉત્તર હિંદુસ્થાનમાં બિલોચપુર ગામ પાસે જહાંગીરના સૈન્ય સાથે થયેલી લડાઈમાં વિક્રમાજિત માર્યો ગયો અને ગુજરાતના નાયબ સૂબાની જગ્યા ખાલી પડી.

એ અરસામાં એક બીજો પ્રસિદ્ધ અમીર અબ્દુલ્લાહખાન ફીરોઝજંગ જહાંગીરથી વિરુદ્ધ પડી શાહજહાનના પક્ષમાં જોડાઈ ગયો હતો. વિક્રમાજિતના મરણ પછી ગુજરાતની સૂબાગીરી માટે તેણે માગણી કરી. જો કે શાહજહાનની ઇચ્છા વિક્રમાજિતના ભાઈ કન્હરદાસને એ પદ આપવાની હતી, પણ અબ્દુલ્લાહખાનના અતિ આગ્રહને વશ થઈ તેને એ કામગીરી સોંપવામાં આવી.

આ સમયે ગુજરાતમાં દીવાન—મહેસૂલખાતાનો વડો અધિકારી—સફીખાન હતો. સફીખાનની પત્ની મલિકાબાનુ નૂરજહાનની ભત્રીજી તથા શાહજહાનની પત્ની મુમ્તાઝમહલની નાની બહેન થતી હતી. શાનજહાને અબ્દુલ્લાખાનને ગુજરાતનું સૂબા-પદ આપ્યું તે પછી તેણે સફીખાન અને કન્હરદાસને આજ્ઞા કરી કે બન્ને કર્મચારીઓ ગુજરાત પ્રાંતનો ખજાનો, કિંમતી વસ્તુઓ તેમ જ જહાંગીર માટે બનાવડાવવામાં આવેલી અમુક ખાસ ચીજો લઈ તેની તહેનાતમાં હાજર થાય. આ બાજુ અબ્દુલ્લાહખાને પણ પોતાના "વફાદાર" નામના ખ્વાજાસરાને પ્રાંતનો કબજો લેવા અમદાવાદ મોકલ્યો. શાહજહાનને એમ હતું કે સફીખાન પણ તેની આજ્ઞાનું પાલન કરશે. કન્હરદાસ તો થોડી વસ્તુઓ લઈ શાહજહાન પાસે પહોંચ્યો. તે પહેલાં સફીખાન પણ, વફાદારના આગમન અગાઉ, અમદાવાદથી નીકળી મહેમદાવાદ તરફ જવા રવાના થઈ ગયો અને આમ તો લોકોમાં એમ જાહેર કર્યું કે તે શાહજહાનને મળવા જાય છે. પણ વાસ્તવમાં તો તેણે બીજા વફાદાર અમીરો સાથે રૂબરૂ તેમ જ પત્રવ્યવહારથી ગુપ્ત મસલત ચલાવી. છેવટે કપડવંજ ખાતે નાહરખાન વગેરે સાથે એમ નક્કી થયું કે નિયત કરેલ દિવસે સૂર્યોદય પહેલાં બધાંએ જુદા જુદા દરવાજાથી અમદાવાદ શહેરમાં પ્રવેશ કરી અબ્દુલ્લાહખાનના નિયુક્ત વફાદાર પાસેથી શહેરનો કબજો લઈ લેવો.

નિશ્ચિત દિવસની આગલી રાત્રે સફીખાને રાતોરાત અમદાવાદ પહોંચી શહેરની પૂર્વે આવેલા રખિયાલ પાસે બાગેશાબાન (મલિક શાબાને બનાવડાવેલ ઉદ્યાન)માં પડાવ નાખ્યો. નાહરખાનને આવવામાં સહેજ વિલંબ થયો, પણ તેની પ્રતીક્ષા કર્યા સિવાય સૂર્યોદય પહેલાં સફીખાને સારંગપુર દરવાજેથી શહેરમાં પ્રવેશ કર્યો. પેલી બાજુ નાહરખાન પણ આવી પહોંચ્યો, અને તે ઈડરિયા એટલે કે હાલના દિલ્હી દરવાજેથી દાખલ થઈ સફીખાનને મળ્યો. બંનેએ મળી અબ્દુલ્લાખાનના બે મુખ્ય કર્મચારીઓને—બખ્શી અને દીવાનને—કેદ કર્યા. વફાદારે નાસીને ખાનપુરમાં આવેલ પ્રસિદ્ધ સાક્ષર સંત શાહ વજીહુદ્દીન સાહેબના સજ્જાદાનશીન શાહ હૈદરના આશ્રય લીધો, પરંતુ છેવટે તે પણ પકડાઈ ગયો. આમ સફીખાન અમદાવાદનો કબજો મેળવવામાં સફળ થયો.

આ હતો તેનો પહેલો વિજય. એમાં તો કાંઈ શક નથી કે આ વિજય મળતાં જ જમણી બાજુની દીવાલવાળો લેખ કોતરવાનો હુકમ થયો હશે, કેમકે તે લેખમાં માત્ર એક જ વિજયનું સૂચન છે.

હવે શાહજહાનને માળવાની રાજધાની માંડુ શહેરમાં સફીખાનના વિજય અને વફાદારના પરાજયના સમાચાર મળતાં જ તેણે અબ્દુલ્લાહખાનને વિના વિલંબે ગુજરાત જઈ પ્રાંતનો કબજો લેવા અનુરોધ કર્યો. અબ્દુલ્લાહખાન તાબડતોબ કૂચ કરી આઠ દિવસના ટૂંક સમયમાં માંડુથી વડોદરા પહોંચ્યો અને હજુ તો અમદાવાદ પર ઓચિંતો હુમલો કરવાનો વિચાર કરે તે પહેલાં તો સફીખાનને તેના આગમનના સમાચાર મળતાંની સાથે જ તે અમદાવાદ શહેરની બહાર પડાવ નાખી અબ્દુલ્લાહખાનના મુકાબલા માટે તૈયાર બેઠો. એટલે અબ્દુલ્લાહખાનને પોતાની યોજના બદલવી પડી અને સામસામેના ખુલ્લા યુદ્ધમાં વધુ લશ્કર જરૂરી હોઈ તેણે વડોદરામાં જ મદદની રાહ જોવાનું ઉચિત માન્યું. મદદ આવી પહોંચ્યા પછી તેણે અમદાવાદ તરફ કૂચ કરી અને મહેમદાવાદ સુધી પહોંચ્યો. પેલી તરફ સફીખાન પણ વટવા સુધી આવ્યો. હિજરી સન ૧૦૩૨ના શાબાન માસની ૨૧મી તારીખે એટલે કે ૧૦મી જૂન, ૧૬૨૩ના દિવસે બંને સરદારો છેવટના મુકાબલા માટે તૈયાર થઈ આગળ વધ્યા. જેતલપુર પાસે થયેલા યુદ્ધમાં અબ્દુલ્લાહખાનની હાર થઈ અને તે ત્યાંથી નાસી બુરહાનપુર શાહજહાન પાસે પહોંચ્યો.

સફીખાનનો બીજો વિજય આ હતો.[૧]

આ વિજયની યાદમાં સફીખાને જેતલપુર પાસે એક સુંદર ઉદ્યાનનું નિર્માણ કરાવી તેનું નામ 'જીતવાડી' આપ્યું. ૧૭મી સદીમાં ભારત આવનારા અનેક વિદેશી પ્રવાસીઓએ આ ઉદ્યાનની મુલાકાત લઈ તેની મુક્ત કંઠે પ્રશંસા કરી છે. પ્રો. કોમિસેરિયેટે તેમનાં પ્રવાસવર્ણનોમાંથી પોતાના ઇતિહાસના ભાગ ૨માં અવતરણો ટાંક્યાં છે. તેમ જ જેતલપુર પાસે નિર્માણ થયેલા બાગમાં જે ઇમારત હતી તેની એક તસ્વીર પણ આપી છે.

---

૧ 'તૂઝુકે જહાંગીરી' (અલીગઢ ૧૮૬૪), પૃ. ૩૬૧-૩૬૫; મિરાતે અહમદી, ભાગ ૧ (વડોદરા ૧૯૨૮), પૃ. ૧૯૭-૧૯૯; વગેરે. પ્રો. કોમિસેરિયેટે (ગુજરાતનો ઇતિહાસ, ભાગ ૨માં પૃ. ૮૮-૯૩) પણ આ બનાવોનો વિગતવાર ઉલ્લેખ કર્યો છે તેમ જ તેમણે સુરત-કોઠી વગેરેના અંગ્રેજ કર્મચારીઓએ પણ આ બનાવની જે નોંધ લીધી છે તેનાં અવતરણો આપ્યાં છે.

આવી કટોકટીના સમયે બતાવેલી બહાદુરી અને કાર્યકુશળતા તેમ જ વફાદારી માટે સફીખાન અને બીજા અમીરોનું યોગ્ય સન્માન કરવામાં આવ્યું. નાહરખાનને શેરખાનનો ખિતાબ મળ્યો. સફીખાનને 'સૈફખાન જહાંગીરશાહી'નો ખિતાબ આપ્યો અને તેનો મન્સબ (હોદ્દો) ૩૦૦ ઘોડેસ્વાર સાથે ૭૦૦ સિપાઈનો હતો તે વધારી ૨૦૦૦ ઘોડેસ્વાર સાથે ૩૦૦૦ સિપાઈનો કર્યો. ઉપરાંત તેને ધ્વજ અને દુંદુભિ રાખવાના માનનો અધિકારી પણ બનાવ્યો, અને ગુજરાતની સૂબાગીરી તેને સુપ્રત થઈ.

થોડા સમય પછી એટલે કે પાંચ વર્ષ પછી જહાંગીરનું મૃત્યુ થયું અને શાહજહાન સિંહાસનારૂઢ થયો. તે વખતે તે પૂના પાસે આવેલ પ્રખ્યાત શિવનેરી પહાડની તળેટીમાં વસેલ જુન્નેર ગામમાં હતો. ત્યાંથી તેણે શેરખાનને અમદાવાદનો કબજો લેવા મોકલ્યો અને સફીખાનને નજરકેદ કરવા આજ્ઞા કરી. શેરખાને અમદાવાદ આવી સફીખાનને કેદ કર્યો અને શાહજહાનના બીજા હુકમની પ્રતીક્ષા કરતો રહ્યો. એવામાં પોતાના બનેવી પ્રત્યેની લાગણીથી પ્રેરાઈ મુમતાઝ-મહલે શાહજહાન પાસેથી સફીખાનને કોઈ પણ જાતની હાનિ ન પહોંચે તેવું વચન લીધું. શાહજહાને સફીખાનને માફી આપી એટલું જ નહિ, પણ તેને બિહારનો સૂબો બનાવી મોકલ્યો. થોડાં વર્ષો પછી પાછી તેની બદલી ગુજરાતમાં થઈ. છેવટે ઈ. સ. ૧૬૪૦માં તેનું અવસાન થયું.

આવા સંજોગોમાં ઉપર ઉઠાવેલા અમુક સવાલો—શિલાલેખોમાં વિજયની વિગતો કેમ આપવામાં આવી નથી, કોણે અને શા માટે લખાણને ભાંગીતોડી નખાવ્યું, વગેરે—ના જવાબો આપોઆપ મળી આવે છે. એ અનુમાન પણ સહેજે થઈ શકે કે શાહજહાનના શાસનકાળની શરૂઆતમાં નિમાઇ આવેલ અધિકારીએ આ શિલાલેખોને મિટાવવાનો હુકમ આપ્યો હશે તેમ જ જ્યારે આ લેખો લખાયા હશે ત્યારે એ કવિએ પોતે કે સફીખાનની ઇચ્છા અનુસાર વિજયોની વિગતો, હારેલા સરદારનું નામ, વગેરે ન આપવાની સાવચેતી રાખી હશે, કેમ કે હરકોઈ જાણતું હતું કે જહાંગીર પછી મુગલ રાજ્યનો વારસ તો શાહજહાન જ હતો.

# સં. ૧૭૯૨માં લખાયેલો એક મહત્ત્વપૂર્ણ વ્યવસ્થા-પત્ર

અગરચંદ નાહટા

ગુજરાતી ભાષાના પ્રાચીન કાવ્યસાહિત્યનું જેટલું પ્રકાશન થયું છે તેટલું પ્રાચીન ગદ્ય-સાહિત્યનું હજી થયું નથી. ઘણાં વર્ષ પહેલાં મુનિ જિનવિજયજીએ "પ્રાચીન ગુજરાતી ગદ્ય-સંદર્ભ" નામે ગ્રંથ પ્રગટ કર્યો હતો. એ પછી ડૉ. ભોગીલાલ સાંડેસરાએ 'ષષ્ટિશતક બાલાવબોધ,' 'વર્ણક-સમુચ્ચય,' 'પંચાખ્યાન બાલાવબોધ' વગેરે ગ્રન્થો સંપાદિત કરીને છપાવ્યા છે; પણ એ ક્ષેત્રમાં જેટલું કામ થવું જોઈએ તેટલું કામ હજી થયું નથી. અહીં જે ગદ્યગ્રન્થોનો નિર્દેશ કર્યો છે તે તો મારુ-ગુર્જર ભાષાની અર્થાત્ રાજસ્થાની અને ગુજરાતી બન્નેની સહિયારી સંપત્તિ છે. સોળમી શતાબ્દીથી રાજસ્થાની અને ગુજરાતી વચ્ચે અંતર વધવા લાગ્યું અને ક્રમે ક્રમે અંતર એટલું વધ્યું કે બન્ને અલગ ભાષાઓ બની ગઈ. આથી સત્તર, અઢાર, ઓગણીસમી સદીની ગુજરાતી ગદ્યરચનાઓ, દસ્તાવેજો આદિ પ્રકીર્ણ સામગ્રી આદિ અધિકાધિક પ્રકાશમાં લાવવાની જરૂર છે જેથી ગુજરાતી ગદ્યના વિકાસનું તથા એની શૈલીઓનું સમુચિત અધ્યયન થઈ શકે.

જૈન જ્ઞાનભંડારોમાં ઉપર્યુક્ત ત્રણેય સદીઓની ઘણી ગદ્યરચનાઓ છે. એમાં કેટલાક તો મોટા મોટા કથાગ્રન્થો છે. કચ્છ-માંડવીના ખરતરગચ્છીય જ્ઞાનભંડારમાંથી મળેલા કેટલાક ગુજરાતી ગદ્ય કથા-ગ્રન્થોની નકલ મેં મારા સંગ્રહાલય માટે કરાવી રાખી છે. દસ્તાવેજો, પટા, પરવાના, પત્રો વગેરેમાં જે ગદ્ય પ્રયોજાયેલું છે તેથી વ્યવહારુ અને વહીવટી લેખનનો પણ પરિચય થાય છે.

જૈનલેખકોએ જે ટબા, બાલાવબોધ, ભાષાટીકા અને સ્વતંત્ર ગદ્યરચનાઓ કરી છે એનું વિવરણ સ્વ. મોહનલાલ દલીચંદ દેસાઈએ 'જૈન ગુર્જર કવિઓ'ના પરિશિષ્ટમાં આપ્યું છે. એમાંથી શતાબ્દીવાર ગદ્યના નમૂના પ્રગટ કરવામાં આવે તોપણ એક ઉપયોગી કાર્ય થશે.

વહીવટી ગદ્યના નમૂના તરીકે અમારા સંગ્રહમાંથી એક વ્યવસ્થા-પત્રની નકલ અહીં આપી છે. આ પત્ર સં. ૧૭૯૨ ના ફાગણ સુદ ૧૧ને બુધવારે અમદાવાદમાં લખાયેલો છે. તે સમયે અમદાવાદમાં મોગલ સૂબા તરીકે જોધપુરના મહારાજા અભયસિંહનું શાસન ચાલતું હતું અને તેમના તરફથી તેમના નાયક ભંડારી રતનસિંહ વહીવટ ચલાવતા હતા. આ પત્રમાં ૮૪ ગચ્છના યતિઓ એકત્ર થયાની વાત લખી છે તે હકીકતમાં એક રૂઢ સંજ્ઞા છે જે ગચ્છોની સંખ્યા માટે પ્રસિદ્ધ હતી. વસ્તુતઃ એ સમયે ૮૪ ગચ્છ વિદ્યમાન હતા જ નહિ. એનો આશય એમ લેવો જોઈએ કે અમદાવાદમાં એ સમયે જેટલા ગચ્છોના યતિ–મુનિઓ હતા એમાંથી સર્વે મુખ્ય વ્યક્તિઓએ આ વ્યવસ્થા-પત્રના લેખનમાં સહકાર આપ્યો હતો. પત્રની નીચે થયેલી સહીઓમાં તપાગચ્છની કેટલીક શાખાના આચાર્યો તથા મુનિઓ અને ખરતરગચ્છની ત્રણ શાખાઓના મુનિઓનાં નામ છે. એમાં પંડિત દેવચંદજીનું નામ વિશેષતઃ ઉલ્લેખનીય છે. તત્ત્વજ્ઞ દેવચંદજી પ્રસિદ્ધ ગ્રન્થકાર હતા. ભંડારી રતનસિંહ તેમનાથી ઠીક પ્રભાવિત થયેલા હતા એ વસ્તુ કવિયણ-રચિત

'દેવવિલાસ'માંથી સ્પષ્ટ છે. અમારા ઐતિહાસિક જૈન કાવ્ય સંગ્રહમાં દેવચંદજી વિશેનું આ કાવ્ય પુનઃ પ્રકાશિત કરવામાં આવ્યું છે; તપા અને ખર્તરગચ્છ ઉપરાંત અંચલગચ્છ, પાયચંદ-ગચ્છ, આગમગચ્છ, પુણ્યમિયાગચ્છ, કમલકલશગચ્છ, રાજવિજયસૂરિગચ્છ, સાગરગચ્છ, ઉતકપુરા ગચ્છના યતિઓની સહીઓ આ વ્યવસ્થા-પત્રમાં છે. સાથેસાથ કેટલીક શ્રાવિકાઓએ પણ આ લખાણમાં સહી સાક્ષી કરી છે. આથી અમદાવાદમાં એ સમયે જે જૈન આચાર્ય, સાધુ, યતિ, શ્રાવક વગેરે હતા એમના નામની જાણકારી આ પત્રમાંથી મળે છે.

આ વ્યવસ્થા-પત્ર જે પ્રયોજનથી લખવામાં આવેલો હતો તે નીચે પ્રમાણે છે. એ સમયે કેટલાક યતિ સાધુ પોતાની મેળે જ આચાર્ય, ઉપાધ્યાય અને પંન્યાસપદ ધારણ કરી લેતા હતા. એ વસ્તુને અમાન્ય કરવાનું વિધાન આ પત્રમાં સર્વેએ કર્યું છે. ખાસ કરીને સંવેદી કીર્તિ-વિમલના શિષ્ય લક્ષ્મીવિમલે પોતાની મેળે જ પોતાને આચાર્ય તરીકે જાહેર કર્યા હતા તેમને આ પત્ર દ્વારા અમાન્ય કર્યા છે. પ્રસિદ્ધ સાહિત્યકાર જ્ઞાનવિમલસૂરિના પટ્ટધર સૌભાગ્ય સાગરસૂરિ તથા તેમના પટ્ટધર સુમતિસાગરસૂરિના ગુરુભાઈ જ્ઞાનસાગરનો પણ આમાં ઉલ્લેખ છે. તત્કાલીન જૈન સંઘની વ્યવસ્થા ઉપર આ પત્રથી સારો પ્રકાશ પડે છે. એ સમયની ગુજરાતી ભાષા, ઇતિહાસ અને ધાર્મિક વ્યવસ્થા, એ ત્રણેય દૃષ્ટિએ આ પત્રને અગત્યનો ગણી અહીં પ્રગટ કર્યો છે.

## વ્યવસ્થાપત્ર

॥ श्री ॥

॥ श्री परमात्मने नमः ॥ श्री २४ नमः ॥

'सं १७९२ वर्षे फागुण सुदिः ११ वार बुधे लिखतं श्री अहम्मदाबाद मध्ये राज श्री महाराजाधिराजमहाराजाजी श्री अभैसिंघजी विजयराज्ये तेहेना नायव सुबि । साहिब भंडारी श्री रतनसिंघजीना वचन थकी चोरासी गच्छरा यतो एकठा मिलीनेंए वात शुं जांणुं हतुं ते लस्यु कीधो छै । 'जे आपणे जिन सासनी परंपराइ न्याय मारग शास्त्र मरयादाइं जे कोई चोरासी गच्छनो आचार्य ज़ोम्य शिष्यनें स्वहस्तें पद आपें चतुर्विध संघ देखतां ते चतुर्विध संघ प्रमांण करें । बीजुं ते पोतानी मेले आचार्यश्री पूज पद धरावें । ते खोटुं ते शास्त्र विरूध गच्छ मरजादा रहित होवै ते घटै नही. पूर्वें पिण एहवुं सांभल्युं नहीं; किहांइ दीठुं नहीं, जे पोताना मिलै आचार्य थाइं ते सर्वथा अघटित छै.' संवेगी कीर्तिविमलनी चेलो लखमीविमल आचार्य नाम धरावै छै. ते कीणैं आचार्यैं आचार्यपद दीधुं नही छै ते आचार्यपद खोटुं छै. संवेगी कीर्तविमलनो चेलो लखमीविमल तथा बीजो जे कोई चेलो आचार्यपद तथा उपाध्यायपद तथा पंन्यासपद नांम धरावै ते खोटुं । तथा विंवचैत्य प्रतिष्ठा करै तो संघ समस्त माहाजननो तथा राजदरबाररो गुंनेहगाह होवैं, तथा एह ते जे कोइ ग्रहस्त महारक तथा सूरीपद नाम कहीनें कागल पत्रा लिखै तथा विवचैत्य प्रतिष्ठा करावै आचार्यपद करी घरे तैडै सामें हींड करी है साहमों जई मानै, ग्रहस्थ सर्व संघनो तथा सर्व महाजननो तथा राजदरबारनो गुंनेगार होवै । हिंदुस्ताणै तुरकांणै सरब ठिकांणें राजदरबारनो गुनेगार होवें ए वंचनप्रमांण न करै ते दरबारनो गुंनेगार होवै सही । सर्वे गामें तीर्थे नगरे सही पूर्वे भट्टारक श्री ज्ञानविमलसूरि थया तेहनें पाटें भट्टारक श्री सौभाग्य

सागरसूरि तेहनें पाटें भट्टारक श्री सुमतिसागरसूरि थया तेहनी परंपराई संघाडामांहै ए नथो तेहोणें हाथें करी पद दीधुं नही। सही फोकट झुठुं नाम धरावै छै, ते अप्रमाण छै। आचार्य श्री सुमतिसागरसूरि तेहना गुरुभाई पं. ज्ञानसागर तेहनें पासे बिश्वास देईनें ले गयो. आगल चूयालनें गामें भकोडें तथा भिलीयार मध्ये जईने आचार्य नांम धराबुं पोतानी मिलैं तेहांना ग्रहस्थ मणियार देवचन्द्रं कुंअरजी मुख जाणें छे ए वात सर्वेई जाणें छै। ते श्री अहम्मदाबाद आव्या हता तिहों ए वात सर्वेई कही ते माहें सर्वे संघ सर्व साधु मलीने भंडारी श्री रतनसिंघजी हजूर ए बात सर्वे ही कही ते प्रमांण करी छै, ए वात पेहता पिण इमज जोणत्महर्त तिवस तिमही (?) जमली तीबारें पंचें मलीने इम लिखुं जे जेहनैं आचार्य करीनें मानें अथवा तेडै तथा कागल पत्र लिखै तो हिदु आणें तुरकाणें राजदरबारनो गुंनिहगार होवे सही. पंन्याय सागर पासेथी पोथी विश्वासी तिसरी मंत्रनो पट तथा टीका बीजुं जे कोइ वस्तु वस्त्रादिक ले गइयो छै ते पन्याय सागरने छुं आपै. भट्टारक श्री ज्ञानविमलसूरीनी परपंरानुं पोथी पानुं वस्तु लिखीमीविमलें तथा लखमीविमलना भाई प्रमुख अगराने आपै ते महाजननो तथा राज दरबारनो गुनेहगार होवैं. सही समस्त वीरासा गछना यही तथा सर्व महाजन मलीने लखत कीहुं छै तथा भट्टारक श्री ज्ञानविमलसूरीनी परपंरानुं पोथी पानुं सवो पंचम लीनें पंन्याय सागर-नें आप्युं छै ए लिया प्रमाणें नही चालै ते समस्त महाजननो तथा राजदरबारनो गुंनेगारी होवे कहीए लिख्यु ते सही जाणज्यो ए लखत प्रमांणों थापउथाप करें ते राजदरबारनो गुंनेगारी हो सही॥ श्रीरस्तु श्रीरस्तु ॥

श्री विजयदेवसूरि पं. लालविजय मत्तु

श्री विजय आणीद सरी गछे, पं. निर्मल विजयम छे

श्री उपकेशगछे ॐ धीश विमलजी मतुं

श्री सागरगछै पं. सुमतिसागर मतुं

श्री राजविजयसूरिगछे पं. हस्तिरत्न मत्तुं

श्री अंचलगछै पं. भाग्यचन्द मतुं

श्री खरतरगछै बाई सरजी मत्तुं

श्री संवेगपक्षे श्री कीर्तिविमल मतुं

श्री पायचंद गछे पं. दुलीचंदजी मतुं

श्री आगमगछै पं. मुनि रायचंद मतुं

श्री पुनमियागछै पं. सामलजी मतुं

श्री सुंदरविजय सुबधिविजय मतुं

श्री कमलकलसगछै पं. सोभागयचंद मतुं

श्री पीपालियाखरतगछे पं. कुसलधर्म मतुं

श्री खरतरगछै पं. देवचन्दजी मतुं

उपर लिखौं ते सही छै ।

१ सा. जगरा गोकुल मतुं
१ सा. हीरांचंद अणदासजी मतुं
१ सा. लालजी पाना मतुं
१ सा. असकरण अणदाजी मतुं
१ सा. खुसालचंद चंदरभाण मतुं
१ सा. मोदी जगु माधवजी मतुं
१ सेठी दीपचंद राघवजी मतुं
१ सा. खुसालजी मतु

१ सा. लाघवेंदरमीण मतुं
१ सा. लालाधर सूरप्रभल मतुं साख
१ सा. गेलुचंद व्रधमानरा साख
१ सा. भणसाली खुसालचंद हरखचंद मतुं
१ सा. जीवा लखमीदासरी साख
१ सा. मीठ गुलालचंदरा साख
१ सा. वसता जसकरणी साख
उपर लिखौ सु सही

# ધાર્મિક મૂલ્યો અને કૌટુમ્બિક જીવન

## ( કૉલેજ અધ્યાપકોનું એક સમાજશાસ્ત્રીય અધ્યયન )

મહેન્દ્ર ઝવેરી

પ્રાચીન અને મધ્યકાલીન માનવસમાજોમાં સામાજિક જીવનનાં વિભિન્ન પાસાંઓ પર ધર્મનું આધિપત્ય જોવામાં આવતું. આથી ધાર્મિક ખ્યાલો સમગ્ર જીવનનું ધારક-બળ બની રહેતા. પરંતુ ઔદ્યોગિક ક્રાંતિએ સામાજિક જીવનની આ પેટર્નમાં એક મૂળભૂત પરિવર્તન આણ્યું. વિભિન્ન સામાજિક સંસ્થાઓનું ધર્મ સાથેનું આ સંશ્લેષણ ( fusion ) ક્રમશઃ ઘટવા માંડ્યું અને અન્ય સંસ્થાઓ પરનો ધર્મનો પ્રભાવ પણ ધીમે ધીમે ઓસરવા માંડ્યો. વિજ્ઞાન, ટેકનોલોજી અને આર્થિક પ્રવૃત્તિ સર્વપ્રથમ ધર્મના પ્રભાવમાંથી મુક્ત થયાં. રાજકારણ, શિક્ષણ, મનોરંજન ઇત્યાદિ સામાજિક જીવનનાં પાસાંઓ ઉપરનું ધર્મનું વર્ચસ્ પણ હવે ઘટી રહ્યું છે. પરંતુ કુટુંબ અને લગ્નજીવનની બાબતમાં કદાચ આમ ન કહી શકાય. પશ્ચિમના ઔદ્યોગિક સમાજોમાં પણ કુટુંબ પરનું ધર્મનું વર્ચસ્વ ઠીક ઠીક પ્રમાણમાં જોવામાં આવે છે. કૌટુમ્બિક જીવનને ધર્મના પ્રભાવમાંથી મુક્ત કરવાના તમામ પ્રયાસોનો ધર્મધુરંધરોએ અને રૂઢિચુસ્તોએ પ્રખર વિરોધ કર્યો છે. આપણા દેશમાં પણ જ્યારે ‘ હિન્દુ કોડ બિલ ’ને કાનૂની સ્વરૂપ આપવામાં આવ્યું ત્યારે એનો ઉગ્ર વિરોધ થયેલો. મુસ્લિમોના લગ્ન અંગેના રિવાજોમાં પરિવર્તન કરવાનું જ્યારે સૂચવાય છે ત્યારે મુસ્લિમો પણ એને ‘ ધર્મમાં કરવામાં આવતી દખલ ’ તરીકે વર્ણવી એનો વિરોધ કરે છે. વ્યક્તિનાં ધાર્મિક મૂલ્યો અને તેના કૌટુમ્બિક જીવનનાં વિવિધ પાસાં પરસ્પર કેવાં સંકળાયેલાં છે એ બતાવવાનો પ્રયત્ન આ લેખમાં કર્યો છે.

ઉપર્યુક્ત ઉદ્દેશને લક્ષ્યમાં રાખી ૧૯૬૫-૬૬ના વર્ષ દરમ્યાન વલ્લભ વિદ્યાનગરમાં અધ્યાપનકાર્ય કરી રહેલા કૉલેજ અને યુનિવર્સિટીના અધ્યાપકોનું એક સર્વેક્ષણ મેં હાથ ધરેલું. અધ્યાપકોનાં ધાર્મિક મૂલ્યો તથા તેની તેમનાં વ્યક્તિગત, કૌટુમ્બિક અને સામાજિક જીવન પર પડતી અસરોને નોંધવાના આશય સાથે એક વિસ્તૃત અનુસૂચિ તૈયાર કરવામાં આવી. કુલ ૩૪૦ જેટલા હિન્દુ ગુજરાતી પુરુષ અધ્યાપકોમાંથી ૧૦૦ અધ્યાપકોને ( ૨૯·૪ ટકા ) સ્તરિત રેન્ડમ સેમ્પલિંગની પદ્ધતિ દ્વારા પસંદ કરવામાં આવ્યા. આ અધ્યાપકોની વ્યક્તિગત મુલાકાત લઈને અનુસૂચિના પ્રશ્નોના તેમના પ્રત્યુત્તરો નોંધવામાં આવ્યા. આ રીતે એકત્ર થયેલી માહિતીનો આ લેખમાં ઉપયોગ કર્યો છે. અભ્યાસના પ્રારંભે એવી એક સામાન્ય ઉપકલ્પના કરવામાં આવેલી કે ‘ શિક્ષિત હિન્દુઓના જીવનમાંથી ધર્મનો પ્રભાવ ક્રમશઃ ઘટતો જાય છે. ’ ‘ અધિપ્રાકૃતિક તત્ત્વમાં વિશ્વાસ ’એ અર્થમાં અહીં ધર્મની વ્યાખ્યા કરીશું.

### લગ્ન, છૂટાછેડા અને અધિપ્રાકૃતિક તત્ત્વ :

હિન્દુ લગ્નને સંપન્ન કરવા માટે ધાર્મિક અનુષ્ઠાનોને આવશ્યક ગણવામાં આવ્યાં છે. ૧૯૫૫નો ‘ હિન્દુ વિવાહ કાનૂન ’ પણ કોઈ ને કોઈ પ્રકારની ધાર્મિક વિધિને જરૂરી લેખે છે.

અગ્નિદેવની સાક્ષી હિન્દુ લગ્ન માટે અનિવાર્ય લેખવામાં આવી છે. આમ લગ્ન-સંસ્થા પરનું ધર્મનું આધિપત્ય સ્પષ્ટ બને છે. મારા નિદર્શના સો અધ્યાપકોમાંથી ૯૮ પરિણીત હતા. એ બધાનાં લગ્ન ધાર્મિક વિધિ અનુસાર જ થયેલાં. બાકીના બે અપરિણીતોએ પણ એવું મંતવ્ય પ્રગટ કરેલું કે લગ્નમાં ધાર્મિક વિધિ આવશ્યક છે.

આપણે ઘડીભર એમ માની લઈએ કે આ અધ્યાપકો તેમના લગ્ન સમયે વડીલોના નિયંત્રણ હેઠળ હોવાને કારણે, તેમને માટે ધાર્મિક વિધિ સ્વીકારવા સિવાય કોઈ બીજો વિકલ્પ નહિ હોય. પરંતુ ભવિષ્યમાં જ્યારે તેઓ વડીલના સ્થાને આવે ત્યારે તેઓ કેવો વ્યવહાર કરશે એ જાણવાના હેતુથી એમને પ્રશ્ન કરવામાં આવ્યો કે, 'તમે તમારાં નાનાં ભાઈ-બહેનોનાં કે સંતાનોનાં લગ્ન સિવિલ મેરેજની પદ્ધતિ દ્વારા કરવાનું પસંદ કરશો ?' માત્ર ૧૮ ટકાએ સિવિલ મેરેજ સ્વીકારવાની તત્પરતા દાખવી. ૭૬ ટકાએ એનો વિરોધ કર્યો; જ્યારે ૬ ટકા અધ્યાપકોએ આ બાબતમાં પોતાનાં નાનાં ભાઈ-બહેનો યા સંતાનોને તેમની મરજી અનુસારની વિધિ સ્વીકારવાની પોતે સ્વતંત્રતા આપશે એમ જણાવ્યું. ૮૦ ટકા અધ્યાપકો લગ્નમાં ધાર્મિક વિધિને જરૂરી લેખે છે. બાકીના ૨૦ ટકાને જ્યારે એમ પૂછવામાં આવ્યું કે, 'જો તમારા વડીલો ધાર્મિક વિધિનો આગ્રહ પકડી રાખે તો તમે ધાર્મિક વિધિ સ્વીકારો ખરા ?' ૧૬ ટકા અધ્યાપકોએ એનો પ્રત્યુત્તર હકારમાં આપ્યો. એનો અર્થ એ છે કે કોઈ પણ પરિસ્થિતિમાં ધાર્મિક વિધિનો ત્યાગ કરવાની તૈયારી દાખવનારા અધ્યાપકો માત્ર ૪ ટકા જ હતા.

હિન્દુઓની ઉચ્ચ જ્ઞાતિઓમાં જન્માક્ષર મેળવીને લગ્ન ગોઠવવાનો રિવાજ ઘણી જગ્યાએ પ્રચલિત છે. માણસ જ્યારે જન્માક્ષર મેળવવાનો આગ્રહ રાખે ત્યારે એમ કહી શકાય કે મનુષ્યના સાંસારિક જીવનને પ્રભાવિત કરવાની ગ્રહોની શક્તિમાં ( જે એક પ્રકારનું અધિ-પ્રાકૃતિક તત્ત્વ છે ) એ આસ્થા ધરાવે છે. ૩૩ ટકા અધ્યાપકો જન્માક્ષર મેળવવા જરૂરી લેખતા હતા, જ્યારે ૫૪ ટકાને એ મેળવવાની જરૂર જણાતી નહોતી. ૧૩ ટકાનું વલણ મહદ્ અંશે અનિશ્ચિત હતું. ( આ માટે Ambivalent શબ્દ વધારે યોગ્ય છે. ) ૯૮ પરિણીત પ્રાધ્યાપકોમાંથી ૨૭ની બાબતમાં જન્માક્ષર મેળવવાનો આગ્રહ સેવવામાં આવ્યો હતો. આપણા સમાજમાં ગ્રહોની શક્તિમાં વિશ્વાસ ધરાવનાર લોકોની સંખ્યા મોટી છે અને એ બાબતમાં શિક્ષિતોનાં વલણો અશિક્ષિતોનાં વલણોથી કંઈ બહુ જુદાં નથી.

લગ્નવિચ્છેદનો ખ્યાલ હિન્દુઓએ આધુનિક કાળ પર્યંત સ્વીકાર્યો નહોતો, કારણ કે એમની દૃષ્ટિએ લગ્ન એ જન્મજન્માંતરનો સંબંધ હતો, જોકે વ્યવહારમાં આવા ખ્યાલો એટલી ગંભીરતાથી સ્વીકારવામાં નહિ આવતા હોય, વ્યક્તિના જીવનમાં બનતા મહત્ત્વના પ્રસંગો જેવા કે જન્મ, મૃત્યુ, લગ્ન વગેરેની પાછળ કોઈ ને કોઈ પ્રકારની દૈવી ઇચ્છા રહેલી હોય છે એવી ભાવના મોટા ભાગના અધ્યાપકો ધરાવતા હતા. લગ્ન ઈશ્વરનિર્મિત છે ( ૬૩ ટકા ) યા હોઈ શકે છે ( ૬ ટકા ) એવું મંતવ્ય ૬૯ ટકા અધ્યાપકો સ્વીકારે છે. બાકીના ૩૧ ટકા અધ્યાપકો આવી કોઈ દૈવી ઇચ્છાના ખ્યાલમાં ન માનતાં, લગ્નને કેવળ એક સામાજિક ઘટના તરીકે જ ઓળખાવે છે. છૂટાછેડાની બાબતમાં ૫ ટકા અધ્યાપકોનું વલણ સંપૂર્ણતઃ પરંપરાવાદી છે. કોઈ પણ પરિસ્થિતિમાં તેઓ છૂટાછેડાનો સ્વીકાર કરતા નથી. ૬૭ ટકા અધ્યાપકો કેવળ એક અપવાદ રૂપે જ છૂટાછેડાને મંજૂર

રાખે છે. પરંતુ ૨૮ ટકા અધ્યાપકો છૂટાછેડાને વધુ સરળ બનાવવાની તરફેણ કરે છે. એકંદરે જોતાં એમ કહી શકાય કે અધ્યાપકોની દષ્ટિએ લગ્ન એ કોઈ કરાર નહિ પરંતુ જીવન પર્યંતનો સ્થિર સંબંધ હોવો જોઈએ અને આ માટે લગ્ન-સંબંધમાં પવિત્રતાનું આરોપણ કરવું જરૂરી બને છે. પશ્ચિમના સમાજોમાં છૂટાછેડાનું જે ભારે પ્રમાણ પ્રવર્તે છે તે પ્રત્યે અધ્યાપકો ચિંતાની નજરે જુએ છે અને આવું હિન્દુ સમાજમાં તો ન જ બનવું જોઈએ એવો આગ્રહ સેવે છે.

## કુટુંબમાં થતા ધાર્મિક સંસ્કારો :

શાસ્ત્રો અનુસાર પ્રત્યેક હિન્દુએ તેના જીવનકાળ દરમ્યાન સોળ જેટલા ધાર્મિક સંસ્કારોમાંથી પસાર થવાનું હોય છે. આજે એમાંના ઘણાખરા સંસ્કારો લુપ્ત થઈ ચૂક્યા છે. પરંતુ ચૌલકર્મ, ઉપનયન અને સીમંત જેવા, આજે પણ ઘણે અંશે પ્રચલિત એવા, ધાર્મિક સંસ્કારો પ્રત્યેના અધ્યાપકોનાં વલણોનું વિશ્લેષણ અહીં કરીશું.

બાળકોના વાળ ઉતરાવવાની વિધિ જેને ચૌલકર્મ કહેવામાં આવે છે તે ૭૭ ટકા અધ્યાપકોનાં કુટુંબોમાં પ્રવર્તે છે. બાકીના ૨૩ ટકા અધ્યાપકોનાં કુટુંબોમાં, તેમના જણાવ્યા અનુસાર, આવી વિધિ કરવામાં આવતી નથી. ૭૭ અધ્યાપકોમાંથી ૬૭ અધ્યાપકોને ત્યાં એમનાં બાળકોનાં ચૌલકર્મ થઈ ગયાં છે યા થશે. બાકીના દશમાંથી પાંચને ત્યાં સંજોગવશાત્ આ વિધિ થઈ શકી નહોતી, જ્યારે માત્ર પાંચ અધ્યાપકોએ જ આ વિધિનો અનાદર કર્યો હતો. ચૌલકર્મની વિધિ પ્રત્યેના અધ્યાપકોના વલણની તપાસ કરતાં જણાયું કે ૪૭ ટકા આ વિધિને યોગ્ય સુધારા-વધારા સાથે જાળવી રાખવી જોઈએ એવું મંતવ્ય ધરાવે છે. આ ૪૭માંથી ૧૯ જણાએ બાધા-આખડી જેવાં ધાર્મિક-અધિપ્રાકૃતિક કારણોસર અને ૨૮ જણાએ કેવળ સામાજિક પરંપરાને કારણે આ સંસ્કાર યોજ્યા હતા. ૧૩ ટકા અધ્યાપકોનું વલણ અનિશ્ચિત ( Ambivalent ) જણાય છે. તેમના કહેવા અનુસાર તેઓએ કેવળ કુટુંબમાં વડીલો અને સ્ત્રીઓને રાજી રાખવાના આશયથી જ આ વિધિને સંમતિ આપી હતી. ૧૭ ટકા અધ્યાપકો એવું સ્પષ્ટ રીતે માનતા હતા કે ચૌલકર્મની વિધિને તિલાંજલિ આપવી જોઈએ.

## ધાર્મિક સંસ્કારો પ્રત્યેનાં અધ્યાપકોનાં વલણો :

| | વલણો સંસ્કારો | ચૌલકર્મ | ઉપનયન | સીમંત |
|---|---|---|---|---|
| ૧ | આ સંસ્કારને યોગ્ય સુધારા-વધારા સાથે પણ જાળવી રાખવા જોઈએ. | ૪૭ | ૩૦ | ૪૯ |
| ૨ | કોઈ નિશ્ચિત અભિપ્રાયનો અભાવ | ૧૩ | — | ૪ |
| ૩ | આ સંસ્કારને તિલાંજલિ આપવી જોઈએ. | ૧૭ | ૮ | ૪૭ |
| ૪ | અમારા કુટુંબમાં આ સંસ્કાર પ્રચલિત નથી. | ૨૩ | ૬૨ | — |
| | કુલ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ |

ઉપનયન સંસ્કાર બ્રાહ્મણોમાં જ મુખ્યત્વે કરીને જોવામાં આવે છે. નિદર્શમાં બ્રાહ્મણ જ્ઞાતિના ૩૨ અધ્યાપકો હતા. આમાંના ૧૨ અધ્યાપકો ધાર્મિક કારણોસર, ૧૦ અધ્યાપકો સામાજિક કારણોસર અને ૨ અધ્યાપકો વડીલોની આમન્યા જાળવવાના આશયથી ઉપનયન સંસ્કારને આવશ્યક લેખતા હતા. બાકીના ૮ બ્રાહ્મણ અધ્યાપકોની દૃષ્ટિએ ઉપનયન સંસ્કાર અનાવશ્યક છે. બ્રાહ્મણેતર જ્ઞાતિઓમાં લોહાણા તથા સોની જ્ઞાતિના અધ્યાપકોમાં પણ ઉપનયન સંસ્કાર કરવામાં આવે છે. આમ ૩૨ બ્રાહ્મણ તથા ૬ લોહાણા-સોની અધ્યાપકો એમ કુલ ૩૮ કુટુંબમાં ઉપનયન સંસ્કાર પ્રવર્તે છે. બાકીના ૬૨ અધ્યાપકોનાં કુટુંબમાં ઉપનયન સંસ્કાર યોજવામાં આવતા નથી. આમ છતાં આમાંના ૩ પાટીદાર અધ્યાપકોની દૃષ્ટિએ ઉપનયન સંસ્કાર મહત્ત્વના છે અને પોતાનાં સંતાનોને આ સંસ્કાર મળે તેમ તેઓ ઈચ્છે છે.

પ્રથમ સંતાનના જન્મ પૂર્વે કરવામાં આવતા સીમંતના સંસ્કાર હિન્દુઓની ઘણી જ્ઞાતિઓમાં વિશેષ મહત્ત્વના ગણાય છે. ધાર્મિક કરતાં પણ એનું સામાજિક મહત્ત્વ વિશેષ જોવામાં આવે છે. આ પ્રસંગે સારો એવો ખર્ચ પણ ભોગવવો પડે છે. ૮૦ ટકા અધ્યાપકોને ત્યાં સીમંતના સંસ્કાર યોજાયા હતા, ૮ ટકાને ત્યાં પ્રતિકૂળ સંજોગોને કારણે સીમંત થઈ શકયું નહોતું, જ્યારે માત્ર ૪ ટકા અધ્યાપકોએ જ આ રિવાજનો અનાદર કર્યો હતો. ૪૯ ટકા અધ્યાપકોની દૃષ્ટિએ સીમંતના સંસ્કાર જરૂરી છે અને યોગ્ય સુધારા-વધારા સાથે એને ટકાવી રાખવા જોઈએ. આ પ્રસંગે કરવામાં આવતા ખર્ચને ઘટાડવાના મુદ્દા પર તેઓ વિશેષ ભાર મૂકતા હતા, પરંતુ ૪૭ ટકા અધ્યાપકો આ પ્રથાનો ત્યાગ કરવાનો અનુરોધ કરતા હતા.

## વડીલો અને સંતાનો પ્રત્યેનાં વલણો :

ઇસ્લામ તથા રોમન કેથોલિક સંપ્રદાયના નેતાઓ આજપર્યંત કુટુંબનિયોજનનો ભારે વિરોધ કરતા આવ્યા છે. હિન્દુ સનાતનીઓ પણ કુટુંબનિયોજન પ્રત્યે કંઈક કરડી નજરે જ જુએ છે, પરંતુ અધ્યાપકોના આપણા નિદર્શમાં માત્ર એક વ્યક્તિને બાદ કરતા બાકીના ૯૯ અધ્યાપકો કુટુંબનિયોજનને આવકારે છે. કુટુંબનિયોજન ધર્મથી વિરુદ્ધ છે એવો ખ્યાલ માત્ર ૧૩ ટકા અધ્યાપકો જ ધરાવે છે. ૯૯ અધ્યાપકોમાંથી ૨૩ અધ્યાપકો કુટુંબનિયોજન માટે સંયમ તથા નૈસર્ગિક પદ્ધતિઓના ઉપયોગને જ વ્યાજબી લેખે છે, જ્યારે ૭૬ ટકા અધ્યાપકો કૃત્રિમ સાધનોના ઉપયોગને પણ આવકારતા હતા.

હિન્દુ સમાજમાં પુત્રની ઝંખના બહુ શક્તિશાળી રહી છે. એની પાછળ સામાજિક અને મનોવૈજ્ઞાનિક કારણો તો રહેલાં છે જ, પરંતુ વધુમાં ધાર્મિક કારણો પણ આજપર્યંત એટલાં જ બળવાન રહ્યાં છે. 'સંતાનોમાં ઓછામાં ઓછો એક પુત્ર તો હોવો જ જોઈએ' એવી લાગણી ૬૦ ટકા અધ્યાપકો ધરાવે છે. 'જો પુત્ર પિંડદાન કરે તો જ મૃતાત્માને શાંતિ મળે' એવી આપણી પરંપરાગત માન્યતાનો સ્વીકાર માત્ર ૧૦ ટકા અધ્યાપકો જ કરતા હતા. બાકીના ૯૦ ટકા અધ્યાપકોને એમાં શ્રદ્ધા નહોતી. આ ઉપરથી કહી શકાય કે પુત્રની ઝંખના પાછળ ધાર્મિક યા અધિપ્રાકૃતિક કારણો નહિ, પરંતુ સામાજિક અને મનોવૈજ્ઞાનિક કારણો રહેલાં છે. ભાદ્રપદ માસના કૃષ્ણ પક્ષમાં આપણે ત્યાં મૃતાત્માની યાદમાં શ્રાદ્ધ થાય છે. ૭૨ ટકા અધ્યાપકોને ઘેર આવું શ્રાદ્ધ કોઈ ને કોઈ સ્વરૂપમાં થતું હોય છે, પરંતુ શ્રાદ્ધનો અવસર ધાર્મિક ન રહેતાં, મહદ્ અંશે કૌટુમ્બિક મિલનનો પ્રસંગ બની જાય છે.

હિન્દુ કુટુંબમાં વડીલો પ્રત્યે વિશેષ આદરની ભાવના કેળવવામાં આવે છે. વૃદ્ધો અને વડીલોની સેવાને એક પવિત્ર ફરજ લેખવામાં આવે છે. બધા અધ્યાપકો વડીલોની સેવાને પોતાની ફરજ તરીકે તો સ્વીકારે છે જ પરંતુ ૯૨ ટકા અધ્યાપકો એને સામાન્ય ફરજ ન લેખતાં, પવિત્ર ફરજ તરીકે સ્વીકારવાનું વલણ ધરાવે છે. ૬૦ ટકા અધ્યાપકો એવું શ્રદ્ધાપૂર્વક માને છે કે ' જો આપણે માતાપિતાની સેવા દ્વારા તેમની આંતરડી ઠારીશું તો જ આપણા જીવનમાં સુખી થઈશું. ' આ પ્રકારના ખ્યાલો હિન્દુ કુટુંબની સંયુક્તતાને ટકાવી રાખવામાં પ્રકાર્યગત ( functional ) બની શકે.

## માનસિક તંગદિલીના નિવારણમાં ધર્મનો ફાળો :

ધર્મનું એક પ્રમુખ સામાજિક કાર્ય એ છે કે જ્યારે વ્યક્તિના જીવનમાં કટોકટીના પ્રસંગો આવે તથા એને લીધે જે માનસિક તંગદિલી સર્જાય તેનું નિવારણ કરવું. આ વિષયમાં પૂછવામાં આવેલા પ્રશ્નોના જે ઉત્તરો પ્રાપ્ત થયા છે તેના પરથી એમ કહી શકાય કે હિન્દુઓની ધાર્મિક માન્યતાઓ માનસિક તંગદિલીને હળવી બનાવવામાં અસરકારક ફાળો આપે છે. વ્યક્તિની દૃષ્ટિએ ધર્મનું આ કાર્ય કદાચ વિશેષ મહત્ત્વનું છે.

નિકટના સ્વજનોના મૃત્યુ પ્રસંગે કથા-ભજન જેવા ધાર્મિક કાર્યક્રમો યોજવાનું ૮૭ ટકા અધ્યાપકો પસંદ કરે છે. ૮૪ ટકા અધ્યાપકો એમ માને છે કે ઈશ્વરનું ચિંતન માનસિક શાંતિ આપી શકે છે. ' રામ રાખે તેને કોણ ચાખે ' એ લોકોક્તિમાં ૫૫ ટકા અધ્યાપકો વિશ્વાસ ધરાવે છે. હૃદયપૂર્વક કરવામાં આવેલી પ્રાર્થના આપણને આપત્તિમાંથી ઉગારી લે છે એવી શ્રદ્ધા ૨૧ ટકા અધ્યાપકોને છે ત્યારે બીજા ૬૩ ટકા અધ્યાપકો એવું માને છે કે પ્રાર્થના આપણને મુશ્કેલીમાંથી કોઈ ને કોઈ માર્ગ અવશ્ય શોધી આપે છે. પ્રાર્થના દ્વારા જીવનની આપત્તિઓમાંથી ઊગરી જવાના કોઈ અનુભવો તમને થયા છે ? એ પ્રશ્નના પ્રત્યુત્તરમાં ઓછામાં ઓછા ૧૧ ટકા અધ્યાપકોએ એમ જણાવ્યું કે તેમને એવા-ચમત્કારિક કહી શકાય તેવા-અનુભવો થયા છે.

## તથ્યોનું અર્થઘટન :

ઉપર દર્શાવેલાં તથ્યોથી એટલું સ્પષ્ટ થાય છે કે શિક્ષિત હિન્દુઓમાં પણ કુટુંબ અને ધર્મ વચ્ચેનું સંશ્લેષણ ભારે પ્રમાણમાં રહેલું છે. લગ્નમાં ધાર્મિક વિધિનો સદંતર ત્યાગ કરવાની તૈયારી માત્ર ૪ ટકાની, સરળ છૂટાછેડાની તરફેણ કરનાર માત્ર ૨૮ ટકા, ચૌલકર્મ અને ઉપનયનને પડતા મૂકવાની તૈયારી અનુક્રમે ૧૭ ટકા અને ૮ ટકાની, એક માત્ર સીમંતની વિધિને તિલાંજલિ આપવાની તૈયારી ૪૭ ટકા જેટલા અધ્યાપકોની છે. આના ઉપરથી જણાશે કે શિક્ષિત હિન્દુ-ઓમાં પણ ધાર્મિક વિધિઓનો ત્યાગ કરવાની તૈયારી બહુ થોડા લોકોની છે. મોટા ભાગના અધ્યાપકો પરંપરાથી ચાલી આવેલી વિધિઓને વત્તેઓછે અંશે સ્વીકારે છે. આમ છતાં તેઓના વલણમાં જડતા નથી. એમાં યોગ્ય સુધારા-વધારા કરવાની તરફેણ મોટા ભાગના અધ્યાપકો કરે છે. મેક્સ વેબરની પરિભાષામાં અધ્યાપકોનાં આ વલણોને પરંપરાનો આદર કરનાર એવા traditional વલણ તરીકે ઓળખાવી શકીએ. પરંતુ કોઈ પણ સંજોગોમાં એમને પરંપરાની આંધળી પૂજા કરનારા–traditionalistic–પરંપરાવાદી તરીકે વર્ણવી શકીએ નહિ. શિક્ષિત હિન્દુઓ ધર્મની બાબતમાં કદાચ ક્રાંતિકારી નથી, પરંતુ સુધારાવાદી તો છે જ. તેઓ બહુ ઝડપી પરિ-

વર્તનને આવકારતા ન હોવા છતાં, તેમનાં વલણોમાં પૂરતું લચીલાપણું (flexibility) હોવાથી નવી પરિસ્થિતિ સાથે સમાયોજન સાધવાની ક્ષમતા તેઓ ધરાવે છે. પરંપરા વિરુદ્ધ આધુનિકતાની જે ચર્ચા આજે વિદ્વાનોમાં ચાલે છે એના સંદર્ભમાં કહેવું જોઈએ કે શિક્ષિત હિન્દુઓનાં વલણો ન તો પરંપરાવાદી છે, ન તો આધુનિકતાના વિરોધી છે.

કુટુંબ-જીવનની સાથે ધાર્મિક વિધિઓ જે રીતે સંકળાયેલી છે તે જોતાં લાગે છે કે કુટુંબ વ્યવસ્થાને સ્થિર અને સ્થાયી બનાવવાના કાર્યમાં એનો મોટો હિસ્સો છે. વળી આ બધા ધાર્મિક સંસ્કારો વ્યક્તિની બદલાતી ભૂમિકાને જાહેર કરવાના આશયથી યોજાતા rite de passage જેવા છે. ચૌલકર્મ, ઉપનયન, વિવાહ, સીમંત વગેરે પ્રસંગોને ભલે આપણે ધાર્મિક સંસ્કારો તરીકે વર્ણવીએ, વાસ્તવમાં તો એ બધા સામાજિક સમારંભો છે. આ પ્રસંગોએ થતી ધાર્મિક વિધિઓની અપેક્ષાએ, પ્રસંગમાં કોણ આવ્યું, કોણ ન આવ્યું, કોણે કેટલો સહકાર આપ્યો, કોણે કેટલો ખર્ચ કર્યો વગેરે સાંસારિક બાબતો જ વધારે મહત્ત્વની બની જાય છે. આ તો એક પ્રકારનાં કૌટુમ્બિક અને સામાજિક મિલનો છે. આ પ્રસંગો પર કેવળ એક ઝીણું પાતળું ધર્મનું આવરણ ઓઢાડવામાં આવ્યું છે એટલું જ. વાસ્તવમાં ધર્મનું મહત્ત્વ ગૌણ છે. દુર્ખાઈમનું કથન 'Religion is essentially social.' એ અહીં કેટલું બધું સાચું લાગે છે! જ્યોતિર્મયી શર્માએ કલકત્તાના દૂર્ગાપૂજાના ઉત્સવો વિષે આવો જ મત વ્યક્ત કરતાં કહ્યું છે કે, દૂર્ગાપૂજાના ઉત્સવોમાં ધાર્મિક અંશ (Religious Content) કરતાં સાંસારિક અંશ (Secular Content) વધારે મહત્ત્વનો બની રહ્યો છે.

તંગદિલીનું નિવારણ સાધનારી વ્યવસ્થા (Tension Management System) તરીકે અધ્યાપકોના જીવનમાં ધર્મ અગત્યનું સ્થાન ધરાવે છે. પ્રાર્થનાની શક્તિમાં ઘણા મોટા ભાગના અધ્યાપકોને શ્રદ્ધા છે. ઈશ્વર-સ્મરણ દ્વારા જીવનના આઘાતોને સહેલાઈથી જીરવી શકાય છે એ વિચાર પણ મોટા ભાગના અધ્યાપકો સ્વીકારે છે. બુદ્ધિવાદીની દૃષ્ટિએ અતાર્કિક જણાતા આવા ધાર્મિક ખ્યાલો એક પ્રકારની સામાજિક જોગવાઈઓ છે, જે કટોકટીના પ્રસંગોએ સમાયોજન સાધવામાં અસરકારક બની શકે છે. વિકસિત ઔદ્યોગિક સમાજોમાં પણ તેના આ કાર્યને લીધે ધર્મે તેનું આકર્ષણ ટકાવી રાખ્યું છે. જીવનને ટકાવી રાખવા માટે તંગદિલીના નિવારણમાં ધર્મ અસરકારક બની શકતો હોય તો લોકો એને અપનાવે એ સાહજિક છે.

અભ્યાસના નિષ્કર્ષ રૂપે એમ કહી શકાય કે 'શિક્ષિત હિન્દુઓના જીવનમાં ધર્મનો પ્રભાવ સ્પષ્ટ જણાય છે, જો કે તેઓ આ બાબતમાં તર્કયુક્ત અને સુધારાવાદી વલણો અપનાવવાનું પસંદ કરે છે. તેમના ધાર્મિક ક્રિયાકાંડોમાં ધર્મના અધિપ્રાકૃતિક પાસાને સ્થાને તેના સામાજિક પાસા પર વિશેષ ભાર મુકાય છે.'

# સંત કવિ શ્રી હરજીવનદાસ

છત્રસિંહ સી. ગોહિલ

ઓગણીસમી સદીમાં આપણા ગુજરાતમાં ઘણા ભક્ત-કવિઓ થઈ ગયા જેમને ભક્તિની સાથે સાથે ગુજરાતી ભાષા અને સાહિત્યને સમૃદ્ધ બનાવવા જાણ્યે અજાણ્યે પોતાનો ફાળો આપ્યો છે. તેમાંના ઘણા ભક્ત-કવિઓ સાહિત્યક્ષેત્રે પ્રકટ થવા પામ્યા છે અને બાકીના હજુ સુધી અપ્રકટ રહ્યા છે. એમાંના એક અનભિજ્ઞ સંત કવિ શ્રી હરજીવનદાસ છે, જેમણે ભક્તિનું ક્ષેત્ર ખેડી ભક્તિસાહિત્ય અને ગુજરાતી ભાષાને સમૃદ્ધ બનાવવા અમૂલ્ય ફાળો આપ્યો છે. છતાં સંશોધકોની દૃષ્ટિએ તેઓ વિમુખ રહી ઉપેક્ષિત રહ્યા છે.

શ્રી હરજીવનદાસનો જન્મ ઈ. સ. ઓગણીસો એકની એપ્રિલની પંદરમી તારીખે વડોદરા જિલ્લાના, કરજણ તાલુકાના દેથાણ ગામે ગોહેલ-રાજપૂત જ્ઞાતિના બિલકુલ સામાન્ય કુટુંબમાં થયો હતો. પિતાની આર્થિક સ્થિતિ સારી નહિ હોવાને કારણે જાતે મજૂરી કરી સુખેદુઃખે ગુજરાતી ધોરણ છઠ્ઠા સુધી અભ્યાસ કરી પોતાના જ ગામમાં શિક્ષકની નોકરી મેળવી.* નાનપણથી જ શ્રી હરજીવનદાસને પ્રભુભક્તિ પ્રત્યે ઘણો પ્રેમ હતો. એટલે પોતાના જ ગામના વતની ભક્ત શ્રી નથુદાસને ત્યાં રોજ ભજન સાંભળવા જતા. શ્રી હરજીવનદાસનો એકનિષ્ઠ પ્રેમ જોઈને શ્રી નથુદાસનો સઘળો પ્રેમ તેમના પર ઢળી ગયો. શ્રી નથુદાસને પોતાને ત્રણ પુત્રો હોવા છતાં 'નિરાંત મહારાજ'+ ના નામને ઉજ્જવલ કરવાની સર્વ યોગ્યતાનાં દર્શન શ્રી હરજીવનદાસમાં થતાં શ્રી નથુદાસે 'નિરાંત પંથી' ગાદીના આચાર્યપદે શ્રી હરજીવનદાસની પ્રતિષ્ઠા કરી.

નિરાંત મહારાજના સમય પછી લગભગ સો વર્ષના ગાળામાં નિરાંત મહારાજનું નામ તેમના ભક્ત-સમુદાયમાં લગભગ ભૂંસાઈ જવા પામ્યું હતું, અને બાહ્ય આડંબર પેસી ગયો હતો. તેમની શિષ્યપરંપરામાં ઘણા શિષ્યો થઈ ગયેલા. એ બધા નિરાંતના દેહને ઓળખી શક્યા હતા, પણ તેમના આત્માને નહિ. નિરાંતના આત્માને સાચા અર્થમાં કોઈ સમજીને સમજાવી શક્યા હોય તો તે શ્રી હરજીવનદાસ જ. ભક્તસમુદાયમાં નિરાંતના નામને બહાર લાવવા તેમણે અથાગ પરિશ્રમ કર્યો છે.

શ્રી હરજીવનદાસના જ્ઞાનનો સંગ્રહ "હરજીવનદાસ-કાવ્ય"માં કરવામાં આવ્યો છે. આ પુસ્તક પ્રકટ થઈ ચૂક્યું છે. તે સિવાય તેમણે 'નરસિંહ મહેતા, જેસળ-તોરલ, વાલી અને રૂપાં અને સજનો કસાઈ' જેવાં સમયમર્યાદાનો ખ્યાલ રાખી તૂટક તૂટક આખ્યાનો લખ્યાં છે, જે હજુ સુધી પ્રકટ થવાં પામ્યાં નથી. આ ઉપરાંત સંવત ૧૯૯૨માં તેમણે પોતે 'સંતસમાગમ' દ્વિમાસિક પત્રિકા બહાર પાડેલી છે જેમાં ભક્તિના છ પ્રકાર બતાવ્યા છેઃ (૧) શ્રવણ ભક્તિ,

* હરજીવનદાસ-કાવ્ય, પ્રકાશક : ગોહિલ બાબુરામ હરજીવનદાસ, તા. ૯-૧૧-૧૯૬૫.

+ પ્રાચીન ગુજરાતી સાહિત્યના પ્રખ્યાત કવિ.

(૨) કીર્તન ભક્તિ, (૩) સુમરણુ ભક્તિ, (૪) સેવા ભક્તિ, (૫) અર્ચન ભક્તિ, (૬) વંદન ભક્તિ અને (૭) જ્ઞાનગીતા. તેમની સમજાવવાની શૈલી કેવી સ્પષ્ટ, સરળ અને સચોટ છે, તેનાં દર્શન તે વાંચતાં થયા વિના રહેશે નહિ.

'હરજીવનદાસ-કાવ્ય'માં સંગ્રહિત પદોને છ વિભાગમાં વહેંચી નાખ્યાં છે.

(૧) વ્યાવહારિક બોધનાં પદો : એમાં દુર્ગુણોની ઓળખ અને તેનો વ્યવહાર બતાવ્યો છે.

"એક વધ્યું વેર અને બીજો વધ્યો વ્યભિચાર,
ત્રીજો વધ્યો દગો ચોથા પ્રપંચ પૂજાય છે;
પાંચમો છે અભિમાન છઠ્ઠી છે અરિષા વળી,
સાતમો છે મોહ જગે જામેલો જણાય છે.
આઠમું છે હેરૂ અને નવમો તો વ્હેમ વધ્યો,
દસમો કુસુંપ દેખો જ્યાં ને ત્યાં દેખાય છે;
નથુદાસ પ્રતાપે હરજી કહે છે ભાઈ,
એ દસેનું ખરૂ મૂળ જુઠ તો જણાય છે."

(૨) જ્ઞાનોપદેશનાં પદો : સદ્‌ગુણોની ઓળખ અને તેનો વ્યવહાર.

"જગતમાં જીવતો ગુણ દીસે, મારણ તારણ તે વિષે,
ગુણે મળે ગાદી ને તકીયા, ગુણે જ્યાં જાય ત્યાં ના ટકીયા,
ગુણે આ ભવ તરી શકીયા—જગતમાં

(૩) પ્રેમભક્તિનાં પદો : કૃષ્ણ-ગોપીઓનું રૂપક લઈ ગુરુ-શિષ્યનો ભક્તિભાવ દર્શાવ્યો છે.

"પ્રાણજીવન રમે રાસ વાણી રૂપી વૃંદાવનમાં,
સુરતા કહે છે સુબુદ્ધિ સખીને ચાલો જઈ કરીએ તપાસ.
અનેક વૃત્તિમાં એકલા મોહન ખેલે થઈને નિરાશ,
જેનો જેવો ભાવ ત્યાં તેવા થઈને પુરે મન આશ."

(૪) જ્ઞાનભક્તિનાં પદો : સાચા જ્ઞાનની ઓળખ અને સાચા જ્ઞાનનો આનંદ બતાવ્યો છે.

"અધિકારી એ છે રે અસત પર ચિત્તના ઠરે,
દયા દીનતા ક્ષમા પ્રીતિ સ્વાતિબુંદ કહેવાય.
સમજણ છીપમાં પડતાં પાકી આ મન મોતી થાય,
એકવાર ઘેર લાવે રે ભવોભવની ભૂખ ટળે."

(૫) આત્મબોધનાં પદો : આત્માને ઉદ્દેશી આત્માની સાચી ઓળખ આપી છે.

"આત્મા ઓળખાયો રે ગુરુગમવાસી,
વૃક્ષબીજમીજ એ તો માયા મન જીવ તે તો,
સાર શબ્દે કરી ચેતો રે.
ન્યારો કહું તો નથી બીજે ભીતર ભાવથી રીઝો,
હું તું ને તે ત્રીજો રે."

(૬) સારબોધ :-સારમાં સાર શું છે? તે તારવ્યું છે.

"બ્રહ્મવાદ વાણી અને કર્મવાદ કલ્પના,
ધર્મવાદ બુદ્ધિ જ્ઞાનવાદ શુદ્ધિ ગઈ છે;
અનુભવ વાદ શ્વાસા અર્થે કેવલ ધામ,
આત્મા નક્કી કરો તો રમી રહ્યો અહીં છે;
ભેદવાદ છઠ્ઠી ભૂમિ સ્વધર્મ છે મુક્તપુરી,
જાગતા જીવતા જીવની જગ્યા એ કહી છે;
હરજી કહે છે તમો સુણો ભાઈ વાત સાચી,
સાતમું સ્વયં પ્રકાશી સતનામ તહીં છે."

વેદ-પુરાણ કે છંદશાસ્ત્રનો અભ્યાસ તેમણે કર્યો નથી. છતાં શાસ્ત્રી-પુરાણીઓને ટપી જાય તેવું ઉચ્ચકોટિનું તેમનું જ્ઞાન છે. અખો કહેતો હતો કે "ભાષાને શું વળગે ભૂર રણમાં જીતે તે શૂર." તેમ શ્રી હરજીવનદાસે ભાષાને ન પકડતાં ભાવને પકડવા પ્રયત્ન કર્યો છે. સંત કબીરદાસ અને અખો જે જ્ઞાનના હિમાયતી હતા તે જ જ્ઞાનના પક્ષપાતી સંત કવિ શ્રી હરજીવનદાસ હતા. કબીરદાસે સાચો પંડિત તેને માણ્યો છે જે પ્રેમનો અઢી અક્ષર ભણ્યો હોય.

पोथी पढ़ि पढ़ि जग मुआ पंडित भया न कोई ।
ढाई आखर प्रेमका पढ़े सो पंडित होई ॥*

તેમ શ્રી હરજીવનદાસે પણ સાચો શાસ્ત્રી તેને માણ્યો છે જે શબ્દનો સાર સમજ્યો છે.

શબ્દથી દેવ અને શબ્દથી દેવળ શબ્દે પુજાય છે પાણો.
હરજી એ શબ્દનો સાર સમજ્યો તે સકળ શાસ્ત્ર ભણ્યો જાણો.[૧]

કબીરદાસ અને અખાની જેમ શ્રી હરજીવનદાસે સમાજમાં અંધશ્રદ્ધા પ્રગટાવનાર પાખંડી બાવાઓ, વેદશાસ્ત્રની કથા કરનાર શાસ્ત્રી-પુરાણીઓ, વેશધારી સંન્યાસીઓને આડે હાથે ઉધડા લઈ નાખ્યા છે.

કોઈ ભગવાં કોઈ કાળાં કરે, કોઈ લંગોટીવાળી ફરે;
કોઈ મુડાવે શિર ને મૂછ, જગને જાણીને તુચ્છ.

---

* कबीर साखीग्रंथ, चानक का अंग, साखी–६

૧ હ. કા. પાન ૧૪૪

કોઈ વધારે નખ ને કેશ, આદરતા વિધ વિધના વેષ;
કોઈ પંડિત કોઈ શાસ્ત્રી થયો, લખ્યા પ્રમાણે વાંચી ગયો.
કોઈ જંત્રને કોઈ મંત્ર, કોઈ ટાળા ને તંત્ર;
કોઈ ગુરૂ થઈ ગામો ફરે, એકાંતે ઉપદેશો કરે.
શીષ્યોના સેવે ઓટલા, રાખીને મોટા ચોટલા;
ચોટે જેમ ચોટી હોય બલા, લે રૂપિયાને ખાય રોટલા.[૨]

શ્રી હરજીવનદાસ પોતે ગૃહસ્થી હતા. એટલે સંન્યાસીઓએ તેમની ટીકા કરવામાં કોઈ કમી રાખી નથી. તેઓ કહેતા કે સંન્યાસીઓ જેટલું તપોબળ અને જ્ઞાન ગૃહસ્થીમાં ન હોય અને સંસારીથી તે વળી સાચી ભક્તિ થઈ શકતી હોય ! તેઓને જવાબ આપતાં કહ્યું છે,

ભાઈ અમે જંજાળી જંજાળી,
છે કુટુંબ કબિલો વાડી —ભાઈ અમે.
છતા દેહે ત્યાગી થવાય, કેમ કહેવાઈએ અનાડી,
આંખે દેખીએ શ્રવણે સુણીએ રસના સ્વાદે સુવાળી. —ભાઈ
મુન ગ્રહી શિર મૂછ મુંડાવી સેવીએ જંગલ ઝાડી,
તો પણ પૂઠે પડે કલ્પના પાછા લાવે વાળી. —ભાઈ
કલ્પના કોઈને નવ ગાંઠે એ જ ખરી જંજાળી,
નાઠા નરની પૂઠે દોડે ખળે ના કોઈની ખાળી. —ભાઈ[૩]

સંતોનું જ્ઞાન એ અનુભવસિદ્ધ જ્ઞાન છે જ્યારે શાસ્ત્રી-પુરાણીઓનું જ્ઞાન પોપટિયું જ્ઞાન છે. શ્રી હરજીવનદાસે સંતોના જ્ઞાનને બળદ સાથે અને શાસ્ત્રી-પુરાણીઓના જ્ઞાનને સાંઢ સાથે સરખાવ્યું છે. સંતો પોતાના જ્ઞાનનો ઉપયોગ બીજાના ભલા માટે કરે છે, જ્યારે શાસ્ત્રી-પુરાણીઓ પોતાના જ્ઞાનનો ઉપયોગ વાદ-વિવાદ માટે કરે છે. તેથી શાસ્ત્રી-પુરાણીઓના જ્ઞાનને રાંડેલી નારીના પુત્ર જેવું કહ્યું છે, જે અંત સમયે કામ આવતું નથી.

માતેલો સાંઢ માલ સુનો ચરીને, દેદાર ફુલાડી ફરે એનો;
ઓખંતો શીખે એટલુ જ આવડે, બળદ જોટે ન તોલ થાય તેનો.
રાંડેલી નાર કદી દીકરો જણે પણ, હૈયે હરખ એને શાનો;
ભલે ઉછેરી મોટો કરે પણ, અંતે એ ના થાય એનો.[૪]

દેવ-દેવીઓનાં નામે મૂંગા પ્રાણીઓની હિંસા કરનાર પ્રત્યે પુણ્ય પ્રકોપ દર્શાવ્યો છે. મરેલાં ઢોર તાણી જનાર પ્રત્યે જે લોકો તુચ્છકારભર્યું વર્તન કરે છે, તે જ લોકો જીવતાં પ્રાણીઓને ઝટકો મારી તેના પ્રાણ હણે છે તો તેઓને કેવા માનવા ?

---

૨ હ. કા. પાન ૩૩૬

૩ હ. કા. પાન ૧૧૮

૪ હ. કા. પાન ૧૨૪

માતાજી પુંજવા પવિત્ર થઈને, સ્નાન કરી મઠમાં જઈએ;
બાધા કરતી વેળા બકરો મારી, એનાં હાડકાં નૈવેદ્યમાં દઈએ.

કુદરતે મુંવું તે ઢોંઢૂ કહેવાય છે, તાણે તેને ઢેડાં કહીએ;
મારી ઝટકો જે કમોતે મારે છે, તેનો કેવા માની લઈએ.[૫]

કબીરદાસે પણ હિંસાખોરો પ્રત્યે આવી જ લાલબત્તી ધરી છે.

बकरी पाती खात है ताकी काढी खाल ।
जे नर बकरी खात है तिन का कौन हवाल ॥[६]

સમાજનું મોટામાં મોટું દૂષણ જ્ઞાતિભેદ છે. તેઓશ્રી નાતજાતના ભેદભાવથી પર રહ્યા છે. સ્વામી દયાનંદ સરસ્વતીએ કહ્યું હતું કે જન્મથી જાતિ નક્કી થતી નથી પણ કર્મથી નક્કી થાય છે. શ્રી હરજીવનદાસ પણ એ જ મતના પ્રતિપાદક હતા. જેને પ્રભુ પ્રત્યે પ્રીતિ નથી પણ જેની દૃષ્ટિ હંમેશાં દામ અને ચામ (રૂપ) પ્રત્યે છે તે બધાને શૂદ્ર જાતિના ગણાવ્યા છે.

શુદ્રને હ્રદયે નહિ રામ, જેને વ્હાલાં દામ ને ચામ;
શુભ કાર્ય સાધે તદ્દન, વૈશ્ય ગણાયે તેવો જન.

સત્ય વચન પાળે સાક્ષાત, તે ક્ષત્રી છે જગવિખ્યાત;
સત્ય શબ્દ છે સાચો બ્રહ્મ, જેને વ્હાલો અહિંસા ધર્મ.[૬]

ભક્તિના ક્ષેત્રમાં ગુરુનું સ્થાન સૌથી ઊંચું માનવામાં આવ્યું છે. ગુરુ વિનાનું જ્ઞાન વંધ્યા જ્ઞાન છે, ગુરુ વિનાનું જ્ઞાન લવારીમાં ખપી જાય છે. એટલે જે મહાન સંતો થઈ ગયા તેમણે ગુરુનું મહત્ત્વ સ્વીકારી ગુરુને ઈશ્વર કરતાં પણ શ્રેષ્ઠ બતાવ્યા છે. કબીરદાસે ગુરુના મહત્ત્વ વિશે કહ્યું છે,

गुरु गोविंद दोऊँ खडे काके लागूँ पाय ।
बलिहारी गुरु आपने, गोविंद दियौ बताय ॥*

શ્રી હરજીવનદાસે પણ ગુરુની સત્તાનો સ્વીકાર કરી, ગુરુ ગોવિંદને એક જ માન્યા છે. એટલું જ નહિ ગુરુને સઘળાં શાસ્ત્રોનો સાર કહ્યો છે. ગુરુની વાણી એ જ શાસ્ત્ર-પુરાણો છે એમ કહ્યું છે.

ગુરૂ ગોવિંદમાં ભિન્નતા નથી મહાન પુરુષો કહે છે કથી,
ગોવિંદને ઠરવાનું ઠામ હરજી ગુરૂ તણું એ ધામ.

---

૫ હ. કા. પાન ૧૨૬

૬ कबीरकी साखी संग्रह, मांसाहारको अंग, साखी-१९

* कबीर साखीग्रंथ गुरुदेवका अंग साखी–७

૬ હ. કા. પાન. ૩૪૨

ગુરૂ શબ્દ મહામોંઘો ગણી ત્રણ ભુવનનો તારક ધણી,
વેદ પુરાણ શાસ્ત્રનો સાર સમર્થ સત્યગુરૂ છે દાતાર.[૭]

એમના મતે હરિ, ગુરુ અને સંત એ ત્રણે એક જ છે.

હરિ ગુરૂ સંત તણું સ્વરૂપ છે એક ભાઈ,
એવું જેણે જાણ્યું તે તો પુરા જ્ઞાનવંત છે.[૮]

ઈશ્વર સાકાર છે કે નિરાકાર એ બાબતમાં ઘણા મતમતાંતર છે. એ મતમતાંતરમાં લોકો અસલ વસ્તુ ગુમાવી બેઠા છે. સંત તુલસીદાસે બંનેને સમાન મહત્ત્વ આપી બંનેનું મહત્ત્વ દર્શાવ્યું છે.

सगुनहि-अगुनहि नहि कछु भेदा । गावहि मुनि पुरान बुध बेदा ॥
अगुन-अरूप अलख अज जोई । भगत प्रेम बस सगुन सो होई ॥†

શ્રી હરજીવનદાસ પણ એ વાદવિવાદમાં પડ્યા નથી. બંનેનો સ્વીકાર કરી બંનેનું મહત્ત્વ દર્શાવ્યું છે. સાકાર અને નિરાકારનો સંબંધ બીજ અને વૃક્ષ જેવો બતાવ્યો છે. એમાં પહેલું કોણ? અને પછી કોણ? એ નક્કી કરવું મુશ્કેલ છે તેથી તેમણે સારપદને ઉત્તમ બતાવ્યું છે.

સાકાર વણ નિરાકાર નથી જુવો પોતાના મનમાં મથી,
બીજ વિના વૃક્ષ ક્યાં હતુ વૃક્ષ હતુ ત્યારે બીજ ક્યાં ન'તુ;
બંને મતની પર વિવેક હરજી સાક્ષી સારપદ એક.[૯]

'સારપદ'ની ઓળખ કેવળ સદ્‌ગુરુને જ હોય છે. એટલે સદ્‌ગુરુના દાસ થયા વિના સારપદ મેળવી શકાતું નથી. જોકે અત્યારે તો ગુરુઓના રાફડા ફાટી નીકળ્યા છે એટલે સાચા ગુરુ શોધવા મુશ્કેલ પડી જાય છે. આ માટે તેમણે સાચા ગુરુની ઓળખ આપવા સાચા ગુરુનાં લક્ષણો બતાવ્યાં છે. સત્યવચન એ ગુરુનું તન છે, જેનામાં સાચ, દયા, વિવેક, વિચાર, સંતોષ અને ક્ષમા જેવા સદ્‌ગુણો અને જીવાત્મા એ જ પરમાત્મા છે, એવું નક્કી કરી તેને પ્રાપ્ત કરવા જે પ્રકારની રહેણી જોઈએ, તે રાખી પરમાત્મા-શિવને પોતાનો કરી તદ્દરૂપ થઈ જાય તે સાચો ગુરુ છે.

તનમાં જીવતું મનને કહીએ મનનો માલીક જીવ,
જીવ જાણ તે અખંડ જીવતો એને કહીએ શિવ;
પરખી કરે પોતાનો રે તે જ ગુરુ ને ઠેકાણે ઠરે.[૧૦]

જીવન એ જ તેમનું કવન હતું. તેમનો પોષાક સાદો, ભોજન સાદું તેમ તેમની ભાષા પણ સીધી, સાદી ને સરળ જેને આપણે બોલચાલની ગામઠી ભાષા કહીએ તેવી, જે સામાન્ય અક્ષરજ્ઞાન

૭ હ. કા. પાન. ૩૭૦

૮ હ. કા. પાન. ૭૩

† रामचरित मानस बालकांड दोहा-११५

૯ હ. કા. પાન ૩૬૨

૧૦ હ. કા. પાન ૨૩૨

ધરાવનાર વ્યક્તિ પણ વાંચી શકે. જેવી ભાષા તેવું જ જ્ઞાન પણ હતું, જે ખેતરમાં મજૂરી કરતો સામાન્ય ખેડૂત પણ સમજી શકે. પોતાના ભજન-સતસંગના કાર્યક્રમમાં પણ સ્પષ્ટ અને સીધી સાદી ભાષાનો ઉપયોગ કરતા. જ્ઞાન આપવામાં જેવી નમ્રતા હતી તેવું જ સચોટપણું પણ હતું કેટલીક વખત જ્ઞાન બાબતમાં સાધુ-સંન્યાસીઓ સાથે ટક્કર પણ થતી. સાધુ-સંન્યાસીઓની વાત પૂરી સાંભળી તેનો સચોટ ઉત્તર પણ આપતા. તેમાં પણ તેમની નમ્રતાનાં દર્શન થયા વિના રહેતાં નથી.

કોઈ કહે તમે ક્યાં છે ત્યાગી, એ પણ વાત બરાબર છે,
દુનિયામાં રહી મન વશ રાખે તે અંતે અજરામર છે.
કોઈ કહે તમે ક્યાં છે વિદ્વાન એ પણ વાત બરાબર છે,
અંતરની અવિદ્યા વશ કરવા શ્રદ્ધા સત્યવચન પર છે.
જ્ઞાન કથે પણ ભાષા ગામઠી એ પણ વાત બરાબર છે,
સાર સમજવાથી મન શુદ્ધ છે બાકી સૌ મુખ સાકાર છે.[૧૧]

સમાજ જે દૃષ્ટિથી નરસિંહ મહેતા તરફ જોતો હતો અને નરસિંહ મહેતાને વગોવતા હતા. તેમ શ્રી હરજીવનદાસને પણ તેમના સમાજે તેમને દુઃખ દેવામાં કે વગોવવામાં પાછી પાની કરી નથી. છતાં શ્રી હરજીવનદાસે સમાજના લોકોનાં મહેણાંટાણાં મૂંગે મોઢે સહન કરી તેમનો યોગ્ય ઉત્તર આપવાનું પણ ચૂક્યા નથી.

અમો એવા છે એવા છે તમો જેવા માનો તેવા છે.
દીન માનો તો દયા રાખશો એટલું આપને કહેવા છે,
દીનપણું દાતારને વ્હાલુ એટલું સમજી લેવા છે.—અમો.
શઠ માનો તો સંગ ના કરશો શઠ અવતાર દુઃખ દેવા છે,
પરના દુર્ગુણ જોતાં પહેલાં આપ વિચારો કેવા છે.—અમો.[૧૨]

એક બાજુ તેમનું જ્ઞાન જેવું સીધું, સાદું ને સરળ છે તો બીજી બાજુ એવું અટપટું અને ઉચ્ચ કોટિનું છે જે ભલભલા જ્ઞાનીઓને પણ મુઠ્ઠીમાં પાણી ભરાવે. આ જ્ઞાન સાચવી રાખવા તેમણે 'અવળવાણી'નો ઉપયોગ કર્યો છે. સામાન્ય દૃષ્ટિથી જોતાં તેમાં કુદરતી નિયમથી બિલકુલ વિરુદ્ધ વાત કહી હોય છે, પણ જ્યારે તેનો સાચો અર્થ જાણવામાં આવે છે ત્યારે તેના પર વારી જવાનું મન થાય છે.

વાત એવી એક જાણી સંતો વાત એવી એક જાણી,
એને વિવાદિઓએ વખાણી સંતો વાત એવી એક જાણી.
અદ્ધર કીડી એક અવતરી પેટવણું એ પ્રાણી,
એ કીડીને કીડો નથી ગર્ભ રહ્યો વણ પ્રાણી.—સંતો

૧૧ હ. કા. પાન. ૨૦૭

૧૨ હ. કા. પાન. ૧૧૫

કીડી વિયાણી અજગર જન્મ્યો ઉભો પંખવણ પ્રાણી,
ત્રણ લોકની ખબર લાવી કીડીની પાસે વખાણી.—સંતો[૧૩]

ભક્તકવિ સૂરદાસની જેમ તે સમયે પ્રચલિત લગભગ મોટા ભાગના છંદ, રાગ અને અલંકારોનો પ્રયોગ, શ્રી હરજીવનદાસે છૂટે હાથે કર્યો છે. મનહર, છપ્પા, કુંડળિયા, ચોપાઈ, સાખી, ચાબખો, સવૈયા, કાફી જેવા છંદ તેમ જ કાલેરા, કેદારો, સારંગ, ધોળ, ગરબી, ગરબો, ચેતવણી, મંગળ, પ્રબંધ, વેરાવળ-પ્રભાત, રામગ્રી-પ્રભાત, સામેરી, પદ, હંસ, ગૌડી, પરાજીયો, ભૂજંગી, ઠુમરી જેવા રાગનો 'હરજીવનદાસ-કાવ્ય'માં ઉપયોગ કર્યો છે. તેમની કલમ સૌથી વધારે 'મનહર' પર ચાલી છે. વ્યાવહારિક બોધ અને સારબોધના વિભાગમાં લગભગ ત્રણસો જેટલા મનહર લખ્યા છે. 'મનહર અને ચાબખા' તેમના ભક્ત સમુદાયમાં ઘણા જ વખણાય છે અને પ્રચલિત છે.

સાહિત્યનાં વિવિધ પાસાંને સ્પર્શવાં તેમણે સફળ પ્રયત્ન કર્યો છે. "બારમાસી વર્ણન, સાતવાર વર્ણન, તિથિઓનું વર્ણન, કક્કા(બારાખડી)નું વર્ણન"માં તેમની આગવી પ્રતિભાનાં દર્શન થયાં વિના રહેતાં નથી. તિથિઓ અને કક્કાના વર્ણનમાં જીવનું પોતાનું પરમ તત્ત્વ સ્વરૂપ બતાવ્યું છે. તેમાં જીવને માયાનું બંધન કેવી રીતે થાય છે અને તેમાંથી કેવી રીતે મુક્ત થવાય છે તેનો રસ્તો બતાવ્યો છે. છેવટે જીવનું પોતાનું સ્વરૂપ બતાવ્યું છે. 'બારમાસી' વર્ણનમાં જીવ માયાને કારણે ઈશ્વરથી વિમુખ થઈ જાય છે. ઈશ્વરને મળવા જીવ તલસે છે પણ તેનો મેળાપ થતો નથી. જીવને કોઈ સદ્‌ગુરુનો ભેટો થઈ જાય તો તે તેનો ઈશ્વર સાથે મેળાપ કરાવી આપે. જીવ સદ્‌ગુરુની શોધ કરી છેવટે ઈશ્વરને મળે છે.

'સાતવાર'ના વર્ણનમાં "બુદ્ધિબાઈનો વિવાહ" ઊડીને આંખે વળગે તેવો છે. તેમાં સામાજિક રીતરિવાજોને રૂપક દ્વારા વણી લેવાનો સફળ પ્રયાસ કર્યો છે. પુત્રી ઉંમરલાયક થાય છે ત્યારથી માંડીને તેને સાસરે વળાવતાં સુધીનું આબેહૂબ ચિત્ર ખડું કર્યું છે. સુબુદ્ધિને સાસરે વળાવતી વખતે તેનાં કુટુંબીજનો કેવી શીખામણ આપે છે તે જુઓ.

સુબુદ્ધિને સમજણ રૂપિ સાસરે,
વળાવે છે વિવેક વિચાર —શિખામણ આપે સગાં મળી.

સુરત સખી સુબુદ્ધિને વિનવે રે,
સર્વ મૂકી સેવેજો બ્હેની સાર —શિખામણ.

માતા નીતિ મુખેથી એમ બોલીયાં રે,
ખરૂ કહે કોઈ તો ના આણો ખાર —શિખામણ.[૧૪]

ઉપરના ટૂંકા પરિચય પરથી એમ કહી શકાય કે તેમનો મુખ્ય ઉદ્દેશ કબીરદાસની જેમ ધર્મમાં પડેલો સડો દૂર કરી ધર્મના ક્ષેત્રમાં નવીન દૃષ્ટિ આપી સમાજસુધારાનો હતો. છતાં

---

૧૩ હ. કા. પાન. ૩૯૫

૧૪ હ. કા. પાન ૨૫૯

જાણ્યે-અજાણ્યે સાહિત્યની જે સેવા બજાવી છે તે બદલ ગુજરાતી ભાષા અને સાહિત્ય તેમનાં ઋણી રહેશે.

ધૂળમાં દટાયેલા હીરા પરથી સ્હેજ ધૂળ ખંખેરી સાહિત્યક્ષેત્રે સ્થાન આપી સાહિત્યની દૃષ્ટિએ મૂલવવામાં આવશે તો સાહિત્યકારોને એક નવીન સાહિત્યકાર મળશે, સંશોધકોને એક નવીન વિષય મળશે, ભક્તજનોને એક નવીન સાચો સંત મળશે અને જ્ઞાનપિપાસુને નવીન જ્ઞાન મળશે. આ બધું નહિ મળે તોય સંસારમાં ભૂલા પડેલાને નવીન માર્ગદર્શન તો અવશ્ય મળી રહેશે.

# अवरान्न અને वरान्न

બાપાલાલ ગ. વૈદ્ય

'शाकावरान्नभूयिष्ठं अम्लं च न समाचरेत्[1] । (सुश्रुत-सूत्र ४६-४९५)

**અર્થ:** શાક, અવરાન્નપ્રધાન આહાર તેમ જ બહુ ખાટા પદાર્થો ન લેવા જોઈએ. (આરોગ્યને આ બગાડનાર છે.)

અહીં अवरान्नનો અર્થ શો હશે ?

સુશ્રુત ટીકાકાર ડલ્હણે "अवरान्नं वैदलान्नं" એવો અર્થાત્ બહુ કઠોળની દાળો એવો કર્યો છે.

આપ્ટેના "સંસ્કૃત–હિંદી કોષ"માં वरान्न અને अवरान्न બન્ને શબ્દો આપેલા નથી એ આશ્ચર્યજનક છે.

अष्टाङ्ग संग्रह (વાગ્ભટ-૧)ના ટીકાકાર इन्दु અવરાન્નની નિરુક્તિ આવી આપે છે:— 'अवरान्नं विदल-सस्य-अन्नम्' અર્થાત્ અવરાન્નનો અર્થ 'વૈદલાન્ન' એવો ડલ્હણને અનુસરી આપે છે. अष्टाङ्ग हृदय (વાગ્ભટ-૨)ના ટીકાકાર अरुणदत्त

'अवरान्नं माषादि, तद्भूयिष्ठम् ।' એવો અર્થ કરે છે અર્થાત્ ડલ્હણ, અરુણદત્ત અને ઇન્દુ ત્રણેય ટીકાકારો અવરાન્નનો અર્થ 'વૈદલાન્ન' એવો કરે છે (સૂત્ર-અ-૮-૩૯).

અ. હૃ. ના ટીકાકાર હેમાદ્રિ અવરાન્ન ઉપર કંઈ લખતા નથી, પરંતુ અહીં 'शाकबहुलस्य सूपबहुलस्य च ।' એવો પાઠ નીચે ટિપ્પણીમાં આપે છે અને હેમાદ્રિ આ પાઠને અનુસરી 'शाकसूपबहुलस्य' એવો અર્થ સૂત્ર. અ-૮–૩૯ના શ્લોકનો કરે છે અર્થાત્ એ પણ સૂપબહુલ કહીને વૈદલાન્નને જ અનુમોદે છે.

अवरान्नથી વિરુદ્ધ શબ્દ वरान्न હોઈ શકે. વરાન્ન એટલે ઉત્તમ વા શ્રેષ્ઠ અન્ન અને અવરાન્ન એટલે નિકૃષ્ટ કોટિનું—અધમ અન્ન, એવો અર્થ જ ઠીક લાગે છે. वरान्न સંબંધી ખુલાસો મળી આવે તો અવરાન્નનો અર્થ આપોઆપ જ મળી આવે.

પરન્તુ वरान्नની બનાવટ કોઈએ આપેલી અમારી જાણમાં નથી. હા, 'वैद्यकशब्दसिन्धु' (ઉમેશચંદ્ર ગુપ્તકૃત)માં આનું સ્પષ્ટીકરણ મળે છે:—

"शमीधान्यस्य भृष्टस्य दालिं कृत्वा सुनिस्तुषा । पक्त्वोदके प्रसिद्धा सा वरान्नमिति चक्षते । कुरुते मलसंस्तम्भं सतुषं कुरुते जराम् ॥" (द्रव्यगु०)

---

१ અ. હૃદયમાં "शाकावरान्नभूयिष्ठमत्युष्णं लवणं त्यजेत् ।" ३९ ॥ सूत्र-८–આવો પાઠ છે. અર્થાત્ अम्लને સ્થાને अत्युष्णं અને लवणं ઉમેર્યાં છે. અવરાન્ન શબ્દ તો કાયમ જ રાખ્યો છે.

આખા કઠોળને તવા ઉપર શેકી કાઢી તેનાં છોડાં દૂર કરી પછી તેની દાળ કરવી.

( ઉપરનાં તુષ દૂર કરીને—છોડાં કાઢી નાખીને બનાવેલી દાળ. )

( દાળો તો છોડાં દૂર કરીને જ થાય છે. ) આ દાળને પાણીમાં પકાવી અર્થાત્ ઘાટી બનાવવી એનું નામ **वरान्न**. આ વરાન્ન મલસ્તંભ કરે છે. છોડાંવાળી દાળનું જો વરાન્ન બનાવ્યું હોય તો જલદી પચી જાય છે. આ અર્થ કરવો કે સતૂષ વરાન્ન ખાવાથી ઘડપણ આવે છે એ અર્થ ? સ્પષ્ટ નથી. પરંતુ આપણો અર્થ અહીં સરી જાય છે એટલે બીજી કડાકૂટમાં ઊતરવું યોગ્ય નથી. આ લેખકે પણ **अवरान्न** શબ્દ છોડી દીધો છે. 'વૈદ્યક-શબ્દ-સિન્ધુ'માં આપેલું આ સ્પષ્ટીકરણ જોતાં **वरान्न** એ મહારાષ્ટ્રીઓ જેને **वरण** કહે છે તે જ લાગે છે. ગુજરાતમાં **वरण**ને 'લચકો દાળ' કહે છે. વરણ એ મહારાષ્ટ્રીઓ માટે **वरान्न**—ખૂબ જ પ્રચલિત ખાદ્ય છે.

મરાઠી-ઇંગ્લીશ-ડીક્ષનેરી ( ૧૮૫૭ )નો કર્તા મોલ્સવર્થ કહે છે કે મરાઠી શબ્દ **वरण** સંસ્કૃત **वरान्न** ઉપરથી પડ્યો છે : " **वरण** n. ( **वरान्न** S ) a highly tasteful dish of pulse. "

દાતે અને કર્વેની મરાઠી ડીક્ષનેરીમાં **वरान्न**ના અર્થો નીચે પ્રમાણે આપેલા છે :

પૃ. ૨૭૪૮. **वरान्न** = पक्वान्न a kind of rich dish.

૧ " **अन्नवरिष्ठ वरान्न** " एकनाथ પોતાના 'रुक्मिणी स्वयंवर'માં. ( એકનાથનો સમય ઈ.સ. ૧૫૩૩ થી ૧૫૯૯—मध्ययुगीन चरित्रकोश by ચિત્રાવ શાસ્ત્રી, પુણા, ૧૯૩૭. )

૨ वरान्न = वरण

**मुक्तेश्वर** महाभारत ( વનપર્વ )માં " सोलीव डालींचे वरान्न ". દાળમાંથી એ બને છે એ સ્પષ્ટતા અહીં સૂચક છે.

समर्थ रामदास પણ કહે છે :

> बहू वाढिला ओदनू तो सुवासें
> **वरान्नें** क्षिरी शर्करा पंच भक्षें ॥

ટૂંકમાં એકનાથ, મુકતેશ્વર, સમર્થ રામદાસ—બધા સંસ્કૃત **वरान्न** શબ્દનો વ્યવહાર કરે છે.

મરાઠી કવિ **मोरोपंत** ( ૧૭૨૯-૧૭૯૪ ) પણ **वरण** શબ્દનો ઉલ્લેખ કરે છે ( श. अ. २ ). આ સિવાય બીજા મરાઠી કવિઓએ **वरण**નો ઉલ્લેખ કરેલો છે. આ બતાવે છે કે મહારાષ્ટ્રમાં **वरान्न=वरण** ખૂબ જ જાણીતી વાનગી હતી અને આજે પણ વરણ એટલી જ રોજના ઉપયોગની ચીજ બની રહી છે. પરંતુ **वरान्न** શબ્દનો પ્રથમ પ્રયોગ તો ઈ.સ.ની સાતમી સદીમાં થઈ ગયેલ જટાસિંહાનન્દીકૃત, સંસ્કૃત પૌરાણિક કાવ્ય **वरांगचरित**( ડૉ એ. એન. ઉપાધ્યે, મુંબઈ, ૧૯૩૮-સંપાદિત )માં થયેલો છે. શ્લોક ૬૬ અને ૮૮ બન્નેમાં **वरान्न** પ્રયુક્ત છે. **वरांगचरित** એ જૈન કૃતિ છે. ખોરાક સંબંધી સારી માહિતી જૈન કવિઓ પાસેથી જ મળે છે. **वरान्न**નો અર્થ **वरण**

આપણે જોઈ ગયા, પણ તેથી अवरान्नનો ખુલાસો થતો નથી. વરાન્નથી વિરુદ્ધ અવરાન્નનો અર્થ કરતાં તો બહુ દાળો (કઠોળ: શિંબીધાન્યો) આવતી હોય તે ખોરાક એવો અર્થ નીકળે. બહુ કઠોળપ્રચુર આહાર ન ખાવો જોઈએ એવો અર્થ થાય. બહુ શાક અને બહુ સૂપ ત્યજવાં જોઈએ એ હેમાદ્રિસંમત પાઠ આપણે જોઈ ગયા છીએ.

ડૉ. ઘાણેકર અવરાન્નનો અર્થ કુધાન્યપ્રધાન એવો કરે છે અને અમને પણ લાગે છે કે અવરાન્નથી અહીં કુધાન્યો (બંટી, બાવટો, કોદરા, વરી, કાંગ, સામો, નમાર વગેરે) જ ઉદ્દિષ્ટ છે. કુધાન્યો શરીર સૂકવી નાખનાર, શક્તિ હરી લેનાર છે એટલે ખોરાકમાં વધુ પડતો ઉપયોગ આવાં ધાન્યોનો ઇષ્ટ ન જ હોય.

વાગ્ભટે આ સુશ્રુતનો શ્લોક સુધાર્યો છે તેમાં 'अत्युष्णं लवणं त्यजेत्' છે—અતિ ઉષ્ણ પદાર્થો તેમ જ વધુ પડતું મીઠું ખોરાકમાં ત્યજવાં જોઈએ—આ પાઠફેર પણ ચિંત્ય તો છે જ.

વિદ્વાનો **અવરાન્ન** શબ્દ ઉપર વધુ પ્રકાશ પાડી શકે તો સારું.

अवर શબ્દનો અર્થ નિકૃષ્ટ, હલકી કોટિનું, એવો થાય છે. જુઓ ગીતા :

'दूरेण ह्यवरं कर्म बुद्धियोगात् धनञ्जय' (२-४९)

શંકરાચાર્ય અહીં **अवरं निकृष्टं** એવો અર્થ આપે છે. આ અર્થ જોતાં નિકૃષ્ટ કોટિનાં અન્ન એ જ અર્થ अवरान्नનો ઉચિત લાગે છે.

પ્રો. ગોડે એમના લેખમાં આપ્ટેની ડીક્ષનેરીમાંથી **अवर**નો અર્થ નીચે મુજબ ટાંકે છે :

"अवर...9. most excellent (अत्यन्तश्रेष्ठ)."

अवरव्रतः [अवरं अत्यन्तश्रेष्ठं व्रतमस्य] 1 The sun. 2 A kind of tree (arka).

હમણાં (૧૯૬૬માં) આપ્ટેની આ ડીક્ષનેરીનો **संस्कृत-हिन्दी-कोश** પ્રસિદ્ધ થયો છે તેમાં **अवर**ના ઉપરોક્ત અર્થો નથી આપ્યા. આવું કેમ બન્યું હશે? અમને લાગે છે કે अवरનો ઉપર્યુક્ત અર્થ વ્યાજબી નહિ લાગ્યો હોય એમ તો નહિ હોય? अवरનો most excellent અર્થ તદ્દન નવો જ છે?

**अमरकोष, शब्दकल्पद्रुम, वाचस्पत्य** અને **मोनियर विलियम्स**ની ડીક્ષનેરી—આ બધામાં **वरान्न** અને **अवरान्न** શબ્દો જ નથી! એટલે આ બન્ને શબ્દો કેમ છોડી દેવાયા એ કળવું મુશ્કેલ છે.

**वरान्न** એટલે ઉત્તમ ખાદ્ય એ અર્થ પ્રમાણે **पकवान**[1] (ગુજરાતી શબ્દ છે. બીજી ભાષાઓમાં પકવાન માટેના શબ્દો અમને ખબર નથી.) અર્થ કરવો યોગ્ય નથી શું? પકવાન એ આહારની વાનગીઓમાં શ્રેષ્ઠ વાનગી છે. પાંચ પકવાનની ન્યાતો થતી હતી. આ પાંચમાં મ્હેસુર, બુંદી, મોહનઠાર, દહીંથરાં, ખાજાં હતાં. પકવાન માટે સંસ્કૃત શબ્દ શો છે?

---

૧ "**वर्णक समुच्चय**"ની ભોજનની યાદીમાં 'પકવાન' છે. મિષ્ટાન્નની વાનગીઓ ખાજાં, લાડુ, દૂધપાક વગેરે છે.

**अवरान्न** એટલે તો હલકી કોટિનું અન્ન વા અનાજ એ જ અર્થ ઉચિત છે. कुधान्य કે तृणधान्यनो સમાવેશ અવરાન્નમાં થાય.

**वरान्न** એટલે **परमान्न** ન હોઈ શકે? પરમાન્ન એટલે દૂધપાક વા ખીર એવો અર્થ આપ્ટેએ આપેલો છે. અમરકોશમાં "परमान्नं तु पायसं" (બ્રહ્મવર્ગ) છે. એટલે परमान्नं એટલે દૂધપાક એ નિર્વિવાદ છે, અને દૂધપાક ઉત્તમ ખાદ્ય છે જ. क्षेमकुतूहलમાં 'गोरसपानकादिकथनम्' (द्वादशोत्सवः)માં क्षीरिकानी બનાવટ દૂધપાક જ છે. राजपायसनी બનાવટ પણ આપેલી છે. અમો પોતે તો **वरान्न** એ જ **परमान्न** છે અને તેનો અર્થ દૂધપાક કરવાના મતના છીએ. **વર** અને **પરમ** બન્ને પર્યાયો છે.

સુશ્રુતે पायसना ગુણ આપ્યા છે (સૂ.૪૬–૩૪૬). સુશ્રુતમાં એને विलेपीनो ભેદ બતાવ્યો છે. "पयःकृता हि विलेपी पायसः।" (ભાનુ૦ વ્યાખ્યા). મૂળપાઠમાં 'आशुवृष्यतमा' એ ગુણદર્શક પાઠ નથી પરંતુ ભાનુ૦ વ્યાખ્યાકારે પાયસને આશુવૃષ્યતમ ગણ્યો છે. 'आशुवृष्यान्तरापेक्षया शुक्रोद्रेकं करोति इति आशुवृष्यतमा।' (ભાનુ૦ વ્યાખ્યા).

ભલે **वरान्न** ઉપરથી **वरण** શબ્દ મરાઠીમાં પ્રયુક્ત થયો હોય, પરન્તુ શાસ્ત્રશુદ્ધ અર્થ અમને તો દૂધપાક જ લાગે છે.

**वरान्न**—ઉત્તમ ખાદ્ય–દૂધપાક

**अवरान्न**—હલકું અનાજ—કોદરા, બંટી, કાંગ જેવું.

# ગુજરાતનાં બે પ્રાચીન શિલ્પો

ઉમાકાન્ત પ્રેમાનન્દ શાહ

આ લેખમાં ગુજરાતની પ્રાચીન અતિ મહત્ત્વની બે શિલ્પ-કૃતિઓ રજૂ કરી છે. એમાંની એક દક્ષિણ ગુજરાતમાં, ડાંગ પ્રદેશમાં આહવામાંથી મળેલી છે જ્યારે બીજી ઉત્તર ગુજરાતમાં તારંગાના રસ્તેથી સદ્ગત શેઠ શ્રી ચિનુભાઈ બૅરોનેટને મળેલી હાલ શેઠ શ્રી ઉદયનભાઈના સંગ્રહમાં છે. આ બીજી પ્રતિમાને પહેલી વાર પ્રકાશમાં આણવાનો યશ ગુજરાતના વયોવૃદ્ધ કલાચાર્ય શ્રી રવિશંકર રાવળને છે. તેઓએ આ પ્રતિમા 'કુમાર' અંક ૫૨૮માં, કલા-રવિ અંકમાં, પૃ. ૯૭ સામે, પ્રસિદ્ધ કરી હતી. ગુજરાતની શિલ્પકલાના ઇતિહાસમાં એ કૃતિ અગત્યનું સ્થાન ધરાવતી હોવાથી અહીં તેની ચર્ચા કરી છે. મુરબ્બી શ્રી રવિભાઈએ પ્રસિદ્ધ કરેલી કલાકૃતિ અહીં **ચિત્ર ૭** તરીકે રજૂ કરી છે; પણ આ શિલ્પ સંભવતઃ કોઈ સ્તમ્ભનો ખંડિત ભાગ હશે અને તેની ત્રણ બાજુ દર્શનમાં હશે, બાકીની એક બાજુ દીવાલને લાગીને હશે કેમ કે આ અવશિષ્ટ ટુકડાની જમણી તરફની બાજુએ એક બીજું શિલ્પ છે ( જુઓ **ચિત્ર ૮-૯-૧૦** ) જે હજુ સુધી પ્રસિદ્ધ થયેલું નથી. શ્રી શેઠ ઉદયનભાઈ અને તેઓશ્રીના પત્ની શ્રીમતી મોનાબહેને મને આ શિલ્પનો અભ્યાસ કરવાની સગવડ આપી ફોટા પાડવા દીધા તે માટે તેઓનો હું ઋણી છું. આ જમણી બાજુના ભાગે શિવનું મસ્તક તથા ધડનો પેટ ઉપરનો ભાગ સચવાએલાં છે. તે શિલ્પ અહીં **ચિત્ર ૯** તરીકે રજૂ કર્યું છે.

આહવામાંથી મળેલું શિલ્પ ડાંગના સુપ્રસિદ્ધ સમાજસેવક શ્રી ગુલાબભાઈ નાયકને તેમના રહેઠાણની સામે જ એક નવા મકાનના પાયા ખોદતા હતા તેમાંથી લગભગ દોઢેક ફૂટ જેટલી જ ઊંડાઈએથી મળેલું જે તેઓશ્રીએ મને ભેટ આપેલું મારા સંગ્રહમાં છે. આ શિલ્પ આજથી પાંચ કે છ વર્ષ ઉપર થોડા કલાક માટે હું આહવા ગયો હતો ત્યારે તે જ આરસામાં મળેલું હતું. પાયા ખોદવાનું કામ તાજું જ શરૂ થયેલું ચાલતું હતું. આ શિલ્પ પણ ખંડિત હોઈ કોઈ મૂર્તિના શરીરના મસ્તક અને ધડનો ભાગ જ બચ્યો છે.[1]

પ્રાચીન ગુજરાતની કલાના ઇતિહાસનાં અને પ્રાચીન પશ્ચિમ ભારતીય કલાના ઇતિહાસનાં ઉપલબ્ધ જૂજ સાધનોમાં આ શિલ્પ મળવાથી એક અતિ મહત્ત્વનો ઉમેરો થયો છે. જે સમયનું આ શિલ્પ છે તે વખતે હાલના ગુજરાતનું ગુજરાત નામ પડયું નહોતું તેથી અહીં જ્યારે પ્રાચીન ગુજરાતની કલા એવો શબ્દપ્રયોગ કરું છું ત્યારે હાલ ગુજરાત તરીકે ઓળખાતા પ્રદેશની પ્રાચીન કલા એમ સમજવાનું છે. આહવામાંથી મળેલા આ શિલ્પનો સન્મુખ દર્શનનો ભાગ અહીં **ચિત્ર ૧** તરીકે અને પશ્ચાદ્ભાગ **ચિત્ર ૨** તરીકે રજૂ કર્યા છે. Schist અથવા પારેવા પથ્થર તરીકે

---

૧ મેં જાતે પાયામાં અને આજુબાજુની માટીમાં બાકીનો ટુકડો ખોળ્યો પણ મળ્યો નહિ. મારી પાસે સમય થોડો હતો અને તે જ દિવસે સાંજે પાછા ફરવું હતું જેથી વધુ તપાસ થઈ શકી નહોતી.

ઓળખાતા પાષાણમાંથી કોતરેલું આ શિલ્પ ઈ. સ.ના બીજા સૈકા આસપાસનું છે. ફક્ત માથું અને ધડનો ભાગ અને જમણો હાથ, તેમજ ડાબા હાથનો થોડો ભાગ બચેલાં છે. છાતીનો ભાગ પણ આગળથી તૂટેલો હોઈ આ આકૃતિ પુરુષની છે કે સ્ત્રીની એ બાબત પણ વિચારણીય થઈ પડે છે. મૂર્તિના માથા ઉપર જૂની ઢબના બે બાજુ એક એક પંખવાળા મુકુટ જેવું કાંઈક પહેરેલું કે બાંધેલું છે. પુષ્ટિ સમ્પ્રદાયમાં, વૈષ્ણવ મંદિરોમાં જેને ત્રિછોગા-મુકુટ કહે છે તે ત્રણ છોગાવાળા (three-pointed, ત્રિકૂટ) મુકુટનું મૂળ આ જાતના શિરોવેષ્ટન અથવા પાઘમાં છે. આહવાના આ શિલ્પમાં મળતા પાઘ (crown or turban)ને મળતા પાઘ ઈ. સ.ના પહેલાથી ત્રીજા-ચોથા સૈકા વચ્ચેના સમયમાં બનેલા અન્ય ભારતીય શિલ્પોમાં મળે છે. આહવાનું શિલ્પ પણ ઈ. સ.ના ચોથા સૈકા પહેલાનું જ હોઈ શકે. હાથનાં કાંડા પરનાં ઘણાં બધાં કંગન અથવા વલયો પરથી આ પ્રતિમા કદાચ કોઈ સ્ત્રીની—કોઈ દેવી કે યક્ષીની—હોવાનો સંભવ છે. જમણો હાથ કોણીથી વાળી ઊંચો કરી તેમાં કમળ પકડેલું છે. આ કમળ અને હાથ તૂટી ના જાય તે માટે પથ્થરની જ એક પટ્ટી હાથને અને મસ્તકને જોડતી કોતરીને રહેવા દીધી છે. આ લક્ષણ મથુરાની કુષાણકાલીન મૂર્તિઓમાં જોવા મળે છે. ખાસ કરીને ગુપ્તયુગ અને તે પછીના શિલ્પોમાં આવું ભાગ્યે જ જોવા મળે છે. ડાબો હાથ કોણીથી વાળેલો કેડ પર મૂકેલો કટિ-હસ્ત હશે પણ નીચેથી ખંડિત હોઈ તે હાથમાં કાંઈ પકડેલું કે કેમ તે કહી શકાય નહિ.[2] મુખ સુંદર, લગભગ ગોળ અને ભરાવદાર છે. નીચેનો ઓષ્ઠ કંઈક જાડો આગળ પડતો છે. માથાની પાછળ લટકતી વેણી (**ચિત્ર ૨**) ચપટી દેખાય છે, અને વાળની નિશાની નથી તેથી કયાં તો બરાબર હૂબહૂ વાળની લટ નહિ કોતરતાં વેણી અથવા લટનું સૂચન માત્ર જ છે અથવા વાળની લટને એવી રીતે ચપટા ઘાટના કોઈ વસ્ત્ર કે આભૂષણમાં સેરવી દેવામાં આવી હશે. આ લક્ષણ પણ પ્રાચીન પ્રતિમાઓમાં જોવા મળે છે, દાખલા તરીકે તેર (પ્રાચીન તગર, મહારાષ્ટ્રમાં)ની હાથીદાંતની યક્ષી (?) પ્રતિમાની પાછળ અને ગાંધાર કલાના કેટલાક શિલ્પો પાછળ પણ આવી જુદી જુદી ઢબની વેણી-લટ જેવું જોવા મળે છે.

આહવાની આ પ્રતિમાને કલાશૈલીની દ્રષ્ટિએ કાર્લા[3] તથા કન્હેરી[4]ની ગુફાઓના મિથુનો અને દાતાઓનાં શિલ્પો સાથે સરખાવવાથી જણાશે કે પ્રાદેશિક વિશિષ્ટતાઓ બાદ કરીએ તો લગભગ એક જ કલાશૈલીની આ જુદી જુદી કૃતિઓ છે. આ મસ્તક સાથે મહારાષ્ટ્રમાં તેર (તગર)ના પ્રાચીન અવશેષોમાંથી મળેલાં માટીકામના મસ્તકો (જે હાલ નેશનલ મ્યૂઝિયમમાં છે, અને જે સાતવાહન યુગના મનાય છે તે) સાથે સરખાવવાથી પણ સમજાશે કે કાર્લા, કન્હેરી અને તેરનાં શિલ્પો તેમ જ આહવા અને શામળાજીનાં કેટલાક ક્ષત્રપકાલીન શિલ્પોની શૈલી ભરહુત અને સાંચીની શિલ્પકલામાંથી ઊતરી આવેલી છે અને એ બધા શિલ્પોમાં અમુક લક્ષણોનું સામ્ય છે. ઈ. સ.ના ચોથા સૈકા આસપાસમાં બનેલાં શામળાજીનાં કેટલાંક શિલ્પો—ખાસ કરીને

---

૨ આજ રીતે જમણા હાથમાં પદ્મ અને ડાબો હાથ કટિ-મુદ્રાએ એવી ભિલસા (વિદિશા)માંથી મળેલી યક્ષ અને યક્ષીની મૂર્તિઓ માટે જુઓ विक्रम-स्मृति-ग्रन्थ, પૃ. ૬૯૧ સામેની પ્લેટ.

૩ સ્મિથ, કૉડરિંગ્ટન અને ખંડાલાવાલા, એ હિસ્ટરી ઑફ ફાઈન આર્ટ ઇન ઇન્ડિયા ઍન્ડ સીલોન, પ્લેટ ૨૭, ૨૮, ૨૯, ૩૦.

૪ ઝીમર, ધ આર્ટ ઑફ ઇન્ડિયન એશિયા, વૉ. ૨, ચિત્ર ૮૪-૮૫. કાર્લા માટે જુઓ ચિત્ર ૮૧-૮૩.



ચિત્ર ૧

આહવામાંથી મળેલી પ્રતિમા

( ફોટો કૉપીરાઈટ : ઉમાકાન્ત શાહ )



ચિત્ર ૨

આહવામાંથી મળેલી પ્રતિમા (પાછળનો ભાગ)

(ફોટો કૉપીરાઈટ: ઉમાકાન્ત શાહ)



ચિત્ર ૩

ભીલડીવેશે પાર્વતી—શામળાજી (ફોટો : વડોદરા મ્યૂઝિયમના સૌજન્યથી)



ચિત્ર ૪

યક્ષ અથવા ગણ—શામળાજી



ચિત્ર ૫

યક્ષ અથવા ગણ—શામળાજી

( ફોટો : વડોદરા મ્યૂઝિયમના સૌજન્યથી )



ચિત્ર ૬

ચામુંડા—શામળાજી

ફોટો : અમેરિકન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયન સ્ટડીઝ, બનારસના સૌજન્યથી



ચિત્ર ૭

તારંગા પાસેથી મળેલું શિલ્પ

શેઠશ્રી ચિનુભાઈ બૅરોનેટના સંગ્રહમાંથી

( ફોટો : શ્રી રવિશંકર મ. રાવળના સૌજન્યથી )



ચિત્ર ૮

તારંગા પાસેથી મળેલું શિલ્પ



ચિત્ર ૯

તારંગા પાસેથી મળેલું શિલ્પ

ફોટો : ઉમાકાન્ત શાહ

( શેઠશ્રી ઉદયનભાઈના સૌજન્યથી )



ચિત્ર ૧૦

શિવમૂર્તિ—ચિત્ર ૯નું સન્મુખ દર્શન

ફોટો : ઉમાકાન્ત શાહ

( શેઠશ્રી ઉદયનભાઈના સૌજન્યથી )

ભીલડીવેશમાં પાર્વતીવાળું શિલ્પ (**ચિત્ર ૩**), તથા બાળક સાથેની કોઈ માતાનું શિર અને ધડવાળું ખંડિત શિલ્પ[૫]—ક્ષત્રપકાલીન આ કલાની જ ઉત્કૃષ્ટ કોટિની કલાકૃતિઓ છે. માતા અને શિશુવાળું શિલ્પ ઈ. સ.ના બીજા ત્રીજા સૈકામાં મૂકી શકાય તેવું છે. **ચિત્ર ૩**માં ભીલડી-વેશમાંની પાર્વતીએ પહેરેલાં વ્યાઘ્ર કે સિંહચર્મમાંનું વ્યાઘ્ર કે સિંહનું મુખ મથુરાના કુષાણકાલીન સિંહોને મળતું છે. ભીલડીની મુખાકૃતિની રચના તેમ જ આહવાના શિલ્પની મુખાકૃતિની રચના એક જ કલાશૈલી અને પરિપાટીની સૂચક છે. આહવાના શિલ્પમાં માથાપરની પાઘ કે મુકુટની રચના શામળાજી–દેવની મોરીના પ્રદેશમાંથી શ્રી દેવકરે[૬] વડોદરા મ્યુઝિયમમાં આણેલા ગણોના મુકુટની રચના (**ચિત્ર ૪–૫**) સાથે સામ્ય ધરાવે છે. આ ગણ અથવા યક્ષોનાં શિલ્પ પણ ઈ. સ. ચોથા સૈકાથી પછીનાં તો નથી, કદાચ ઈ. સ.ના બીજા-ત્રીજા સૈકાનાં પણ હોઈ શકે.

શામળાજીનાં આ શિલ્પોને સામાન્યતઃ (બીજા વધુ પુરાવાઓના અભાવે) મેં ઈ.સ. ૪૦૦ આસપાસનાં ગણાવેલાં હતાં. ભીલડીવેશે પાર્વતીના શિલ્પ ઉપરાંત, શામળાજીમાંથી મળેલી ચામુંડાની પ્રતિમા જે અહીં **ચિત્ર ૬** તરીકે રજૂ કરી છે તેમાં દેવીના વાહન તરીકે રજૂ કરેલ વ્યાઘ્ર (કે સિંહ ?) મથુરાના કુષાણકાલીન સિંહો સાથે ખૂબ જ સામ્ય ધરાવે છે. તદુપરાંત દેવીના હાથમાંનું અસુરનું મસ્તક સ્પષ્ટ રીતે રોમન અસરવાળું હોઈ એ શિલ્પ ઈ.સ.ના ચોથા સૈકા પછીનું નથી જ. આમ આપણને મળતા સ્પષ્ટ પ્રમાણો પરથી એ વાત સ્પષ્ટ છે કે ગુજરાતની શામળાજી પ્રદેશની ક્ષત્રપકાલીન શિલ્પકલા તેમ જ કાર્લા, કન્હેરી આદિમાંથી મળતી અપરાન્તની ક્ષત્રપકાલીન અને સાતવાહનકાલીન શિલ્પકલા વચ્ચે ઘણું એવું સામ્ય હતું અને મથુરાની કુષાણ-કાલીન કલાની માફક સારી એવી વિકસેલી આ શિલ્પકલા હતી.

આહવાનું શિલ્પ એ ગુજરાતની ક્ષત્રપકાલીન કલાના ઇતિહાસમાં એક અગત્યનો નમૂનો છે. અગત્યનો એટલા માટે કે એ શામળાજી અને કાર્લા-કન્હેરી વચ્ચેના પ્રદેશમાંથી મળવાના કારણે વચલા પ્રદેશની ક્ષત્રપકાલીન કલાની ખૂટતી કડી પૂરી પાડે છે અને ડાંગ તથા સમગ્ર દક્ષિણ ગુજરાતમાંથી બીજા અગત્યના પ્રાચીન અવશેષો મળવાની વિશ્વસનીય સંભાવના ઊભી કરે છે. રાજપીપળા પાસે કડિયા ડુંગરની જૂની ગુફાઓ શ્રી અમૃત વસંત પંડ્યાએ પહેલાં પ્રસિદ્ધ કરેલી અને પછી હમણાં શ્રી જયેન્દ્ર નાણાવટીએ પ્રસિદ્ધ કરી છે,[૭] તે ગુફાઓની વેદિકાની ભાત તથા બે સિંહોની સંયોજનાવાળા શિલ્પ સાથેનો સ્તંભ જડવાથી આ સંભાવનાને પુષ્ટિ મળે છે. આ ગુફાઓ પાસે જે લેખ કોતરેલા છે તેને વાંચવાનો પ્રયત્ન અગાઉ થયો નહોતો. તાજેતરમાં પૂનાની ડેક્કન કૉલેજનાં શ્રીમતી ગોખલેએ એમાંના એક લેખને ઉકેલ્યો છે તેમ જ વર્ષસંખ્યા પણ કોતરાયેલી વાંચ્યાનું જાણવા મળ્યું છે અને તે મુજબ આ ગુફાઓ ઈ.સ. બીજા-ત્રીજા સૈકાની હોવાનું જાણવા મળે છે.

---

૫ જુઓ, ઉમાકાન્ત શાહ, સ્કલ્પચર્સ ફ્રૉમ શામળાજી ઍન્ડ રોડા, પૃ. ૪૧

૬ શ્રી. વી. એલ. દેવકરે આ શિલ્પો શામળાજી કે દેવની મોરીમાંથી ખરેખર કયા સ્થળેથી આણ્યા તેનો સ્પષ્ટ ખુલાસો મને હજુ સુધી આપ્યો નથી. આશા છે કે તેઓ આ જાહેર કરશે કેમ કે એ સ્થળની વધુ તપાસ કરવી ઇષ્ટ છે. દેવની મોરીનો પ્રદેશ શામ સાગર માટે સોંપી દેતાં પહેલાં હજુ વધુ ખોદકામ થયું હોત તો સારું થાત એમ મારું માનવું છે.

૭ શ્રી જયેન્દ્ર નાણાવટી, કડિયા ડુંગરની બૌદ્ધ ગુફાઓ, કુમાર અંક ૫૨૮, પૃ. ૭૨-૭૩

એ જ રીતે શામળાજીનાં શિલ્પોના સમય-નિર્ણયને પણ, વડોદરા યુનિવર્સિટીના પુરાતત્ત્વ-વિભાગે દેવની મોરીના સ્તૂપના કરેલા ઉત્ખનનને પુષ્ટિ આપી છે, કેમ કે ઈ.સ. ૩૭૫ આસપાસ બનેલા આ સ્તૂપમાંથી મળેલી માટીકામની બુદ્ધમૂર્તિઓની કલા તેમ જ માટીકામની અનેક ભાતો, અલંકરણો વગેરે પશ્ચિમ ભારતીય ક્ષત્રપકાલીન કલા કેટલી બધી આગળ વધેલી હતી તે બતાવે છે, અને આ પ્રદેશની મળેલી પાષણની મૂર્તિઓની શૈલીનો સમયનિર્ણય કરવામાં સહાયભૂત બને છે.

કાર્લા અને કન્હેરીનાં નર-નારી યુગલને જોતાં સમજાશે કે મોટી પહોળી ખુલ્લી આંખો, ભરાવદાર મુખ, અને સુદૃઢ સશક્ત ભરાવદાર શરીરનો બાંધો વગેરે જે લક્ષણો એ શિલ્પોમાં છે તે જ લક્ષણો શામળાજી અને આહવાના શિલ્પોમાં છે. ફક્ત તત્કાલીન પ્રાદેશિક વિશિષ્ટતા, જે નરનારીના શારીરિક બંધારણમાં હોય તે, તે તે પ્રદેશના શિલ્પોમાં જુદી પડે છે. આ વિશિષ્ટતા બાદ કરીએ તો સમજાશે કે આખાય પશ્ચિમ ભારતીય પ્રદેશમાં, લગભગ ઈ.સ.ના પહેલાથી ચોથા સૈકા સુધી એક જ કલાપરંપરા–કલાશૈલી હતી. નાસિકથી પુષ્કર સુધી અને પૂર્વમાં ઉજ્જૈન સુધી આધિપત્ય ભોગવનાર શક નહપાનના જમાઈ ઉષવદાત (ઋષભદત્ત)એ નાસિકથી પુષ્કર અને ઉજ્જૈન સુધી જુદા જુદા તીર્થોમાં કરેલા દાનપુણ્યની હકીકત નાસિકની એક ગુફામાંના શિલાલેખમાં મળે છે જે ઉપરની માન્યતાને સાચી ઠેરવે છે.

ગુજરાતની ક્ષત્રપકાલીન શિલ્પકલા અને મથુરાની કુષાણકાલીન કલા લગભગ સમકાલીન ગણાય. મથુરામાં ઈ.સ.ના પહેલાથી ચોથા સૈકા વચ્ચે થયેલી પ્રતિમાઓમાં, આંખોની ઉપરની પાંપણ વિશિષ્ટ પ્રકારે નીચે નીચે ઢળતી જાય છે. ગુજરાત અને રાજસ્થાનના કે મહારાષ્ટ્રનાં ક્ષત્રપકાલીન કલાકારોએ મથુરાનું અનુકરણ કરવાને બદલે મધ્ય ભારતની સાંચી અને ભરહુતની કલાનો વારસો સાચવી વિકસાવી તદ્દન ખુલ્લી આંખોવાળાં શિલ્પો ઘડ્યાં છે. સ્ત્રી-પુરુષના દેહના ઘાટમાં પણ શામળાજીમાં તેમ જ અન્યત્ર પશ્ચિમ ભારતમાં, ક્ષત્રપકાળથી માંડીને ગુર્જર-પ્રતિહાર યુગના અંત સુધી, સાંચી-ભરહુતની પ્રાચીન પરંપરાને જ નજર સામે રાખી વિકસાવી છે. ફક્ત આંખો બાબતમાં, ગુપ્ત યુગના આદર્શોની અસર નીચે અર્ધમીલિત ધ્યાનસ્થ નેત્રોની પરિપાટી પણ અપનાવી છે.

શામળાજી પાસે મેશ્વોમાં બંધ બાંધતી વખતે નાગધરા પાસેથી ઊંડેથી મળી આવેલી ધાતુપ્રતિમાની[૮] કલા તેમ જ દેવની મોરીના સ્તૂપમાંથી મળેલા બુદ્ધના બે માટીકામનાં મસ્તકો પરની કેશરચના સ્પષ્ટ રીતે[૯] ગાંધારકલાની અસર બતાવે છે. આ બધા પુરાવાઓ ક્ષત્રપ-યુગમાં ગુજરાતમાં સારી એવી શિલ્પકલાપ્રવૃત્તિ હોવાનું સાબિત કરે છે. થોડાં વર્ષ ઉપર, શ્રી જયેન્દ્ર નાણાવટી અને શ્રી મધુસૂદન ઢાંકીએ પાષાણનું એક નાનું મસ્તક પ્રગટ કર્યું હતું જે સૌરાષ્ટ્રમાં

---

૮ જુઓ, એસ. એન. ચૌધરી, એ બ્રૉન્ઝ સ્ટેચ્યૂટ ઑફ ઍટલાસ ફ્રૉમ શામળાજી, જર્નલ ઑફ ધ ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, બરોડા, વૉ. ૧૧, નં. ૪, પૃ. ૩૦૯–૩૧૫ તથા ફીગર ૧ થી ૩.

૯ જુઓ, ર. ના. મહેતા તથા એસ. એન. ચૌધરી, ઍકસકાવેશન ઍટ દેવની મોરી, પ્લેટ્ ૪૦, ચિત્ર એ તથા બી; અને એસ. એન. ચૌધરી, એકસકાવેશન્સ ઑફ એ બુદ્ધિસ્ટ સ્તૂપ ઍન્ડ વિહાર ઍટ દેવની મોરી, જર્નલ ઑફ ધ ઓરિયેન્ટલ, ઈન્સ્ટીટ્યૂટ, પૃ. ૪૫૧–૪૫૯ તથા પ્લેટ ૩, ફીગર ૪.

કાકાની સિંહણુ નામક સ્થળેથી મળ્યું હતું.[૧૦] આ ઉપરાંત કચ્છમાં દોલતપુરા પાસેથી મળેલું સૂર્ય અથવા વિષ્ણુની મૂર્તિનું નાનું મસ્તક ઉમાકાન્ત શાહે પ્રસિદ્ધ કર્યું હતું.[૧૧] આ બેઉ મસ્તકો ક્ષત્રપકાલીન છે. મધ્યગુજરાતમાં સોજીત્રામાંથી મળેલું, શ્રી. અમૃત વસંત પંડ્યાએ શોધેલું એક સુંદર ક્ષત્રપકાલીન મસ્તક વલ્લભવિદ્યાનગરના સંગ્રહાલયમાં છે.[૧૨]

સંસ્કાર અને કલાક્ષેત્રે પશ્ચિમ ભારતમાં ક્ષત્રપયુગ એ કાંઈ અંધકારયુગ નહોતો. રુદ્રદામને ગિરનાર પાસે કોતરાવેલી સુંદર સંસ્કૃતમાં રચાયેલી સુદર્શન તળાવ અંગેની પ્રશસ્તિ, કારવણમાંથી ઈ. સ.ની પહેલી-બીજી સદી આસપાસ ભગવાન શ્રી. લકુલીશે બોધેલું લકુલીશ-પાશુપત દર્શન, બાવા પ્યારા મઠના નામથી જાણીતી ગિરનાર પાસેની ગુફાઓ, ઉપરકોટની ગુફાઓ અને તેના સ્તંભો પરની આકૃતિઓ, ખંભાલીડાની બૌદ્ધ ગુફાના શિલ્પો, મહારાષ્ટ્રમાં નાસિક, કાર્લા, કન્હેરી આદિ ગુફાઓ, રાજસ્થાનમાં પુષ્કર પાસે નાંદ ગામમાંથી મળેલું અનેક દેવપ્રતિમાઓ મંડિત શિવલિંગ, અમરેલીના ઉત્ખનનોમાંથી ક્ષત્રપકાલીન સ્તરોમાંથી મળેલી નાની પ્રતિમાઓ આદિ ઓછા કે વધુ પ્રમાણમાં જાણીતા થયેલા પુરાવાઓ હોવા છતાં કુષાણ-કલાનો જેટલો અભ્યાસ થયો છે તેટલો ક્ષત્રપ-કલા અને તેની સિદ્ધિઓનો અભ્યાસ થયો નથી. ઉત્તર ભારતની ગુપ્તકાલીન કલાને મળેલો વારસો અથવા બીજા શબ્દોમાં કહીએ તો એની પાર્શ્વભૂમિકા સમજવા માટે કુષાણુ-કલા અને ગાંધારકલા તરફ જે ધ્યાન કેન્દ્રિત થયું છે તે પૂરતું નથી. બિકાનેર પ્રદેશમાં રંગમહલ, બડોપલ, કાલીબંગન આદિ સ્થળોમાંથી ટેસિટોરીએ આણેલા પ્રાચીન માટીકામનાં શિલ્પફલકો, દેવની મોરીનો કલાભંડાર, સિંધમાં મીરપુરખાસના સ્તૂપના અવશેષો અને ઉપર જણાવેલા અન્ય અવશેષો, ઉપરાંત, રાજસ્થાનમાં ચિતોડ પાસે નગરી ( પ્રાચીન માધ્યમિકા ), જયપુર રાજ્યમાંનું બૈરાટ ( વિરાટ નગર ) તેમ જ રૈઢ અને સાંભરના ઉત્ખનનોમાંથી મળેલા માટીકામના નાના શિલ્પો આદિ સામગ્રીનો અભ્યાસ કરવો જરૂરી છે. આ બધા અભ્યાસના આધારે સમજાશે કે શિલ્પકલા ક્ષેત્રે પશ્ચિમ ભારતે ઈ. સ.ના ચોથા સૈકાના અંતભાગ સુધીમાં જે સિદ્ધિ પ્રાપ્ત કરેલી તે કેટલીક વખત પૂર્વ ભારતની મથુરાની કુષાણકલા કરતાં પણ ઊંચી કોટિની હતી. આહવાનું શિલ્પ આ સિદ્ધિનો એક સુંદર નમૂનો છે, અને તેનો સમય ઈ. સ. બીજી કે ત્રીજી સદી છે.

**ચિત્ર ૭ થી ૯** તરીકે રજૂ કરેલી આકૃતિઓવાળો ટુકડો શ્રી રવિશંકર રાવળે જણાવ્યું છે તે મુજબ શેઠશ્રી ચિનુભાઈ બૅરોનેટે બચાવી સાચવી રાખ્યો હતો. આમાં **ચિત્ર ૭** તરીકે રજૂ કરેલા શિલ્પનો ફોટો મુ. શ્રી. રવિશંકર રાવળે આપ્યો છે તે માટે તેઓશ્રીનો આભારી છું. આમાં નમસ્કાર કરતી ઊભેલી મુકુટધારી આકૃતિ ચતુર્ભુજ છે જેમના જોડેલા બે હાથ વચ્ચે શંખ પકડેલો છે. દર્શનનો ચોથો હાથ ખંડિત છે પણ તેના છેડે ચક્રની આકૃતિ હોવાથી એ મૂર્તિ વિષ્ણુ અથવા વિષ્ણુના અવતારનું સૂચન કરાવવા માટે ચતુર્ભુજ રૂપે રજૂ કરેલી શ્રીકૃષ્ણુની હોઈ શકે. સામે ચોકી ઉપર બેઠેલાં નર-નારી કોઈ ઋષિ પતિ-પત્ની નહિ પણ રાજવી વ્યક્તિઓ લાગે છે. તેથી

---

૧૦ જર્નલ ઑફ ધ ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યૂટ, વૉ. ૧૦, અંક ૩, પૃ. ૨૨૩–૨૨૫ તથા પ્લેટ્સ.

૧૧ ઉમાકાન્ત શાહ, ગુજરાતના એક ક્ષત્રપકાલીન શિલ્પનું મસ્તક, સ્વાધ્યાય, વર્ષ ૫, અંક ૨, પૃ. ૧૯૬–૧૯૮.

૧૨ જૂઓ, ક્રૉનોલૉજી ઑફ ગુજરાત, વૉ. ૧, પ્લેટ ૧૮ એ, પૃ. ૩૧૫.

તેઓ વસુદેવ અને દેવકી હોવાનો સંભવ છે. કંસને મારીને વસુદેવ તેમ જ દેવકી પાસે શ્રીકૃષ્ણ પધાર્યા તે પ્રસંગ હોઈ શકે. આ એક અનુમાન છે. ચોક્કસ ઓળખ થઈ શકી નથી. પણ કલાની દૃષ્ટિએ આ શિલ્પ અગત્યનું છે. કેશરચના, વેશભૂષા ઇત્યાદિ પરથી આ શિલ્પમાં ગુપ્તકાલીન કલાની અસર સ્પષ્ટ છે. શરીરના પ્રમાણમાં મોટા ભારે મસ્તકો, ભરાવદાર ચહેરા, વિશાળ ભાલ, લાંબી મોટી અણીઆળી આંખો એ પશ્ચિમ ભારતીય કલાની વિશિષ્ટતાઓ પણ છે. આ બધુ જોતાં આ શિલ્પને ઈ. સ. છઠ્ઠા સૈકામાં મૂકી શકાય. **ચિત્ર ૯** તથ. **ચિત્ર ૧૦**માં રજૂ કરેલી જનોઈધારી પ્રતિમા શિવની લાગે છે. આ શિલ્પ પણ ગુપ્તકાલીન, ઈ. સ.નાં છઠ્ઠા સૈકાનું છે. શિવની બાજુમાં ખંડિત મસ્તકવાળી ઉભેલી આકૃતિના હાથની રચના ઉપરથી તે કચાં તો ચામર ઢાળતી અથવા અભિષેક કરતી હોઈ શકે. આ શિલ્પ પરથી લાગે છે કે આ પ્રદેશમાં કોઈ સુંદર ગુપ્તકાલીન દેવમંદિર હતું. શિવની સુંદર મુખમુદ્રા તથા મસ્તકની બાજુમાં લટકતી જટાની લટોની રચના પરથી એ શિલ્પ ગુપ્તકાલીન, ઈ. સ.ના છઠ્ઠા સૈકાનું હોવાનું અનુમાન થાય છે.

પ્રાચીન ગુજરાતની શિલ્પકલાના ઇતિહાસનાં સાધનો ધીરે ધીરે મળતાં જાય છે. આ બેઉ શિલ્પકૃતિઓ એ રીતે ઘણી અગત્યની છે. તારંગાની આજુબાજુનો, દાંતા અંબાજી તરફનો અને દક્ષિણ ગુજરાતનો આખો પ્રદેશ વધુ શોધખોળ માગે છે. ચારેક વર્ષ ઉપર વડોદરા મ્યુઝિયમે ખરીદ કરેલ શિવ-પાર્વતી, કૌમારી બ્રહ્માણી તથા વીણાધર શિવની મૂર્તિઓ ઉત્તર ગુજરાતમાંથી આવેલાં, પારેવા પત્થરનાં, ઈ.સ.ના છઠ્ઠા સૈકાનાં, સુંદર શિલ્પો છે. ગુજરાતની પ્રાચીન કલાસમૃદ્ધિ નાશ પામતી અટકાવવા વ્યવસ્થિત પ્રયાસ થવા જોઈએ.

# ગ્રન્થાવલોકન

**આત્મકથા** : લેખક: ડૉ. સુમન્ત મહેતા; સંક્ષેપ: સંપાદન: ભોગીલાલ ગાંધી; પ્રકાશક: પ્રભુદાસ બાલુભાઈ પટવારી—મહાકવિ શ્રી નાનાલાલ સ્મારક ટ્રસ્ટ–૪૬, પરિમલ સોસાયટી, અમદાવાદ–૬, પૃ. ૫૦૮, કિંમત: રૂપિયા ૨૦–૦૦.

ગુજરાતી સાહિત્યમાં 'સમાજદર્પણ'ના લેખક તરીકે ડૉ. સુમન્ત મહેતા સુપરિચિત છે. એ જ લેખકની આ 'આત્મકથા' એના ગુણવૈશિષ્ટ્યે આગવી ભાત પાડે તેવી છે.

Would to God the gift he give us,
To see ourselves as others see us.

બીજાઓ આપણને જેવી રીતે જુએ છે તેવી રીતે આપણે પોતાને જોઈ શકીએ એવી શક્તિની બક્ષિસ ઈશ્વર આપણને આપે તો કેવું સારું ? આ 'આત્મકથા'ના આલેખનમાં લેખકે કવિ રોબર્ટ બર્ન્સની ઉપરની પંક્તિઓ આદર્શ તરીકે રાખી છે અને એ આદર્શને આંબવા અસાધારણ મથામણ અનુભવી છે અને અતંદ્ર જાગૃતિ દર્શાવી છે.

ડૉ. સુમન્ત મહેતાએ લગભગ ચાળીસ વર્ષની (ઈ.સ. ૧૮૯૬ થી ૧૯૩૬) પોતાની ડાયરીઓને આધારે આશરે બે હજાર પૃષ્ઠની આત્મકથાની હસ્તપ્રત તૈયાર કરેલી. એ દળદાર હસ્તપ્રતને મઠારી એનો ઉચિત સંક્ષેપ કરી લગભગ હજારેક પાનાંમાં બે ભાગમાં ડૉ. સુમન્ત મહેતાનાં કુટુંબીજનોની સહાયથી પ્રગટ કરવાનો શ્રી ભોગીલાલ ગાંધીનો સંકલ્પ અને પુરુષાર્થ ખરેખર પ્રશસ્ય છે.

શ્રી ભોગીલાલ ગાંધીએ જ્યારે ડૉ. મહેતાની આત્મકથાના પ્રકાશનમાં આવશ્યક મહેનત કરવાની ઇચ્છા ને તત્પરતા દર્શાવ્યાં ત્યારે ડૉક્ટર સાહેબે માત્ર એટલું જ લખ્યું : "આત્મકથામાં પૂરું સત્ય હોતું નથી—શું ઈન્દુલાલ કે શું મહાત્માની..." ગાંધીજીની આત્મકથા, કેવળ ગુજરાતી સાહિત્યમાં જ નહીં પણ વિશ્વ-સાહિત્યમાં એની સત્યનિષ્ઠાને માટે વિશિષ્ટ સ્થાન ધરાવે છે. એમાં પણ જો 'પૂરું સત્ય' ન હોય તો આત્મકથામાં ડૉ. મહેતાનો સત્યના આગ્રહનો આદર્શ કેટલો ઊંચો છે તે સમજી શકાય તેમ છે. આત્મકથાલેખનનાં અનેક પ્રયોજનોમાં પ્રધાન પ્રયોજન તો આત્મ-પરીક્ષણ, આત્મ-વિકાસ, આત્મોન્નતિનું જ છે. આ હેતુની સાર્થકતા માટે સત્યના ધ્રુવતારક પર સ્થિર દૃષ્ટિ રાખવી અનિવાર્ય છે. ડૉ. મહેતામાં સત્યનો આગ્રહ હતો એટલું જ નહીં પણ અસત્ય માટે હડહડતો તિરસ્કાર હતો; એ વાતની પ્રતીતિ એમની 'આત્મકથા' વાંચતાં ડગલે પગલે થાય છે. પ્રિય સત્યના એ પુરસ્કર્તા નથી, બલ્કે કટુ સત્યના આગ્રહી છે. એમની નિર્ભીક્તા કવચિત્ ઉદ્દંડતાની સરહદ સુધી પહોંચી જાય છે, પણ એમનું લક્ષ્ય તો સત્યની ઉપાસના જ છે. આ 'આત્મકથા'માં મહારાજા, મહાત્મા કે અન્ય નાનીમોટી અનેક વિભૂતિઓ-વ્યક્તિઓ સંબંધે દર્શાવેલા સ્પષ્ટ ને નિર્ભીક અભિપ્રાયો પાછળ પણ એમનું પુણ્ય-પ્રકોપી માનસ જ છતું થાય છે.

આત્મકથાના વાચનને અંતે દાક્તર સાહેબની જે અંતરંગ છબિ ઉપસે છે તે કઠોર શિસ્તના આગ્રહી, નિગ્રહી, ધૂની, કલ્પનાશીલ, ચિંતનશીલ, પ્રકૃતિપ્રેમી અને અન્તરાત્માને જ મિત્ર, માર્ગદર્શક અને ફિલોસૉફર સમજનારની છે. પ્રભુ, પ્રાર્થના કે વ્રતોમાં એમને આસ્થા નથી પણ માનવજાતિની સુજનતામાં એમને આશા અને શ્રદ્ધા છે; એટલે તો જનસેવાની એમની વાસના ધાર્મિક, સામાજિક અને રાજકીય ક્ષેત્રોની અનેકવિધ પ્રવૃત્તિઓમાં એમને નિરન્તર રત રાખે છે. આ એકલમાર્ગી સેવાવીર કર્તવ્ય અને આચરણના જેટલા આગ્રહી છે તેટલા જ સ્વભાવના ઉગ્ર, આખાબોલાં ને નિખાલસ પણ છે. જૂનવાણીની નઠોર ઉપેક્ષા કરવાની વૃત્તિ સાથે તેમનામાં વ્યવસ્થાની અદ્ભુત શક્તિ પણ છે. સેવા કે સાહસના વણખેડ્યા માર્ગે વિચરવામાં એમની મૌલિક કાર્યશક્તિનો સુખદ પરિચય થાય છે. એમના પ્રત્યેક કાર્યમાં વૈજ્ઞાનિક દૃષ્ટિનો આવિર્ભાવ હોય છે. એમની મહત્તાગ્રંથિની સભાનતાને કારણે કવચિત્ તુંકાર-તોછડાઈ ને તુંડ-મિજાજીપણું વરતાય છે પણ એમની પારદર્શક નિખાલસતા ને નર્મ-મર્મની ઓથે એ મર્યાદા ગૌણ બની જાય છે. ગમે તેવી વ્યક્તિ માટે એમનો આદરભાવ સામાન્ય હોય છે પણ ઉદ્દેશો અને પ્રશ્નોની દૃષ્ટિએ તેઓ પ્રધાનભાવે વિચાર કરે છે. દાક્તર સાહેબના અદ્ભુત વ્યક્તિત્વને અને એમની ગદ્યશૈલીને સમજવા માટે નીચેનું અવતરણ અત્યંત ઉપયોગી થશે:

"જો મારા ઉપદેશથી તોફાન જાગતું હોય તો તે એટલું જ બતાવે છે કે અન્યાય ફેલાઈ રહ્યો છે. હું લોકોમાં જાગૃતિ આણવાનો પ્રયત્ન કરું છું. જ્ઞાન રેડવાનો પ્રયત્ન કરું છું. આત્મબળ ખીલે તેને માટે પ્રયાસ કરું છું. મનુષ્ય આ સૃષ્ટિની સાથેનો સંબંધ સમજે તેવું જ્ઞાન આપું છું. મને બુદ્ધિમાં શ્રદ્ધા છે. કોઈ વ્યક્તિની પૂજા થાય તે મને અસહ્ય લાગે છે. એવી પૂજા સ્વીકારવી તેમાં અહંભાવ રહ્યો છે. નમ્રતાનો દંભ મને પસંદ નથી. હું સત્યને પ્રિય કરવામાં માનતો નથી. કડવો સ્વાદ આવશ્યક છે. એ ટૉનિક છે. અર્ધસત્યો તરફ તિરસ્કાર છે."

( આત્મકથા-૧, પૃ. ૩૬૪ )

'સગવડોની વ્યવસ્થા' (પૃ. ૩૯), 'ખુશ થવું કે દિલગીર પડવું? (પૃ. ૧૨૬), 'હિંદુઓનું ( હિંદીઓનું જોઈએ ) ગુલામીનું પ્રદર્શન થતું હતું,' (પૃ. ૨૦૨), 'આ મારો ક્યાં ખરડો રવડી ગયો.' (પૃ. ૨૦૫), 'મારા મનમાં હંમેશની ભૂખ અને દુઃખ રહ્યાં જ કરશે' (પૃ. ૨૫૯) જેવા પ્રયોગો થોડીક કાળજીથી ટાળી શકાયા હોત.

કેટલાંક ચિંત્ય કોટિનાં વિધાનો પણ દાક્તર સાહેબના વ્યક્તિત્વ પર પ્રકાશ પાડે છે. દા. ત. :—

(૧) "અને છતાં કરોડો માણસો એમ માને છે કે અંતે ઈશ્વરના દરબારમાં ન્યાય છે. એ તો કોણ જાણે, પણ આ જગતમાં તો લાંચિયા ફાવી જાય છે અને પ્રામાણિક માણસો રવડી જાય છે. આ વસ્તુસ્થિતિ ન સમજે તે મૂરખ કહેવાય. એક બીજી એવી જ મૂર્ખાઈ ભરેલી માન્યતા છે કે પાપનો પૈસો ભોગવી શકાતો નથી. ખરી હકીકત એવી છે કે ભોગવી પણ શકાય છે અને તેનાં છોકરાં પણ ભોગવે છે." (પૃ. ૧૪૯)

(૨) "ડાકોરના મંદિરમાં જે પ્રતિમા છે તે એવી બિહામણી, ભયંકર અને કદરૂપી છે કે એ જોવાનું મન શી રીતે થાય? છતાં, હજારો માણસો તેની છબી પોતાના ઘરમાં રાખે છે, ને દર્શને દોડે છે." (પૃ. ૧૫૭)

(૩) "ગાંધીજીનું માનસ વિચિત્ર છે......વખતે દેશના સર્વથી વધારે શિસ્તબદ્ધ માણસ હશે પણ એમનામાં શિસ્તબદ્ધ માણસની અડગ આત્મશ્રદ્ધા દેખાતી નથી." (પૃ. ૧૬૮)

(૪) "ફ્રેન્ક હેરિસ શેકસપેરિયન નટ હતો....અહીંનાં નાટકોમાં સામાજિક પ્રશ્નોની ચર્ચા સારી થતી પણ નવા વિચારોને આચારમાં મૂકતાં જે વિઘ્નો નડે તે બતાવીને છેવટનો માર્ગ બતાવે નહિ. માત્ર વિચાર કરાવે, અસંતોષ પેદા કરે અને પછી કાંઈ હસવા જેવો પ્રસંગ ઊભો કરીને છટકી જાય. આ મને ગમતું નહિ." (પૃ. ૨૦૯)

કેવળ જનસેવાની અદમ્ય વાસનાથી પ્રેરાઈને તે જમાનામાં તો ઈર્ષ્યા જન્માવે તેવી સત્તા, અઢળક દ્રવ્ય, સુખસાહ્યબી ને ઊંચા હોદ્દાનો નિઃસ્પૃહભાવે ત્યાગ કરવામાં દાક્તર સાહેબની ખરી મર્દાનગી છે. સાચા અર્થમાં સહકર્મ-ધર્મ-ચારિણી શ્રીમતી શારદાબહેન મહેતાના સક્રિય સહકારથી એ મર્દાનગી મ્હોરી ઊઠે છે. ડાયરીની છાંટવાળું, લેખકનાં 'કુટુંબીઓ તથા તેમના મિત્રમંડળને' જ રસ પડે તેવું આ પુસ્તક નથી પણ 'જાગ્રત યુવાનો અને ભવિષ્યની પ્રજાને પ્રેરણાદાયી ઘણું બધું' ગાંઠે બંધાવે એવી, 'ગુજરાતના સામાજિક ઇતિહાસનાં લગભગ નેવું વર્ષનું દર્શન' કરાવનારી અને નવા સર્જનમાં "કેટેલિટિક એજન્ટ" (Catalytic agent) (ઉત્પ્રેરકતત્ત્વ) જેવી આ કૃતિ છે.

એના પ્રકાશનથી નર્મદ, ગાંધીજી, મણિલાલ, ઇંદુલાલ અને નાનાભાઈ ભટ્ટ જેવાઓની આત્મકથાઓની પ્રાણવાન શ્રેણીમાં એકનો વધારો થાય છે. એ માટે ગુજરાતી સાહિત્ય મહાકવિશ્રી નાનાલાલ સ્મારક ટ્રસ્ટ અને સંક્ષેપકાર–સંપાદક શ્રી ભોગીલાલ ગાંધીનું ઋણી રહેશે. આત્મકથાનો બીજો ભાગ સત્વરે પ્રગટે એવી અપેક્ષા-અભિલાષા સેવીએ.

**રણજિત એમ. પટેલ (અનામી)**

* * *

**પ્રતિભાવ :** લે. ધીરુભાઈ ઠાકર; પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ફુવારા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ–૧; પૃ. ૨૦૪, કિંમત રૂ. ૪–૦૦

ગુજરાતના વિદ્વાન પ્રાધ્યાપક અને વિવેચક ડૉ. ધીરુભાઈ ઠાકરનાં વ્યાખ્યાનો, વાર્તાલાપો અને પુસ્તકોના આમુખો મળી ૧૦ વિવેચનલેખો 'પ્રતિભાવ'માં સંગ્રહાયા છે. તેમાંના ત્રણ નાના લેખો બાદ કરતાં બાકીના બધા લેખો નાટક, રંગભૂમિ અને થિયેટરને લગતા છે. આથી દરેક લેખમાં–ભલે ભિન્ન ભિન્ન શીર્ષકના સંદર્ભમાં–નાટ્યકલા કે નાટ્યકૃતિને લગતાં સવિશેષ દૃષ્ટિકોણ અને પાસાંઓને ચર્ચવા જતાં લેખકને ઘણી બધી વિગતો અને કેટલાંય વિધાનોની પુનરુક્તિ કરવાનું પ્રાપ્ત થયું છે. લક્ષ્મી, ભટનું ભોપાળું, વીરમતી, વીણાવેલી, કાન્તા, રાઈનો પર્વત, ન્હાનાલાલની તથા મુનશીની કૃતિઓનાં ઉલ્લેખ, પરિચય અને સમીક્ષાત્મક–કદી કદી

તુલનાત્મક–પરીક્ષણ તો બેથી ય વધુ વખત પુનરાવર્તન પામે છે. અલબત્ત, દરેક લેખમાં મુદ્દો જુદો હોય છે. 'કાન્તા : એક અવલોકન', અને 'ન્હાનાલાલ : કવિ કે નાટકકાર ?' એ બે સ્વતંત્ર લેખોમાં પણ આ લક્ષણ જોવા મળે છે. 'આધુનિક સાહિત્યમાં માનવ', 'જ્ઞાનમુખી કવિતા', અને 'કરુણપ્રશસ્તિ' એ ત્રણ લેખોને આ સંગ્રહમાંથી બાકાત રાખીને, બીજા સાત લેખોનું, પુનરુક્તિના નિરસનપૂર્વક વધુ સૂચક પ્રકરણોનાં શીર્ષકો હેઠળ પુનઃ સંકલન કરીને ખૂટતી કડીઓ ઉમેરીને પણ–લેખકે ગુજરાતી નાટક અને રંગભૂમિ વિષેનો સમગ્રસુંદર સવિગત અભ્યાસગ્રંથ આપ્યો હોત તો 'પ્રતિભાવ' (નાટ્યપ્રતિભાવ ?)ની કૃતિ છે તેથી ય વધુ આસ્વાદ્ય અને સંહૃદ્ય બની રહેત. દરેક લેખમાં જરૂરી ઐતિહાસિક અને સૈદ્ધાંતિક મુદ્દા રજૂ કરી તેના સમર્થનમાં કૃતિઓમાંથી ઉદાહરણ કે કૃતિ વિષે સંક્ષિપ્ત મુદ્દાગત વિવેચન આપીને લેખને વિકસાવવાની શ્રી ઠાકરની વિવેચનશૈલી બધા જ લેખોમાં છાઈ રહે છે.

વિવિધ વિગતોથી સમૃદ્ધ અને તલસ્પર્શી સમગ્રદર્શી અભ્યાસથી વાચનક્ષમ બનેલો 'નાટકમાં શબ્દ'નો લાંબો લેખ ગ્રંથના ભૂષણરૂપ છે. તેમાં નિર્દિષ્ટ કરેલા વિચારો અને ઉલ્લેખોની વિશેષ પૂર્તિ ત્યાર પછીના બે લેખોથી થતી હોય છે. પતંજલિ, પાણિનિ અને ભરત મુનિથી શરૂ કરી સંસ્કૃત નાટકના પ્રાદુર્ભાવની લેખકે આછી રૂપરેખા આપી છે. પ્રાચીન નૃત્યનાટ્યમાંથી શબ્દના આશ્રયે છૂટી પડીને સ્વતંત્ર 'અભિનીત શબ્દની કલા' તરીકે વિકસેલી નાટ્યકલાના શિષ્ટવર્ગ અને લોકસમુદાયને અનુલક્ષીને બે ફાંટા પડ્યા. શ્રાવ્ય, પાઠ્ય અને રંગભૂમિ પરનાં દશ્ય-શ્રાવ્ય નાટકોના ભેદ દર્શાવી, શબ્દ અને તે દ્વારા સંવાદ, નાટ્યવસ્તુ-ક્રિયાને વેગ કે શિથિલતા આપવામાં કેવો ફાળો આપે છે તેની લેખકે સદૃષ્ટાંત ચર્ચા કરી છે. નાટકના સંવાદમાં પદ્યનું વાહન કેટલે અંશે કયા પ્રયોજનથી ઉપયોગમાં લઈ શકાય છે એની સૂક્ષ્મ વિચારણા લેખકે ન્હાનાલાલ, ઉમાશંકર, દુર્ગેશ શુકલ અને નિરંજન ભગતની (અનૂદિત 'ચિત્રાંગદા') કૃતિઓમાંથી ઉદાહરણો આપીને કરી છે. લોકસાહિત્યના સ્વરૂપનો ઇતિહાસ આપતાં લેખકે ભવાઈની ટૂંકી માહિતી આપીને, મુંબઈમાં મુખ્યત્વે પાશ્ચાત્ય રંગભૂમિના અનુકરણમાં અને અમદાવાદમાં ભવાઈના અનુસરણમાં જે નાટકો લખાયાં અને કેટલાંક ભજવાયાં તેમાં ભાષા, સંવાદ, ગીત, દશ્યો, વસ્તુ, અભિનય આદિ અંગોમાં તળપદાં તત્ત્વોનો વળોટ તખ્તાની જીવંત ધબકનો અનુભવ કરાવવામાં ક્રમે ક્રમે કેટલે અંશે ઉપકારક નીવડ્યો તેની–કેટલીક મર્યાદાઓ સહિત-વિસ્તૃત સમાલોચના કરી છે. ૧૯૦૦ સુધીમાં ગુજરાતી રંગભૂમિએ જેવો અને જેટલો વિકાસ સાધ્યો તેની યશકલગી લેખક યોગ્ય રીતે ડાહ્યાભાઈ ધોળશાજીને માથે પહેરાવે છે. ૧૯૦૦ પછીના લગભગ અઢી દાયકાના અંધકાર માટે લેખકે મુખ્યત્વે જૂની વ્યવસાયી રંગભૂમિના કેવળ દ્રવ્યલોભથી પ્રેરાઈને લોકરુચિ પંપાળવાના વલણને જ દોષ દીધો છે. લક્ષ્મી, ગુલાબ, મિથ્યાભિમાન, લલિતાદુઃખદર્શક તથા ડાહ્યાભાઈનાં નાટકોમાંથી ઉચિત સંવાદખંડો ઉદ્ધૃત કરી લેખકે ચર્ચાને વધુ રસપ્રદ બનાવી છે.

આ ચર્ચાને મિષે લેખકે, નાટક અને રંગભૂમિ વચ્ચે વધતું જતું અંતર, 'જયા-જયંત' અને 'રાઈનો પર્વત'ને રંગભૂમિ પર ઉતારવા જતાં નડતી મુશ્કેલીઓ, શિષ્ટ (સાહિત્યિક) નાટકો પ્રતિ રંગભૂમિની ઉપેક્ષા અને રંગભૂમિનાં નાટકો પ્રતિ સાહિત્યનો મોળો અભિગમ, સમર્થ નાટ્યકાર મુનશીના એક પણ નાટકનો વ્યવસાયી રંગભૂમિ પર પ્રયોગ નહીં થયાનું

આશ્ચર્ય, નાટકની, સાહિત્યના અંગ તરીકે નહીં પણ સ્વાયત્ત કલા તરીકે થવાપાત્ર મૂલવણી એવા અનેક પ્રશ્નોની ચર્ચા કરી છે, અને ચર્ચાના કે પોતાના અભિપ્રાયના સમર્થનમાં દાખલાઓ પણ આપ્યાં છે.

ગુજરાતી નાટકના આયુષના બાર દાયકાના પટને તેમણે ત્રણ વિભાગમાં વહેંચી નાંખ્યો છે.

(૧) ૧૮૫૦-૧૯૦૦નો નાટ્યલેખનના અંગે ભજવણીના ઉત્તરોત્તર વિકાસનો કાળ,

(૨) ૧૯૦૦-૧૯૨૦નો અધોગતિના અંધકારનો કાળ, અને

(૩) ૧૯૨૦-૧૯૭૦નો તેમાંથી બહાર નીકળવાના પ્રયત્નોનો કાળ.

આ વર્ગીકરણને લક્ષમાં રાખીને લેખકે ૧૯૦૦ સુધીમાં નાટ્યપ્રવૃત્તિમાં સંચાર પામેલાં પરિબળો અને તેના પ્રત્યાઘાતોના અનુસંધાનમાં છેલ્લાં પચાસ વર્ષની નાટક અને રંગ-ભૂમિની પ્રવૃત્તિનું અવલોકન કર્યું છે. 'મિથ્યાભિમાન'થી 'પરિત્રાણ' અને 'એક ઉંદર અને જદુનાથ', ક્રેપ્સ 'લાસ્ટ ટેઈપ' તથા 'ડાયલનાં પંખી' જેવાં ઍબ્સર્ડ નાટકનાં લખાણો અને પ્રયોગોની ચર્ચા કરીને છેવટે લેખકને નિઃશ્વાસપૂર્વક ઉદ્ગાર કાઢવા પડ્યા છે કેઃ

"ગમગીની એક જ વાતની છે કે પ્રયોગ આગળ ચાલ્યો ગયો અને નાટ્ય પાછળ પડી ગયું."

લેખકની બીજી એક ચિંતા પણ વાજબી છે કે ગુજરાતી એકાંકીને આધુનિકતાનો પાસ આપનાર જયંતિ દલાલ અને ચંદ્રવદનના કેટલાક પ્રયોગોમાં તળપદાં તત્ત્વોનો સુભગ અને રોચક વિનિયોગ થયેલો જોવા મળે છે, તે બાદ કરતાં, છેલ્લા બેત્રણ દાયકામાં નવા નવા સફળ-અર્ધસફળ પ્રયોગો થતા રહ્યા હોવા છતાં ગુજરાતી રંગભૂમિનું પોતાનું કહી શકાય એવું વ્યક્તિત્વ પ્રતીત થતું જણાતું નથી. એ માટે ઍકેડેમી, યુનિવર્સિટી અને પરિષદે મળી નાટ્ય અને સાહિત્યકળાના તદ્વિદોની સાથે સહવિચારણા કરવાની લેખકે આપેલી સલાહ, આજની પરિસ્થિતિમાં, કેટલે અંશે વ્યવહારુ અને સફળ બની શકે છે એ પ્રશ્ન છે!

વળી આશ્ચર્યની વાત તો એ છે કે, લેખકે કેટલા બધા કવિઓનાં (અંગ્રેજી ભાષાના પણ) નાટકોમાંથી સંખ્યાબંધ ઉદાહરણો આપ્યાં છે, પરંતુ પોતે જેમની પ્રથમ પંક્તિના આંતરરાષ્ટ્રીય નાટ્યવિદ્ તરીકેની સિદ્ધિઓને નવાજી છે તે ચંદ્રવદન મહેતાની કોઈ કૃતિમાંથી એકાદું ઉદાહરણ આપવાનું કેમ ટાળ્યું હશે! અને દુઃખની વાત એ છે કે સાહિત્યિક ધોરણને અનુસરતી શિષ્ટ ભાષામાં–રંગભૂમિ પર સફળતાને વરેલાં અનેક નાટકો દ્વારા ગુજરાતી નાટક અને રંગભૂમિની નોંધપાત્ર સેવા બજાવનાર કવિ-ચિત્રકાર ફૂલચંદભાઈ શાહનો નામનિર્દેશ પણ 'પ્રતિભાવ'માં મળતો નથી.

'યુનિવર્સિટી થિયેટર' લેખ સામાન્ય કક્ષાનો છે. તેમાં પરદેશમાં યુનિવર્સિટી થિયેટર દ્વારા શૈક્ષણિક ઉદ્દેશથી પ્રવર્તમાન અભ્યાસક્રમો, પ્રવૃત્તિઓ અને સંસ્થાઓની માહિતી છે. તેમાંથી પ્રેરણા મેળવીને ગુજરાતની પ્રત્યેક યુનિવર્સિટી પણ (લેખકે દર્શાવેલા વિદેશી?) આદર્શને મૂર્ત

કરે એવી દર્દભરી અપીલ લેખકે કરી છે. આ લેખના આરંભમાં લેખકે નાટ્યશિક્ષણના મહત્ત્વને દર્શાવતી જે બે દલીલો કરી છે તે બહુ સબળ લાગતી નથી, જોકે તેથી નાટ્યશિક્ષણના અગત્યની ઇયત્તા ઓછી થતી નથી. તેમનું મંતવ્ય ( લેખક કહે છે તેમ અનુભવના આધારે ) છે કે, વિલાસી ઉધમાતિયા કે ઉચ્છૃંખલ બની જતા આજના યુવાનને નાટ્યતાલીમનો સ્પર્શ થતાં તેનામાં ' શિસ્ત અને સંયમ વિશેષ ' પ્રમાણમાં પ્રવેશે છે અને તે સહેજે શાંત, શિસ્તબદ્ધ બની જાય છે. પરિણામે "નાટ્યકળા અનેકોને ભગ્નાશવૃત્તિ( frustration )નો ભોગ બનતાં અટકાવે છે." (૧૨૦) વળી, કલ્પનાશક્તિ અને સુરુચિને સારો વળોટ કે વળાંક મળતાં "નાટ્યકળાની તાલીમ પામેલ વ્યકિતનું ઘડતર સંસ્કારી સજ્જન તરીકે થાય છે." આમાં સત્યાંશ હોઈ શકે, પણ સાથે અત્યુક્તિ પણ છે. એક વાત વિસરાવી ન જોઈએ કે, માત્ર નાટક જ નહીં, કોઈ પણ વિષય ( વિદ્યા, કલા, વિજ્ઞાન, વેપાર, અધ્યાત્મ )માં એકરૂપ થનાર વ્યક્તિ તત્કાલ અભિવ્યક્તિનો આનંદ પામવા ઉપરાંત તેના વ્યક્તિત્વના વિકાસને પણ ન્યૂનાધિક અંશમાં સાધતી જ હોય છે. ' સંસ્કારી સજ્જન ' થવા માટે નાટ્યતાલીમ અનિવાર્ય ખરી ?

આપણી રંગભૂમિને અનુરૂપ મૌલિક સાહિત્યિક નાટકો કેમ મળતાં નથી ? એ પ્રશ્નના સંદર્ભમાં લેખકે કરેલાં વિવિધ સૂચનોમાં મહત્ત્વની અમલમાં મૂકવા યોગ્ય સૂચના તો એ છે કે, નાટ્યલેખ અને નાટ્યપ્રયોગને એક જ સિક્કાની બે બાજુઓ ગણીને બંનેનો સમ જળવાય એ રીતે નાટકના પ્રયોગોનું આયોજન થવું જોઈએ. મોડાસામાં પ્રાધ્યાપકો સમક્ષ કેટલાંક પસંદગીનાં દશ્યો રજૂ કરનારી નાનકડી નાટક કંપનીના નિરક્ષર કળાકાર-દિગ્દર્શક ભાઈ શ્રી ડુંગરજીએ લેખકને આપેલો ઉત્તર ચિન્ત્ય છે :

"કળા ઉછાંછળી છે, વિદ્યા શાણી છે; કળાનો કાન પકડવાની જરૂર છે. વિદ્યાનો હાથ પકડવાની જરૂર છે. વિદ્યા અને કળા બે બહેનો છૂટી પડી છે તેથી જ અવદશા થઈ છે." ( ૧૧૪ )

લેખકનો બીજો એક મુદ્દો કદી નાટક જોયા વિના ( નાટકમાં ભાગ લીધો હોય તો તેટલું સદ્ભાગ્ય ! ) નાટક વિષે વર્ગમાં અધ્યાપન કે સામયિકોમાં વિવેચન કરનાર વિદ્વાનોને માર્મિક ટકોર રૂપ હોય એમ લાગે છે. લેખક કહે છે :

"નાટક વાંચવાથી તેની ભજવણી જેટલો ખ્યાલ આવી શકે નહીં...એક વાત સ્પષ્ટ સમજી લેવી ઘટે કે, નહીં ભજવવાથી જ સારું લાગે તેને સાચું નાટક કહી શકાય નહીં, પછી ભલે તેમાં ઉત્તમ સાહિત્યિક સંપત્તિ ભરેલી હોય." ( ૫૨ )

' કાન્તા ' નાટકની વસ્તુસંકલનાનું નવલરામે જે તાત્ત્વિક પૃથક્કરણ કર્યું છે તેમાં ધીરુભાઈએ નીચેના ત્રણ પ્રસંગો બાબત અસંગતતા અને અસંભવિતતાના દોષ જોયા છે, એટલું જ નહીં પરંતુ તે મુદ્દાઓને પોતાની રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. પરંતુ શ્રી ઠાકરે આપેલી દલીલો નવલરામના કથયિતવ્યનો છેદ ઉડાડી દેવા જેટલી સબળ, સચોટ અને પ્રતીતિકર લાગતી નથી !

( ૧ ) તરલાએ કપટથી કરેલા મુક્તાહારછેદનથી કાન્તાને પતિ જીવતે સત્ ચડે છે,

( ૨ ) ક્ષાત્રવટને લાંછન લાગે એવું સુરસેનનું પગલું, અને

( ૩ ) વનમાં વિરહાવસ્થામાં રખડતા કરણના કાવ્યોદ્ગાર.

'કરુણપ્રશસ્તિ'નાં ઉદ્‌ભવ અને અનિવાર્ય લક્ષણો વિષે 'સ્મરણસંહિતા'ના ઉપોદ્‌ઘાતમાં આનંદશંકરે થોડો પ્રકાશ નાખ્યો હતો. ત્યાર પછી ધીરુભાઈએ આ વિષયને અંગ્રેજી અને ગુજરાતી કવિતાના સંદર્ભમાં વિસ્તારથી ચર્ચ્યો છે, એટલું જ નહીં પણ વિવિધ ઉદાહરણોથી લેખને વિશદ અને હૃદયંગમ બનાવ્યો છે. આ પ્રકારનાં કાવ્યનાં સ્વરૂપ અને વિકાસની વિવેચનાત્મક રૂપરેખા આપીને વિદ્વાન લેખકે દશબાર દાયકા દરમ્યાન ગુજરાતી કવિતામાં થયેલા ચિંતનમિશ્ર શોકકાવ્યના પ્રયોગનું કડીબદ્ધ દર્શન કરાવ્યું છે. પ્રિય જનોને અંજલિ આપતાં કેટલાંક નાનાં નાનાં (સૉનેટ જેવાં) વ્યક્તિગત કાવ્યો કે તેમના કવિઓનો લેખકે ઉલ્લેખ કર્યો છે તેમાં પૂરતો વિવેક જાળવવા માટે અવકાશ રહે છે; કારણ કે બીજા ઘણાય કવિઓએ લખેલાં, પણ લેખકે ઉલ્લેખેલાં કાવ્યો કરતાં વધુ કે સમાન ગુણવત્તાવાળાં અથવા એ પ્રકારનાં–અંજલિકાવ્યો ઉપલબ્ધ થઈ શકે તેમ છે. માત્ર લબ્ધપ્રતિષ્ઠ કવિઓનાં જ ઉદાહરણો પર કળશ ઢોળવાની પ્રણાલીનો ભંગ કરીને ઓછા જાણીતા કવિઓની સારી કે સુયોગ્ય કૃતિઓને વિવેચકો પસંદગી આપે એ ઇષ્ટ છે.

'આધુનિક સાહિત્યમાં માનવ' એ વિષય નવો છે. દૃષ્ટિ કે શૈલીનો તદ્દન નવો અભિગમ દર્શાવતા આધુનિક ગુજરાતી સાહિત્યમાં હતાશાની ખીણમાં ઊતરી પડેલા સતત નિઃશ્વાસ નાખતા નિસ્તેજ નિષ્પ્રાણ માનવની વ્યક્તિત્વહીન વ્યક્તિતાની છબી ઉપસાવવા લેખકે શૂન્યમ્, સિતાંશુ, જાની, જોષી, મણિલાલ કે રાવજી જેવા 'આધુનિક' મનાતા ડઝનેક કવિઓની છૂટીછૂટી પંક્તિઓનો આધાર આપ્યો છે. આથી આ લેખનું પોત પણ કાંઈક અંશે અવતરણોના અશ્લિષ્ટ સંધાન જેવું લાગે છે. ચારપાંચ વાર્તા-નવલ અને નાટકોનો પણ આ જ રીતે સંદર્ભ અપાયો છે. સળંગ સૂર સંભળાતો હોય તો તે એ છે: દુર્ભગ નિઃસત્ત્વ જીવનની (અને જગતની પણ) શુષ્ક રિક્તતા, પોકળ એકલતા કે એકવિધતા, સ્વરૂપ-નિર્ભ્રાન્તિ, મૃત્યુ અને આત્મહત્યાનું વર્ચસ્, તથા અલ્પતા અને વેદના-વ્યર્થતાના ભાનમાંથી ઝિલાતી નગ્ન વાસ્તવિકતાનો અધ્યારોપ.

આ આભાસી સંકલનમાં લેખકના પોતાના અભિપ્રાયનો ક્યાંય અણસાર મળતો નથી. જીવનની વાસ્તવિકતા અને વિરૂપતાના કેન્દ્રમાં તથા તેની પેલે પાર વહેતા માંગલ્ય પ્રત્યેની માનવીય શ્રદ્ધામાં શું ઓટ આવી હશે? લેખના અંતમાં લેખકે મૂકેલી 'સબાર છે યે માનુષ સત્ય, તાહાર પરે નાઈ' ચંડીદાસની પંક્તિનું આશાવાદી અર્થ-રહસ્ય શું મનુષ્યના શ્રેયનું દ્યોતક નથી?

ગંગાના જેવી મણિલાલની 'જ્ઞાનમુખી કવિતા'ની સર્વાંગીણ ચર્ચા કરતા લેખમાં લેખકે મણિલાલના કવિતાવિષયક વિચારોનાં અવતરણ અને 'ભિન્ન ભિન્ન ઢાંચાઓમાં ઢાળેલાં' કેટલાંક કાવ્યોનાં ઉદાહરણ આપી એકંદરે પ્રશંસા કરી છે. કવિએ ઘણાંખરાં કાવ્યોમાં પોતાની પ્રિય અદ્વૈત ભાવનાનું આરોપણ–ક્યાંક ક્યાંક તો મારીમચડીને–કર્યું હોવાથી તેમાં કૃત્રિમતા અને દૂરાકૃષ્ટતા સ્પષ્ટપણે વરતાય છે. છતાં છેવટે લેખક મણિલાલ પ્રત્યેનો પોતાનો પક્ષપાત કે રાગ પ્રકટ કર્યા વિના રહી શક્યા નથી:

"લાંબી ટીકા દ્વારા કવિતાના ફલકને કેવલાદ્વૈતના સીમાડામાં બાંધી દેવાનો તેમણે પ્રયત્ન કર્યો ન હોત અને અનેક જુદાજુદા વિષયો લઈને ગદ્યની માફક કાવ્યક્ષેત્રમાં પણ જો તેમણે મુક્તપણે વિહાર કર્યો હોત તો અર્વાચીન ગુજરાતી કવિતાની સિક્કલ કદાચ જુદી જ હોત અને ગુજરાતના ઉત્તમ કવિઓની હરોળમાં મણિલાલને અગ્રસ્થાન મળ્યું હોત." (૧૭૧)

આ પ્રકારની અત્યુક્તિનો આભાસ કવિની પોતાની જ વાણીના પ્રકાશમાં ઓગળી જતો નથી લાગતો !

"મુખે અદ્વૈત ઉચ્ચારી લહી મનથી પૂરું કિસ્મત !
કવિતા આ બકાવાનું કર્યું શેં દ્વૈત તેં કિસ્મત !

લેખકે Intonation માટે સ્વરવિક્ષેપ, સ્વરવિન્યાસ, સ્વરોત્પાદન, સ્વરની તેજછાયા વગેરે જુદા જુદા શબ્દો યોજ્યા છે. તે જ રીતે રંગશાળા, રંગમંચ, રંગપીઠ, નાટ્યગૃહ, તથા audience માટે પ્રેક્ષાગૃહ, 'સાધના'ના અર્થમાં સાધ્યતા જેવા પ્રયોગો કર્યા છે. કોટી-કોટિ, કલા-કળા, એમ બન્ને પ્રકારની જોડણી અહીં મળે છે.

સાહિત્યપ્રેમી અને નાટ્યરસિક અભ્યાસીઓને ઉપયોગી અને રસપ્રદ સામગ્રી પૂરી પાડતો આ લેખસંગ્રહ ગુજરાતના વિવેચન વાઙ્મયમાં ગણનાપાત્ર ઉમેરો કરે છે, એમાં સંશય નથી.

**મહેન્દ્રકુમાર મો. દેસાઈ ( કુમાર )**

*   *   *

**સાહિત્યગોષ્ઠિ :** લેખક : ડૉ. ઈશ્વરલાલ ર. દવે, પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, મહાત્મા ગાંધીમાર્ગ, અમદાવાદ-૧, પૃ. ૪૪૭, કિંમત : રૂા. ૧૦-૦૦.

પ્રસ્તુત વિવેચનગ્રંથમાં અનેકવિધ વિષયોની પર્યેષણામાં લેખકનું દૃષ્ટિબિંદુ એકંદરે સાર-લક્ષી અને ગુણદર્શી છે. તુલનાત્મક સંદર્ભસામગ્રી, નિર્ભીક સ્પષ્ટવક્તૃતા, કિલષ્ટતા કે દુર્બોધતાનો અભાવ તથા સર્વત્ર છવાયેલી કટુદંશહીન વિનોદગર્ભ શૈલીને કારણે સમગ્ર ગ્રંથ સુવાચ્ય નીવડ્યો છે. તેમની રમૂજ કરવાની વિનોદવૃત્તિ સર્વત્ર નિર્હેતુક નથી હોતી પણ ક્યારેક ગંભીર વિષયોને— જેમ કે 'શકુંતલા અને મફતચંદ'માં સાધારણીકરણપ્રક્રિયાની ચર્ચાને—સૂચક રીતે સરળ બાનીમાં વ્યક્ત કરે છે. લોકપ્રિય સ્વરૂપ નવલકથાની ચર્ચા કરતાં "ચૂસાયેલા ગોટલા પર કવિતા કરતા ઉમાશંકરને પણ આ નવલકથાના આમ્રવૃક્ષે મોહ પમાડ્યો અને તેમણે 'પારકાં જણ્યાં' નામની એક નિષ્ફળ નવલકથા સર્જી" ( પૃ. ૧૨૨ ), અથવા કરુણપ્રશસ્તિમાં કવિનો શોક સ્વાભાવિક, સાહજિક અને અવિલંબિત હોવો જોઈએ તેવી ચેતવણી ઉચ્ચારતાં "પોર મૂઆં સાસુ અને ઓણ આવ્યાં આંસુ એવું ન થાય" ( પૃ. ૬૮ ), અથવા જિબ્રાનના નિષ્ફળ અનુવાદો પર હૈયાવરાળ કાઢતાં "જિબ્રાન જેટલી 'અવધૂત' મનોદશા વિના તે વાણીનો આત્મા ગુજરાતીમાં ઊતરવો મુશ્કેલ છે." ( પૃ. ૨૧૮ )—જેવાં વિધાનોમાં લેખકે પ્રયોજેલો વ્યંગ્ય પણ આકર્ષક છે. લેખક સ્વમતને વર્તુલાકારમાં ઘુમાવવાને બદલે કોઈની પણ શેહશરમમાં તણાયા વગર આખાબોલા બની સ્પષ્ટ રીતે વ્યક્ત કરે છે. શ્રી સંજાણા વિશેનો તેમનો મત "તેમની પ્રતિભા કેવળ ખંડનાત્મક છે, મંડનાત્મક નથી" ( પૃ. ૪૨૪ ), હાયકુ વિશેનું તારણ "પરંતુ જન્મપ્રમાણ જેટલું અધિક તેટલું જ આયુષ્ય અલ્પ હોવાનો સંભવ છે" ( પૃ. ૮૮ ), અનેકવિધ ઉત્સાહી સર્જકોને પ્રશંસાત્મક પ્રવેશકો લખી આપતા ઉમાશંકર પ્રતિ ઈશારો "શ્રી ઉમાશંકર અજાતશત્રુ છે તેટલા અજાતમિત્ર નથી" ( પૃ. ૪૧૯ ) વગેરે મર્માળાં વિધાનો નોંધપાત્ર છે. વિષયને સરલ અને સુસ્પષ્ટ કરવા તેમણે યોજેલાં અનેક ઉપમા-દૃષ્ટાંતો પણ ચારુ લાગે છે.

દા. ત. 'મહાદેવભાઈની ડાયરી'ના અવલોકનમાં તેઓ ગાંધીજી, સરદાર વલ્લભભાઈ અને મહાદેવભાઈનું રામ, લક્ષ્મણ અને હનુમાનની ત્રિપુટી સાથે સામ્ય દર્શાવી ઉમેરે છે, "તફાવત એટલો કે લક્ષ્મણમાં કદાચ નહોતી તે હાસ્યરસિકતા અને વ્યવહારજ્ઞાનનું ઊંડાણ સરદારમાં છે; અને મહાદેવભાઈની દાસભક્તિ કેવળ શ્રદ્ધાપ્રેરિત નથી, પણ બુદ્ધિ-વિશુદ્ધિત છે." (પૃ. ૩૮૫)

પરંતુ આ 'ગોષ્ઠિ'માં છાશવારે થયેલો વિનોદ કે કટાક્ષતત્ત્વનો અતિરેક આ વિવેચન-ગ્રંથની મહત્ત્વની મર્યાદા બની જાય છે. તેમાંય જ્યારે કર્તાના નામ અને કૃતિનાં શીર્ષક વિશે સંદર્ભહીન શ્લેષરમત આરંભાય છે ત્યારે તે વ્યર્થ શબ્દલીલામાં પરિણમે છે. એમાંનાં થોડાંક અવતરણો આ રહ્યાં :

—"શ્રી હસમુખ પાઠકની આ કવિતા હસમુખી નથી પણ કૌંસમઢી છે." (પૃ. ૨૬૬)

—"એવડી શ્રી જેમને માટે યોજવી રહે છે એવા શ્રી. શ્રીકાંત ત્રિવેદીએ..." (પૃ. ૨૨૦)

—"ગુજરાતનું એકાંકી હવે પાંખ વિનાનું રહ્યું નથી; એ પાંખ ફફડાવી રહ્યું છે." ('પાંખ વિનાનાં પારેવાં'નું અવલોકન, પૃ. ૨૯૨) અથવા કૃતિને બદલે વ્યક્તિની આસપાસ થતો અર્થહીન શબ્દઘટાટોપ ક્યારેક ચર્ચાને આડે પાટે દોરી જાય છે અને ચબરાકિયું હાસ્ય સાવ ફિક્કું અને બુઠ્ઠું લાગે છે.

'ગૃહપ્રવેશ'નું અવલોકન કરતાં તેઓ કહે છે : "પોંડીચેરીમાં બેસીને ઉન્નયન સાધી રહેલા શ્રી સુન્દરમ્‌ને કદાચ સંતોષ થશે કે 'ખોલકી નાગરિકા'ની પ્રણાલિ નવા ઉત્સાહી ને સાહસિક લેખકને હાથે નવું રૂપ પામી છે." (પૃ. ૩૪૯)

ધૂમકેતુની નવલકથા વિશેનું વિધાન જુઓ : "આથી એમની વાર્તાઓમાં કરુણરસ પુષ્કળ છે અને અનેક પોચા દિલના વાચકો આ વાર્તાઓ વાંચીને જે આંસુ સારતા હશે તે ભેગાં કર્યાં હોય તો ખરેખર ભાલના નપાણિયા પ્રદેશના હાલ જે ગેલન પાણી અપાય છે તેમાં જરૂર ઉમેરો થાય." (પૃ. ૩૨૬)

'શકુન્તલાનું ભૂત' પરનું વિધાન ચકાસવા જેવું છે : "ધારેલા પ્રેમીને ગમે તેમ કરીને મેળવવાનો આ નુસખો પટવાએ શીખવ્યો છે તેનો કોઈ દુરુપયોગ ન કરે તો સારું...આવી યુક્તિઓ લેખકો બતાવતા રહેશે તો અનેકનો સંસાર બગડવાનો ભય નથી શું?" (પૃ. ૨૯૯)

વાસ્તવમાં લેખક હાસ્યરસ નિષ્પન્ન કરવા યુક્તિ, અતિશયોક્તિ, અસંભવિતતા વગેરેનો ઉપયોગ કરતા હોય છે. ચર્ચાનો વિષય એકાંકીમાં તે કેટલે અંશે ઉપકારક છે તે હોવો જોઈએ, તેની સાથે વ્યક્તિ પટવા કે સમાજ સાથે શું લેવાદેવા ?

તેવી જ રીતે લેખકે પ્રયોજેલા કેટલાક નવા શબ્દો કઠે છે : હંસાસૂત્ર (શ્રીમતી હંસાબહેન મહેતાના પ્રવચનના સારાંશસૂત્ર માટે યોજેલો શબ્દ), સુદુર્લભ, વણુડાહી શૈલી, કૈશિક પૃથક્કરણ વગેરે.

લેખકની માંગલ્યસૂચક દૃષ્ટિ સર્વત્ર હોવાને કારણે અભ્યાસલેખો અને અવલોકનોમાં સ્થૂળ કથાવસ્તુ અને તેમાંના કલ્યાણકારી અંશો પ્રતિ વિશેષ ઝોક છે, ટેકનિકની ચર્ચા ભાગ્યે જ જોવા મળે છે.

'આપણા પત્રસાહિત્યનો વિકાસ', 'ઐતિહાસિક નવલકથાનાં સ્વરૂપો', 'કવિ કાન્ત–એક પુનર્મૂલ્યાંકન', 'શકુંતલા અને મફતચંદ', 'સમન્વયશીલતામાં સાવધાની', 'અખાએ કર્યો ડખો' જેવા આ ગ્રંથના ઉત્તમ લેખોમાં લેખકનું વિષય પરત્વે તલસ્પર્શી જ્ઞાન, મૌલિક અભિગમ અને વિવેચકને ઉચિત નિર્ભેળ નગ્ન સત્ય કહી નાખવાની હિંમત વગેરે સદંશો જેવા મળે છે, તો 'ખલનાયક લેખકને શોધે છે', 'મારી હૈયાસગડીની નાયિકા' જેવા લેખોમાંનો લેખકનો મૂળ કૃતિની લક્ષ્મણરેખામાં થયેલો કાલ્પનિક સ્વૈરવિહાર આસ્વાદ્ય નીવડ્યો છે. પણ કમનસીબે આ દળદાર ગ્રંથમાં આવા લેખોની સંખ્યા જૂજ છે. 'કવિ દયારામ', 'બોટાદકરનાં ખંડ કાવ્યો' 'મેઘાણીનું લોકસાહિત્ય-સંશોધન', 'વિવેચન સર્જન કહેવાય ખરું?' 'વૈષ્ણવ-જનનો કર્તા કોણ?' વગેરે લેખો કે કેટલાંક અતિસંક્ષિપ્ત અવલોકનો માત્ર માહિતીપ્રધાન હોવાથી કે તેમાં પરંપરિત અતિચર્વિત પ્રશ્નોનું જ પુનરાવર્તન હોવાથી કે તેમાં કોઈ નવો પ્રકાશ કે અભિગમનો અભાવ હોવાથી તેમને ગ્રંથમાં સમાવિષ્ટ ન કર્યા હોત તો ચાલત. વર્ષો પૂર્વે લખાઈ ચૂકેલા બધા જ લેખોને એ જ સ્વરૂપે ગ્રંથસ્થ કરવાનો લોભ હવે વિવેચકોએ જતો કરવો જોઈએ.

રેડિયો-વાર્તાલાપ તરીકે પ્રસારિત થયેલા એક અવલોકન લેખનો આરંભ આ રીતે છે: "આજે ત્રણ નવાં પુસ્તકોનો પરિચય આપણે મેળવવાનો છે." (પૃ. ૩૩૦) પણ તેમાં માત્ર એક જ પુસ્તક 'તપસ્વિની-૨'નું અવલોકન છે. આવી નાની પણ મહત્ત્વની લાગતી ભૂલો પ્રતિ લેખકનું દુર્લક્ષ્ય કેમ રહ્યું હશે? સ્વતંત્ર લેખને બદલે 'ચારુદત્ત અને મૃચ્છકટિક''ના અનુસંધાનમાં જ 'શર્વિલક'નું અવલોકન વધુ તુલનાત્મક બનત અને પુનરાવર્તન ટાળી શકાત. વળી ૧૯૭૧માં પ્રગટ થયેલા વિવેચનગ્રંથમાં 'મહાદેવભાઈની ડાયરી–૧', 'ઇન્દુલાલ યાજ્ઞિકની આત્મકથા–૧', 'ઝેર તો પીધાં છે જાણી જાણી–૨', 'તપસ્વિની–૨' વગેરે અમુક ભાગોનું તૈયાર અવલોકન પ્રગટ કરવાને બદલે બધા જ ભાગોને કેન્દ્રમાં રાખી નવેસરથી સમગ્રલક્ષી અભ્યાસલેખો આપણને પ્રાપ્ત થયા હોત તો વધુ આવકાર્ય બનત.

લવકુમાર મ. દેસાઈ

* * *

**ભારતીય સાહિત્ય ઔર સંસ્કૃતિ :** ડૉ. મદનગોપાલ ગુપ્ત; પ્રકાશક : કલા પ્રકાશન, સેક્ટર ૧/૨૨૯ : રામકૃષ્ણપુરમ્, નવી દિલ્હી–૨૨; પૃ. ૨૦૮, કિંમત : રૂ. ૬–૦૦.

'ભારતીય સાહિત્ય ઔર સંસ્કૃતિ'' નામના ડૉ. મદનગોપાલ ગુપ્તના ગ્રંથમાં તેમના ભિન્ન ભિન્ન વિષયોને લગતા બાવીસ જેટલા નિબંધો પ્રસિદ્ધ થયા છે.

આ નિબંધોમાંના વસ્તુને લક્ષમાં લેતાં, તરત જ લાગ્યા વિના નથી રહેતું કે ડૉ. ગુપ્ત માત્ર સાહિત્યના જ અભ્યાસી કે ઉપાસક નથી. સાહિત્ય ઉપરાન્ત કલા, સંસ્કૃતિ અને સન્તજીવન પણ એમની આરાધનાનાં આકર્ષણો છે.

એક તરફ એમને રાજસ્થાનની 'ઢોલામારુની કથા' અથવા 'માધવાનલ કામકન્દલા'માં રહેલું સાહિત્યનું તત્ત્વ આકર્ષે છે તો બીજી તરફ ભારતીય સંસ્કૃતિઓની વીર ગાથાઓ, ભારતીય

કલા, અજન્તા અને મુગલકાલીન ચિત્રકલા, ભારતીય તીર્થસ્થળો અને સંસ્કૃતિ અને માનવ-જીવનનો પરસ્પર સંબંધ તેમ જ સન્તજીવન અને સંતસાહિત્યમાં આસામના સન્ત શંકરદેવ, રામચરિતમાનસના રચયિતા સન્ત તુલસીદાસ અને સન્તકાળમાં કામિની અને કાંચન જેવા વિષયો પણ તેમના અભ્યાસના વિષયો બની શક્યા છે.

આમ, ડૉ. ગુપ્તના જીવનરસમાં સાહિત્ય, સંસ્કૃતિ અને આધ્યાત્મિકતા—આ ત્રણેનો સુભગ સમન્વય—કહો કે ત્રિવેણીસંગમ થયો છે, એમ એમના આ નિબંધોની પર્યેષણા કરતાં સહજ જ પ્રતીત થાય છે.

સાહિત્ય અને સંસ્કૃતિના ક્ષેત્રમાં ડૉ. ગુપ્તના નિબંધોનું આ પ્રકાશન એક મૂલ્યવાન અર્પણ છે.

યોગીન્દ્ર જ. ત્રિપાઠી

* * *

## સાભાર સ્વીકાર

### ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ : અમદાવાદનાં પ્રકાશનો

૧ **શૂરો સોરઠ દેશ :** લે. ગુણવંતરાય ભટ્ટ; પૃ. ૧૧૪; મૂલ્ય રૂા. ૨=૦૦

૨ **વણઝારી વાવ :** લે. મનુભાઈ મેઘાણી, પૃ. ૧૪૦, મૂલ્ય રૂા. ૨=૨૫

૩ **કચ્છ પ્રદેશનું લોકસાહિત્ય :** લે. દુલેરાય કારાણી, પૃ. ૧૫૦, મૂલ્ય રૂા. ૨=૫૦

૪ **ગુજરાતી લોકસાહિત્ય માળા, મણકો ૧૪ :** પૃ. ૩૦૪, મૂલ્ય રૂા.૪=૦૦

૫ **પંચમહાલનાં લોકગીતો :** લે. રમેશ પાઠક, પૃ. ૨૦૮, મૂલ્ય રૂા. ૩=૦૦

૬ **લોકમાતાઓ :** લે. પુરુષોત્તમ સોલંકી, પૃ. ૨૧૧, મૂલ્ય રૂા. ૪=૦૦

૭ **રતન સવાયાં લાખ :** લે. રતુભાઈ ગઢવી, પૃ. ૨૦૪ મૂલ્ય રૂા. ૩=૫૦

૮ **લોકહાલરડાં :** લે. વસંત મેઘાણી, પૃ. ૧૭૨, મૂલ્ય રૂા. ૨=૭૫

૯ **ખમીરવંતા માનવી :** લે. પિંગળશી મેઘાણંદ ગઢવી, પૃ. ૨૩૦, મૂલ્ય રૂા. ૪=૦૦

* * *

૧૦ **ઉપનિષદનું અમૃત :** લે. યોગેશ્વર, પ્ર. વૉરા એન્ડ કું, પબ્લિશર્સ પ્રા. લિ., ૩ રાઉન્ડ બિલ્ડીંગ, કાલબાદેવી રોડ, મુંબઈ-૨; પૃ. ૬૨૩; મૂલ્ય રૂા. ૧૨=૦૦

# સ્વાધ્યાય

પુસ્તક ૯ : અંક ૪ સપ્ટેમ્બર ૧૯૭૨

**જન્માષ્ટમી** વિ. સં. ૨૦૨૮

## અનુક્રમ

**પૃષ્ઠાંક**

૧. સંરક્ષક શ્રીકૃષ્ણ—ઉપેન્દ્રરાય જ. સાંડેસરા ... ૪૦૧–૪૧૧

૨. ભારતમાં શંખ અને મોતી સાથે સંકળાયેલ દ્વારકાનો પ્રદેશ —કલ્યાણરાય ન. જોષી ... ૪૧૨–૪૨૧

૩. 'ગાથા-સપ્તશતી'નો ટીકાકાર આજડ—ભોગીલાલ જ. સાંડેસરા ... ૪૨૨–૪૨૪

૪. 'વ્યંગ્યાર્થ'—અ. દે. શાસ્ત્રી ... ૪૨૫–૪૨૯

૫. તસવીરમાં બળેજ, ભાણસરા—મણિભાઈ વોરા, નરોત્તમ પલાણ ... ૪૩૦–૪૩૨

૬. ચાંપાનેર માંડવી વાવનો સંવત ૧૫૫૪ શક ૧૪૧૯નો શિલાલેખ —વિશ્વાસ સોનવણે... ૪૩૩–૪૩૫

૭. અમદાવાદ ભદ્રના કિલ્લાના બે શિલાલેખો—ઝિયાઉદ્દીન એ. દેસાઈ ... ૪૩૬–૪૪૩

૮. સં. ૧૭૯૨માં લખાયેલો એક મહત્ત્વપૂર્ણ વ્યવસ્થા પત્ર—અગરચંદ નાહટા ૪૪૪–૪૪૭

૯. ધાર્મિક મૂલ્યો અને કૌટુમ્બિક જીવન—મહેન્દ્ર ઝવેરી ... ૪૪૮–૪૫૩

૧૦. સંત કવિ શ્રી હરજીવનદાસ—છત્રસિંહ સી. ગોહિલ ... ૪૫૪–૪૬૨

૧૧. अवराज्ञ वराज्ञ—બાપાલાલ ગ. વૈદ્ય ... ૪૬૩–૪૬૬

૧૨. ગુજરાતનાં બે પ્રાચીન શિલ્પો—ઉમાકાન્ત પ્રેમાનન્દ શાહ ... ૪૬૭–૪૭૨

૧૩. ગ્રન્થાવલોકન :

૧. આત્મકથા ... ... ૪૭૩–૪૭૫

૨. પ્રતિભાવ ... ... ૪૭૫–૪૮૦

૩. સાહિત્યગોષ્ઠી ... ... ૪૮૦–૪૮૨

૪. ભારતીય સાહિત્ય ઔર સંસ્કૃતિ ... ... ૪૮૨–૪૮૩

૫. સાભાર સ્વીકાર ... ... ૪૮૩

૧૦. प्रासादतिलकम् ... ... ૬૯–૧૩૮

# સા પુ તા રા

ગુજરાતનું નૂતન ગિરિનગર-સહ્યાદ્રિની ગિરિમાળા ઉપર

ડાંગ જિલ્લામાં હરિયાળી વનરાજિ અને આહ્‌લાદક શિખરોની મધ્યમાં આવેલું ગિરિનગર

જાહેર જનતા માટે વિહારધામો, ડોરમેટરીઓ અને અન્ય આવાસોમાં રહેવાની સગવડ મળે છે.

| | | |
|---|---|---|
| દરિયાની સપાટીથી ઊંચાઈ | ... | ૩,૨૦૦ ફૂટ |
| ઊંચામાં ઊંચુ શિખર | ... | ૩,૭૦૦ ફૂટ |
| ગ્રીષ્મ ઋતુમાં વધુમાં વધુ ઉષ્ણતામાન | ... | ૮૦ ફેરનહીટ |
| વર્ષનો સરેરાશ વરસાદ | ... | ૧૦૦ ઇંચ |

| | | |
|---|---|---|
| અંતર : | પશ્ચિમ રેલવેના બિલીમોરા સ્ટેશનથી | ૭૦ માઈલ |
| | ડાંગ જિલ્લાના મથક આહવાથી | ૨૭ માઈલ |
| | નાસિકથી | ૫૧ માઈલ |

ગિરિનગર આવતા પ્રવાસીઓ માટે માહિતી કેન્દ્ર ઉપરાંત વાચનાલય, રમત-ગમતોનાં સાધનો વગેરેની પણ સગવડ છે.

**વધુ માહિતી માટે સંપર્ક સાધો :**

માહિતી નિયામક,
ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૮, સચિવાલય,
ગાંધીનગર પાસે,
**અમદાવાદ**
ફોન નં. : ૪૩૭-૪૩૯

ટુરીસ્ટ ઑફિસર,
એરલાઈન્સ બિલ્ડીંગ,
રૂપાલી સિનેમા સામે,
લાલ દરવાજા,
**અમદાવાદ**
ફોન નં. : ૨૪૭૨૬

સહાયક માહિતી નિયામક,
ગિરિનગર, સાપુતારા,
જિલ્લો ડાંગ-આહવા.

# ખાંસી? ગાયબ!



તમે માનશો કે ગઈ કાલે જ તેમને ત્રાસદાયક ખાંસી હતી? પછી તેમણે ગ્લાયકોડીન લીધું. ગ્લાયકોડીનથી તેમની ખાંસી ઝટપથી અને સંપૂર્ણપણે દૂર થઈ ગઈ.

**ખાંસીના સંપૂર્ણ નિયંત્રણ માટે ગ્લાયકોડીન જેવો અસરકારક બીજો કોઈ પણ ઈલાજ નથી**

આધુનિક તબીબી વિજ્ઞાન દ્વારા સ્વીકૃત **ગ્લાયકોડીન**ની ફોર્મ્યુલા ખાંસીને તેના તમામ પીડિત સ્થાનોમાંથી હાંકી કાઢીને તમને કેવી રીતે રાહત આપે છે તે અહીં દર્શાવ્યું છે:



- **મગજમાં**–ખાંસીના હુમલાનું નિયંત્રણ કરે છે.
- **ગળામાં**–ભરાવો દૂર કરે છે, બળતરા શાંત પાડે છે.
- **છાતીમાં**–જકડાયેલા સ્નાયુઓને આરામ આપીને સહેલાઈથી શ્વાસ લેવામાં મદદ કરે છે.
- **ફેફસામાં**–ગૂંગળાવતા કફ અને ચીકણા પ્રવાહીને છૂટા પાડીને ખાંસીને દૂર કરે છે




## ગ્લાયકોડીન
### ટર્પ વસાકા

.../ACW Guj

# વિજેતા બેલડી

હોડ જીતવા માટે મજબૂત શ્રેષ્ઠ પૈકીના એ બળદની ઉત્તમ જોડને જોતરે છે. જ્યોતિ સર્વશ્રેષ્ઠ પમ્પ અને **સર્વશ્રેષ્ઠ** મોટરનું ઉત્પાદન કરે છે અને એ બન્નેને એક એકમમાં જોડીને એ યુનિબિલ્ટ પમ્પનું નિર્માણ કરે છે.

પમ્પ મોટરના ઉત્પાદન ક્ષેત્રમાં જ્યોતિની દાયકાઓની તાંત્રિક જાણકારી, વિશેષજ્ઞતા તેમજ ઊંડા સંશોધનના ફલસ્વરૂપ યુનિબિલ્ટ પંપ ઉત્તમ કામગીરી બજાવવામાં મોખરે છે. એ વિપુલ પાણી પૂરું પાડે છે અને ઓછામાં ઓછા વિદ્યુત ખર્ચે ચાલે છે. વધુ અનાજ ઉગાડવા આપ નચિંતપણે યુનિબિલ્ટ પર આધાર રાખી શકો છો!

## જ્યોતિ યુનિબિલ્ટ

ઉત્પાદક :
જ્યોતિ લિમિટેડ, વડોદરા ૩
***quality is our creed***





everest/716a/JY gj


Don't let tomorrow catch you unprepared
Save now with
BANK OF BARODA
Thou shalt forever be prosperous with
Bank of Baroda
A network of over 625 branches in India and abroad—in U.K., East Africa, Mauritius, Fiji Islands and Guyana.
Shilpi-BOB. 2/72

# કણ-કણથી કોઠાર ભરે છે સમજુ શાણી કીડી!

**આપ પણ આગળથી યોજના કરીને આપનું ભવિષ્ય ચિંતારહિત કરી શકો છો.**

આપ આપને અનુકૂળ પદ્ધતિએ બચત કરી શકો તે માટે આપની સમક્ષ **દેના બેંક** ૬ બચત યોજનાઓ રજૂ કરે છે.

**બચતખાતું**—વ્યાજ ૪%.
**સગીર બચતયોજના**—વ્યાજ ૪%.
**ફિક્સ્ડ ડિપોઝિટ્સ**—વ્યાજ ૪¾% થી ૭¼%.
**રિકરિંગ ડિપોઝિટ યોજના**—
ચક્રવૃદ્ધિ વ્યાજ ૬% થી ૭¼%
**માસિક સેવિંગ્સ-કમ-એન્યુઇટી યોજના**—
ચક્રવૃદ્ધિ વ્યાજ ૬% થી ૭%.
**વિવિધલક્ષી ડિપોઝિટ યોજના**—
આપને માસિક વ્યાજ મળે છે.

આપની બચત આપને સલામતી બક્ષે છે.
આપની બચત રાષ્ટ્રીય પ્રગતિને પક્ષે છે.

વીગતો માટે આપની નજીકની દેના બેંકની શાખાની મુલાકાત લો અથવા પત્રવહેવાર કરો.

**દેના બેંક**
(ગવર્નમેન્ટ ઑફ ઈન્ડિયા અંડરટેકિંગ)
હેડ ઑફિસ: હૉર્નિમેન સર્કલ, મુંબઈ-૧.



Ratan Batra/DB/G/213-R

## પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

| | | રૂ. ન.પૈ. |
|---|---|---|
| ૧. | **પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઈપ | ૮=૦૦ |
| | વિદ્યાર્થી આવૃત્તિ; ગુજરાતી ટાઈપ | ૫=૦૦ |
| ૨. | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ**—સં : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા | ૭=૫૦ |
| ૩. | **ભાલણકૃત નલાખ્યાન** (બીજી આવૃત્તિ)—સં. : પ્રો. કે. કા. શાસ્ત્રી | ૬=૦૦ |
| ૪. | **ઉદયભાનુકૃત વિક્રમચરિત્ર રાસ**—સંપાદક : સ્વ. પ્રો. બ. ક. ઠાકોર | ૨=૦૦ |
| ૫. | **ભાલણ : એક અધ્યયન**—લેખક : પ્રો. કે. કા. શાસ્ત્રી | ૪=૭૫ |
| ૬. | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા | ૮=૨૫ |
| ૭. | **પંચાખ્યાન બાલાવબોધ, ભાગ ૧**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ | ૧૮=૬૦ |
| ૮. | **સિંહાસન બત્રીસી**—સં. ડૉ. રણજિત મો. પટેલ | ૧૨=૦૦ |

## સ્વ. પ્રો. બ. ક. ઠાકોર ગ્રન્થમાળા

| | | |
|---|---|---|
| ૧. | **વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧** | ૧=૭૫ |
| ૨. | ,, ,, ,, ૨ | ૧=૭૫ |
| ૩. | ,, ,, ,, ૩ | ૪=૦૦ |
| ૪. | **નિરુત્તમા** | ૨=૦૦ |
| ૫. | **વિક્રમોર્વશી**—(અનુવાદ : મનનિકા સહિત) | ૧=૭૦ |
| ૬. | **પ્રવેશકો, ગુચ્છ પહેલો** | ૩=૫૦ |
| ૭. | ,, ,, **બીજો** | ૨=૪૦ |
| ૮. | **અંબડ વિદ્યાધર રાસ** | ૩=૦૦ |
| ૯. | **મ્હારાં સૉનેટ** (બીજી આવૃત્તિ : બીજું પુનર્મુદ્રણ) | ૩=૦૦ |
| ૧૦. | **આપણી કવિતાસમૃદ્ધિ** (બીજી આવૃત્તિ; છઠ્ઠું પુનર્મુદ્રણ) | ૩=૦૦ |
| ૧૧. | **નવીન કવિતા વિષે વ્યાખ્યાનો** (પ્રથમ આવૃત્તિ; પહેલું પુનર્મુદ્રણ) | ૨=૦૦ |
| ૧૨. | **પ્રો. બ. ક. ઠાકોરની ડાયરી, ભાગ ૧**—સંપાદક : ડૉ. હર્ષદ મ. ત્રિવેદી | ૧=૫૦ |
| ૧૩. | **પ્રો. બ. ક. ઠાકોર અધ્યયન ગ્રન્થ** | ૧૨=૦૦ |

પ્રાપ્તિસ્થાન :

યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,

રાજમહેલ રોડ, રાજમહેલ દરવાજા પાસે,

વડોદરા

**उपजातिः**

विष्णोर्विभागे हरिशंकरौ च ।
गिरीश्वरो रुद्रविभाग उक्तः ॥
ब्रह्मा स्थितस्तत्र च मिश्रमूर्ति(:) ।
हरेर्हरस्यापि प्रकल्पनीया ॥ ११ ॥

વિષ્ણુના પદસ્થાનમાં વરાહ અને જળશાયી, દુર્ગાના સ્થાનમાં સરસ્વતી, મધ્ય ભાગમાં સાવિત્રી અને લક્ષ્મીની સ્થાપના સર્વ વિભાગમાં શુભ કહેલ છે. વિઘ્નવિનાયકના સ્થાને વીતરાગ જિન, માતૃકાના સ્થાને દેવીમંડળની સ્થાપના કરવી. પરંતુ અન્યની સ્થાપના ત્યાં ન કરવી; વિષ્ણુ વિભાગમાં હરિ અને શંકરની મૂર્તિ, બ્રહ્માજીના પદમાં હરિહરની મિશ્રમૂર્તિ અને રુદ્રના વિભાગે ગૌરીશંકર કે અર્ધનારીશ્વરની સ્થાપનાનું અન્ય ગ્રંથોમાં કહ્યું છે. ૧૦-૧૧.

**उपजातिः**

**देववाहन**

प्रासादगर्भं च सपादसार्द्धं पदं विहाय प्रतिमूलसूत्रे ।
सुरप्रमाणेन स्ववाहनानि दृष्टिं च कुर्यात्कटिजानुपादम् ॥ १२ ॥

પ્રાસાદના ગર્ભગૃહના પદથી સવાયા કે દોઢા વિભાગ તજીને દેવની પ્રતિમાના પ્રમાણથી દેવવાહનની સ્થાપના કરવી. દેવવાહનની ઊંચાઈ એ રીતે કરવી કે વાહનની દૃષ્ટિ દેવની પ્રતિમાના કટિ ભાગ, જાનુ ભાગ અથવા પાદ ભાગ પર રહે. [33a] ૧૨.

**शार्दूलविक्रीडितम्**

**एकमुखशिवायतन—**

शम्भुर्मध्यगतश्च तत्र भवने वामे गणानां पतिः ।
याम्येऽगेन्द्रसुता ततो दिनमणिर्नैर्ऋत्यभागे स्थितः ॥
वायव्ये च जनार्दनो धनपतिः स्थाप्यस्तथा पश्चिमे ।
सौम्ये शान्तिग्रहं तथा निगदितं मातृस्तथा दक्षिणे ॥ १३ ॥

—इत्येकमुख-शिवायतनम्

| | | |
|---|---|---|
| सूर्य | कुबेर<br>जळशायी | जनार्दन |
| मातृगण | एकमुख<br>शिव | शान्तिग्रह |
| पार्वती | | गणेश |
| | पूर्व | |

એક મુખ શિવાયતનમાં દેવસ્થાપનનો ક્રમ કહે છે.—મધ્યમાં શિવ, ડાબી તરફ ગણેશ, જમણી તરફ પાર્વતી, નૈર્ઋત્યમાં સૂર્ય, વાયવ્યમાં જનાર્દન, પશ્ચિમે કુબેર, સોમ અન્ય અને જળશાયી, ઉત્તરે શાન્તિગ્રહ અને દક્ષિણે માતૃકા આ ક્રમે સ્થાપના કરવી. ૧૩

---

33a દેવવાહનસ્થાન માટે રાજસ્થાન અને દ્રવિડ પ્રદેશોમાં પ્રાસાદના આગળના ભાગમાં ચોકી અગર મંડપો કરેલા જોવામાં આવે છે. દીપાર્ણવ અ. ૩માં કહ્યું છે કે—

### शार्दूलविक्रीडितम्

**चतुर्मुख-शिवायतन—**

मध्ये शम्भुरिनश्च वह्निदिशि वै विघ्नेशयुङ् निर्ऋतिः ।
वायव्ये नगनन्दिनी दिशि ततश्चेशे तु विष्णुः स्मृतः ॥
इत्थं सूर्य-गणेश-विष्णु-गिरिजा व्याघ्राम्बराणां पृथक् ।
तत् पञ्चायतनानि पञ्च विबुधमुख्यं तु मध्ये न्यसेत् ॥ १४ ॥

—इति चतुर्मुख-शिवायतनम्




ચતુર્મુખ શિવાયતનમાં મધ્યે શિવ, અગ્નિ કોણમાં સૂર્ય, નૈઋર્ત્યમાં ગણપતિ, વાયવ્યમાં દુર્ગા-પાર્વતી અને ઈશાનમાં વિષ્ણુની સ્થાપના કરવી. એ પ્રકારે ક્રમે સૂર્ય, ગણેશ, પાર્વતી અને વિષ્ણુ અને મધ્યમાં શંકરની સ્થાપના થાય. શિવપંચાયતનોનાં પૃથક્ પૃથક્ પંચાયતનોનાં નિર્માણ થાય. પંચાયતનમાં મુખ્ય દેવતાની મધ્યમાં સ્થાપના થાય છે.

### शार्दूलविक्रीडितम्

**दुर्गायतन—**

चण्डी शम्भुविनायकौ निगदितावादित्यविष्णूस्तथा ।
शक्तिर्मध्यगता तथाग्निदिशि वै शम्भुः क्रमोऽयं स्मृतः ॥
स्वस्वस्थानगते सुरे च नियतं सौख्यं भवेन्नान्यथा ।




દુર્ગાના આયતનમાં દુર્ગા મધ્યમાં સ્થાપન થાય. તેના ક્રમથી શિવ અગ્નિ કોણમાં, નૈઋર્ત્ય કોણમાં ગણેશ, વાયવ્ય કોણમાં સૂર્ય અને ઈશાન કોણમાં વિષ્ણુની સ્થાપના કહેલા ક્રમે કરવી. જે દેવનું જે સ્થાન કહ્યું હોય ત્યાં જ તે દેવની સ્થાપના કરવી. એથી સુખ પ્રાપ્ત થાય છે. કહેલા ક્રમથી વિરુદ્ધ કરવાથી વિપરીત ફળની પ્રાપ્તિ થાય છે.

---

व्योम वृषभः सिंहश्च गरुडो हंस एव च ।
एक द्वि त्रि चतुः पञ्च रससप्तपदान्तरे ॥ ३४ ॥

દેવના વાહન વિમાન, વૃષભ, સિંહ, ગરુડ કે હંસનું સ્થાન પ્રાસાદથી એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ કે સાત પદ છેટે કરવું.

**सूर्यायतन—**

कर्तव्ये ग्रहसद्मनि ज्वलनदिग् भौमश्च मध्ये रविः ॥ १५ ॥
राहू राक्षसकोणके सुरगुरुः ख्यातस्तथा दक्षिणे ।
कर्तव्यो भृगुनन्दनस्त्वपरगः केतुग्रहो मारुते ॥
ईशे मन्द उदाहृतः पुनरसौ प्राच्यां शशी चन्द्रमाः ।
सौम्ये चैव क्रमो नवग्रहगृहे विद्वद्भिरुक्तः पुनः ॥ १६ ॥

पश्चिम

| | | | | |
|---|---|---|---|---|
| | राहु | शुक्र | केतु | |
| दक्षिण | बृहस्पति | सूर्य | बुध | उत्तर |
| | मंगल | | शनि | |
| | | चंद्र | | |

पूर्व

નવગ્રહના આયતનમાં મધ્યમાં સૂર્ય, આગ્નેય કોણમાં મંગળ, નૈઋત્યમાં રાહુ, દક્ષિણમાં બૃહસ્પતિ, પશ્ચિમે શુક્ર, વાયવ્યમાં કેતુ, ઈશાનમાં શનિ અને પૂર્વમાં ચંદ્ર, ઉત્તર દિશામાં બુધની સ્થાપના કરવી. વિદ્વાનોએ નવગ્રહની સ્થાપનાનો ક્રમ સૂર્યાયતનમાં એ પ્રકારે કહ્યો છે. ૧૬

**उपजातिः**

**ब्रह्मायतन—**

मध्ये विरिञ्चिर्गणेशोऽग्निकोणे ।
स्यान्मातृगेहे दिशि दक्षिणे स्यात् ॥
नैर्ऋत्यकोणे च पुरन्दरस्य ।
वरुणाधिनाथे जलशायिनश्च ॥ १७ ॥
उमेशयोर्मारुतकोणके तु ।
ग्रहास्तथैवोत्तर दिग्विभागे ॥
ईशे रमा प्राग् धरणीधरश्च
स्वस्थानसंस्था( : )सुखदो( दा ) हि देव( वाः ) ॥ १८ ॥

पश्चिम

| | | | | |
|---|---|---|---|---|
| | इन्द्र | जलशायि | उमा महेश | |
| दक्षिण | मातृगण | ब्रह्मा | नवग्रह | उत्तर |
| | गणेश | धरणीधर | लक्ष्मी | |

पूर्व

બ્રહ્માયતનમાં મધ્યે બ્રહ્મા, અગ્નિ કોણમાં ગણેશ, દક્ષિણે માતૃગણ, નૈઋર્ત્યમાં ઇન્દ્ર, પશ્ચિમે જળશાયિન્, વાયવ્યે ઉમામહેશ્વર, ઉત્તર દિશામાં નવગ્રહ, ઈશાનમાં લક્ષ્મી અને પૂર્વમાં ધરણીધરની સ્થાપના કરવી. પોતપોતાના સ્થાનમાં દેવ પધરાવવાથી સુખની પ્રાપ્તિ થાય છે. ૧૮-૧૯

**उपजातिः**

**वासुदेवायतन—**

मध्ये विदध्यात्किल वासुदेवं
विनायकं वह्निदिशा( शो ) विभागे ।
भानुगृहं निर्ऋतिकोणके तु ॥
याम्ये तथा मातृगृहं तु कुर्यात् ॥ १९ ॥

ब्रह्मासने मारुतकोणमध्ये
जलेशयो वारुणदेशसंस्थः ।
नटेश्वरं चोत्तरदिग्विदध्याद् ।
उमामहेशौ खलु चेशकोणे ॥ २० ॥

पश्चिम

| | | |
|---|---|---|
| सूर्य | जलशायी | ब्रह्मा |
| मातृका | वासुदेव विष्णु | नटराज |
| गणेश | | उमामहेश |

पूर्व

વાસુદેવાયતનમાં મધ્યે વાસુદેવ, આગ્નેય કોણમાં વિનાયક, નૈઋત્યમાં સૂર્ય, દક્ષિણે માતૃકા, વાયવ્યમાં બ્રહ્મા, પશ્ચિમે જળશાયી ઉત્તરમાં નટેશ્વર અને ઈશાનમાં ઉમામહેશની સ્થાપના કરવી. ૧૯–૨૦

**शार्दूलविक्रीडितम्**

**देवतादिङ्मुख—**

प्राची वक्त्र शिवालयः शुभकरः प्रत्यङ्मुखः शस्यते[३३b]
न( ना )टेशं वरुणे वदन्ति विबुधाश्च च( श्व )ण्डीश्वरौ चोत्तरे ।
वह्नौ युग्मस्वरूपमेव गदितमीशे च नारीश्वरं
प्राच्यां नन्दिमहेश्वरावपि तथा मातृर्यमं नैर्ऋते ॥ २१ ॥
स्थाप्यो मारुतकोणके षण्मुखो दन्तैक नागाननः ।
ईशे देव नवायनं सुखकरं लोकेशं( श )चण्डौ तथा ॥
अन्यदे( दै )वतदृष्टिमार्गपरतस्त्याज्यं पुरं सन्मुखं ।
वह्नेर्भीतिकरं शिवस्य परतो ग्रामस्य ध्वंसस्तथा ॥ २२ ॥

---

૩૩b વિશ્વકર્માપ્રણીત દીપાર્ણવ ગ્રંથના સાતમા અધ્યાયમાં દેવતા દિક્મુખ વિશેષમાં દિશાઓના દેવોને કયા મુખના બેસારવા તે સ્પષ્ટ કહેલ છે. તેમાં વિદિશાના દેવોમાં ફક્ત નૈઋત્ય કોણ સન્મુખ હનુમંત અને અગિયાર રુદ્રનાં સ્વરૂપો બેસારવાનું કહે છે. બીજા દેવો પૂર્વાદિ દિશાઓના કહ્યા છે. બાણલિંગ, રાજલિંગ, મુખલિંગ, હોમ, યજ્ઞશાલા, જિન, બ્રહ્મા અને શિવ–એ ચાર દ્વારનાં ચાર મુખના અને દ્વિજરાજ ને રૈવત, વિષ્ણુ, સૂર્ય, સ્કંદ, ઇંદ્ર, અગ્નિ–એ સર્વ પૂર્વમુખના અને પશ્ચિમ મુખના




દેવતા દિગ્મુખ કહે છે: શિવાલય પૂર્વ કે પશ્ચિમ મુખનું શુભકર અને પ્રશસ્ત છે. પશ્ચિમે નટરાજ મૂર્તિ, ઉતરમાં ચંડી અને મહેશ્વર, અગ્નિકોણમાં યુગલમૂર્તિ, ઈશાનમાં અર્ધનારીશ્વર રૂપ, પૂર્વમાં નંદિમહેશ્વર, નૈઋર્ત્યમાં માતૃકા અને ધર્મરાજ યમની સ્થાપના કરવી, એવું શિલ્પ-શાસ્ત્રના વિદ્વાનો કહે છે. વાયવ્ય કોણમાં કાર્તિકેય (સ્કંદ) તથા ઈશાનમાં એકદન્ત=ગજાનન લોકેશ અને ચંડીની સ્થાપના કરવી. દેવોનાં નવાયતન સુખ દેનારાં જાણવાં. પૂર્વે કહેલા દેવતા-ઓથી અન્ય દેવોની સ્થાપના જો નગરના બહારના ભાગમાં કરવી હોય તો એ દેવોની દષ્ટિ નગરના સન્મુખ રાખવી નહીં. અગ્નિકોણમાં શિવાલયનું મુખ હોય અથવા શિવાલય નગરથી ઊલટા મુખે હોય તો તે ભય દેનાર અને નગરનો નાશ કરે છે. ૨૧–૨૨

**इन्द्रवज्रा**

**त्रिपुरुषस्थापन—**

**मध्ये शिवो वामगतो हरिश्चेद्**
**याम्ये विरिञ्चिस्तु तथार्थलाभः ।**
**हानि प्रजाया यदि मध्यविष्णुः**
**स्वस्थानब्रह्मा पशुपश्च वामे ॥ २३ ॥**

**शार्दूलविक्रीडितम्**

**मध्ये शम्भुर्हरिश्च दक्षिणदिशि वामे विरिञ्चिस्तथा**
**दारिद्यं रिपुवर्धनं न हि सुखं देशभङ्गः प्रकोपः ।**
**मध्ये ब्रह्मा हरिश्च दक्षिणदिशि वामे तथा रुद्रकः**
**संहारः सुखवर्जितं धनहरः स्वल्पवृष्टिश्च मेघः ॥ २४ ॥**

---

જાણવા. ગણેશ, નાગેશ, ક્ષેત્રપાળ, ભૈરવ, કુબેર, ગંધર્વ, ગ્રહો, માતૃગણ, નકુલીશ, અઘોર, પિતૃ, ચંડીશ, યક્ષ–એ દક્ષિણ મુખના બેસારવા. દૈત્ય, રાક્ષસ, ભૂત, પ્રેત, પિશાચ એવા ક્ષુદ્ર દેવદેવીઓ દક્ષિણ મુખે બેસારવા. અષ્ટ દિક્પાલો પોતપોતાની દિશાના અધિપતિ પૂર્વાદિ ક્રમે કહ્યા. જિન દેવના પ્રાસાદો શહેરમાં ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ–એ ચારે દિશામાંથી ગમે તે દિશાના મુખે બેસારવા તેમાં દોષ નથી.

## ત્રિપુરુષપ્રાસાદમાં દેવસ્થાપનનું શુભાશુભ ફળ

| | | | |
|---|---|---|---|
| विष्णु | शिव | ब्रह्मा | शुभलाभ |
| रुद्र | विष्णु | ब्रह्मा | अशुभ |
| ब्रह्मा | शिव | विष्णु | दारिद्य |
| शिव | ब्रह्मा | विष्णु | धननाश |

ત્રિપુરુષપ્રાસાદમાં મધ્યમાં શિવ, ડાબી તરફ વિષ્ણુ અને જમણી તરફ બ્રહ્માની સ્થાપના કરવાથી અર્થલાભનું શુભ ફળ મળે છે. મધ્યમાં વિષ્ણુ, જમણી તરફ બ્રહ્મા અને ડાબી તરફ શિવની સ્થાપના કરવાથી પ્રજાહાનિનું અશુભ ફળ પ્રાપ્ત થાય છે. ૨૩. જો મધ્યમાં શિવ, જમણી તરફ વિષ્ણુ અને ડાબી તરફ બ્રહ્માની સ્થાપના કરે તો દારિદ્ર, શત્રુવૃદ્ધિ, સુખનાશ, રાષ્ટ્રભંગ અને રોગના પ્રકોપનું અનિષ્ટ ફળદાતા જાણવું. જો મધ્યમાં બ્રહ્મા, જમણી તરફ વિષ્ણુ અને ડાબી તરફ શિવની સ્થાપના કરે તો સંહાર, સુખહાનિ, લક્ષ્મીનાશ અને મેઘની અલ્પ વૃષ્ટિથી દુકાન અનિષ્ટ ફળદાતા જાણવું. ૨૪.

**उपजातिः**

**लिङ्गपञ्चसूत्र—**

लिङ्गपरिधिपृथुमूलसूत्रम्
तता द्वितीयं पृथुपीठिकायाः
ब्रह्मा च विष्णुस्त्वथ शङ्करान्तम्
उदयं त्रिभागं तृतीयञ्च सूत्रम् ॥ २५ ॥
[34]चतुर्थकं लिङ्ग प्रणालमग्रं
यत्पञ्चमं लिङ्गशिरोऽन्तसूत्रम्
न्यूनाधिके हानिकरं प्रजायते
प्रतापवृद्धिः सम एव सूत्रे ॥ २६ ॥

લિઙ્ગ પંચસૂત્ર કહે છેઃ–લિઙ્ગની ફરતી ગોળ પરિધિનું સૂત્ર એ પ્રથમ સૂત્ર; પીઠિકા = જળધારીની પહોળાઈ એ બીજું સૂત્ર; લિઙ્ગના પીઠિકાસમેત ઉદય તેમાં ત્રણ ભાગ થાય છે. નીચેનો ચોરસ ભાગ બ્રહ્માભાગ, તે પર જળાધારીમાં પ્રવિષ્ટ અષ્ટાંશ ભાગ વિષ્ણુભાગ અને પીઠ પર ગોળ લિઙ્ગ પૂજાભાગ એ ત્રણ ભાગ એ ત્રણે મળીને ત્રીજું સૂત્ર. લિઙ્ગથી પરનાળના અગ્રભાગ સુધીની લંબાઈનું ચોથું સૂત્ર અને પીઠિકા જળાધારી ઉપર લિઙ્ગોચ્છ્રયથી ફરી પીઠિકા સુધીનું સૂત્ર એ પાંચમું સૂત્ર. એ સર્વ સરખાં હોવાં જોઈએ. સરખાં હોય તો પ્રતાપવૃદ્ધિ થાય છે. ઓછાં વત્તાં સૂત્ર થાય તો તેથી નુકસાન થાય છે. ( આ પંચસૂત્ર રાજલિઙ્ગ ને વિશે યોગ્યતાવાળું જાણવું. ) ૨૫-૨૬.

---

૩૪ અહીં શિવલિઙ્ગ જળાધારીની પ્રનાલ વિશે કહ્યુ, પરંતુ પ્રાસાદની પ્રનાલના સ્થાને આ પ્રનાલ રાખવી જોઈએ, તેથી સર્વ દેવના પ્રાસાદની પ્રનાલ વિચાર ( વિશે ) કહે છે :

पूर्वापरास्यप्रासादनालं सौम्ये प्रकल्पयेत् ।
तत्पूर्वे याम्यसौमास्ये मण्डपा वामदक्षिणे ॥ वास्तुमञ्जरी

પૂર્વ અને પશ્ચિમ મુખના પ્રાસાદને ઉત્તરે પ્રનાલ કરવી. ઉત્તર-દક્ષિણના પ્રાસાદને પ્રનાલ પૂર્વ દિશામાં રાખવી. મંડપને ડાબી-જમણી તરફ પ્રનાલ રાખવી.



પ્રાસાદના પ્રનાલનું મકરમુખ

**शार्दूलविक्रीडितम्**

कुर्यान्नन्दविभागपीठपृथुलं वह्नि( ह्री )शयुग्मान्तरम् ।
तस्यान्ते कृतमेखला शशिपदे भागैकभागत्रयम् ॥
भागे चैव सपादसार्द्ध जलजमादौ च मध्यान्तयोः ।
ऊर्ध्वं नन्दविभाग ईश उमया रामेशरागाङ्गना ॥ २७ ॥

પીઠ=જળાધારીની. પહોળાઈના નવ ભાગમાં વચ્ચેના ત્રણ ભાગમાં શિવલિઙ્ગ સ્થાપનના અને બે બાજુ ત્રણ ત્રણ ભાગમાં એક ભાગની મેખલા (પટ્ટી) અને બે ભાગ જળમાર્ગ કરવો. મેખલાના એક ભાગમાં તેના એક ભાગ, સવા ભાગ, દોઢ ભાગ પ્રમાણથી જળાધારીને મેખલા કરવી. પ્રનાલના આરંભ, મધ્ય અને અંતમાં ક્રમાંક હીન કરવા. લિઙ્ગની ઊંચાઈના નવ ભાગમાં ઉપરના ત્રણ ભાગમાં ગોળશંકર=પૂજાભાગ અને નીચેના છ ભાગ ઉમાપીઠમાં સ્થાપિત કરવા. ૨૭ (અહીં બાણુલિઙ્ગ નહિ પરંતુ રાજલિઙ્ગ વિશે જાણવું.)

**उपजातिः**

दीर्घप्रमाणं किल वह्निभागे
तदग्रव्यासस्तु तदर्द्ध एव ।
प्रणालमामन्त्रितमं तु कुर्याद्
मध्यैकभागे हि जलस्य मार्गः ॥ २८ ॥

પ્રનાલની લંબાઈ–જળાધારીના વ્યાસના ત્રીજા ભાગની નીકળતી રાખવી. તે પ્રનાલની લંબાઈના ત્રણ ભાગ કરીને તેના ત્રીજા ભાગે વચ્ચે પાણી જવાનો જળમાર્ગ કરવો. ૨૮

**उपजातिः**

लिङ्गप्रवेशविधि—

लिङ्गप्रवेशो यदि द्वारमध्ये
स्वदेशभङ्गो न हि राजवृद्धि(ः) ।
पृष्टप्रवेशं न करोति लिङ्गं
खातं च कुर्यान्न हि याम्यभागे ॥ २९ ॥

**इन्द्रवज्रा**

याम्याश्रितं स्वामीविनाशहेतु
लिङ्गप्रवेशो द्विविधो बुधैश्च
आकाशमार्गे कृतरन्ध्रमध्यं
प्रासाद अर्धे च ततो द्वितीयः ॥ ३० ॥

**उपजातिः**

स्वदेशसौख्यं धनराज्यवृद्धिः
स्वर्गे सुखं स्वामी तथा करोति ।
धर्मस्य वृद्धिर्बहुधा प्रजायते
त्यजन्ति रोगाः पशुपुत्रलाभः ॥ ३१ ॥

इति सूत्रधारवीरपालविरचिते वास्तुशास्त्रे (बेडाया) प्रासादतिलके देवपदस्थापन-पञ्चायतन-लिङ्गपञ्चसूत्र-लिङ्गप्रवेश-देवतादिङ्मुखादिर्नाम लक्षणाधिकारे चतुर्थोऽध्यायः ॥ ४ ॥

લિઙ્ગપ્રવેશવિધિ[૩૫]–શિવપ્રાસાદના દ્વારમાંથી બાણુલિઙ્ગનો પ્રવેશ કરાવવાથી સ્વદેશ-ભઙ્ગ અને રાજ્યસમૃદ્ધિનો નાશ થાય છે. પ્રાસાદના પૃષ્ઠ ભાગથી લિઙ્ગપ્રવેશ ઇષ્ટ નથી. દક્ષિણ દિશામાં જળાધારીનો જળમાર્ગ રાખવો નહિ. જો દક્ષિણે જળમાર્ગ રાખે તો સ્વામિવિનાશનું નિમિત્ત જાણવું. લિઙ્ગપ્રવેશ બે પ્રકારે કરવાનું વિદ્વાનોએ કહ્યું છે. પહેલા પ્રકારે આકાશમાર્ગે અર્થાત્ શિખરના શુકનાસમાંથી, ગર્ભગૃહના (ઘુમ્મટમાંથી) કરોટકમાંથી, લિઙ્ગ નીચે ઉતારવું. બીજો પ્રકાર અર્ધ પ્રાસાદથી, ઉત્તરંગ ઉપરથી, લિઙ્ગપ્રવેશ ગર્ભગૃહમાં કરાવવો. એ રીતે પ્રાસાદનો વિધિથી શિવલિઙ્ગપ્રવેશ પ્રતિષ્ઠા કરાવવાથી સ્વદેશમાં સુખવૃદ્ધિ, ધનસમૃદ્ધિ, રાજ્યવૃદ્ધિ, ઇન્દ્રસમાન સ્વર્ગીય સુખનો ઉપભોગ અને અનેક પ્રકારે ધર્મની વૃદ્ધિ, રોગનષ્ટતા અને પશુપુત્ર આદિનો લાભ થાય છે. ૨૯–૩૧

ઇતિ સૂત્રધાર વીરપાલે રચેલો વાસ્તુશાસ્ત્રનો (બેડાયા) પ્રાસાદતિલક ગ્રંથનો દેવપદ-સ્થાપન, પંચાયતન, લિઙ્ગપઞ્ચસૂત્ર, લિઙ્ગપ્રવેશાદિ, દેવતાદિઙ્મુખાદિ નામ લક્ષણનો સ્થપતિ પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરાએ કરેલ ચતુર્થ અધ્યાયનો ગુજરાતી અનુવાદ પૂર્ણ થયો. ૪.

---

૩૫ લિઙ્ગપ્રવેશ દ્વારમાંથી કદી ન કરાવવો તેમ કહે છે, પરંતુ આ સૂત્ર બાણલિઙ્ગને લાગુ પડતું હોવાની માન્યતા છે. કહેલાં પવિત્ર સ્થળોએથી પ્રાપ્ત કરેલ બાણલિઙ્ગની વિધિવિધાન અધિવાસ પ્રતિમંડપમાં કરી મંદિરના ઉત્તરંગ ઉપરથી કે શિખરના શુકનાસમાંથી બાણલિઙ્ગ પ્રવેશ કરાવી રેશમી વસ્ત્ર બાંધી ઉપરથી નીચે ઉતારવું. આ વિધિ બાણલિઙ્ગને માટે છે, પરંતુ ઘટિત લિઙ્ગ, રાજલિઙ્ગને આ સૂત્ર લાગુ પડતું નહિ હોય. જો કે તેનો શાસ્ત્રીય પાઠ હજુ જોવા આવેલ નથી. રાજલિઙ્ગ મોટું અને વજનદાર હોય છે. તેને સંકડાશમાં ઉપર ચડાવવાનું અને ઉતારવાનું બહુ મુશ્કેલ થાય. આથી રાજ લિઙ્ગની અધિવાસન, સ્નપનવિધિ અમુક ગર્ભગૃહમાં દ્વારમાંથી લાવી વિધિવિધાન ગર્ભગૃહમાં કરવાથી કોઈ દોષ લાગે નહિ એવી માન્યતા છે.

ચાર હાથ સુધીના શિવમંદિરને શિવાલય કહેવું અને ચાર હાથથી ઉપરના પ્રમાણના શિવાલયને પ્રાસાદ કહેવો.

# प्रासादतिलक

## ग्रन्थपूर्ति

॥ १ ॥

॥ अथ जगती ॥

प्रासादो लिङ्गमित्युक्तं जगती पीठमेव च ।
प्रासादं कारयेत्तस्यानुरूपः (पो) जगत्यो(त्या)मपि ॥ १ ॥

प्रासादात्त्रिचतुःपञ्चगुणेति जगती त्रिधा ।
ज्येष्ठादिषु क्रमाद्योज्या त्रिधैक्यभ्रमसंयुता ॥ २ ॥

षट्सप्तति जिनगृहे द्वारिकां पुरुषत्रये ।
दैर्ध्यै (र्ध्यैः) सपादा सार्द्धा च द्विगुणा मण्डपक्रमात् ॥ ३ ॥

प्रासादेककरान्तर्द्धे त्र्यंशे द्वात्रिंशदन्तके ।
उच्चा युगांशा द्वात्रिंशे भूतांशोऽच्चा तदर्द्धके ॥ ४ ॥

सृष्ट्या कर्णेषु दिक्पालैः प्रासादद्वारमण्डपैः ।
सोपानैस्तोरणैर्युक्ता चतुर्दिक्षु प्रनालकैः ॥ ५ ॥

वास्तुमञ्जरी ॥ २ ॥

પ્રાસાદને શિવલિઙ્ગસ્વરૂપ માની જળાધારી રૂપ જગતી જાણવી. પ્રાસાદના અઙ્ગોપાઙ્ગ જેવું જગતીનું રૂપ કરવું. પ્રાસાદથી ત્રણ ગણી, ચારગણી, પાંચગણી વિસ્તારમાં જગતી કરવી, તે અનુક્રમે જ્યેષ્ઠા, મધ્યમા અને કનિષ્ઠા જાણવી. કનિષ્ઠમાનને એક, મધ્યમમાનને બે, અને જ્યેષ્ઠમાનની જગતીને ત્રણ ભ્રમણી કરવી.

ત્રિપુરુષ = બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રના પ્રસાદને; જિનાયતનોને; ચોસઠ યોગિની કે પંચાયતન પ્રાસાદોને ૭ કે સાત ગણી જગતી બિસ્તારમાં કરવી. લંબાઈમાં સવાઈ, દોઢી કે બમણી જગતી મંડપને કરવી. જગતીની ઊંચાઈ એક હાથથી બાર હાથ સુધીના પ્રાસાદને તેના વિસ્તારમાથી અરધા માપની રાખવી. તેરથી બાવીશ હાથ સુધીના પ્રસાદને ગજે ગજના તૃતીયાંશ = આઠ આંગુલની વૃદ્ધિ પ્રતિહસ્તે કરવી. ત્રેવીશથી બત્રીશ હાથના પ્રાસાદોને પ્રત્યેક ગજે ૭ ૭ આંગુલની વૃદ્ધિ કરવી. તેત્રીશથી પચાસ હાથના પ્રાસાદને ગજના પંચમાશ (૪ાા-) આંગુલની વૃદ્ધિ પ્રતિ હસ્તે જગતી ઉદયમાનમાં કરવી. જગતીના ખૂણાએ સૃષ્ટિમાર્ગે દિક્પાલોનાં સ્વરૂપો કરવાં. જગતીના ઉદયમાં ચડવાને દ્વાર અને આગળ નીચે વામન નામનો મુખમંડપ કરવો. જગતી પર ચડવાને પગથિયાંની પંક્તિ કરવી. જગતીમથાળે ચારે તરફ ઢાળ કરી પ્રનાલ મૂકવી. ૧-૫




જગતી ઉદયમાનમાં થરવિભાગમાં દ્વાર ઉપર કક્ષાસન અને પીઠ

शुण्डिकासने विज्ञेया तत्पदे गण्डविस्तरम् ।
द्वितीयं तत्समं ज्ञेयं शुण्डिकोभय(तः) स्थिताः ॥ ६ ॥
भद्रनिर्गमतुल्यं तु जगतीगण्डनिर्गमं ।
द्वितीयं तत्समं कार्यं प्रतिहारास्तदग्रतः ॥ ७ ॥

**क्षीरार्णव ॥ १०१ ॥**

પગથિયાંની બે બાજુ હાથણી-હાથીની સૂંઢની આકૃતિની—ચોથા ભાગે પહેલી ગંડસ્થળ=હાથણી કરવી. બીજી પણ તેના જેવડી બે બાજુ કરવી. ભદ્રના નીકાળા જેટલો હાથણીનો નીકાળો રાખવો. બીજીનો પણ તેટલો જ રાખવો. પગથિયાંની બે બાજુ હાથણીની આગળ ઊભાં મોટાં પ્રાતહારોનાં સ્વરૂપો કરવાં. ૬–૭




ચતુર્મુખ, ફરતી દેવકુલિકાઓ, ચાર મહાધર, ચાર મેઘનાદમંડપ, ચાર મંડપ
અને ચાર બલાણક એ સર્વની વિશાળ જગા

बलाणकजगत्योर्ध्वेऽग्रे ग्रस्तवामन नामतः ।
जगत्योपरि मत्तवारणः सन्मुखो वामदक्षिणे ॥ ८ ॥
राजसेनश्चतुर्भाग वेदिका सप्तभागोच्छ्रित् ( ता ) ।
द्विपदं चासनपट्टं कक्षासन करोन्नतम् ॥ ९ ॥

**क्षीरार्णव ॥**

જગતીની ઉપર આગળ નીકળતું અને જગતીના ઉદયમાં સમાય તેટલી ઊંચાઈના મંડપને તે પર 'વામન' નામનો બલાણક કહ્યો છે. જગતીની બે બાજુએ અને સન્મુખ મત્તવારણ = કક્ષાસન કરવા. તેમાં નીચેનો રાજસેનક ચાર ભાગ, તે ઉપર વેદિકા સાત ભાગ અને બે ભાગનું આસનપટ્ટ ( કુલ ૧૩ ભાગ ) મત્તવારણ કરવું. આસનપટ્ટ પર એક હાથ ઊંચું લીલાસન = કક્ષાસન ( ઢળતું ) કરવું. ૮—૯




મત્તવારણ—૧૩ ભાગ ઉદય

**॥ इति जगती लक्षण ॥**

॥ २ ॥

॥ देवतादृष्टिपदस्थापन ॥

उच्छ्रयं द्वात्रिंशद्भागं द्वारमानं विशेषतः ।
अधस्तैः अष्टभागं च शिवस्थानं च निश्चलम् ॥ १ ॥

हरश्च दशमे भागे द्वादशे जलशायिनं ।
मातरस्य द्वयाधिक्यैर्यक्षः षोडशान्विते ॥ २ ॥

अष्टादशैव कर्तव्यं उमारुद्रश्रिया हरिः ।
विंशमे ब्रह्मयुग्मं च तत्र दुर्गा अगस्त्यादयः ॥ ३ ॥

एवं विधेयं प्रकर्तव्यां नारदादि मुनीश्वराः ।
एकविंशे भवेल्लक्ष्मीः चतुर्विंशे सरस्वती ॥ ४ ॥

पञ्चविंशे जिनस्थानं षड्विंशे च(चा)न्द्रमेव च ।
ब्रह्मा विष्णुस्तथारुद्रः सूर्यश्च सप्तविंशतिः ॥ ५ ॥

भैरवश्चण्डिकाश्चैव एकोनत्रिंशदंशके ।
तत्पदं च परं शून्यं भूतप्रेतादिराक्षसाः ॥ ६ ॥

क्षीरार्णव

ગર્ભગૃહના દ્વારની ઊંચાઈના બત્રીશ ભાગ કરવા. તેમાં નીચેથી આઠ ભાગ શિવલિઙ્ગ સ્થાપનના જાણવા. દશમે હરશિવ, બારમે ભાગે શેષશાયિની દૃષ્ટિ રાખવી; ચૌદમા ભાગે માતૃકા દેવીઓ; સોળમે ભાગે યક્ષ; અઢારમે ભાગે ઉમા, રુદ્ર, લક્ષ્મી અને વિષ્ણુ અને વીશમે ભાગે બ્રહ્મા, સાવિત્રી એમ યુગ્મમૂર્તિની દૃષ્ટિ રાખવી. ત્યાં વીશમા ભાગે દુર્ગા-અગસ્ત્ય-નારદ આદિ મુનિની દૃષ્ટિ રાખવી. એકવીશમા ભાગે લક્ષ્મી, ચોવીશમા ભાગે સરસ્વતી, પચ્ચીશમા ભાગે જિન વીતરાગ, છવીશમા ભાગે ચંદ્રની અને સત્તાવીશમા ભાગે બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર અને સૂર્યની દૃષ્ટિ રાખવી. ઓગણત્રીશમા ભાગે ભૈરવ-ચંડીની દૃષ્ટિ રાખવી. તે ઉપરના ત્રણ શૂન્ય ભાગમાં ભૂત, પ્રેત અને રાક્ષસની દૃષ્ટિ રાખવી. ૧-૬

द्वारोच्छ्रयोऽष्टधाभक्त ऊर्ध्वभागं परित्यजेत् ।
सप्तमाष्टमे सप्तभागे दृष्टिसूत्र(त्रं) सुशोभना(नम्) ॥ ७ ॥

वृक्षार्णव

સામાન્ય રીતે ઉચ્ચ દેવોનું દૃષ્ટિસૂત્ર કહે છે કે દ્વારની ઊંચાઈના આઠ ભાગ કરી ઉપરનો આઠમો ભાગ ત્યજી દેવો, અને સાતમા ભાગના ફરી આઠ ભાગ કરી તેના સાતમા ભાગે દેવદૃષ્ટિ રાખવી. ૭



દશાવતાર દેવો

[1]ऊर्ध्वदृष्टिर्विनाशाय अधो च भोगहानि च ।
सुखदा सर्वकालेषु समदृष्टिर्नसंशयः ॥ ८ ॥

क्षीरार्णव अ. १११

કહેલા દષ્ટિસ્થાનથી જો દષ્ટિ ઊંચી રાખે તો વિનાશ થાય અને જો દષ્ટિ નીચી રાખે તો સમૃદ્ધિનો નાશ થાય. માટે કહેલા સ્થાન સરખું દષ્ટિસૂત્ર રાખવાથી સર્વકાળમાં સુખ જ રહે. તેમાં સંશય ન જાણવો. ·૮

प्रतिमा पीठमान

द्वारमष्टविभक्तं च त्रिधा भक्तं (च) सप्तभिः ।
पीठं च भागमेकं तु शेषं च प्रतिमा मुने ॥ ९ ॥

सप्तभागं भवेद्वारं षड्भागं त्रिधा कृतम् ।
द्विभागं प्रतिमामानं शेषं पीठसमुच्छ्रयम् ॥ १० ॥

द्वारं षड्भागिकं ज्ञेयं त्रिधा पञ्च प्रकल्पयेत् ।
पीठं तु भागमेकेन द्विभागे प्रतिमा भवेत् ॥ ११ ॥

क्षीरार्णव

ગર્ભગૃહના દ્વારોદયના આઠ ભાગ કરી ઉપરનો એક ભાગ તજી બાકીના સાત ભાગમાં ત્રણ ભાગ કરી તેમાં એક ભાગનું પીઠ-સિંહાસન અને બે ભાગનું પ્રતિમામાન જાણવું.—જયેષ્ઠમાન ૯

બીજું માન—દ્વારોદયના સાત ભાગ કરી ઉપરનો એક ભાગ ત્યજી બાકીના છ ભાગમાં ત્રણ ભાગ કરી બે ભાગની પ્રતિમા અને એક ભાગનું પીઠ-સિંહાસન ઊંચું કરવું તે મધ્યમમાન જાણવું.—મધ્યમ માન ૧૦

---

૧ દેવતા-દષ્ટિ સંબંધમાં પૃથક્ પૃથક્ ગ્રંથોમાં ભિન્ન ભિન્ન વિભાગ કહેવાથી એકસૂત્રતા મળતી નથી. દીપાર્ણવ અને ક્ષીરાર્ણવ બત્રીશ ભાગ દષ્ટિપદના કહે છે. અપરાજિતસૂત્ર ૬૪ ચોસઠ ભાગ કહે છે. ઠક્કુર ફેરુ વાસ્તુસારમાં દશ ભાગ કહે છે. દિગંબરાચાર્ય વસુનંદી નવ ભાગ કહે છે. દષ્ટાંતરૂપ જિન તીર્થંકરની દષ્ટિસૂત્ર જોતાં ઉત્તરંગથી નવ આંગુલથી બાવીશ આંગુલ સુધીમાં જિન દષ્ટિ આવે એ રીતે તેર આંગુલનો તફાવત રહે છે. એમ એકવાકયતા મળતી નથી. એથી શ્લોક ૭નું પ્રમાણ સર્વમાન્ય છે.

પ્રતિમામાનપ્રમાણ

| પ્રતિમા માનપ્રમાણ | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઊભી પ્રતિમા માન | આ | ૧૧ | ૨૧ | ૩૧ | ૪૧ | ૪૩ | ૪૫ | ૪૭ | ૪૯ | ૫૧ | ૫૭ | ૬૩ | ૭૩ | ૮૩ | ૯૩ |
| બેઠી પ્રતિમા માન | આ | ૬ | ૧૨ | ૧૮ | ૨૪ | ૨૭ | ૩૦ | ૩૩ | ૩૬ | ૩૯ | ૪૨ | ૫૨ | ૬૨ | ૭૨ | ૮૨ |
| પ્રાસાદ ગજ હસ્ત | | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૨૦ | ૩૦ | ૪૦ | ૫૦ |

પરિકર યુક્ત દેવમૂર્તિઓ



બ્રહ્મા



મહિષાસુરમર્દિની



સૂર્ય



વિષ્ણુ




खुल्ला - नृत्यमण्डप का पीठबंध. तीन प्रकार.

પીઠ-સિંહાસન ઉદયના વિભાગ

ત્રીજું દ્વારોદયના ૭ ભાગ કરી ઉપરનો એક ભાગ ત્યજીને બાકીના પાંચ ભાગના ત્રણ ભાગ કરતાં એક ભાગનું પીઠ-સિંહાસન અને બે ભાગની પ્રતિમા ઊંચી જાણવી. એ કનિષ્ઠમાન. કનિષ્ઠમાન—૧૧

ભાગ આ રીતે ત્રણ માનપ્રતિમા અને પીઠનાં જાણવાં.

જેષ્ટમાન {
૧ પીઠ ૨ પ્રતિમા
ત્રણ ભાગ
૭ ભાગ ૧ તજવો
દ્વારોદયના ૮ ભાગ

મધ્યમમાન {
૧ પીઠ ૨ ભાગ પ્રતિમા
ત્રણ ભાગ
૬ ભાગ ૧ તજવો
દ્વારોદયના ૭ ભાગ

કનિષ્ટમાન {
૧ પીઠ ૨ ભાગ પ્રતિમા
૩ ભાગ
૫ ભાગ ૧ તજવો
દ્વારોદયના ૬ ભાગ

॥ इति देवतादृष्टिपदस्थापन ॥

॥ ३ ॥

॥ अथ शिखराधिकारः ॥

शिखराश्च विविधाकाराऽनेकाण्डकभूषिताः ।
छाद्योर्ध्वप्रहाराः स्यात् ऊर्ध्वे शृङ्गाणि कारयेत् ॥ १ ॥

शृङ्गे शृङ्गे त्वधच्छाद्यमूर्ध्वं शृङ्गताधोऽद्गमम् ।
स्वस्याङ्गस्य प्रमाणं तु सपादे शृङ्गमुच्छ्रये ॥ २ ॥

स्कन्धस्यार्द्धोदये घण्टा सर्वकामफलप्रदा ।
मूलकर्णरथादौ च एकद्वित्रिक्रमो न्यसेत् ॥ ३ ॥

निरन्धारे मूलभित्तौ सान्धारे भ्रमभित्तिषु ।
रेखा गर्भसमा शस्ता विस्तीर्णा धनदा स्मृता ॥ ४ ॥

रेखामूलस्य दिग्भागे कूर्यादग्रे षडंशकाः ।
षड्बाह्ये दोषदं प्रोक्तं पञ्चमध्ये न शोभनम् ॥ ५ ॥

क्षीरार्णव

શિખરો અનેક આકારનાં થાય છે. તેના પર અનેક અંડકો ચઢાવી સુશોભિત બનાવાય છે. મંડોવર પર છજા ઉપર પ્રહારનો થર કરી તેના પર શૃંગો ચડાવવા. એક શૃંગની ઉપર બીજું શૃંગ ચડાવતાં અર્ધભાગ છોડવો. પ્રત્યેક શૃંગની નીચે ફરી પ્રહારનો થર ચડાવી પ્રત્યેક શૃંગની નીચેના ભાગમાં છાજલી અને ઉદ્‌ગમ દોઢિયાથી વિભૂષિત કરવા. અંગ—ખાંચાના વિસ્તારના



શૃંગોર્ધ્વ શૃંગ



ઉરુશૃંગોર્ધ્વ-ઉરુશૃંગ વિભાગ



ત્રણ પ્રકારે શિખરોદય માન અને તેના સૂત્રવૃત

પ્રમાણથી સવાઈ શૃંગની ઊંચાઈ (સ્કંધ-બાંધણુ) રાખવી. તે પર શૃંગના સ્કંધ વિસ્તારથી અર્ધી ઊંચાઈની આમલસારી શૃંગ પર ચડાવવી. તે સર્વ કામનાનું ફળ દેનાર જાણવું. મૂળ કર્ણ-રેખા પ્રતિરથ પર એક બે ત્રણ એમ કહેલા ક્રમ પ્રમાણે શૃંગો ચડાવવાં. પરંતુ નિરંધાર પ્રાસાદની મૂલ ભીંત પર ગર્ભગૃહની અંદરની ફરકતી કંઈક વધુ અને સાંધાર પ્રાસાદના ભ્રમની ભીંતની બહાર શિખરનો વારસો મેળવવો. ગર્ભગૃહથી બરાબર અગર તેથી વધુ વિસ્તારવાળી રેખા-પાયચો રાખવાથી લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. ૧-૪

શિખરના નીચેના રેખા-પાયચા વિસ્તારના દશ ભાગ કરી શિખરના ઉપર સ્કંધ-બાંધણે છ ભાગ પહોળું રાખવું. છ ભાગથી વધુ રાખવાથી દોષ કહ્યો છે અને પાંચ ભાગથી ઓછું શોભતું નથી. (આથી સાડાપાચ ભાગ પહોળું સ્કંધ-બાંધણે રાખવું). ૫

रेखामूलस्य विस्तारात् पद्मकोशं समालिखेत् ।
चतुर्गुणेन सूत्रेण सपादशिखरोदयः ॥ ६ ॥

रेखा विस्तारमानेन सपादेन तदुच्छ्र्यम् ।
त्रिभागसहिताश्चैव सार्द्धं कृत्वा विचक्षणैः ॥ ७ ॥

उरुशृङ्गाणि भद्रे स्युर्वेकादिग्रहसंख्यया ।
त्रयोदश समूर्ध्वेऽधो लुप्तः सप्तोरुशृङ्गकैः ॥ ८ ॥

घण्टा बाह्यप्रमाणं च स्कन्धे स्कन्धे तु कारयेत् ।
रेखामूले तु दिग्भक्ते कोणः कार्यो द्विभागकः ॥ ९ ॥




વાલંજર-નિરંધાર



વાલંજર-સોધાર (બાલપંજર)

त्र्यंशभद्र रथ सार्द्धं स्कन्धोर्ध्वे च नवांशके ।
कोर्णैर्युगांशैर्भद्रं च द्व्यंश त्रयो रथो भवेत् ॥ १० ॥

**दीपार्णव**

સવાયા શિખરને મૂળ રેખાના પાંયચા વિસ્તારથી ચાર ગણું વૃતસૂત્ર ફેરવવાથી અવિકસિત કમળના આકારની શિખરરેખા = નમણુ થાય. શિખરોદયની ત્રણુ પ્રકારે બુદ્ધિમાનોએ રચના કહેલ છે. શિખરના નીચે પાંચચે = મૂળ રેખાથી સવાયુ ૨ દોઢું અને ૩ ત્રીજું ૧ટ્ટે ઊંચાઈના શિખર થાય છે. શિખરના ભદ્રે એકથી નવ સુધી ઉરુશૃંગ ક્રમાનુસાર ચડે છે. તેમાં નીચેના પાયચાથી સ્કંધ સુધીની ઊંચાઈના તેર ભાગ કરવા. તેમાં નીચેનું ઉરુશૃંગ સ્કંધ સુધી સાત ભાગ લુપ્ત-દબાતું રહે અને ઉપર છ ભાગ રહે. (કુલ તેર ભાગ) પાયચાથી સ્કંધ અને સ્કંધથી સ્કંધ સુધીના ભાગ સમજવા. આમલસારો તેથી બહાર જાણુવો. મૂળ શિખરનાં ઉપાંગો—મૂળ શિખરના પાયચા વિસ્તારના દશ ભાગ કરવા. તેમાં રેખા = કર્ણુ બે બે ભાગના અને દોઢ દોઢ ભાગના પ્રતિરથ અને આખું ભદ્ર ત્રણુ ભાગનું રાખવું (કુલ દશ ભાગ થાય). ઉપર સ્કંધ-બાંધણે વિસ્તારમાં નવ ભાગ કરવા. તેમાં બબ્બે ભાગની બે રેખા, દોઢ દોઢ ભાગના બે પઢરા અને બે ભાગનું આખું ભદ્ર એ રીતે નવ ભાગ બાંધણે = સ્કંધે સમજવા. ૬–૧૦

छायोर्ध्वे स्कन्धपर्यन्तमेकविंशतिभाजितम् ।
अङ्कदिग्रुद्रसूर्यांश-त्रयोदशांशमुत्सृजेत् ॥ ११ ॥
शुकनासस्य संस्थानं छायोर्ध्वे पञ्चधामतम् ।
मण्डपोर्ध्वे शुकघण्टा समा न्यूना न चाधिका ॥ १२ ॥

પ્રાસાદના છજા પરથી શિખરના સ્કંધ બાંધણા સુધીની ઊંચાઈના એકવીસ ભાગ કરવા. તેમાં નવ, દશ, અગિયાર, બાર અને તેર ભાગ સુધીમાં શુકનાસનું સ્થાન રાખવું. એ રીતે શુકનાસનું પંચવિધ પ્રમાણુ કહ્યું છે. મંડપના ઉપરની ઘંટા અમલસારો શુકનાસની બરાબર રાખવો અગર શુકનાસથી ઊંચો ન રાખવો. (શુકનાસથી થોડો નીચે હોય તો દોષ નથી). ૧૧-૧૨

**कवलिमान**

प्रासादस्य पुरो भागे कौलिपद पदार्धत्रिक् ।
तस्योर्ध्वे शुकनासं च एक-त्रि-सप्तमुद्गमम् ॥ १३ ॥
तस्योपरि सिंहः स्थाप्यो मण्डपकलशसमः ।
द्विस्तम्भः शुकनासाग्रे विज्ञेयः पादमण्डपः ॥ १४ ॥

કોલી લક્ષણુ કહે છે—પ્રાસાદના આગળ કૌલી ગર્ભગૃહના પદ જેટલી, તેથી અર્ધ કે ત્રીજા ભાગની નિર્ગમ કરવી. તે કૌલી ઉપર શિખરના શુકનાસના એકથી સાત સુધી ઉત્તરોત્તર દોઢિયા ઉદ્ગમ ચઢાવવા. તે પર સિંહ સ્થાપન કરવો. તે સિંહ અને મંડપ પરના કલશ-પ્રાયઃ સમ હોય તો સારું (કળશ નીચો હોય તો દોષ ન જાણુવો.) શુકનાસની આગળ બે સ્તંભોને પાદમંડપ કહે છે. ૧૩-૧૪




પ્રાસાદ છાદ્યોર્ધ્વ, શિખરની જંઘા, શૃંગ અને ભદ્રના ગવાક્ષ, બાજુમાં સંવરણા, ગવાક્ષ

कोकिला लक्षण

कोणविस्तारविस्तीर्णं( र्णा ) कोकिला शुभलक्षणं ( णा ) ।
उभयोः पार्श्वयोरेव एकैका च प्रशस्यते ॥ १५ ॥
कोणार्धे च यमद्रंष्ट्वा ( दंष्ट्रा ) मितिश्चैव शुभप्रदा ।
सर्वलक्षणसंयुक्ता कोकिलाः सुफलप्रदा ॥ १६ ॥

કોકિલા-પ્રાસાદપુત્રનાં લક્ષણ કહે છે—પ્રસાદની કોળી ઉપર બેઉ તરફ શુભ લક્ષણવાળી કોકિલાનાં લક્ષણ કહું છું. કોળીના બેઉ તરફ ભીંત ઉપર એકેક કોકિલા કરવી. તે પ્રશસ્ત જાણવું. ભીંતની જાડાઈ જેટલું અને કર્ણ-રેખાના વિસ્તાર જેટલું કોકિલા વિસ્તારનું પ્રમાણ રાખવું. રેખાથી નાની અર્ધ પ્રમાણની કોકિલા કરવાથી 'યમદંષ્ટ્રા' નામનો વેધ ઉત્પન્ન થાય છે. એ રીતે સર્વ લક્ષણવાળી એવી કોકિલા કોળી ઉપર બેઉ તરફ કરવાથી તે શુભ ફળ દેનાર જાણવું. (કોકિલા અર્થાત પ્રાસાદપુત્ર) ૧૫-૧૬.




आमलसाराप्रमाण—

स्कन्धः षड्भागको ज्ञेयः सप्तांशामलसारकः ।
अथवा प्रतिरथावुभौ मध्ये वृत्तामलकम् ॥ १७ ॥

सप्तभागमध्ये (च) चतुष्षष्टि विभाजिते ।
द्वात्रिंशोदयं कार्यं ग्रीवा भागं षडं भवेत् ॥ १८ ॥
अण्डकं भास्करे विद्यात् अष्टचन्द्राविलोकित् ।
षड्भागवामलसारि च निष्कान्तं च अतः श्रुणु ॥ १९ ॥
अण्डके द्वादशं भागं च सप्तमिश्चन्द्रकोधित(क)म् ।
षड्मिरामलसारि च चतुर्दशोर्ध्वकलशासनम् ॥ २० ॥
शिवे चेश्वरं रूपं (तु) ध्यानमूर्तिं विचक्षणः ।
शिखरकर्णे प्रस्थाप्यं जिने कूर्याज्जिनेश्वरम् ॥ २१ ॥

क्षीरार्णव



અમલસારો કળશસહિત

હવે આમલસારાનું પ્રમાણ અને વિભાગ કહે છે. શિખરના સ્કંધ–બાંધણે ૭ ભાગ હોય તો આમલસારો સાત ભાગ પહોળો કરવો અથવા સ્કંધ–બાંધણેના ઉપાંગોના બે પ્રતિરથ–પઢરાના તિર્યંગ્માપ બરાબર આમલસારાનો વિસ્તાર કરવો. (આ બન્ને પ્રમાણ મળી રહે છે). આમલસારા વિસ્તારના આગળ સાત ભાગમાં ચોસઠ ભાગ આમલસારાના પહોળાઈના કરવા અને બત્રીશ ભાગ ઊંચાઈના કરવા. તેમાં ગળું ૭ ભાગ, મોટો અંડક ૧૨ ભાગ, આઠ ભાગ ચંદ્રસ

અને ૭ ભાગની ઝાંઝરી-રામલસારી કરવી. એ રીતે બત્રીશ ભાગ આમલસારાના ઉદયના જાણવા. હવે નિકાળા પહોળાઈના ભાગ સાંભળો. મોટો અંડક બાર ભાગ, ચંદ્રસ્ સાત ભાગ અને ૭ ભાગ રામલસારી-ઝાંઝરીના અને તે પર કલશાસન ચૌદ ભાગ ( ગર્ભથી સાત ભાગ ) રાખવા. એ રીતે ચોસઠ ભાગ પહોળાઈના અને બત્રીશ ભાગ ઊંચાઈના આમલસારાના જાણવા. શિખરના સ્કંધ ઉપર ખૂણે શિવ ઈશ્વરની ધ્યાનમૂર્તિ કે તાપસ બેસારવા. જો જિનનો પ્રાસાદ હોય તો જિનેશ્વરની મૂર્તિ સ્કંધના ખૂણે બેસારવી. ૧૭-૨૧

ध्वजाधार–स्तंभवेध प्रमाण

प्रासादे पृष्ठदेशे तु दक्षिणे च प्रतिरथे ।
ध्वजाधारस्तु कर्तव्यं ईशाने नैऋत्येऽथवा ॥ २२ ॥

रेखोर्ध्वे षष्ठमे भागे सूत्रांशपादवर्जितम् ।
ध्वजाधारस्तु कर्तव्यो दक्षिणे च प्रतिरथे ॥ २३ ॥

[2]स्तम्भे वेधस्तु कर्तव्यो भित्ति षष्ठांशकम् ।

क्षीरार्णव

શિખરના ધ્વજાદંડનુ સ્થાન—

પ્રાસાદના પાછલા ભાગમાં જમણી તરફના પ્રતિરથે ધ્વજાધાર ( સ્તંભવેધ ) કરવો. જો પૂર્વ મુખનો પ્રાસાદ હોય તો નૈૠત્ય કોણ તરફ અને જો પશ્ચિમ મુખનો પ્રાસાદ હોય તો ઈશાન કોણ તરફ ધ્વજા દંડ માટે ધ્વજાધાર રાખવો. ૨૨

---

૨ ધ્વજાધારનો અર્થ ધ્વજાદંડને ધારણ કરનાર. કલાબો ( લાંમસા ). આ વિષયમાં શિલ્પિ-વર્ગમાં થોડો વાદવિવાદ છે. એક પક્ષ કહે છે કે ધ્વજાધાર એટલે ધ્વજાને ધારણ કરનાર ધ્વજાપુરુષ અહીં કરવો જોઈએ. અને તેવાં ધ્વજાપુરુષ કેટલાંક જૂનાં મંદિરોમાં છે પણ ખરા.

કેટલાંક જૂનાં મંદિરોમાં ધ્વજાધાર–લામસા કલાબાપર ધ્વજાદંડ ઊભો કરેલો જોવામાં આવે છે. ત્યાં ધ્વજાપુરુષની આકૃતિ નથી. વળી તે ધ્વજાધાર મૂળરેખાના ૨૪ ભાગ કરી તેના ત્રીજા ભાગે બાંધણા સ્કંધથી નીચે આ ધ્વજા ધાર રાખવાનું કહ્યું છે. શાસ્ત્રોક્ત વિધાન આ છે. છતાં કોઈ દષ્ટાંતોને પ્રાધાન્યત્વ આપી સ્કંધ બાંધણાના બરાબર ધ્વજાપુરુષ હોવો જોઈએ અને તે પણ સ્કંધમાં આમલસારામાં ધ્વજાદંડને સ્થાપન કરે છે. આ રીત અશાસ્ત્રીય છે. ક્ષીરાર્ણવમાં સ્કંધમાં-બાંધણામાં દંડસ્થાપન કરવામાં ઘણો દોષ કહ્યો છે. તો આમલસારામાં ધ્વજા દંડ સ્થાપન તો ન જ કરાય. વળી સ્કંધથી ૩/૨૪ અંશ જો ધ્વજા-ધારનું સ્થાન ખરેખર શાસ્ત્રીય રીતે હોય તો આમલસારાથી દંડ બહાર જ રહે તેમાં શંકા નથી. બેઉપક્ષ ધ્વજાધારના સ્વરૂપ અને સ્થાન માટે જુદાં છે. પરંતુ ધ્વજાધારની અગત્યતાને તો બેઉ પક્ષ સ્વીકારે છે. જૂનાં દષ્ટાંતો એ પ્રમાણ ન ગણી શકાય. શાસ્ત્રાધાર જે હોય તે સાચો અને સ્વીકારવો જ જોઈએ. જ્યાં શાસ્ત્રાધાર ન હોય ત્યાં જૂનાં પ્રાચીન દષ્ટાંતોને માનવાં રહ્યાં. તેવા સમયે વાદવિવાદ ન જોઈએ. શાસ્ત્રનાં અર્થઘટન જુદી રીતે કરી પોતાના મતનું સમર્થન કરવું એ દુરાગ્રહ ન હોવો ( રાખવો ) જોઈએ.



ધ્વજાધારનું સ્થાન માન

શિખરની મૂળ રેખાના પાયચાથી સ્કંધ બાંધણા સુધીની ઊંચાઈના છ ભાગ કરીને તેના ઉપરના છઠ્ઠા ભાગમાં ચોથો ભાગ હીન કરીને બાંધણાથી નીચે ધ્વજાધાર કરવો એટલે રેખાની ઊંચાઈના ૨૮ ભાગ કરી સ્કંધ-બાંધણાથી ત્રણ ભાગ નીચે ધ્વજાધાર શિખરના પાછળ જમણી તરફ પઢરામાં કરવો. આ ધ્વજાધારને સ્તંભવેધ પણ કહે છે. તે ભીંતના છઠ્ઠા ભાગ જેટલો કરવો. ૨૩

कलशमान—

प्रासादस्याष्टमांशेन कलशाण्डके (क) विस्तरे ।
षोडशांशाधिको ज्येष्ठो हीनमाने कनीयसः ॥ २४ ॥

ग्रीवापीठ भवेत्भाग त्रिभागेनाण्डकं तथा ।
कर्णिपत्री द्विभागं च त्रिभागं बीजपूरकम् ॥ २५ ॥

एकांशोऽग्रे मूले द्वौ वह्निवेदांशकर्णिका ।
ग्रीवा द्वौ पीठमर्द्धं द्वौ षड्भागविस्तरा ॥ २६ ॥

वास्तुमञ्जरी




શિખરનું કળશમાન–

પ્રાસાદ કર્ણ-રેખા વિસ્તાર હોય તેના આઠમા ભાગનો કળશવિસ્તાર રાખવો તે મધ્યમાન. તેનો સોળમો ભાગ વધારવાથી જ્યેષ્ઠમાન અને સોળમો ભાગ ઘટાડવાથી કનિષ્ઠમાન થાય. કળશ વિસ્તારથી દોઢો ઉંચો કરવો. તેના ઉંચાઈના માનમાં નવભાગ કરવા. તેમાં એક ભાગ પીઠ ગળાનો; તે પર એડક પડઘો ત્રણ ભાગ, કર્ણિકા ને છજી એક એક ભાગની એટલે બે ભાગ અને તે પર દોડલો-બિજોરૂ ત્રણ ભાગનો કરવો. એ પ્રકારે કુલ નવ ભાગ ઉદયના જાણવા. હવે કળશના વિસ્તાર ભાગ કહે છે. દોડલા બિજોરાનો અગ્ર ઉપરનો એક ભાગ, નીચે મૂળમાં બે ભાગ, કણી ત્રણ ભાગ, છજું ચાર ભાગ, એડક પડઘો છ ભાગ વિસ્તાર નીચે ગળું બે ભાગ અને તેની નીચેની પડઘી ચાર ભાગ એ રીતે કળશવિસ્તાર છ ભાગ જાણવો ૨૪, ૨૫, ૨૬.[3]

---

૩ કળશનાં બીજા પણ માન કહે છે–

> रेखायाः पञ्चमांशेन कलशं कारयेद् बुधः ।
> घण्टाविस्तारपादेन तत्पादेन युतं पुनः ॥
> इत्थं कलशविस्तारं उच्छ्रयस्तस्य सार्द्धतः । दीपार्णव.

શિખરમાં ઉપયોગી કળશના અન્યમાન કહ્યા છે. શિખરના કે ઉરુશૃંગ કે શૃંગના પાયચા વિસ્તારના પાંચમા અંશે કળશનો વિસ્તાર બુદ્ધિમાન પુરુષોએ કરવો.

બીજું પ્રમાણ આમલસારાના વિસ્તારના ચોથા ભાગમાં ફરી તેના ચતુર્થાંશ ભાગની વૃદ્ધિ કરતાં જે વિસ્તાર આવે તેટલો કળશનો વિસ્તાર રાખવો. અર્થાત્ આમલસારા વિસ્તારથી સવાયા કરીને તેનો ચતુર્થાંશ કળશવિસ્તાર કરવો. વિસ્તારથી દોઢો ઊંચો કરવો.



સુવર્ણનો પ્રાસાદપુરુષ

अथ प्रासादपुरुष—

अथातः सम्प्रवक्ष्यामि पुरुषस्य प्रवेशनम् ।
न्यसेद् देवालयेष्वेवं जीवस्थानफलं भवेत् ॥२७॥

स्कन्धोर्ध्वं ततः स्थाप्य ताम्रपर्यङ्कसंस्थिताम् ।
शयनं चाधि (पि) निर्दिष्टं पद्मं वै दक्षिणे करे ॥२८॥

त्रिपताका करे वामे कार्ये हृदि संस्थितम् ।
धृतपात्रस्योपरि पर्यङ्के सुवर्णपुरुषः ॥ २९ ॥

प्रमाणं तस्य वक्ष्यामि अर्द्धाङ्गुले चैकहस्तकम् ।
अर्द्धाङ्गुला भवेद्वृद्धिर्यावत्पञ्चाशहस्तकम् ॥३०॥

**क्षीरार्णव**

હવે હું સુવર્ણના પ્રાસાદપુરુષ જે દેવાલયના જીવસ્થાનરૂપ છે તેને આમલસારામાં પધરાવવાનો વિધિ જે ફળરૂપ છે તે કહું છું. બાંધણા ઉપર આમલસારામાં ત્રાંબાનો કે ચાંદીનો ઢોલિયો (રેશમની દોરી પાટી) ગાદલી, ઓશીકું, રેશમનાં કરી તે પર સુવર્ણના પ્રાસાદ-પુરુષને સુવરાવવો. તેના જમણા હાથમાં કમળ ધારણ કરાવવું ડાબા હાથમાં ત્રણ શિખાવાળી પતાકા ધારણ કરાવવી ને તે હાથ છાતીએ રાખવો. તેવી આકૃતિની સુવર્ણ પ્રતિમા સુવરાવવી.

આમલસારામાં ગાયનું ઘી ભરેલ ત્રાંબાનો કળશપાત્ર મૂકી તે પર ઢોલિયો મૂકી તેના પર સુવર્ણની પ્રાસાદપુરુષની મૂર્તિ સુવરાવી સંપુટરૂપે રાખવી ( તે પર ઢાંકવું ). પ્રાસાદપુરુષનું પ્રમાણ કહું છું. પ્રત્યેક ગજે અર્ધા અર્ધા આંગળની તેમ એકથી પચાસ હાથ સુધીના પ્રાસાદનું પ્રમાણ પ્રાસાદપુરુષનું જાણવું. ૨૭-૩૦

ध्वजदण्ड पृथुमान—

एकहस्तेषु प्रासादे दण्डपादोनमङ्गुलम् ।
अर्धाङ्गुलं भवेद्वृद्धिः पञ्चविंशतिहस्तके ॥ ३१ ॥

अतोर्ध्वपादवृद्धिः प्रयत्नेन शतार्धमानके ।
पर्वभिर्विषमे कार्याः समग्रन्थीः सुखावहाः ॥ ३२ ॥

दण्ड दीर्घमान—

प्रासादकोणमर्यादा सप्तहस्ता न मध्यतः ।
गर्भमानेन कर्तव्यं हस्तः स्यात्पञ्चविंशतिः ॥ ३३ ॥

रेखामानं च कर्तव्यं यावत्पञ्चांशहस्तकम् ।
अष्टमांश यदा हीनाधिक्यं कन्य ज्येष्टमानतः ॥ ३४ ॥

क्षीरार्णव

ધ્વજદંડની જાડાઈનું માન કહે છે. એક હાથના પ્રાસાદને પોણા આંગુલ જાડો ધ્વજદંડ રાખવો. બેથી પચીસ હાથ સુધીના પ્રાસાદોને પ્રતિહસ્તે અર્ધા અર્ધા આંગુલની વૃદ્ધિ જાડાઈમાં કરવી. છવ્વીશથી પચાસ હાથ સુધીના પ્રાસાદને પ્રત્યેક હાથે પા પા આંગુલની વૃદ્ધિ દંડની જાડાઈમાં કરતા જવી. એકી ( વિષમ ) પર્વ = ગાળા અને બેકી ( સમ ) ગ્રંથી = કાંકણીનો ધ્વજાદંડ સુખ દેનાર જાણવો. ૩૧-૩૨

હવે ધ્વજદંડની લંબાઈનું માન કહે છે. એકથી સાત હાથ સુધીના પ્રસાદને બહાર રેખા વિસ્તારે હોય તેટલો ધ્વજદંડ લાંબો રાખવો. આઠથી પચીસ હાથ સુધીના પ્રાસાદને ગર્ભગૃહના માન જેટલો ધ્વજદંડ લાંબો રાખવો. છવ્વીશથી પચાસ હાથ સુધીના પ્રાસાદને શિખરની રેખા માને-પાયચા જેટલો વિસ્તાર-ધ્વજદંડ લાંબો રાખવો. જે માન આવ્યું હોય તે મધ્યમાન જાણવું. તેનો આઠમો અંશ અધિક કરવાથી જેષ્ઠમાન અને આઠમો અંશ ઘટાડવાથી કનિષ્ટમાન ( ધ્વજદંડવું ) જાણવું. ૩૩-૩૪

दण्डकाष्ठ

शिंशपः वंशखदिरमधुकोरुणचन्दनं ।
सुवृतः सारदारुश्च ग्रन्थिकोटरवर्जितः ॥ ३५ ॥

ધ્વજદંડનું કાષ્ઠ સીસમ, વાંસ, ખેર, મહુડા કે ચંદનનું પસંદ કરવું. કાષ્ઠ ગાંઠવાળું ન હોવું જોઈએ. ૩૫

[४] घण्टोदयप्रमाणेन स्तम्भिकोदयः कारयेत् ।
ध्वजावती स्तम्भिका च चाष्टश्रवा ( व ) वृतास्तथा ॥
तदूर्ध्वे कलशं कुर्यात् वंशबन्धप्रतिहस्तके ॥ ३६ ॥

दीपार्णव

ધ્વજાદંડની સાથે ઊભી સ્તંભિકા ધ્વજાધારથી આમલસારા સુધીના પ્રમાણની અષ્ટાંશ કે ગોળ કરવી તેના પર મોગરો કરવો. ધ્વજાદંડ અને સ્તંભિકાને મજબૂત ત્રાંબાના પાટના બંધો ગજે ગજે જડવા. ૩૬

---

૪ ધ્વજદંડ સાથે સ્તંભિકા આમલસારા જેટલી ઊંચી રાખી ધ્વજાદંડની સાથે બાંધવી. આ પ્રમાણ અપરાજિત આદિ પ્રાચીન ગ્રંથોમાં સ્પષ્ટ આપેલ છે. વર્તમાનમાં સ્તંભિકાની પ્રથા નથી. તેથી કેટલાક શિલ્પીઓ સ્તંભિકાને નિરર્થક માને છે. પરંતુ શાસ્ત્રોમાં તેનો પાઠ છે. મંડનસૂત્રધારે કે નાથુએ સ્તંભિકા વિશે કહ્યું નથી. સંક્ષિપ્ત સંકલનના હેતુથી તેણે કહ્યું ન હોય.




ધ્વજાધાર, ધ્વજદંડ, સ્તંભિકા અને મર્કટી

दण्डमर्कटिमान

तदूर्ध्वे च षडंशेन मर्कटी चार्द्धविस्तरा ।
ततः त्रिभागमुत्सेधं च किङ्किणी घण्टमण्डिता ॥ ३७ ॥

अर्द्धचन्द्राकृतिश्चैव पार्श्वे कार्यो गगारका (कः) ।
तस्योर्ध्वे कलशः कार्यः पञ्चमांशेन दीर्घता ॥ ३८ ॥

पताकाप्रमाण—

ध्वजादण्डमानेन पताका चाष्टांशविस्तृता ।
त्रिभिर्वा पञ्चभिः शिखैः मणिबन्धं च शोभितम् ॥ ३९ ॥

ધ્વજાદંડની ઉપર દંડની લંબાઈના છઠ્ઠા ભાગે પાટલી લાંબી કરવી. તેનાથી અર્ધ પહોળી અને પહોળાઈના ત્રીજા ભાગે જાડી રાખવી. પાટલીને કાંકણીઓ અને ઘંટિકાઓથી શોભતી કરવી. પાટલીમાં નીચે અર્ધચંદ્રને બે બાજુ ગગારકોની આકૃતિ કરવી. પાટલી ઉપરના ભાગમાં તેની લંબાઈના પાંચમા ભાગ પ્રમાણનો કળશ ઊંચો કરવો. ૩૭-૩૯

निर्चिन्हं (ष्पन्नं) शिखरं दृष्ट्वा ध्वजाहीनं न कारयेत् ।
असुरा वासमिच्छन्ति ध्वजहीने सुरालये ॥ ४० ॥

दीपार्णव

તૈયાર થયેલું શિખર ધ્વજા વગરનું રાખવું નહિ અર્થાત્ દેવપ્રતિષ્ઠા કરી લેવી, કારણ કે ધ્વજારહિત શિખર જોઈને (છ માસ સુધી) ભૂત, રાક્ષસ ને અસુરો પ્રાસાદમાં વાસ કરવાની ઇચ્છા કરે છે તેથી ધ્વજા વગરનું શિખર ન રાખવું અર્થાત્ દેવપ્રતિષ્ઠા કરીને ધ્વજા ચડાવી દેવી. ૪૦

॥ इति शिखराधिकारः ॥

॥ ४ ॥

॥ अथ मण्डपाधिकारः ॥

अथातः सम्प्रवक्ष्यामि मण्डपानां तु लक्षणं ।
प्रासादस्य प्रमाणेन मण्डपं कारयेद् बुधः ॥ १ ॥

प्रथमं समं सपादसार्द्धं च पादोनद्वयम् (मेव च ।)
द्विगुणं चाऽपि कर्तव्यं सपादद्वयमेव च ॥ २ ॥

सार्द्ध-द्वयं तु कर्तव्यं अत ऊर्ध्वं न कारयेत् ।
इति सप्तधा प्रमाण-सूत्रं वास्तुविद्भिरुदाहृतम् ॥ ३ ॥

હવે હું પ્રાસાદના મંડપોનું લક્ષણ કહું છું. પ્રાસાદના પ્રમાણથી બુદ્ધિમાન શિલ્પીએ મંડપ કરવો. પહેલો સમ=એટલે પ્રાસાદ જેવડો, બીજો સવાયો, ત્રીજો દોઢો, ચોથો પોણા બે ગણો, પાંચમો બમણો, છઠ્ઠો સવા બે ગણો અને સાતમું પ્રમાણ પ્રાસાદથી અઢી ગણો મંડપ વિસ્તારમાં કરવો. તેથી વધુ ન કરવો. એ રીતે વાસ્તુશાસ્ત્રના જ્ઞાતાઓએ સાત પ્રમાણસૂત્રો મંડપનાં કહેલાં છે ૧-૩

समं सपादपञ्चाशत्पर्यन्तं दशहस्तकम् ।
दशपञ्चहस्ते सार्द्धं चतुर्हस्ते द्व्यपादून (दोनम्) ॥ ४ ॥
त्रिहस्ते द्विगुणं तद्विशिष्टा चतुष्किका ।
चतुष्कं चाऽपि चाष्टांशं शुकस्तम्भानुसारत् (तः) ॥ ५ ॥

—क्षीरार्णव

પચાસ હાથથી દશ હાથના પ્રાસાદને મંડપ પ્રાસાદ જેવડો કરવો અથવા સવાયો મંડપ કરવો. દશથી પાંચ હાથ સુધીના પ્રાસાદને દોઢો મંડપ કરવો. ચાર હાથનાને પોણા બે ગણો, ત્રણ હાથનાને બે ગણો અને એથી ઓછા માપના દેવાલયને વિચિત્ર એવી ચોકી કરવી. ચોકી ચોરસ કે અષ્ટાંશ શિખરના શુકસ્તમ્ભને અનુસરતી પાદમંડપ જેવી કરવી. ૪-૫

गूढत्रिक (:) तथा नृत्यक्रमेण मण्डपत्रयं ।
प्रासादे राजे प्रतोल्ये वापिद्वाराग्र एव च ॥ ६ ॥

अपराजित

મંડપોના ત્રણ સામાન્ય પ્રકાર-ગૂઢમંડપ, ત્રિકમંડપ અને નૃત્યમંડપ. એ ત્રણે પ્રકારના મંડપો દેવપ્રાસાદ આગળ કે રાજપ્રાસાદ આગળ, પ્રતોલ્યા આગળ કે જલાશયોના દ્વાર આગળ એમાંના મંડપ કરવા. ૬

त्रिकमण्डपाः

एकत्रिवेदषट्सप्तनवचतुष्किकान्वितः ।
अग्रे भद्रं द्विपार्श्वे द्वे चाग्रपार्श्वे(द्व)योस्तथा ॥ ७ ॥
अग्रतस्त्रिचतुष्किथश्च (ष्कयश्च तथा) पार्श्वद्वयोऽपि च ।
मुक्तकोणो चतुष्कयो चेदिति द्वादशमण्डपाः ॥ ८ ॥

नामाभिधान–

सुभद्रस्तु किरीटं च दुन्दुभिः प्रान्त एव च ।
मनोहरश्च शान्तश्च नन्दी(न्दा)ख्यश्च सुदर्शनः ॥ ९ ॥
रम्यकश्च सुनाभश्च सिंहसूर्यात्मकस्तथा ।
त्रि(नि)गूढाग्रे त्रिके ख्यातं द्वादशाः मुखमण्डपाः ॥ १० ॥




બાર સ્થિર મંડપના સ્વરૂપો

બાર પ્રકારના ત્રિકમંડપની રચના કહે છે. એક પદની ચોકી 'સુભદ્ર' (૨) ત્રણ પદને 'કિરીટ' (૩) ત્રણ પદ આગળ એક ચોકી 'દુન્દુભિ' (૪) છ ચોકી 'પ્રાંત' (૫) છ ચોકી પદ આગળ એક પદ વધારવાથી 'મનોહર' (૬) નવ પદની 'શાન્ત' (૭) નવ પદ આગળ એક પદની ચોકીને 'નંદ' (૮) નવ ચોકીને બાજુના બે પદ વધારવાથી 'સુદર્શન' (૯) ૧૧ પદના સુદર્શન આગળ એક પદ વધારવાથી 'રમ્યક' (૧૦) રમ્યકને આગળ ત્રણ ચોક કરવાથી 'સુનાભ' (૧૧) સુનાભને પાછલી પંક્તિમાં બે બાજુ એકેક પદ વધારવાથી 'સિંહ' (૧૨) પાંચ પદની ત્રણ પંક્તિની આગળ ત્રણ પદની ચોકીઓ કરવાથી 'સૂર્યાત્મક' નામે બારમો ત્રિક મંડપ થાય. એ રીતે ત્રિક પ્રકારના બાર મંડપોની રચના એકથી અઢાર પદની કહી. ગૂઢ મંડપો આગળ બહાર આવા ત્રિક મંડપો કરવા. ૭-૧૦

पुष्पकादि २७ मंडपाः–

पुष्पकोऽथ चतुःषष्टि आद्यो द्वादशस्तम्भकाः ।
पुष्पकाद् द्वौ द्वौ हीनाः स्युः मण्डपाः सप्तविंशतिः ॥ ११ ॥

अपराजित–

ચોસઠ સ્તંભોના પુષ્પકાદિ ૨૭ મંડપોમાં પહેલા બાર સ્તંભોના સુભદ્ર નામના મંડપથી બબ્બે સ્તંભોની વૃદ્ધિ કરવાથી ૬૪ સ્તંભોનો પુષ્પક મંડપ ૨૭મો થાય. અર્થાત્ પુષ્પક મંડપના ૬૪ સ્તંભોમાંથી બબ્બે સ્તંભો ક્રમથી ઓછા કરવાથી ૨૭ મંડપો થાય. ૧૧

(આ ૨૭ મંડપોનાં નામ સ્તંભ સંખ્યા સાથે આ સાથે આલેખમાં આપેલાં છે.)

मेर्वादिमण्डपाः–

सूर्योत्तरशतं स्तम्भा भूमिका पञ्चधोच्छ्रिताः ।
मेरुमण्डप उक्ताश्च द्विभौमोर्ध्वं च माण्डतः ॥ १२ ॥

द्वौ द्वौ स्तम्भौ ह्रस्वयोगान्मण्डपाः स्युरनुक्रमात् ।
चतुःषष्टिस्तम्भस्त्रैलोक्य मण्डपाः पञ्चविंशतिः ॥ १३ ॥

—दीपार्णव

બેથી પાંચ ભૂમિ-મજલાના એકસો બાર સ્તંભો સુધીના મેર્વાદિ પચીશ મંડપો જાણવા. એકસો બાર સ્તંભોના પાંચ ભૂમિના મેરુ મંડપથી બબ્બે સ્તંભો ક્રમે ક્રમે ઓછા કરવાથી પચીસ મંડપો અનુક્રમે ચોસઠ સ્તંભો સુધીના થાય. આ મંડપો દેવપ્રાસાદ આગળ કે બલાણકમાં થાય. ઉપર સંવરણા અને મત્તવારણયુક્ત મંડપોની રચના થાય. ૧૨-૧૩




પુષ્પકાદિ ૨૭ મંડપોમાંના ૧-૧૪ મંડપોના આલેખનો




પુષ્પકાદિ ૨૭ મંડપોમાંના ૧૫-૨૩ મંડપોના આલેખનો




પુષ્પકાદિ ૨૭ મંડપોમાંના ૨૪-૨૭ મંડપોના આલેખનો

## पञ्चभूमियुक्त मेर्वादि २५ मंडपोनो रचनाक्रम

| क. | मंडपोनां नाम | स्तंभ संख्या | भूमि | प्रथम भूमि स्तल | द्वितीय भूमि स्तल | तृतीय भूमि स्तल | चतुर्थ भूमि स्तल | पञ्चम भूमि स्तल |
|---|---|---|---|---|---|---|---|---|
| १ | त्रैलोक्यविजय | ६४ | प्रथम | ३६ | २८ | | | |
| २ | लक्ष्मीविलास | ६६ | | ३६ | ३० | | | |
| ३ | पद्मसम्भव | ६८ | द्वितीय | ३६ | ३२ | | | |
| ४ | विमान | ७० | भूमि | ३६ | ३४ | | | |
| ५ | तेजवर्धन | ७२ | | ३६ | ३६ | | | |
| ६ | प्रताप | ७४ | | ३६ | २८ | १० | | |
| ७ | सूर्याङ्क | ७६ | | ३६ | २८ | १२ | | |
| ८ | भूर्भुवा | ७८ | तृतीय | ३६ | २८ | १४ | | |
| ९ | पुण्यात्मा | ८० | भूमि | ३६ | २८ | १६ | | |
| १० | शान्तिदेह | ८२ | | ३६ | २८ | १८ | | |
| ११ | सुरवल्लभ | ८४ | | ३६ | २८ | २० | | |
| १२ | शतशृंग | ८६ | | ३६ | २८ | २२ | | |
| १३ | पूर्णाख्य | ८८ | | ३६ | २४ | १४ | ४ | |
| १४ | कीर्तिपताक | ९० | | ३६ | २४ | २० | ६ | |
| १५ | महापद्म | ९२ | चतुर्थ | ३६ | २४ | २० | ८ | |
| १६ | पद्मराग | ९४ | भूमि | ३६ | २४ | २० | १० | |
| १७ | इन्द्रनील | ९६ | | ३६ | २४ | २० | १२ | |
| १८ | शृङ्गवा | ९८ | | ३६ | २४ | २० | १४ | |
| १९ | रत्नकूट | १०० | | ३६ | २८ | २० | १२ | ४ |
| २० | हेमकूट | १०२ | | ३६ | २८ | २० | १२ | ६ |
| २१ | गन्धमादन | १०४ | | ३६ | २८ | २० | १२ | ८ |
| २२ | हिमवान् | १०६ | पञ्चम | ३६ | २८ | २० | १२ | १० |
| २३ | कैलास | १०८ | भूमि | ३६ | २८ | २० | १२ | १२ |
| २४ | मंदार | ११० | | ३६ | २८ | २० | १२ | १४ |
| २५ | मेरु | ११२ | | ३६ | २८ | २० | १२ | १६ |

अष्टगूढमण्डपाः—

चतुरस्रो वर्धमानः स्वस्तिको भद्रसंयुतः ।
गरुडः सप्रतिरथः सुरनन्दः प्रभद्रकैः ॥ १४ ॥

कर्णाढ्यैः सर्वतोभद्रः कैलासो भद्रकोदकैः ।
प्रतिरथानिन्द्रनीलः त्रिभिः स्याद्रत्नसम्भवः ॥ १५ ॥

इत्यष्टौ च समाख्याता वर्धमानादिमण्डपाः ।
सपीठमण्डोवरादिः प्रासादाकृतिमेखला ॥ १६ ॥

दीपार्णव

આઠ પ્રકારના ગૂઢમંડપનાં સ્વરૂપો કહે છે. ૧ ચોરસ વર્ધમાન, ૨ ભદ્રયુક્ત સ્વસ્તિક, ૩ પ્રતિરથયુક્ત ગરુડ, ૪ ભદ્રપ્રતિભદ્રયુક્ત સુરનન્દન, ૫ રેખાની પાસે નંદીવાળો સર્વતોભદ્ર, ૬ ભદ્રની પાસે નંદી હોય તેવો કૈલાસ, ૭ પ્રતિરથ પાસે નંદી હોય ઇન્દ્રનીલ, ૮ ત્રણ નંદીયુક્ત ને રત્નસંભવ એ રીતે વર્ધમાનાદિ આઠ ગૂઢમંડપોનાં સ્વરૂપો જાણવાં. આ ગૂઢમંડપને પ્રાસાદના જેવી પીઠ મંડોવર આદિ મેખલા કરવી. ૧૪-૧૫ (આ ગૂઢમંડપોને પ્રાસાદના જેવી દીવાલને મંડોવરના થરો થાય. તે એક અગર ત્રણ દ્વાર થાય.) ૧૪-૧૬

मेघनादादि षड् महामण्डपाः—

अतः परं प्रवक्ष्यामि मण्डपानां यथाक्रमम् ।
नामस्वरूपमानं च प्रयुक्तं वृक्षराजयोः ॥ १७ ॥

शिवनादो हरिनादो ब्रह्मनादस्तथैव च ।
रविनादः सिंहनादः षष्टमो मेघनादकः ॥ १८ ॥

शिवनादादि षड्मण्डपा द्विसार्द्धात्रयभूमिकाः ।
सर्वदेवेषु कर्तव्याः स्वनाम्ना च विशेषतः ॥ १९ ॥

मध्यस्तम्भाष्टके गडदी तोरणानि प्रदक्षिणे ।
रथयुक्ताश्च प्रासादा वेदियुक्ताश्च मण्डपाः ॥ २० ॥

वृक्षार्णव




ગૂઢમંડપો




ગૂઢ મંડપો

હવે હું ૭ મહામંડપોનાં નામો ક્રમથી કહું છું. તેનાં નામ અને સ્વરૂપ વૃક્ષાર્ણવમાં વિગતથી કહ્યાં છે. ૧ શિવનાદ, ૨ હરિનાદ, ૩ બ્રહ્મનાદ, ૪ રવિનાદ, ૫ સિંહનાદ, ૬ મેઘનાદ એમ ૭ મહામંડપોનાં નામ જાણવાં. આ મંડપો અઢી કે ત્રણ ભૂમિ ઉદયના વિશેષ કરીને કરવા. સર્વ દેવોને આ મંડપો થઇ શકે. તેમાં જે દેવના કહ્યા હોય તે વિશેષ કરીને કરવા. મંડપના મધ્યના આઠ સ્તંભોને ઠેકી (ગડદી) ચડાવીને ફરતાં તોરણો કરવાં. રથભદ્રાદિયુક્ત ખુલ્લા મંડપોને મત્તવારણ કરવા. ૧૭-૨૦



ગૂઢ મંડપો




ગૂઢ મંડપો

तलैस्तु विषमस्तुल्यैर्यैः क्षणैः स्तम्भैः समैस्तथा ।
मित्यन्तरे यदा स्तम्भः पट्टादौ नैव दूषणम् ॥ २१ ॥

क्षणमध्येषु सर्वेषु पट्टमेकं न दापयेत् ।
युग्मं च दापयेत्तत्र वेधदोषो विवर्जयेत् ॥ २२ ॥

મંડપની રચના વિષમ પદવિભાગના તળપટ અને સમ સ્તંભોથી કરવી. એકથી બીજા મંડપને જોડતાં જો તે વચ્ચે ભીંતનું અંતર હોય તો, ભૂમિ ઊંચીનીચી હોય અગર સ્તંભ કે પાટ આઘાપાછા

કે ઊંચાનીચા હોય તો અર્થાત્ સમસૂત્રમાં ન હોય તો વચ્ચે ભીંતનું અંતર હોય તો દોષ લાગતો નથી. ક્ષણુ અર્થાત્ ખંડ = પદના વચ્ચે એક પાટ આવવો જોઈએ નહીં પરંતુ સમ = બેકી સ્તંભો સમ = બેકી પાટ રાખીને દોષનો ત્યાગ કરવો. ૨૧-૨૨




સાંધાર-નિરંધાર પ્રાસાદના મંડોવર સાથેના
સ્તંભાદિનો સમન્વય

स्तम्भपृथुमानम्—

प्रासादस्य दशांशस्तम्भः शस्यतेशुभकर्मसु ।
एकादशै तु ( स्तु ) कर्तव्यो द्वादशै च ( श्च ) विशेषतः ॥ २३ ॥
त्रयोदशांशैः प्रकर्तव्यं शकांशे तथोच्यते ।
एतन्मानं पञ्चधा च स्तम्भान्तं विस्तरे पृथु ( पृथक् ) ॥ २४ ॥

क्षीरार्णव

પ્રાસાદ રેખાયે હોય તેના ૧ દશમા, ૨ અગિયારમા, ૩ બારમા, ૪ તેરમા, કે ૫ ચૌદમા, ભાગે એમ પાંચ પ્રકારે સ્તંભની જાડાઈનું માન જાણવું. ૨૩-૨૪

मत्तवारणम्—

नरपीठस्य चोर्ध्वं तु कूटछाद्यस्य मस्तके ।
कृत्वा दशसार्द्धांशान् भागैकं राजसेनकम् ॥ २५ ॥
वेदिका च द्विभागा तु भागार्धासनपट्टकम् ।
स्तम्भश्चैव चतुर्थांशं भागार्धं भरणं भवेत् ॥
शरं च भागमेकेन पट्टश्च सार्द्धभागकः ॥ २६ ॥

क्षीरार्णव

નરપીઠના મથાળેથી છજાના મથાળા સુધીના મંડપની ઊંચાઈના સાડાદશ ભાગ કરવા. તેમાં એક ભાગનું રાજસેનક, બે ભાગની વેદિકા, અરધા ભાગનો આસનપટ્ટ, તે ઉપર ચાર ભાગનો સ્તંભ, અરધા ભાગનું ભરણું. એક ભાગનું શરૂ અને દોઢ ભાગની પાટની જાડાઈ મળીને કુલ સાડા દશ ભાગ કક્ષાસનયુક્ત મત્તવારણવાળા મંડપના ઉદયના જાણવા. ૨૫-૨૬

वितान=करोटकः—

मण्डपानां समस्तानां मध्ये कुर्याद्वितानकम् ।
आद्योत्पत्तिः समं सर्वं विता[ ना ]नां तु लक्षणम् ॥ २७ ॥
वितानानि विचित्राणि क्षिप्तान्युत्क्षिप्तकानि च ।
समतलानि ज्ञेयानि उदितानि त्रिधा क्रमात् ॥ २८ ॥

સર્વ પ્રકારના મંડપોના ઉપર મધ્યમાં ( તેના આચ્છાદન ઢાંકણરૂપ ) વિતાન = ઘુમ્મટ કરવા. તેની પ્રથમ ઉત્પત્તિ સપાટ ઢાંકણથી ( સરખા છાતિયા ઢાંકવાની પ્રથાથી શરૂ થઈ ) થઈ તે સર્વ વિતાનનાં લક્ષણ છે. વિતાન ચિત્રવિચિત્ર પ્રકારના થાય તેમાં મુખ્ય ત્રણ ભેદ ૧ ક્ષિપ્ત-ઉત્ક્ષિપ્ત, ૨ સમતલ ( છાતિયાનું ઢાંકણ ), ૩ ઉદિત. તે કોલકાચલાથી ઊંચેઊંચે ચડતા થરોથી ઢંકાતે ઘુમ્મટ = વિતાન એ રીતે વિતાન = કરોટક = ઘુમ્મટના મુખ્ય ત્રણ પ્રકાર જાણવા. ૨૭-૨૮



વિતાનના થરો, કર્ણ, દર્દરિકા, રૂપકંઠા, ગવાલુ અને
કોલના થરથી આચ્છાદિત વિતાનમધ્યમાં લટકતી પદ્મશિલા



વિતાનના થરોનું તલદર્શન



સમતલ વિતાન ( છીતીયાથી ઢાંકણુ )

बलाणकम्--

ब्रह्मेश-विष्णु-चन्द्रार्क-जिनाग्रे स्याद् बलाणकः ।
प्रासादाग्रे गृहे दुर्गे राजद्वारे जलाश्रये ॥ २९ ॥

वामनश्च विमानश्च हर्म्यशाल( श्च ) पुष्करः ।
तथा चोत्तुङ्गनामा च पञ्चैते च बलाणकाः ॥ ३० ॥

वामनो देवताग्रे च विमानोत्तुङ्ग ( ङ्गो ) राजवेश्मनि ।
हर्म्यशालं गृहे वाऽपि प्रासादे नगरानने ॥ ३१ ॥

पुष्करं वारिमध्यस्थमग्रतश्चैव भूषितम् ।
सप्तनवभूम्युत्तुङ्गमत ऊर्ध्वं न कारयेत् ॥ ३२ ॥ इति पंचविधबलाणकम्



ક્ષિપ્તાનુક્ષિપ્ત વિતાન

બ્રહ્મા, મહેશ, વિષ્ણુ, ચંદ્ર, સૂર્ય અને જીનના પ્રાસાદો આગળ બલાણુક કરવા. ભવન આગળ ડેલી તે બલાણુક; દુર્ગના દરવાજા પર, રાજપ્રાસાદ આગળ અને જલાશ્રયમાં કે આગળ એમ બલાણુકો કરવા. ૧ વામન, ૨ વિમાન, ૩ હર્મ્યશાલ, ૪ પુષ્કર, ૫ ઉત્તુઙ્ગ એમ પાંચ પ્રકારનાં નામો જાણવાં. દેવપ્રાસાદના આગળનો કે જગતી બરાબર કે ઉપર ૧ વામન નામે બલાણુક જાણવો, રાજપ્રાસાદ આગળ ૨ વિમાન કે ૫ ઉત્તુંગ નામનો બલાણુક, ઘર આગળ કે નગરના મુખ આગળ દરવાજા પર ૩ હર્મ્યશાલ નામે બલાણુક અને જલાશ્રયની મધ્યમાં કે તેના મુખ આગળ શોભતો એવો ૪ પુષ્કર નામનો બલાણુક જાણવો. ઉત્તુંગ બલાણુક સાત કે નવ માળ ભૂમિ સુધી ઊંચાઈના કીર્તિસ્તંભ જેવો કરવો, તેનાથી વધુ ઊંચો ન કરવો. ઘર કરતાં ડેલી ઊંચી ન કરવી. ૨૯-૩૨




વિતાન વિસ્તાર ૬૬ ભાગ, ઉદય ૩૩ ભાગ



સંવરણા તળ અને દર્શન

१८ वीं शताब्दी से वर्तमान काल की संवर्णा शैली. ९ प्रभाशंकर ओ. स्थपति.

अथ संवरणा—

संवरणाश्च प्रवक्ष्यामि प्रथमं पञ्चघण्टन् ( घण्टकान् ) ।
चतुर्घण्टाभिर्वृद्धया च यावद्दे( दे )कोत्तरं शतम् ॥ ३३ ॥

पञ्चविंशतिरित्युक्ता विभक्तिर्भागसङ्ख्यया ।
विभक्तिरष्टभागाद्या यावद् वेदोत्तरं शतम् ॥
छाद्योद्गमास्तरकूटस्तदूर्ध्वे घण्टिका भवेत् ॥ ३४ ॥

दीपार्णव

હવે હું સંવરણા વિશે કહું છું. શરૂમાં પાંચ ઘંટાથી ચાર-ચાર ઘંટાની વૃદ્ધિ કરતાં એકસો એક ઘંટા સુધીની; તેના ભાગ સંખ્યાથી પચીસ સંવરણા કહી છે. વિભક્તિ ભાગ સંખ્યાએ પહેલી આઠ ભાગની સંવરણાથી એકસો ચાર ભાગ સુધીની એમ પચીસ સંવરણા ચાર-ચાર ભાગની વૃદ્ધિથી કરતા જવું. પ્રત્યેક થર નીચે છાજલી, તે પર મધ્યે દોઢિયા અને ખૂણે કૂટ, તેના પર ઘંટા એ વિધિથી સંવરણાના થરો સમજવા. ઉપર ભદ્રના ઉરુશ્રૃંગની જેમ ઉરુઘંટા અને સર્વોપરિ મધ્યે મૂલ ઘંટા પર કળશ સ્થાપન કરવો. ૩૩-૩૪

कीर्तिस्तम्भ-प्रतोल्या—

स्तम्भगर्भे भित्तिगर्भे तन्मध्ये च विचक्षण ।
तोरणस्योभयस्तम्भौ ब्रह्मगर्भे तु संस्थितौ ॥ ३५ ॥

पीठकुम्भीस्तम्भभरणशिरगडदीपुनः शर् ।
पट्ट उर्ध्वे पट्टोपरि खुट ( कूट ) छाद्योर्ध्वतिलकः ॥ ३६ ॥

स्तम्भद्वयेन चोत्तुङ्गं युग्मस्तम्भैर्मालाधरः ।
चतुरस्र-चतुःस्तम्भैर्विचित्रः परिकीर्त्तितः ॥ ३७ ॥

स्तम्भस्योभये पक्षे वेदिका चित्ररूपकम् ।
षड्भिः स्तम्भैस्तु रूपाढयमकरैर्ध्व( रध्व )जमुच्यते ॥ ३८ ॥

दीपार्णव

હે બુદ્ધિમાન શિલ્પી, તોરણના બે સ્તમ્ભો પ્રાસાદના પદના ગર્ભે કે ભીંતના ગર્ભે કે તે બે વચ્ચે સ્થાપન કરવા, પરંતુ સન્મુખની ઊભા બ્રહ્મગર્ભની બેઉ બાજુ તોરણના બેઉ સ્તંભો ઊભા કરવા. કામદ પીઠ પર કુંભી, સ્તમ્ભ, ભરણું, સરૂ, તેપર ગડદી = ઠેકી પર ફરી ભરણું સરૂ ચડાવી તે પર પાટ આડો મૂકવો. તેના પર કૂટછાદ્ય, તે પર સ્તંભગર્ભ તિલક કરવું અને મધ્યમાં ઈલિકા તોરણ અને દેવસ્વરૂપો કરવાં.

( ૧ ) બે સ્તંભોના પ્રતોલ્યાને ૧ ઉત્તુંઙ્ગ, ( ૨ ) જોડકા સ્તંભોવાળા પ્રતોલ્યાને ૨ માલાધાર, ( ૩ ) ચાર સ્તંભોની ચોકીના પ્રતોલ્યાને ૩ વિચિત્ર, ( ૪ ) ચાર સ્તંભોની ચોકીને બે બાજુ કક્ષાસન કરવાથી ૪ ચિત્રરૂપ અને ( ૫ ) ૭ સ્તંભોયુક્ત પ્રતોલ્યાને ૫ મકરધ્વજ કહે છે. આમ પાંચ પ્રતોલ્યાનાં સ્વરૂપો જાણવાં. ૩૫-૩૮

॥ इति मण्डपाधिकारः ॥



પ્રતોલ્યા

## प्रतोल्या स्वरूप



चित्ररूप [illegible]







P.O.S.



कूर्मशिला जगती भिट्ट पीठ प्रासादोदयद्वार भित्ति स्तंभ आसनस्थ ऊर्ध्वस्थ प्रतिमानुं १ गजथी १०० गज सुधीनुं मानप्रमाण

| प्रासाद गज | कूर्मशिला प्रा. ति. | कूर्मशिला क्षीरा. दीपा | जगती मान दीपा | भिट्ट मान | पीठ मान प्रा. ति. | प्रासादोदय | भित्त पृथु मान | द्वारोदय मान | स्तम्भ पृथुमान | प्रतिमामान आसनस्थ | प्रतिमामान ऊर्ध्वस्थ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| १ | ४ आं. | ०.४ | ०.१२ | ०.४ | ०.१२ | १.८ | ०.५ | ०.१६ | ०.४ | ०.६ | ०.११ |
| २ | ६ आं. | ०.६ | १ गज | ०.५ | ०.१६ | २.८ | ०.१० | १.८ | ०.७ | ०.१२ | ०.२१ |
| ३ | ८ आं. | ०.९ | १.१२ | ०.६ | ०.१८ | ३.५ | ०.१४॥ | २.० | ०.९ | ०.१८ | १.७ |
| ४ | १० आं. | ०.१२ | २ गज | ०.७ | १.४ | ४.३ | ०.१९ | २.१६ | ०.१२ | १.० | १.१७ |
| ५ | १२ आं. | ०.१२॥। | २.१२ | ०.८ | १.८ | ५ गज | २.१ | २.१९ | ०.१३॥ | १.३ | १.१९ |
| ६ | १४ आं. | ०.१३॥ | ३ गज | ०.८॥। | १.१२ | ५.१६ | २.५ | २.२२ | ०.१५ | १.६ | १.२१ |
| ७ | १६ आं. | ०.१४॥ | ३.१२ | ०.९॥ | १.१६ | ६.८ | ३.९॥ | ३.१ | ०.१६॥ | १.९ | १.२३ |
| ८ | १८ आं. | ०.१५ | ४ गज | ०.१०। | १.२० | ७ गज | ३.१४॥ | ३.४ | ०.१८ | १.१२ | २.१ |
| ९ | १९ आं. | ०.१५॥। | ४.१२ | ०.११ | २.० | ७.१६ | ३.१९ | ३ ६ | ०.१९॥ | १.१५ | २.३ |
| १० | २० आं. | ०.१६॥ | ५ गज | ०.११॥। | २.४ | ८.८ | २.२४ भ्रम | ३.८ | ०.२१ | १.१८ | २.५ |
| २० | १.१६ | ०.२२ | ८.१६ | ०.१६॥। | ३.१० | १२.८ | ३.१६ भ्रम | ४.४ | १.८॥ | २.४ | २.१५ |
| ३० | २.१२ | १.१॥ | ११.४० | ०.१९। | ४.६ | १८.५ | २.१२ भ्रम | ५.० | १.१८ | २.१४ | ३.१ |
| ४० | ३.८ | १.३॥ | १३.१४ | ०.२१॥। | ४.२२ | २१.१३ | ३.८ भ्रम | ५.२० | १.२३ | ३ गज | ३.११ |
| ५० | ४.४ | १.४॥। | १५ गज | १.०१ | ५.८ | २४.२१ | ४.४ भ्रम | ६.१६ | २.४ | ३.१० | ३.२१ |

॥ ५ ॥

॥ वेधदोषादि ॥

दिक्शुद्धिकृते वास्तौ दिग्मूढ वास्तुवेधकृत् ।
जीर्णे तु स्थापिते वास्तु वेधदोषो न विद्यते ॥ १ ॥
पूर्वोत्तरे च दिग्मूढं मूढं पश्चिमदक्षिणे ।
तत्र मूढममूढं वा तत्तु तीर्थं समं हि तम् ॥ २ ॥
सिद्धायतने तीर्थेषु नदीनां सङ्गमेषु च ।
स्वयम्भूबाणलिङ्गेषु तत्र दोषो न विद्यते ॥ ३ ॥
जिनेन्द्राणां समवरणे दिग्दोषो न विद्यते ॥

सूत्रसंतान

પ્રત્યેક વાસ્તુની દિક્શુદ્ધિ કરવી. દિગ્મૂઢ વાસ્તુ દોષિત જાણવો, પરંતુ જીર્ણવાસ્તુના જીર્ણોદ્ધારમાં દિગ્મૂઢને ગણિત આદિ કે કોઈ દોષ લાગતો નથી. પૂર્વ અને ઉત્તર વચ્ચે અગર તો પશ્ચિમ અને દક્ષિણ વચ્ચે (એટલે ઈશાનથી નૈઋર્ત્યના સૂત્રે) જો દિગ્મૂઢ હોય તો તે મૂઢને અમૂઢ જાણવો. તે તીર્થસમાન દોષરહિત જાણવું. સિદ્ધ મુનિઓના આશ્રમમાં તીર્થસ્થાનમાં કે નદીના સંગમસ્થાન પર, સ્વયંભૂ કે બાણલિંગના સ્થાન પર અને જૈન સમોરણમાં દિગ્મૂઢનો દોષ લાગતો નથી. ૧-૩

पाषाणान्तं जलान्तं वा वालुकान्तं खनेद् भूमि(म्) ।
केशाङ्गाराःकाष्टलोहाः शल्यभ(स्मानि) शोधयेत् ॥ ४ ॥
आय-ऋक्ष-गण-श्चन्द्र-चतुरङ्गं प्रयोजयेत् ।
आयादि अङ्गशुद्धिं[तु] न जीर्णे चिन्तयेद् गृहे ॥ ५ ॥

अपराजित

પાયો પાષણ સુધી, જલ સુધી કે વાલુરેતીના અંત સુધી, પાકી ભૂમિ આવે ત્યાં સુધી ખોદી શિલારોપણ વિધિ કરવી. જમીનમાં વાળ, કોલસા, લાકડું, લોઢું, હાડકાં કે રાખ આદિ શલ્ય કાઢી ભૂમિ-શુદ્ધિ કરવી. આ શલ્યો કાઢી નાખવાં. આય, નક્ષત્ર, ગણ અને ચંદ્ર એ ચાર ગણિતનાં અંગો મેળવવાં. જીર્ણમંદિર કે ઘરમાં આયાદિ અંગ મેળવવાની જરૂર નથી. ત્યાં દોષ લાગતો નથી. ૪-૫

वर्जयेदर्हतः पृष्ठमग्रं तु शिवसूर्ययोः ।
ब्रह्म-विष्णु(ष्वो)श्च पार्श्वं तु चण्डी सर्वत्र वर्जयेद् ॥ ६ ॥

अपराजित

જિન તીર્થંકરના મંદિરની પૂંઠે, સૂર્ય અને શિવના સમ્મુખ, બ્રહ્મા અને વિષ્ણુની બાજુમાં ઘર ન કરવું, પરંતુ ચંડીના મંદિરની ચારે તરફ ચારે બાજુ કયાંય ઘર ન કરવું. ६

प्रसिद्धराजमार्गस्य(र्गाच्च) प्राकारान्तरे(रतो)ऽपि वा ।
त्यक्त्वा द्विगुणां भूमि वेधदोषो न जायते ॥ ७ ॥

सूत्रसन्तान




મહેશ, વિષ્ણુ અને બ્રહ્માની મૂર્તિઓનું ઉદ્દગમ

વેધદોષ આવે ત્યાં જો પ્રસિદ્ધ રાજમાર્ગ હોય, કોટ કિલ્લો કે કમ્પાઉન્ડ જેવું અંતર હોય, અગર તે બે વચ્ચે બમણી ભૂમિનું અંતર હોય તો વેધદોષ લાગતો નથી: ૭

नाभिवेधः—

अग्रतः पृष्ठतश्चैव वामदक्षिणतोऽपि वा ।
प्रासादं कारयेदन्यं नाभिवेधं विवर्जयेद् ॥ ८ ॥

ब्रह्माविष्णुरेकनाभौर्द्वयो दोषो न विद्यते ।
शिवसूर्याग्रे न देवस्य दृष्टिवेधमहद्भयम् ॥ ९ ॥

એક દેવના પ્રાસાદ આગળ, પાછળ કે બાજુમાં જો અન્ય દેવના પ્રાસાદનું નિર્માણ કરવાનું હોય ત્યારે આગળ, પાછળ કે બાજુમાં ગર્ભવેધ થવા ન દેવો. જો ગર્ભવેધ થાય તો નાભિવેધ જાણવો. તે અવશ્ય ત્યાગવો. બ્રહ્મા અને વિષ્ણુનાં મંદિરો એક નાભિ પર કરવાં તેમાં દોષ નથી, પરંતુ શિવ અને સૂર્યના સામે કોઈ પણ મંદિરની સ્થાપના કરવી નહિં, કારણ કે એથી દૃષ્ટિવેધનો મહાભય ઊપજે છે ૮–૯

विभक्ति तलच्छन्दाय (न्वे तु) शिखरोर्ध्वे हि कारयेत् ।
ऊर्ध्वाभिधानकं ख्यातं तलच्छन्दं तथाभिधम् ॥ १० ॥

हीनमाने कृते दोषाः कथ्यते (कथयते) तान् समासतः ।
आयुर्हानिं द्वारहीने कौलिहीने धनक्षयः ॥ ११ ॥

अपदस्थापितैः स्तम्भैर्महारोगं विनिर्दिशेत् ।
स्तम्भव्यासोदये हीने कान्ता तत्र विनश्यति ॥ १२ ॥

अपराजित

પ્રાસાદના તલચ્છંદની વિભક્તિ અનુસાર છજા પર શિખર કરવું. ઉપરનું શિખર જે નામથી ઓળખાતું હોય તે જ તળચ્છંદ રાખવું. તેમાં ફેરફાર કદી ન કરવો. શાસ્ત્રમાં કહેલા માનથી ઓછું કરવાથી જે દોષો કહેલા છે તે હું કહું છું દ્વારહિનતાથી આયુષ્ય ઘટે. કોળી હીનથી કે પ્રનાળહીનથી ધનનો નાશ થાય. સ્તંભના પદથી વિમુખ જો સ્તંભ સ્થાપન કરે તો મહારોગ ઉત્પન્ન થાય. જાડાઈ કે ઊંચાઈથી ઓછું કરવાથી સ્ત્રીનો નાશ થાય. ૧૦–૧૨

प्रसादपीठहीने तु नश्यन्ति गजवाजिनः ।
रथोपरथहीने तु प्रजापीडां विनिर्दिशेत् ॥ १३ ॥

जङ्घाहीने भवेद् बन्धोर्नाशः कर्तुकारादिकः ।
शिखरहीनमाने तु नश्यन्ति पुत्रपौत्रकाः ॥ १४ ॥

अपराजित

પ્રાસાદ પીઠ વગરનો કરવાથી હાથી, ઘોડા વ. વાહનોની સમૃદ્ધિનો (વાહનાદિનો) નાશ થાય. પ્રાસાદના રથ ઉપરથનાં ઉપાંગો માનથી ઓછા કરવાથી પ્રજાને પીડા કરાવે. મંડોવરની જંઘા ઓછી કરવાથી ભાઈઓ, કર્તા અને કરાવનારનો નાશ થાય. શિખર પ્રમાણથી નાનું કરવાથી પુત્રપૌત્રાદિનો નાશ થાય. ૧૩-૧૪

अतिदीर्घे कुलच्छेदो ह्रस्वे व्याधिसमुद्भवः ।
स्थूले स्थापने पीडा कर्ता तत्र विनश्यति ॥ १५ ॥

स्कन्धहीनो(नः) कबन्धश्च समसन्धिः शिरोगुरुः ।
अप्रसारिते पादे पश्चैते धननाशकाः ॥ १६ ॥

दिग्मूढो नष्टच्छन्दश्च ह्यायते हीने शिरोगुरुः ।
ज्ञेया दोषास्तु चत्वारः प्रासादाः कर्मदारुणाः ॥ १७ ॥

अपराजित




યોગેશ્વરવિષ્ણુ લક્ષ્મીનારાયણ યોગેશ્વરશિવ

શિખર પ્રમાણથી લાંબુ થાય તો કુળનો નાશ થાય. ટૂંકું થાય તો વ્યાધિ રોગ થાય. નીચેથી જાડું પ્રમાણથી ભારે થાય તો કરાવનારને પીડા ને નાશ થાય ૧ શિખરના બાંધણે સાંકડું કે ૨ ચપટ બંધ વગરનું કે ૩ સાંધ પર સાંધ હોય કે ૪ માથાભારે નીચે સાંકડું ને ઉપર પહોળું હોય કે ૫ પાયા વગરનું કે પાતળા પાયા વાળું બાંધકામ એ પાંચે દોષો લક્ષ્મીનો નાશ કરે છે. બીજા ચારમહાદોષો ૧ દિગ્મૂઢ હોય, ૨ નષ્ટ છંદ હોય, ૩ વ્યયથી આય ઓછો હોય, ૪ માથા ભારે ઉપર પહોળુંને નીચે સાંકડું હોય તે ચાર મહા દોષ પ્રાસાદકર્મમાં મહાભયંકર જાણવા. ૧૫-૧૭

एकद्वित्रिकमात्राभिर्गर्भगेहं यमा( दा )यतम् ।
यमचुल्ली तदा नाम कर्तृभर्तृविनश्यकम् ॥ १८ ॥

जगत्यां लोपयेच्छालां शालायां मण्डपं तथा ।
मण्डपे नैव प्रासादो ग्रस्तश्चेद् दोषकारकम् ॥ १९ ॥

**सूत्रसन्तान**

જગતીથી શાળા, ચોકી, ચોકીથી મંડપ અને મંડપથી ગર્ભગૃહ એમ ઉત્તરોત્તર ઊંચાં ઊંચાં ભૂમિતળ રાખવાં. નીચે રાખવાથી દોષ લાગે છે. ૧૮-૧૯

दीर्घमानाधिकं ह्रस्वं वक्रे चापि सुरालये ।
छन्दभेदे जातिभेदे हीनमाने महद्भयम् ॥ २० ॥

मण्डलं जालकं चैव कीलकं सुखिरं तथा ।
छिद्रं सन्धिश्च काराश्च महादोषा इति स्मृताः ॥ २१ ॥

**अपराजित**

પ્રાસાદમાનથી લાંબુ કે ટૂંકું કરવાથી વક્ર કે છંદભેદ. જાતિભેદ કે હીનમાન કરવાથી મહાદોષકારક ભય ઊપજે. મંદિરમાં ભમરા મંડળ કરે, કરોળિયા જાળ કરે કે બાંધે, જીવડા ખોતરી ખાય, બાકાં પાડે, ભમરા દરછિદ્ર પાડે, ચૂનામાં તડો પાડે, પોપડા પડે, ભીંતોમાં ચીરાડા પડે, તો આ બધા ભિન્ન દોષ કહેવાય તે મહાદોષકારક જાણવા. અર્થાત્ કર્તાએ જીર્ણોદ્ધાર કરાવવો. ૨૦-૨૧

**जिर्णोद्धारवास्तु—**

अन्यायद्रव्यनिष्पन्ना परवास्तुदलोद्भवा ।
हीनाधिकाङ्गी प्रतिमा स्वपरोन्नतिनाशिनी ॥ २२ ॥

**विवेकविलास**

અન્યાયથી પેદા કરેલા દ્રવ્યથી મંદિર કે પ્રતિમા કરાવે કે કોઈ કામ સારુ લાવેલ વાસ્તુદ્રવ્ય પાષાણ કે કાષ્ઠ બીજા મંદિરમાં વાપરે કે પ્રતિમા હીન કે અધિક અંગવાળી થાય તો પોતાના અને પારકાના હિતનો નાશ થાય. ૨૨

आचाल्यं चालयेद्वास्तु विप्रवास्तुशिवालयम् ।
न चालयेद् सर्वदा तं हि चालिते राष्ट्रविभ्र [ म ]म् ॥ २३ ॥

यद्यथा स्थापितं वास्तु तत्तथैव हि कारयेत् ।
अव्यङ्गं चालितं वास्तु दारुणं कुरुते भयम् ॥ २४ ॥
खण्डितं स्फुटितं भग्नं चलितं चालितं तथा ।
पतितं पातितं जीर्णमाग्निलीढं समुद्धरेत् ॥ २५ ॥

अपराजित

જે મંદિર ચલિત ન થઈ શકે તેવું, ન પડે તેવું હોય તો, વિદ્વાન બ્રાહ્મણનું ઘર કે શિવાલય એ સર્વ પડે તેવું ન હોય છતાં પાડે તો દેશ અને રાષ્ટ્રનો નાશ થાય છે.

જે વાસ્તુ સ્થાપિત–સ્થિર હોય તેને નિષ્કારણ પાડે કે તે વાસ્તુ વાંકું, ચાળેલું, પાડવા જેવું ન હોય છતાં જો પાડે તો મહાભયંકર ભય ઉપજાવે. ખંડિત થયેલું, ફાટેલું, ભાંગેલું, ચલિત થયેલું કે ચાળેલું પડેલું કે અપવિત્ર થયેલું, જીર્ણ અને અગ્નિથી બળેલું હોય તેવા વાસ્તુનો જ જીર્ણોદ્ધાર કરી શકાય. ૨૩-૨૫

अथ चेत् चालयेत्तु जीर्णं व्यङ्गं च दूषितम् ।
आचार्यं शिल्पिभिः प्राज्ञः शास्त्रदृष्ट्या समुद्धरेत् ॥ २६ ॥
स्वर्णजं रूप्यजं वापि कुर्यान्नागवृषादिकम् ।
तस्य शृङ्गेन दन्तेन पतितं पातयेत्सुधीः ॥ २७ ॥

अपराजित

જો જીર્ણ પ્રાસાદ વાસ્તુ પડી જાય તેવું વાંકું ને ચલિત કરવા જેવું દૂષિત હોય તો બુદ્ધિમાન પુરુષોએ આચાર્ય અને કુશળ શિલ્પીને બોલાવી તેનો શાસ્ત્ર દષ્ટિથી જીર્ણોદ્ધાર કરાવવો. સુવર્ણ કે ચાંદીના હાથીના દંતૂશળે કે નંદીના શિંગડેથી પહેલાં પડે તેવું હોય તેને પાડવાનો પ્રારંભ કરવો. ૨૬-૨૭ (શુભ મુહૂર્તમાં વાસ્તુદેવનું પૂજન અને શિલ્પીને સંતુષ્ટ કરવા.)

तद्रूपे( पं ) तत्प्रमाणं च पूर्वसूत्रं न चालयेत् ।
हीने तु जायते हानिरधिके स्वजनक्षयः ॥ २८ ॥
वास्तुद्रव्याधिकं कुर्यात् मृत्काष्ठे शैलजं हि वा ।
शैलजे धातुजं चैव धातुजे रत्नजं तथा ॥ २९ ॥

જીર્ણોદ્ધાર કરતાં જૂનું જે માપનું લાંબું પહોળું કે ઊંચું હોય તે જ માપનું કરવું. તેનું પૂર્વસૂત્ર ચાળવવું નહીં. જો પહેલાના જૂનાથી ઓછું કરે તો હાનિ–નુકસાન થાય અને મોટું કરે તો પોતાના કુટુંબપરિવારનો નાશ થાય. પ્રાસાદાદિ વાસ્તુકાર્યનો જીર્ણોદ્ધાર કરતાં જે દ્રવ્યનું હોય તેનાથી અધિક દ્રવ્યનું કરવું અર્થાત્ માટીનું હોય તો ઈંટ કાષ્ઠનું કરવું. ઈંટનું હોય તો પાષાણનું કરવું અને પાષાણનું હોય તો ધાતુરત્નનું કરવું. ૨૮-૨૯

दिशिलो [पं] पदलोपं च गर्भलोपं तथैव च ।
उभयौ नरके यान्ति (तः) स्वामिसर्वधनक्षयः ॥ ३० ॥



અલંકૃત પ્રતોલ્યા—કલ્યાણ-૧

थरभङ्गो यदा यस्य कोपितास्तत्र देवताः ।
शिल्पिनो च ( नश्च ) क्षयं यान्ति तद् भवेद् स्वामिमृत्युदम् ॥ ३१ ॥
विषमपदस्तुलास्तम्भं पादभित्तिनष्टकम् ॥
क्रमपदचलिते यच्च न शुभं कर्त्तुकारकम् ॥ ३२ ॥

દિગ્મૂઢ, પદલોપ, ગર્ભલોપથી સ્વામી અને શિલ્પી બેઉનો નરકવાસ થાય છે અને સ્વામીની લક્ષ્મીનો નાશ થાય છે. પાષાણ કે ઈંટોના થરમાં ભંગ થાય તો પ્રાસાદના દેવતા કોપિત થાય છે, સ્વામી અને શિલ્પીનો નાશ થાય છે. ચોરસાઈમાં વિષમ પદ કાટખૂણે ન હોય તેના પદ કે પાટડા કે એકીસ્તંભ હોય કે નીચે ભીંતો પાયા વગરની હોય તો તેથી કર્તા કરાવનારનું અશુભ થાય છે. ૩૦-૩૨

**संवर्द्धन—**

एक-द्वि-त्रि योगेन वृद्धीति वास्तुशोभनम् ।
पुरां तु पूर्वतो वृद्धि अपरा नैव वर्धयेत् ॥ ३३ ॥

**जयपृच्छा**

જો ભવનપતિ સમૃદ્ધ થાય તો ભવનવાસ્તુની એક, બે, ત્રણ તરફ વૃદ્ધિ કરવી. સંમુખ પૂર્વમાં વધારવું કે ડાબી જમણી તરફ વધારવું તે સર્વકામનાને આપનાર જાણવું. પરંતુ એકલો પાછલો ભાગ વધારવો નહીં. ૩૩.

न्यूनाधिक्येन पट्टान्नां तुलावेध: उपर्यधः ।
एकखण्डो नीचोच्यत्थे पट्टानां तालुवेधता ॥ ३४ ॥

**विवेकविलास**

પાટ ઉપર પીઢિયા નાનામોટા હોય તો તે 'તુલાવેધ' જાણવો. તેમ જ એક ખંડ (૩૫)માં પાટડા ઊંચાનીચા હોય તો તે 'તાલુવેધ' જાણવો. ૩૪

**छायादोष—**

देवध्वजकूपवृक्ष न दोषं उत्तरायतम् ।
पूर्वापरं च दोषाणां छाया तुष्टि दोषयेत ॥ ३५ ॥

**गृहप्रकरण**

प्रथमान्त्यं यामवर्ज्यं द्विंत्रिप्रहरसम्भवा ।
छायावृक्षध्वजाकूप सदादुःखप्रदायिनी ॥ ३६ ॥

**सूत्रसन्तान**

ઘર પર દેવના શિખરની, ધ્વજાની કે વૃક્ષની છાયા કે ઘરની છાયા કૂવામાં પડે તો તે દોષકારક છે, પરંતુ તે ઉત્તરદક્ષિણમાં પડે તો દોષકર્તા નથી. પૂર્વપશ્ચિમની છાયા દોષકારક જાણવી. પરંતુ તે દિવસના પહેલા કે ચોથા પ્રહરનો છાયા છોડીને બીજા કે ત્રીજા પ્રહરની છાયા દેવધ્વજ કે વૃક્ષની પડે તો અગર ઘરની છાયા તે સમયે કૂવામાં પડે તો હંમેશાં દુઃખકારક જાણવી ૩૫-૩૬

उत्तमोत्तमधात्वादि पाषाणेष्टिकाकाष्ठकम् ।
श्रेष्ठमध्याधमद्रव्यं लोहं चैवाधमाधमम् ॥ ३७ ॥

**प्रकीर्णकवास्तु**

ધાતુ ઉત્તમમાં ઉત્તમ છે. પાષાણ, ઈંટ અને કાષ્ઠ એ શ્રેષ્ઠ, મધ્યમને કનિષ્ઠ વાસ્તુ દ્રવ્ય કહ્યાં છે, પરંતુ લોખંડ તો અધમમાં અધમ દ્રવ્ય કહ્યું છે. લોહકર્મ દેવમંદિરમાં વર્જ્ય જાણવું. ૩૭

अशास्त्रं मन्दिरं कृत्वा प्रजाराज्यगृहाणि च ।
तद्गृहाण्यशुभान्वा( न्या )ह श्रियस्तत्र न विद्यते ॥ ३८ ॥

**निर्दोषवास्तु**

શાસ્ત્રવિધિરહિત મંદિર, પ્રજા કે રાજાનું ભવન કરવાથી તે ભવનો અશુભ જાણવાં. તેમાં લક્ષ્મી કદી વાસ કરતી નથી. ૩૮



શિવતાંડવ નૃત્ય

द्वारमध्ये स्तु(तु)लास्तम्भो नागदन्तश्च भितिका ।
द्वारमध्ये समा श्रेष्ठा न चैते विषमा स्थिता ॥ ३९ ॥

प्रकीर्णकवास्तु

મંદિર કે ઘરના દ્વારની સામે પાટ સ્તંભ નાગદન્ત (ઘોડા) કે ભીંત=દીવાલ હોય તો તે નેષ્ટ છે, પણ તે દ્વારમાં જો એક સ્તંભ કે નાગદન્ત હોય તો દોષ છે પરંતુ દ્વારમાં જો તે બે પડતા હોય તો તે દોષકારક ન જાણવા. ૩૯

अल्पलेपं बहुलेपं समसन्धि शिरोगुरु ।
अप्रतिष्ठा(ष्ठं) पादहीनं तच्च वास्तु विनश्यति ॥ ४० ॥

सूत्रसन्तान

ચણતરકામમાં, સાંધાઓમાં પ્રમાણથી ઓછો ચૂનો હોય કે બહુ ચૂનો વાપર્યો હોય તેમ જ ચણતરકામમાં પાષાણ કે ઈંટોના થરોના સાંધાચળો ન હોય (એટલે સાંધ પર સાંધ હોય) અગર કામ માથાભારે ઉપર પહોળું ને નીચે સાંકડું હોય અગર પાયાપીઠ વગરનું હોય તેવું વસ્તુ નાશકારક જાણવું. ૪૦

देवप्रदक्षिणा—

एका चण्ड्या रवेः सप्त तिस्रोदद्याद्विनायके ।
चतुरस्रो वास्तु(विष्णु)देवस्य शिवस्यार्धं प्रदक्षिणा ॥ ४१ ॥

अपराजित

દેવી ચંડીના મંદિરને એક, સૂર્યના મંદિરને સાત, ગણેશને ત્રણ, વિષ્ણુને ચાર અને શિવલિઙ્ગને અર્ધ પ્રદક્ષિણા કરવી કારણ કે શિવની પ્રનાલ ઓળંગાય નહીં. ૪૧

अल्पदोषं गुणाधिक्यं दोषायतनं भवेद्गृहम् ।
दोषाधिक्यं गुणाल्पत्वं गृहमंते विवर्जयेत् ॥ ४२ ॥

सूत्रसन्तान

જે વાસ્તુ-પ્રાસાદ-ગૃહ-જળાશ્રય-જે થોડા દોષ અને ઘણા ગુણવાળું હોય તો તે વાસ્તુ દોષરહિત જાણવું. તે દોષિત ગણાય નહિ. જેમ શુદ્ધ અગ્નિમાં થોડાં જળબિંદુઓથી અગ્નિ હોલવાતો નથી, તે રીતે તેવું કાર્ય નિર્દોષ જાણવું. પરંતુ જેમાં ઘણા દોષો હોય અને ગુણ ઓછા હોય તેવું વાસ્તુ અંતે ત્યજી દેવું. ૪૨

॥ इति वेधदोषादि ॥

॥ ६ ॥

॥ प्रतिष्ठामुहूर्त ॥

पूर्वोक्तसप्तपुण्याह प्रतिष्ठा सर्वसिद्धिदा ।
रवौ सौम्यायने कुर्याद् देवानां स्थापनादिकम् ॥ १ ॥



સૂર્ય ચંદ્ર મંગળ બુધ ગુરુ



શુક્ર શનિ રાહુ કેતુ




पीठिका - सिंहासन - उदय भाग ३०

प्रतिष्ठा चोत्तरामूले आर्द्रायां च पुनर्वसौ ।
पुष्य हस्ते मृगे स्वाति रोहिण्यां स्रु( श्रु )तिमैत्रभे ॥ २ ॥
तिथिं रिक्तां कुजं धिष्ण्यं क्रूरविद्धं विधुं तथा ।
दग्धां तिथिं च गण्डान्तं चरभोपग्रहं त्यजेत् ॥ ३ ॥
सुदिने सुमुहूर्ते च लग्ने सौम्ये युतेक्षिते ।
अभिषेकः प्रतिष्ठा च प्रवेशादिकमिष्यते ॥ ४ ॥

આગળ કહેલા સાત પુણ્યાહ દિવસે પ્રતિષ્ઠા કરવાથી સર્વસિદ્ધિ પ્રાપ્ત થાય છે. સૂર્ય ઉત્તરાયણમાં હોય તેવા સમયે પ્રાસાદ અને દેવતાદિની પ્રતિષ્ઠા કરવી તે શુભ છે. શુભ નક્ષત્ર, ત્રણ ઉત્તરા, મૂળ, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, હસ્ત, મૃગશીર્ષ, સ્વાતિ, રોહિણી, શ્રવણ અને અનુરાધા, એટલાં નક્ષત્રો પ્રતિષ્ઠા કાર્યમાં શુભ જાણવાં. વર્જવા યોગ્ય રિક્તા તિથિ, મંગળવાર, નક્ષત્રવેધ, નેષ્ટગ્રહો, દગ્ધાતિથિ, અવયોગ, ગંડાંત યોગ, ચર રાશિ અને ઉપગ્રહ એ સર્વ પ્રતિષ્ઠાદિ શુભકાર્યમાં ત્યાગવાં. શુભ દિવસ, શુભ મુહૂર્તમાં શુભગ્રહ, લગ્નમાં સૌમ્યગ્રહ એ બધું જોઈને રાજ્યાભિષેક કે દેવ પ્રતિષ્ઠા અને ગૃહપ્રવેશ કરવાં તે શુભ જાણવું. ૧-૪

प्रासादाग्रे तथैशान्ये उत्तरे मण्डपं शुभम् ।
त्रिपञ्चसप्तनन्दैकादशविश्वकरान्तरे ॥ ५ ॥
मण्डपः स्यात् करैरष्टदशसूर्यकलामितैः ।
षोडशहस्ततः कुण्डे दशादधिक इष्यते ॥ ६ ॥
स्तम्भैः षोडशसंयुक्तं तोरणादिविराजितम् ।
मण्डपे वेदिका मध्ये पञ्चाष्टनवकुण्डकम् ॥ ७ ॥

પ્રતિષ્ઠા મણ્ડપ-પ્રાસાદની આગળ કે ઈશાનકોણમાં કે ઉત્તર દિશામાં પ્રાસાદથી ત્રણ, પાંચ, સાત, નવ, અગિયાર કે તેર હાથના અંતરે પ્રતિષ્ઠાના યજ્ઞમંડપનું નિર્માણ કરવું. એ મંડપ આઠ, દશ, બાર કે સોળ હાથસુધીના પ્રમાણનો સમચોરસ કરવો કુંડોની અધિકતાના કારણે સોળ હાથથી પણ વધુ પ્રમાણનો મંડપ કરવો. યજ્ઞમંડપ વીશ ગજ = હાથનો તુલાપ્રદાનના વિષયમાં બનાવવો. તોરણથી સુશોભિત સોળ સ્તંભોના મંડપને ચારે તરફ ચાર દ્વાર રાખવાં. મધ્યમાં વેદિકા અને ફરતા પાંચ, આઠ, કે નવકુંડો બનાવવા. ૫-૭

हस्तमात्रं भवेत् कुण्डे ( ण्डं ) मेखलायोनिसंयुतम् ।
आगमैर्वेदमन्त्रैश्च होमं कुर्याद् विधानतः ॥ ८ ॥
अयुते हस्तमात्रं हि लक्षार्धे तु द्विहस्तकम् ।
त्रिहस्तं लक्षहोमे स्यात् दशलक्षे चतुष्करम् ॥ ९ ॥
त्रिंशलक्षे पञ्चहस्तं कोट्यर्धे षट्करं मतम् ।
अशीतिलक्षेऽद्रिकरं कोटिहोमेऽष्टहस्तकम् ॥ १० ॥

યજ્ઞકુંડનું પ્રમાણ કહે છે—એક હાથના યજ્ઞકુંડને ત્રણ મેખલાં ને યોનિ કરવી. આગમો અને વેદમન્ત્રોથી વિધિથી દેવતાઓને આમંત્રિત કરી યજ્ઞ–હોમનો પ્રારંભ કરવો. દશહજાર આહુતિને સારુ એક હાથનો, પચાસ હજાર આહુતિને સારુ બે હાથનો, એક લાખ આહુતિને સારુ ત્રણ હાથનો, દશલાખને ચાર હાથનો, ત્રીશ લાખને પાંચ હાથનો, પચાસ લાખને ૭ હાથનો, એંશી લાખને સાત હાથનો અને એક કરોડ આહુતિને સારુ આઠ હાથનો યજ્ઞકુંડ બનાવવાનું પ્રમાણ છે. ૮-૧૦

ग्रहपूजाविधानेन( च ) कुण्डमेककरं भवेत् ।
मेखलात्रिलयं वेदरामयुग्माङ्गुलैः क्रमात् ॥ ११ ॥

एकद्वित्रिकरं कुर्याद् वेदिकोपरिमण्डलम् ।
ब्रह्माविष्णुरवीणां तु सर्वतोभद्रमिष्यते ॥ १२ ॥

भद्रं तु सर्वदेवानां नवनाभिस्तथा त्रयम् ।
लिङ्गोद्भवं शिवस्यापि लतालिङ्गोद्भवं तथा ॥ १३ ॥

भद्रं गौरितिलके च देवीनां पूजनं ( ने ) हितम् ।
अर्धचन्द्रं तडागेषु चापाकारं तथैव च ॥ १४ ॥

ગ્રહપૂજાદિ વિધાનમાં એક હાથનો કુંડ બનાવવો. તેને ચાર, ત્રણ અને બે આંગુલની એમ ત્રણ મેખલા અનુક્રમેથી કરવી. મધ્યની વેદી ઉપર એક, બે કે ત્રણ હાથનાં મંડલ ભરવાં. બ્રહ્મા, વિષ્ણુ અને સૂર્યને સર્વતોભદ્ર મંડળ ભરવું. સર્વ દેવતાઓની પ્રતિષ્ઠામાં ભદ્ર નામનું મંડળ ભરવું. તથા નવનાભિવાળું લિઙ્ગોદ્ભવ મંડળ ભરવું. શિવપ્રતિષ્ઠામાં લિંઙ્ગોદ્ભવ તથા લતાલિઙ્ગોદ્ભવ નામનાં મંડળો ભરવાં. સર્વ દેવીઓની પૂજાપ્રતિષ્ઠામાં ભદ્રમંડળ તથા ગૌરીતિલક નામનાં મંડળો ભરવાં. તળાવની પ્રતિષ્ઠામાં અર્ધચંદ્ર મંડળ ધનુષાકાર ભરવું. ૧૧-૧૪.

॥ स्थपति=सूत्रधारपूजन ॥

इत्यनव(न्त)रतः कुर्यात् सूत्रधारस्य पूजनम् ।
वस्त्रालङ्कारभूषिते गोमहिष्याश्ववाहनैः ॥ १५ ॥

अन्येषां शिल्पिनां पूजा कर्तव्या कर्मकारिणाम् ।
स्वाधिकारानुसारेण वस्त्रताम्बूलभोजनैः ॥ १६ ॥

पुण्य-प्रसादजं स्वामी प्रार्थयेत् सूत्रधारतः ।
सूत्रधारो वदेद् स्वामिन् अक्षयं भवतात् तव ॥ १७ ॥

लक्ष( क्ष्य )लक्षणोऽभ्यासाद् गुरुमार्गानुसारतः ।
प्रासादभवनादीनां सर्वज्ञानमवाप्यते ॥ १८ ॥

एकेन शास्त्रेण गुणाधिकेन विना द्वितीयेन पदार्थसिद्धिः ।
तस्मात् प्रा( प्र )कारान्तरो( रतो ) विलोक्य मणिर्गुणाढ्योऽपि सहायकाङ्क्षी ॥ १९ ॥

સપ્ત માતૃકાઓ





યમ



ભૈરવ



ઉમા મહેશ



ઉર્ધ્વતિલક શિવ



ભૂતશિવનૃત્ય તાંડવ



નૃત્યશિવ



ઈશાનશિવ



બ્રહ્મા

એ રીતે પ્રાસાદ સંપૂર્ણ થયા પછી સૂત્રધાર સ્થપતિનું વિધિપૂર્વક પૂજન કરવું દેવપ્રતિષ્ઠા, યજ્ઞયાગાદિ કરીને પ્રમુખ સ્થપતિને સન્માનપૂર્વક ગાયો, દાસ-દાસીઓ, ઘર-ઘોડા, આદિ વાહન આપી સંતુષ્ટ કરવા. સુવર્ણ રત્ન આદિ આભૂષણો, ભૂમિ, દ્રવ્ય, ઉત્તમ પ્રકારનાં વસ્ત્રો આપવાં. અન્ય કાર્યકર્તા શિલ્પીઓનું પણ યોગ્યતાપૂર્વક પૂજન કરીને તેમની યોગ્યતાનુસાર આપવું અને વસ્ત્ર, ભોજન, તાંબૂલ આદિથી સન્માન કરવું, તત્પશ્ચાત્ યજમાન ગૃહપતિએ પ્રાર્થના કરવી કે, "હે સ્થપતિ, અમારો પુણ્ય પ્રાસાદ પૂર્ણ થયો." તેના ઉત્તરમાં સ્થપતિએ કહેવું કે, "હે સ્વામિન્, આપનું કાર્ય અનંત કાળ અક્ષય હો!" દેવપ્રાસાદ કે રાજપ્રાસાદ કે ભવન નિર્માણ સારુ સર્વ પ્રકારના શિલ્પજ્ઞાનનાં સર્વ લક્ષણોનો અભ્યાસ ગુરુમાર્ગને અનુસરીને પ્રાપ્ત

થાય છે. ( ગુરુના વિદ્યાદાનથી જ્ઞાનપ્રાપ્તિ થાય છે ). શિલ્પશાસ્ત્રના ગ્રંથો અનેક છે. એક શાસ્ત્રના અભ્યાસથી સર્વ ગુણોનો વિકાસ થતો નથી. અન્ય ગ્રંથોના અભ્યાસ વિના કાર્યસિદ્ધિ થતી નથી. એથી કરીને પ્રકારાન્તર અન્ય મત-મતાન્તરોનો વિચાર કરી વિવેકબુદ્ધિથી કાર્ય કરવું. જે રીતે મણિના ગુણ જાણવાને સારુ કિંકિણીની સહાયતા લેવી પડે છે, એ રીતે મહાન્ ગુણવાન્ પુરુષોના ઘણા ગ્રંથોનો અભ્યાસ-મનન કરીને કાર્યની સિદ્ધિ મેળવાય છે. ૧૫-૧૯

॥ इति प्रतिष्ठामुहूर्तादि ॥

॥ इति ग्रन्थपूर्तिः ॥

ઇતિ સૂત્રધાર વીરપાલ પ્રણીત વાસ્તુશાસ્ત્રના ( ખેડયા ) પ્રાસાદતિલકની ગ્રન્થપૂર્તિ સ્થપતિ પ્રભાશંકર ઓઘડભાઈએ કરેલ ગુજરાતી અનુવાદ સહિત પૂર્ણ થઈ.

॥ इति प्रासादतिलकम् ॥



## શ્રી સયાજી સાહિત્યમાલા

| | | રૂ. ન.પૈ. |
|---|---|---|
| ૧ | **ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—પ્રો. કે. કા. શાસ્ત્રી | ૮=૦૦ |
| ૨ | **આપણું વિશ્વ**—શ્રી. છોટુભાઈ સુથાર | ૬=૮૦ |
| ૩ | **આપણી ખનિજસંપત્તિ**—ડૉ. ન. મૂ. શાહ | ૩=૦૦ |
| ૪ | **ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: શ્રી. કિશોરકાન્ત યાજ્ઞિક | ૩=૦૦ |
| ૫ | **કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી | ૧૦=૦૦ |
| ૬ | **અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે | ૪=૨૫ |
| ૭ | **ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી | ૧૪=૦૦ |
| ૮ | **હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૮=૫૦ |
| ૯ | **માનવસર્જિત વસ્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ | ૮=૦૦ |
| ૧૦ | **ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા | ૨=૪૦ |
| ૧૧ | **શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા | ૬=૦૦ |
| ૧૨ | **ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા** | ૭=૦૦ |
| ૧૩ | **આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર | ૭=૦૦ |
| ૧૪ | **કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત | ૫=૬૦ |
| ૧૫ | **ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા | ૧૨=૦૦ |
| ૧૬ | **ફારસી સાહિત્યનો ઇતિહાસ**—શ્રી. એમ. એફ. લોખંડવાલા | ૪=૫૦ |
| ૧૭ | **મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—કરીમ મહંમદ માસ્તર | ૧૩=૦૦ |
| ૧૮ | **ઓખામંડળના વાઘેરો**—શ્રી કલ્યાણરાય ન. જોશી | ૧૦=૦૦ |
| ૧૯ | **ગુજરાત: એક દર્શન** (બીજી આવૃત્તિ)—શ્રી શિવપ્રસાદ રાજગોર | ૧૨=૦૦ |
| ૨૦ | **પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ર. શાહ | ૧૦=૦૦ |
| ૨૧ | **પંચદશીતાત્પર્ય**—સ્વામી પ્રણવતીર્થજી | ૪=૬૦ |
| ૨૨ | **અખો અને મધ્યકાલીન સન્તપરંપરા**—ડૉ. યો. જ. ત્રિપાઠી | ૧૧=૦૦ |

## પ્રાદેશિક ભાષામાં પાઠ્યપુસ્તકો

| | | |
|---|---|---|
| ૧ | **પુરાવસ્તુવિદ્યા**—ડૉ. રમણલાલ ના. મહેતા | ૭=૫૦ |
| ૨ | **પ્રમાણશાસ્ત્ર**—ડૉ. ભાસ્કર ગોપાલજી દેસાઈ | ૭=૫૦ |
| ૩ | **નીતિશાસ્ત્ર**—ડૉ. ભાસ્કર ગોપાલજી દેસાઈ | ૭=૪૦ |
| ૪ | **શિક્ષણના સિદ્ધાન્તો**—ડૉ. જગમોહનદાસ મોદી | ૯=૫૦ |
| ૫ | **આર્થિક આયોજન**—શ્રી રામુ પંડિત | ૬=૦૦ |
| ૬ | **વનસ્પતિશાસ્ત્ર**—ડૉ. આ. રા. ચવ્હાણ અને ડૉ. ચં. હી પાઠક | ૫=૦૦ |
| ૭ | **અર્વાચીન ભારતીય કેળવણીનો વિકાસ**—ડૉ. ધનવંત દેસાઈ | ૧૮=૦૦ |

પ્રાપ્તિસ્થાન: **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**
**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,**
**રાજમહેલ રોડ, વડોદરા**



જૂનાગઢ મ્યૂઝિયમમાંની શિલ્પસુંદરી

(ઈ. સ. બારમો સૈકો)

ફોટો : રવિશંકર મ. રાવળના સૌજન્યથી